# ધરમપુર તાલુકા વિકાસ કાર્યક્રમ

## વિષયક કાર્યગોષ્ઠી.

૧૧, ૧૨ જાન્યુઆરી ૧૯૮૧

નાની વહિયાળ, ધરમપુર તાલુકો

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪
૧૯૮૧.

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | લેખક |
| --- | --- | --- |
| ૧. | ડાયરીઓના નિષ્કર્ષો | |
| ૨. | પૂછવાની યાદી (ધરમપુર તાલુકાનું એક ગામ (ખોપી)) | |
| ૩. | પૂછવાની યાદી ધરમપુર તાલુકાનું એક ગામ (ફુલવાડી) | |
| ૪. | પૂછવાની યાદી ધરમપુર તાલુકાનું એક ગામ (સીદુમ્બર) | |
| ૫. | પૂછવાની યાદી -ડાયરીઓ માટેનું | |
| ૬. | એક પ્રયોજના પ્રતિવેદન :<br>પુરુષોત્તમ ત્રિકમદાસ ફેલોશિપ | |
| ૭. | ધરમપુર તાલુકો : વિકાસ પ્રયાસો ઉપર એક દૃષ્ટિપાત | ડૉ. હરીશભાઈ નાયક |
| ૮. | જમીન વપરાશના ઊંડા અભ્યાસનાં કેટલાંક પાસાં | ડૉ. વિશ્વરાજ ત્રિવેદી |
| ૯. | ધરમપુર તાલુકો એક સર્વે સૂચિ | ભારતી કે. દેસાઈ |
| ૧૦. | લવકર ગામની પુનઃ તપાસ | પુનાભાઈ મસાણી |
| ૧૧. | ધરમપુર તાલુકાના આદિવાસીઓમાં શૈક્ષણિક સમસ્યાઓ | ગીરીશ પંડ્યા |
| ૧૨. | ધરમપુર તાલુકાના આદિવાસીઓનું સામાજિક-આર્થિક સર્વેક્ષણ | મનુભાઈ પટેલ<br>પ્રકાશ ઉપાધ્યાય |
| ૧૩. | વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના આદિવાસી વિસ્તારની આરોગ્યની સમસ્યાઓ અને તેના ઉપાયો | ડૉ. નવનીત ઠેકેદાર |
| ૧૪. | ધરમપુર તાલુકામાં જંગલ સંપત્તિ અને આદિવાસીઓનો વિકાસ | ડૉ. દીપ્તિ ભટનાગર |
| ૧૫. | ધરમપુરના એક નાયડા ગામની ૨૫ વર્ષ પછીની મારી મુલાકાત | ડૉ. વર્ષા આર. ત્રિવેદી |
| ૧૬. | વિરનાળા - એક પ્રાથમિક અભ્યાસ નોંધ | પી. કે. વાહુરા |
| 17. | Dharampur Taluka Hilly Tract: A Brief Ethnographic Note: | R. D. LAL |
| 18. | Integrated Tribal Development Project and The Identification of Needs of Tribal Farmers. | N. A. VHORA |

[illegible]

## આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

ધરમપુર તાલુકાના વિકાસ કાર્યક્રમ વિષયક કાર્યગોષ્ઠી તા. ૧૧-૧૨ જાન્યુઆરી ૧૯૮૧ ના બે દિવસ માટે નાની વહિયાળ મુકામે, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા આયોજિત કરવામાં આવી હતી. તેનું ઉદઘાટન આદિવાસી કલ્યાણ, વન અને સિંચાઇ મંત્રી શ્રી અમરસિંહભાઇ ચૌધરીએ કર્યું હતું, અને તેના અધ્યક્ષપદે ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી ડાહયાભાઇ નાયક હતા. આ કાર્યગોષ્ઠીમાં કુલ ૧૨ લેખો વંચાયા હતા, અને ૫ પૂર્વવર્તી સાહિત્ય લેખો પ્રસ્તુત થયા હતા. સરકારી અધિકારીઓ, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને ઔદ્યોગિક એકમોના ટ્રસ્ટીઓ અને સંશોધન સંસ્થાઓના કાર્યકર્તાઓ મળી કુલ ૭૨ પ્રતિનિધિઓએ હાજરી આપી હતી (પ્રતિનિધિઓની યાદી સામેલ છે) અને ચર્ચામાં પૂર્ણ ભાગ લીધો હતો.

ચર્ચાને અંતે જે મુદ્દાઓ ફલિત થયા હતા તેનો ઉલ્લેખ નીચેના ત્રણ ભાગોમાં કર્યો છે : વિકાસ કાર્યની બુનિયાદી ફીલસુફી, વિવિધ વિકાસ કાર્યક્રમો અને વિકાસ કાર્ય સંપાદન.

### વિકાસ કાર્યક્રમની બુનિયાદી ફીલસુફી

(૧) આખા વિકાસ કાર્યક્રમનું એક બુનિયાદી દર્શન હોવું જોઇએ. સમગ્ર વિકાસ કાર્યક્રમમાં જે છેલ્લામાં છેલ્લા આદિવાસી છે તેનો વિકાસ પ્રથમ કરવાનો છે. આખા વિકાસ કાર્યક્રમનું દ્રષ્ટિબિંદુ માત્ર નજીકના ભૂતકાળનું નથી પણ એને ઘણા દૂરના ભવિષ્યની દ્રષ્ટિ પણ રાખવાની છે. અને સમાજને કઇ દિશામાં લઇ જવાનો છે તેનો વિચાર કરીને જ આ કાર્યક્રમ કરવાનો છે. એનો અર્થ થયો કે ઘણા લાંબા કાળના સામાજિક અને આર્થિક માળખાને પણ ધ્યાનમાં લેવાનો છે. છેલ્લામાં છેલ્લા માણસને ઉપર લવાય તેને સામાજિક ન્યાય મળે, એવું આર્થિક-સામાજિક માળખું બને.

(૨) આ વિકાસ કાર્યક્રમમાં અંત્યોદયથી સર્વોદય સુધીનો અભિગમ રાખી પ્રજાનો સમગ્ર વિકાસ થાય તે દ્રષ્ટિબિંદુ રાખવામાં આવ્યું છે. સાથો સાથ આ વિકાસમાં રોજીની સાથે સ્વાવલંબન પણ ખીલે એ નજર સમક્ષ રાખવાનું છે.

(૩) સ્વૈચ્છિક સંસ્થાઓને આ વિકાસ કાર્યક્રમમાં મોટો અને મુખ્ય ભાગ ભજવવાનો છે. સાથો સાથ સરકારના તથા બીજી સંસ્થાઓના જે વિકાસ વિષયક પ્રયત્નો થાય છે તેને સંપૂર્ણપણે સાંકળી લેવાના છે.

(૪) જ્યાં મોટી પાયાની સવલતો (Infra Structure) ના વિકાસ માટે સરકારી પ્રયત્નની આયોજનની અને નાણાંની આવશ્યકતા પ્રમુખ રહેશે એવાં બધાં કાર્યો સરકાર દ્વારા થાય એ વધુ હિતાવહ છે. જો કે સ્વૈચ્છિક સંસ્થાઓ આમાં સલાહસૂચન અને જરૂરી પૂરક સહાય કરી શકે.

(૫) આ ભગીરથ કાર્ય ઉપાડી લેવા માટે સ્થાનિક કાર્યકરોને જ તાલીમ આપીને એમની એક 'કેડર' તૈયાર કરીને વિકાસ કાર્યક્રમમાં લગાડવી જોઇએ.

(૬) ધરમપુર તાલુકો ભૌગોલિક રીતે બે ભાગમાં વહેંચાયેલો છે. એક તળાટ વિસ્તાર અને બીજો ડુંગરાળ વિસ્તાર. તળાટ વિસ્તારની સરખામણીએ ડુંગરાળ વિસ્તાર ઘણો જ પછાત છે. અને તેમાં વસતા આદિવાસીઓનું જીવનધોરણ ઘણું જ નીચું છે. આ તાલુકાના વિકાસ કાર્યક્રમમાં ડુંગર વિસ્તાર પર વધુ ધ્યાન આપવું પડશે. આમ રાજ્યમાં ધરમપુર તાલુકાના વિકાસને એક મોડેલ બનાવી કાર્ય કરવાનું છે.

(૭) છેલ્લાં કેટલાય વર્ષોથી આપણે આદિવાસીઓને જુદી જુદી યોજનાઓમાં મફત નાણાં મદદ આપી મફત નાણાં મદદ શોધનાર બનાવ્યા છે. એની પૂરી જવાબદારી મદદ આપનારની છે. આમ તેમનું સ્વમાન ગુમાવવામાં અજાણતાં મદદ આપનારે ભાગ ભજવ્યો છે. હવે આપણે તેમને મફત નાણાં મદદ આપવા કરતાં જોઇ સમજીને અનુકૂળ આવે તેવા પૂરક વ્યવસાયો આપી એમનામાં સ્વાશ્રયની ભાવના/અથ નૈતિક હિંમત પ્રેરી તેમના જીવન સ્તરને ઊંચું લાવવાના પ્રયત્નો કરવા જોઇએ.

(૮) એમનામાં એ લાગણી પ્રેરવી જોઇએ કે એમનું ભવિષ્ય એમના જ હાથમાં છે. એમનો વિકાસ એમના સ્વપ્રયત્નોથી જ થશે. (૯) સંશોધનની આપણી ફીલસુફી પણ બદલવી જોઇએ. છેક બધાદારી સંશોધન તો સંશોધકને જ ફાયદો કરે. ને તે ખૂબ યાંત્રિક પણ બની જાય છે. તેને તો કોને માટે, શા માટે સંશોધન થાય છે તેની નિસ્બત જ રહેતી નથી. આવું આજના સમયમાં ન જ ચલાવી લેવાય. સંશોધન તો વિકાસ માટે જ હોય, સહભાગી હોય અને સ્વભાષામાં હોય જેથી જેનો વિકાસ કરવા પ્રયત્ન કરાય છે તેને સમજ પડે કે તેને કેન્દ્રમાં રાખી શું શું કરાય છે તથા સમજીને પ્રતિભાવ આપી શકે. (પૂર્ણ) વિદ્વતા પણ વાંઝણા સંશોધન કરતાં એક સાર્થક નાનકડો લેખ કે આદિવાસી વ્યક્તિની આપવીતીનું એક પ્રકરણ કે ગામનું એક શબ્દચિત્ર કે આદિવાસી દર્દની કથની આ બધું વધુ ઉપયોગી અને વ્યાપક અર્થમાં સંશોધનમાં ગણવું જોઇએ. આ બધાથી તો વિકાસની દિશામાં આગળ ચલાય છે.

(૧૦) સંશોધન જો વિકાસ માટે હોય અને આગળ કહ્યું તેમ સંશોધક જો આદિવાસીઓ સાથે સહભાગી થઇને બધાં કામો કરવાનો હોય તો સંશોધકની પોતાની પણ જીવનની એક ફીલસુફી બની જવી જોઇએ તો જ તેનાથી આવું કામ થશે. તદ્દન સાદું જીવન, અપરિગ્રહ, ઠેઠ સ્વદેશીનો વપરાશ, પોતાને ઉપર ઉઠાવવાની કોઇ પણ જાતની વૃત્તિનો લોપ : આ બધું ન આવે ત્યાં સુધી સંશોધક વૈકાસિકોની પ્રતિબદ્ધ અને કટિબદ્ધ 'કેડર' તૈયાર ન થાય. આપણે આ વિષે ગંભીરતાથી વિચારવાનું છે.

## વિવિધ વિકાસ કાર્યક્રમો

કાર્યગોષ્ઠીમાં નીચે પ્રમાણેની સૂચવેલા કાર્યક્રમો હાથ ધરવા એવી સર્વસંમતિ રહી હતી :

પીવાનું પાણી : તાલુકાનાંમો ૮૦ ભાગનાં ગામોમાં પીવાના પાણીની સુવિધા નથી. પીવાના પાણીની સુવિધા પૂરી પાડવા માટે શક્ય હોય ત્યાં કૂવાઓ કરવા જોઇએ. કૂવા કરવાનું શક્ય ન હોય ત્યાં બોર કરવા જોઇએ. બોરીંગ માટે સ્વૈચ્છિક સંસ્થાઓએ તથા સંબંધિત ખાતાઓએ સગવડ આપવી જોઇએ.

## જમીનની સમસ્યા :

૧. રાજ્યમાં કાયદાની જોગવાઇ હોવા છતાં આદિવાસીઓની જમીન બિન આદિવાસીઓના હાથમાં કિસ્સાઓ ઘણા બને છે. તે અટકાવવા માટે કાયદાની જોગવાઈની સામાન્ય જાણકારી આદિવાસીઓને મળે તે માટેની વ્યવસ્થા કરવી જોઇએ. આ માટ સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરોને તૈયાર કરવા અગર તો કેટલાક ઉત્સુક અને સેવાભાવી વકિલોને મહિનામાં અમુક દિવસોએ વૃધ્ધિકેન્દ્ર પર બોલાવી આદિવાસીઓને જરૂરી માર્ગદર્શન આપવાની વ્યવસ્થા ગોઠવવી જોઇએ.

૨. આદિવાસીઓની જમીનના કબજા સોંપવા માટે જુદું વહિવટીતંત્ર ગોઠવવું જોઇએ.

## આરોગ્યના પ્રશ્નો :

૧. તાલુકામાં વસતા લોકો ઘણા રોગોથી પિડાય છે. ગામડે ગામડે આરોગ્યની સુવિધાઓ પહોંચાડવા માટ સાર્વજનિક કાર્યકર્તાઓને તાલીમ આપી અમુક દવાઓ જ સામાન્ય રોગોમાં ઉપયોગી છે તે આપી, ઘેર ઘેર ફરીને શક્ય તેટલી સારવાર આપવાની વ્યવસ્થા ગોઠવવી જોઇએ. સાથોસાથ જંગલની જડીબુટીનો પણ જાણકારોની સહાય દ્વારા ઉપયોગ કરવો જોઇએ.

૨. આ માટે કાર્યકર્તાઓને તાલીમ આપવાનું તથા તેમની કામગીરી ઉપર દેખરેખ રાખવાનું કાર્ય સ્વૈચ્છિક સંસ્થાઓ સંભાળશે. આરોગ્યની સેવાઓ માટ આશ્રમશાળાઓનો ઉપયોગ પણ સંચાલનકેન્દ્ર તરીકે (Growth Centre) કરવો જોઇએ.

## આદિવાસીઓ અને વન :

૧. આદિવાસીઓનું સમગ્ર જીવન જંગલોની આસપાસ વીંટળાયેલું છે. વૃક્ષો તેમના જીવનમાંથી અલગ ન કરી શકાય. વૃક્ષો તરફની તેમની ભક્તિ તેમના રીતરિવાજોમાં પ્રતિબિંબિત થાય છે. જ્યારે બીજી બાજુ આદિવાસીઓ તેમની પાયાની જરૂરિયાતો સંતોષવા માટે વૃક્ષો કાપી નાખે છે. પરિણામે જંગલો નાશ પામે છે. આમ ઝડપથી નાશ પામતાં જંગલોનો પ્રશ્ન એ જ આદિવાસીઓની ગરીબાઇનો અને ભૂખમરાનો પ્રશ્ન છે. આદિવાસીઓની ખોરાક, રહેઠાણ અને બળતણની જરૂરિયાતો સંતોષવા આકર્ષક માર્ગ સૂઝાડવામાં આવે તો જ આ નુકસાનકારક પ્રવૃત્તિ અસરકારક રીતે અટકાવી શકાય. આદિવાસીઓને આ વિષવર્તુળમાંથી બહાર લાવવા માટે તેમને બદલામાં રોજગારી અને આવક મેળવવાની તક આપે એવી યોજના ~~કરી~~ ઘડી કાઢવી જોઇએ. આથી તેમની પાયાની જરૂરિયાતો પૂરતા પ્રમાણમાં પૂરી પાડી શકાય.

જેવી રીતે આદિવાસીઓના વિકાસ માટે જંગલ જરૂરી છે એ જ પ્રમાણે આદિવાસીઓ પણ જંગલ વિકાસ અને સુધારણામાં ઘણો મોટો ફાળો આપી શકે. આથી યોજનામાં આદિવાસી વિકાસ અને વન વિકાસને સંકલિત કરવાં જોઇએ. જેથી આદિવાસીઓ વૃક્ષોના વિકાસમાંથી તાત્કાલિક અને સમજી શકે એવા લાભો મેળવી શકે અને સમજી શકે કે જંગલનો નાશ તેમને પોતાને ગંભીર રીતે નુકસાન કરે છે.

૨. જંગલ ખાતા તરફથી આદિવાસીઓના વિકાસ માટે અનોખી યોજના બનાવવામાં આવી છે. આ યોજના હેઠળ આદિવાસી કુટુંબને જંગલની અઢી હેક્ટર જેટલી જમીન આપીને તેમાં વૃક્ષોનું વાવેતર કરવાનું અને આ વૃક્ષોની દેખરેખ અને ઉછેર કરવા માટે જંગલ ખાતાએ કુટુંબદીઠ માસિક રૂ. ૨૫૦/- આપવા એમ નક્કી કર્યું છે. જંગલ ખાતું આદિવાસીઓને રહેવા માટે મકાન પણ મફત બાંધી આપશે. એક સ્થળે પાંચ કુટુંબને વસાવવામાં આવશે. દસ વર્ષ બાદ વૃક્ષો મોટાં થઇ જાય ત્યારે તેને કાપીને જંગલ ખાતું વેચી નાખે અને વેચાણ પેટે જે રકમ મળે તેના ૨૦ ટકા નફો કુટુંબદીઠ આદિવાસીને આપવો એમ નક્કી કરવામાં આવ્યું છે.

આ યોજનાથી વન વિકાસ થશે અને આદિવાસીઓની આર્થિક સ્થિતિ પણ સુધરશે. ધરમપુરમાં વસતા આદિવાસીઓને આ યોજનાનો વધુમાં વધુ લાભ મળે એ દિશામાં પગલાં ભરવાં જોઇએ. દર વર્ષે આ યોજનામાં કેટલાં કુટુંબોને આવરી લેવાં તે નક્કી થવું જોઇએ.

૩. ધરમપુર તાલુકામાં કુદરતની મહેર હોવા છતાં તાલુકાની મોટા ભાગની આદિવાસી વસ્તી ગરીબાઇમાં સબડે છે તે દુઃખદ છે. તે પાછળનું કારણ એ છે કે તાલુકાની વન સંપત્તિનો સારી રીતે ઉપયોગ થઇ શક્યો નથી. આથી વન સંપત્તિનો ઉપયોગ કરી આદિવાસીઓને રોજી તથા પૂરક આહાર પૂરો પાડવા માટે નીચેની કેટલીક યોજનાઓનો અમલ કરવો જોઇએ.

(ક) ફળઝાડનો ઉછેર વધે એ માટે આદિવાસીઓને ઉત્તેજન આપવું જોઇએ.

(ખ) જંગલી મરઘાં ઉછેર તથા સસલાં ઉછેર કરવાં જોઇએ.

(ગ) વન્ય પેદાશ પર આધારિત ગૃહોદ્યોગો જેવા કે પતરાળાં, પડિયા બનાવવા, બીડી બનાવવી, મધમાખી પાલન ઇત્યાદિ પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઇએ. આ દિશામાં ગુજરાત જંગલ વિકાસ નિગમ સારી કામગીરી કરી રહ્યું છે તે નોંધનીય છે. આ દિશામાં સઘન પ્રયાસો કરી આદિવાસીઓને રોજી પૂરી પાડવી જોઇએ.

(ઘ) પ્રાયોગિક ધોરણે પાંચ ગામોમાં આદિવાસીઓ પાસે વનીકરણ કરાવવું જોઇએ. અને આ ગામોમાં સરકારની બધી યોજનાઓનું વિસ્તરણ કરવું જોઇએ. આ યોજનાના પરિણામો જોયા બાદ તાલુકાનાં અન્ય ગામોને પણ આ કાર્યમાં આવરી લેવાં જોઇએ.

(ઙ) તાલુકાનું હવામાન અમુક પ્રકારના રોપા ઉછેર (નર્સરી) માટે પણ અનુકૂળ હોઇ નર્સરી અને બાગાયત ખેતી માટે પ્રયત્નો કરવા જોઇએ.

(ચ) તાલુકો દરિયાની સપાટી ઉપરથી ઊંચાઇ પર છે અને જંગલ તથા ડુંગરાળ વિસ્તાર હોવાથી રમણીય લાગે છે. તેથી લાંબે ગાળે આ વિસ્તારમાં એકાદ વન / ગિરિનગર ઊભું કરવું જોઇએ.

અન્ય આર્થિક કાર્યક્રમો :

૧. આ વિસ્તારમાં વસતા આદિવાસીઓને ભેંસો કે ગાય આપવાની સાથે શક્ય હોય ત્યાં બકરીઓ આપવી જોઇએ. જેથી તેઓ તેમાંથી પૂરક રોજી મેળવી શકે.

૨. પૂરક રોજી માટે મરઘાં ઉછેરની તાલીમ આપવી જોઇએ. અને મરઘાં ઉછેર માટે આદિવાસીઓને ૫૦ મરઘીઓનું નાનું એકમ આપવું જોઇએ.

૩. ગામમાં જળાશયો બાંધી મત્સ્ય ઉછેરની તાલીમ આપવી જોઇએ.

સહકારી મંડળીઓ :

આદિવાસીઓનું વેપારી અને શાહુકારો દ્વારા થતું શોષણ અટકાવવા માટે કૃષિ સેવા સહકારી મંડળી તથા મોટા કદની મંડળીઓની સ્થાપના કરવી જોઇએ. અને વધુમાં વધુ આદિવાસી ભાઇઓ સહકારી મંડળીના સભ્યો થાય એ દિશામાં પ્રયત્નો કરવા જોઇએ. આ મંડળીઓને કાર્યકર્તાઓ પૂરા પાડવા માટે તાલીમની સુવિધા આપવી જોઇએ. કાર્યકર્તાઓનું 'કેડર' ઊભુ કરવા માટે સ્થાનિક આદિવાસીઓને મહત્વ આપવું જોઇએ. કે જેથી ઊંડાણના વિસ્તારમાં તેઓ લાંબો વખત સુધી સેવા આપી શકે.

શિક્ષણ :

૧. ધરમપુર તાલુકામાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું છે, જે વધારવાની આવશ્યકતા છે. શિક્ષણ વધશે તો લોકો આર્થિક વિકાસના વિવિધ કાર્યક્રમોમાંથી થતા લાભોનો ઉપયોગ કરી ઉત્કર્ષ સાધી શકશે. અને શોષણનો ભોગ બનતા અટકશે. આ તાલુકામાં મોટા ભાગનાં ગામોની શાળાઓ નિયમિત ચાલતી નથી એ પણ એક હકીકત છે. આથી આ તાલુકામાં વધુમાં વધુ આશ્રમશાળાઓ ખોલવી જોઇએ. ૧૦,૦૦૦ની વસ્તીએ એક આશ્રમશાળા ખોલવી જોઇએ. આ તાલુકાના ડુંગરનાં વિસ્તારમાં તો ઓછામાં ઓછી ૨૦ આશ્રમશાળાઓ ખોલવી જોઇએ. અને આ માટે સરકારશ્રીએ તાલુકામાં કામ કરતી તથા કરવા માગતી સ્વૈચ્છિક સંસ્થાઓને આ કાર્ય ઉપાડી લેવા આમંત્રણ આપવું જોઇએ.

૨. બધી આશ્રમશાળાઓ એવી ઊભી કરવી જોઇએ કે જેમાં કાંતણ, વણાટ, વાંસકામ, સુથારી, ખેતી તથા વન પેદાશ પર આધારિત ગૃહોદ્યોગો માટેની તાલીમની વ્યવસ્થા હોય, જેથી શિક્ષણની સાથોસાથ વિદ્યાર્થીઓ થોડી ઘણી કમાણી કરતા થાય અને શિક્ષણ પૂરું થયા પછી પણ પોતાના પગ પર ઊભા રહી શકે.

૩. આ વિસ્તારમાં ૪ ધોરણ ઉપરની શાળાઓ ઓછી છે. એટલે શાળાની સાથે છાત્રાલયની ગોઠવણ કરવી જોઇએ. જેથી આસપાસની ચાર ધોરણની શાળામાં વિદ્યાર્થી ભણતર પૂરું કરી આગળનો અભ્યાસ છાત્રાલયમાં રહી કરી શકે. આ કાર્ય સ્વૈચ્છિક સંસ્થાઓએ કરવું જોઇએ ને સંસ્થાને સરકારે ૧૦૦ ટકા અનુદાન આપવું જોઇએ.

૪. ગરીબીની રેખા નીચે જીવતા શિક્ષિત આદિવાસી યુવાનોને વેકેશન સમયમાં સુથારી, વેલ્ડીંગ, વાયરમેન ઇત્યાદિ હુન્નરોની તાલીમ આપવાની વ્યવસ્થા ગોઠવવી જોઇએ. આ માટે જુદી ટેકનીકલ સંસ્થાની વ્યવસ્થા ન થઇ શકે તો જે જગ્યાએ આવી સાધનસજ્જ શાળાઓ આવેલી હોય તે જગ્યાએ તાલીમાર્થીઓને તાલીમ માટે મોકલવાની વ્યવસ્થા ગોઠવવી જોઇએ.

૫. પાંચ-સાત શાળાઓ વચ્ચે એક કેન્દ્ર શાળા ઊભી કરવી જોઇએ. અને કેન્દ્રશાળામાં છાત્રાલયની વ્યવસ્થા આપવી જોઇએ. આ કેન્દ્ર સામુદાયિક શાળા બને એટલે કે શિક્ષણની સાથો સાથ તેની આજુબાજુમાં વસતા બીજા આદિવાસીઓને વિકાસ કાર્યક્રમોની માહિતી આપે તેમજ તેમના બધા પ્રશ્નોના નિકાલમાં સહાયભૂત થાય એ રીતની વ્યવસ્થા ગોઠવવી જોઇએ.

વહીવટી માળખું :

૧. ધરમપુર તાલુકો ગુજરાત રાજયમાં વિસ્તારની દૃષ્ટિએ મોટામાં મોટો તાલુકો છે. જેનો વિસ્તાર ૬૩૮ ચો.માઇલનો છે. તાલુકાનું મુખ્ય મથક ધરમપુર એ તાલુકાના દક્ષિણ અને અગ્નિખૂણાના ગામોથી ૯૦ થી ૧૦૦ કિ.મીટર દૂર પડે છે. આથી તાલુકાના તમામ વિસ્તારને વિકાસના કાર્યક્રમનો પૂરતો લાભ મળતો નથી. આથી વિકાસનું વહીવટી માળખું બેવડાય નહીં અને આ ભાગ ઉપર વધુ ધ્યાન આપી શકાય એ રીતે સમગ્ર તાલુકાનું વહીવટી માળખું ગોઠવવું જોઇએ.

૨. આ માટ વિકાસ કાર્યક્રમ સારી રીતે પાર પાડવા માટે 'સીંગલ લાઇન એડમિનીસ્ટ્રેશન' હોવું જરૂરી છે.

વિકાસ કાર્ય સંપાદન

કાર્યગોષ્ઠીએ ઉપરોકત વિકાસ કાર્ય કેવી રીતે સંભાળવાનું છે તેનો પણ વિચાર કર્યો હતો. મુખ્ય સુઝાવો નીચે પ્રમાણ હતા :

૧. પૂરા વિસ્તારને આવરી લેતાં કેટલાંક કામો જેવાં કે પીવાના પાણીની સુવિધા અને આરોગ્ય જેવા વિકાસ કાર્યક્રમો કોઇ એક સંસ્થા કે જે એ વિષયમાં અનુભવી તથા જાણકાર હોય તે ઉપાડી લે અને સરકારી મદદથી આ કાર્યને પૂરા તાલુકામાં વેગ આપ.

૨. જે જે સ્વૈચ્છિક સંસ્થાઓ આ વિકાસ કાર્યક્રમમાં જોડાવા માગતી હોય તેમાંથી પ્રત્યેકને ઓછામાં ઓછાં પાંચ ગામો સર્વાંગી વિકાસ માટે ફાળવવાં જોઇએ. અને તેમાં જ એ પોતાની બધી શકિત અને સાધનોનો ઉપયોગ કરે.

૩. આવા પાંચ ગામના સમૂહમાંથી એકને નિદર્શન સમૂહ તરીકે ખીલવવું જોઇએ. જેમાં જંગલ વિકાસ અને આદિવાસી વિકાસની સંકલિત પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઇએ.

૪. જે જે સંસ્થાઓ આ વિકાસ કાર્યક્રમ લેવા માગતી હોય તે ૧૯૮૧-૮૨ નો પોતાનો કાર્યક્રમ, પોતાની પંચવર્ષીય યોજનાના ભાગરૂપે ઘડી કાઢે. અને ધરમપુર તાલુકા વિકાસ સંઘને સુપ્રત કર. આ બધા કાર્યક્રમો ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર સંકલિત કરી આપશે. આ બધી સંસ્થાઓની એક બેઠક (ફેબ્રુઆરી ૧૯૮૧ ના છેલ્લા અઠવાડિયા સુધીમાં) બોલાવીને વિકાસ કાર્યક્રમ અંગે વિચાર અને વહેંચણી થઇ જવી જોઇએ એવી સર્વસંમતિ કાર્યગોષ્ઠીમાં થઇ હતી.

...

## ધરમપુર તાલુકાના વિકાસ કાર્યક્રમ વિષયક કાર્યગોષ્ઠીમાં ભાગ લેનારની યાદી

| નામ | હોદ્દો |
|---|---|
| ૧. શ્રી અમરસિંહભાઇ ચૌધરી | મંત્રીશ્રી, વન, સિંચાઇ અને આદિવાસી કલ્યાણ |
| ૨. શ્રી ડાહયાભાઇ જે. નાયક | કુલનાયક, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૩. શ્રી લક્ષ્મીદાસ મ. શ્રીકાંત | ભીલ સેવા મંડળ દાહોદ |
| ૪. શ્રી ઉર્મિલાબહેન ભટ્ટ | અધ્યક્ષા, સમાજ કલ્યાણ બોર્ડ |
| ૫. શ્રી શાંતિલાલ સી. ચૌધરી | નાયબ નિયામક, ગુ. રા.ખા.ગ્રા.બોર્ડ, અમદાવાદ |
| ૬. ડૉ. ઠાકોરભાઇ નાયક | નિયામક, આ.સં.તા.કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૭. ડૉ. સિધ્ધરાજ સોલંકી | નાયબ નિયામક, આ.સં.તા.કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૮. શ્રીમતી ભારતીબહેન દેસાઇ | સંશોધન અધિકારી, આ.સં.તા.કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૯. શ્રી રાસ બિહારી લાલ | '' '' |
| ૧૦. શ્રી મુસ્તાઅલી મસવી | '' '' |
| ૧૧. શ્રી ગૌરીશંકર પંડયા | '' '' |
| ૧૨. શ્રી લખાભાઇ પટેલ | સંશોધન મદદનીશ, આ.સં.તા.કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૧૩. શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય | '' '' |
| ૧૪. શ્રી છોટુભાઇ પટેલ | આ.સં.તા. કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૧૫. શ્રી કાન્તિલાલ ડા. મકવાણા | સંશોધન મદદનીશ, આ.સં.તા.કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૧૬. શ્રી ચંદ્રકાન્ત એસ. પટેલ | '' '' |
| ૧૭. શ્રી કિરણકુમાર | વિદ્યાર્થી, અનુસ્નાતક વિભાગ |
| ૧૮. શ્રી સુરેન્દ્ર ચંદુલાલ દલાલ | ડેપ્યુટી મેનેજર, ગુ.આ.નિ.કોર્પો. |
| ૧૯. ડૉ. હર્ષદભાઇ ત્રિવેદી | માનદ નિયામક, ઇન્સ્ટીટયુટ ઓફ કલ્ચર એન્ડ અર્બન એન્થ્રોપોલોજી |
| ૨૦. શ્રી પુરુષોત્તમ કે. વાલેરા | પ્રોજેકટ એડમિનિસ્ટ્રેટર, ખેડબ્રહ્મા (સા.કાં.) |
| ૨૧. શ્રી મોહનભાઇ રવિયાભાઇ પટેલ | કા. આચાર્ય, વિનય મંદિર અલેટી, તા. ધરમપુર |
| ૨૨. શ્રી અલુભાઇ શાહ | શ્રી વેડછી પ્રદેશ સેવા સમિતિ, વાલોડ જિ. સુરત |
| ૨૩. શ્રી હર્ષકાન્ત વહોરા | નિયામક, ગાંધી વિદ્યાપીઠ વેડછી, તા. વાલોડ, જિ.સુરત |
| ૨૪. શ્રી લાલભાઇ ડાહયાભાઇ નાયક | નિયામક, સર્વ સેવા કેન્દ્ર, નવસારી |
| ૨૫. શ્રી પ્રતાપસિંહ ઠાકોરસિંહ ઝાલા | ચીટનીસ, પ્રાયોજના વહીવટદારની કચેરી, વાંસદા |
| ૨૬. નુરમહમદ અબ્દુલ વ્હોરા | પ્રોજેકટ એડમિનિસ્ટ્રેટર, વાંસદા |
| ૨૭. શ્રી એસ. કે. ત્રિવેદી | પ્રોજેકટ મેનેજર, ગુ. રા. વન વિકાસ નિગમ, વાંસદા |
| ૨૮. શ્રી દીલીપ એમ. ખાપર | પ્રાયોજના વહીવટદારના અંગત મદદનીશ, વાંસદા |
| ૨૯. શ્રી એમ. સી. પટેલ | આસિ. પ્રોજેકટ એડમિનિસ્ટ્રેટર, વાંસદા |
| ૩૦. શ્રી ભગુભાઇ નરસિંહભાઇ પટેલ | આ. પ્રો. એડમિનિસ્ટ્રેટર, સહકાર, વાંસદા |

૩૧. શ્રી ગોપાળભાઇ પટેલ — અતુલ રૂરલ ડેવલપમેન્ટ, અતુલ, જિ. વલસાડ

૩૨. શ્રી આઇ.સી. નાયક — ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, શીબા અતુલ, એ.આર.ડી.એફ.

૩૩. ડૉ. એ. આર. નાયક — મેનેજીંગ ડાયરેકટર, શીબા અતુલ, એ.આર.ડી.એફ.

૩૪. શ્રીમતી સરોજબહેન બી. શાહ — સામાજિક કાર્યકર, ચંદનવાડી, અતુલ, જિ. વલસાડ

૩૫. શ્રી રાજેન્દ્ર રતીલાલ દેસાઇ — રૂરલ ડેવલપમેન્ટ, એ. આર.ડી.એફ.

૩૬. ડૉ. કેતન એસ. દેસાઇ — (એ.આર.ડી.એફ.)અતુલ

૩૭. શ્રીમતી ઇન્દિરા અશોકભાઇ પરમાર સોશ્યલ વેલફેર

૩૮. શ્રી રાજુભાઇ શ્રોફ — યુનાઇટેડ ફોસ્ફરસ, વાપી

૩૯. મીસીસ સાન્દ્રા શ્રોફ — યુનાઇટેડ ફોસ્ફરસ, વાપી

૪૦. શ્રી શાન્તિલાલ અ. શાહ — ભૂતપૂર્વ મેનેજીંગ ડિરેકટર, ગુજરાત જંગલ વિકાસ નિગમ, વડોદરા

૪૧. શ્રી ડી. ડી. પટેલ — ડીપાર્ટમેન્ટ હેડ, એ. એફ.ડી., બેન્ક ઓફ બરોડા

૪૨. શ્રી વી.ડી. ત્રાંબડિયા — મેનેજર, બેન્ક ઓફ બરોડા, ધરમપુર

૪૩. શ્રી એલ. એમ. ડામોર — સમાજ કલ્યાણ અધિકારી, જિલ્લા પંચાયત વલસાડ

૪૪. શ્રી કેશવલાલ છોટાભાઇ પટેલ — વિષય નિષ્ણાત (એગ્રોનોમી) જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરી વલસાડ

૪૫. શ્રી યોગેશભાઇ ભટ્ટ — એન.એસ.એસ. ઓફિસર, શ્રીમતી જે. પી.શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ

૪૬. શ્રી જીવનભાઇ ગોમનભાઇ ગરાસિયા, સભ્ય સામાજિક ન્યાય સમિતિ, જિ. પં.વલસાડ

૪૭. શ્રી કૃષ્ણવદન મગનદાસ શાહ — નાયબ ઇજનેર, પંચાયત પેટા વિભાગ, ધરમપુર

૪૮. શ્રી પ્રમોદરાય વસંતરાય દોશી — નાયબ ઇજનેર, જિ. પં. વલસાડ

૪૯. ડૉ. એન. બી. કુમાર — જિલ્લા આરોગ્ય અધિકારી, વલસાડ

૫૦. શ્રી આર. એમ. શાહ — જિલ્લા આયોજન અધિકારી, વલસાડ

૫૧. શ્રી કાન્તિલાલ અમૃતલાલ ચંદારાણા વલસાડ જિલ્લા સર્વોદય યોજના

૫૨. ડૉ. નવનીતભાઇ ફોજદાર — સામાજિક કાર્યકર, સર્વોદય પરિવાર ટ્રસ્ટ, પિંડવળ

૫૩. શ્રી સજ્જન મિશ્રાર ઓઝા — સંગઠક, દક્ષિણ ગુજરાત

૫૪. શ્રી શિવદાન જે. ગઢવી — આયોજન સહ તાલુકા વિકાસ અધિકારી, ધરમપુર

૫૫. શ્રી રામસિંહ અભેસિંહ પરમાર — સભ્ય, તાલુકા પંચાયત ધરમપુર

૫૬. શ્રી નાનુભાઇ દેસાઇ — પ્રમુખ, વલસાડ જિ. ગ્રા.સ.મંડળી

૫૭. શ્રી ટી. ડી. રંગમરિયા — વિસ્તરણ અધિકારી સહકાર, તા.પં. ધરમપુર

૫૮. શ્રી બાબુભાઇ કે. પટેલ — વિસ્તરણ અધિકારી, ખેતી, તા. પં. ધરમપુર

૫૯. શ્રી વજુભાઇ એસ. પટેલ — વેકશીનેશન સુપરવાઇઝર, પ્રા. આ. કેન્દ્ર, પંડવળ

૬૦. શ્રી મોતીભાઇ પી. પટેલ — વિસ્તરણ અધિકારી, ખેતી, નાની વહિયાળ, ધરમપુર

| | |
|---|---|
| ૬૧. શ્રી બી. એલ. ત્રિપાઠી | રીસર્ચ એસોસીએટ, આઇ.આઇ. એમ., અમદાવાદ |
| ૬૨. શ્રી રામચંદ્રભાઇ, | માજી શિક્ષણ અધિકારી, નાની વહિયાળ આશ્રમશાળા |
| ૬૩. શ્રીમતી વિમળાબહેન | અતુલ |
| ૬૪. શ્રી બસીભાઇ શાહ | મેનેજર, અતુલ |
| ૬૫. શ્રી સિધ્ધાર્થભાઇ | ડીરેકટર, અતુલ |
| ૬૬. શ્રી રામભાઇ ઇ. પટેલ | ઓફિસ સુપ્રિ. આ.સં.ના. કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૬૭. શ્રી સરપંચ | ગ્રામપંચાયત, નાની વહિયાળ |
| ૬૮. શ્રી તલાટી કમ મંત્રી | નાની વહિયાળ |
| ૬૯. શ્રી આચાર્ય | હાઇસ્કૂલ, નાની વહિયાળ |
| ૭૦. શ્રી આચાર્ય | નાની વહિયાળ આશ્રમશાળા |
| ૭૧. શ્રી આચાર્ય | કપરાડા આશ્રમશાળા |

૭૨. શ્રી બરજુલભાઇ નવલુભાઇ પટેલ ધારાસભ્ય, ધરમપુર

...

કાય ગે.ઠી
૧૧-૧૨ જાન્યુઆરી, ૧૯૮૧

# બોપી :: ધરમપુર તાલુકાનું એક ગામ

[illegible] સાહિત્ય

બોપી
તા. ધરમપુર
જી. વલસાડ

તા.૪-૮-૮૦ ના રોજ અમદાવાદથી ધરમપુર પહોચ્યા. ત્યાં તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરીમાં સર્વે તાલીમાથીઓ એકત્ર થયા હતા. બે બે તાલીમાથીઓની ટુકડી પાડી ડો. સોલંકી સિધ્ધરાજભાઇએ ધરમપુર તાલુકાનુ એક એક ગામ આર્થિક રીતે સામાજિક મોજણી માટે આપ્યુ. અમને બોપી ગામની મોજણીનુ કામ સોપવામાં આવ્યુ હતુ. અમો બન્ને ધરમપુરથી બોપી જવા માટે બપોરના ૩-૩૦ કલાકે જીપમાં નીકળયા અને બોપી ગામે ૪-૩૦ સાંજના પહોંચયા. તાલુકા વિકાસ અધિકારીશ્રીએ અમારી સાથે વિસ્તરણ અધિકારીશ્રી પંચાવતને મોકલ્યા હતા. તેઓએ બોપી ગામના સરપંચશ્રી ફરામજી કાવસજી ચવારીનો પરિચય કરાવ્યો. તેમજ મોજણીના કામમાં જરૂરી સહકાર આપવા ભલામણ કરી.

ભાઇશ્રી ફરામજીભાઇ પોતે પારસી જ્ઞાતિના છે અને ત્રણ પેઢીથી બોપીમાં આવી વસ્યા છે. ખેતી તેમનો મુખ્ય વ્યવસાય છે. તેમના કુટુંબના બધા સભ્યો સાથે તેઓ વર્ષોથી બોપીમાં રહે છે. એમનુ મકાન પ્રમાણમાં સારૂ હતુ. મકાનની ભીંતો ઈંટોની નહી પણ વાંસ અને લાકડાની બનાવેલ છે. તેઓ રોપણીના કામમાં રોકાયેલ હોવાથી અમને વધુ સમય આપી શકે તેમ ન હોવાથી તેઓ ખેતરમાં રોપણીના કામ અર્થે ગયા.

હુ અને મારા સાથીદાર બન્ને એ ગામનુ સામાન્ય નિરીક્ષણ કરવાનુ નકકી કર્યુ અને આજુબાજુ નિકળયાં. પૃથ્વી એ લીલી સાડી પહેરી છે અને મેહુલીયો એને ભીંજવીને અટકચાળાં કરી રહયો હતો. બધે કુદરત પથરાયેલ હતી. જંગલો મસ્તીમાં ડોલતાં હતાં. વાતાવરણ આકરાઇડ હતુ. આજુબાજુનું નિરીક્ષણ કરતાં ગામની ઘણી મહિલાઓ તથા થોડા યુવાન છોકરાઓ ડાંગરની રોપણીનુ કામ કરી રહયા હતા. અને એક પારસી સ્ત્રી રોપણીનુ કાર્ય કરાવતી હતી. અમોએ ગામની ખેતી પધ્ધતિનુ નિરીક્ષણ કરવા માટે જવાનુ નકકી કરી રોપણીનુ કાર્ય થતુ હતુ ત્યાં જવા નીકળયા. રસ્તો

ખૂબજ કાદવવાળો હતો. આથી જવાનુ મુશ્કેલ હોવા છતાં અમો ત્યાં ગયા પરંતુ અમને જોઇને રોપણી કરાવનાર બાઇ (પારસી) તેમજ કામકરનાર મહિલા, યુવાનોએ ત્યાંથી કામ છોડીને ભાગવા માંડયુ. તપાસ કરતાં જણાયુ કે મહિલાઓ પારસી સ્ત્રીની સૂચનાથી કામ છોડીને ચાલ્યાં જતા હતાં. અમો તે પારસી બાઇને ત્યાં ગયાં. એમનુ નામ હીરાબાઇ છે. એમના પતિ શ્રી રુસ્તમભાઇએ બોપી ગામનાં પટેલ છે. અને તેઓ સરપંચ શ્રી ૧૩રામજીભાઇના ભાઇ છે. તેઓ પણ ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે. તેમની સાથે ખેતી અંગે ચર્ચા કરી. તેમની ખેતીની કામગીરીની ક્ષતિઓ બતાવી. આ વિસ્તારમાં સૌથી વધુ ખેતી ડાંગરની થાય છે. પરંતુ ડાંગર વાવવાની પધ્ધતિ ઘણી જુની છે તેમાં આધુનિકતા આવી નથી. ડાંગર રોપવામાં આવે છે. પણ લાઇનમાં રોપાતી નથી. એક જગ્યાએ એકથી વધુ ડાંગરના છોડ રોપાય છે. તેમજ છાણીયા ખાતર સિવાય બીજા ખાતરનો ઉપયોગ થતો નથી. તેમજ આધુનિક ખેતી માટે લોકોને સમજદારી પૂરતી અપાતી નથી. આ ગામમાં કીટસનો લાભ પણ કોઇ યોજના હેઠળ આપવામાં આવેલ નથી. અહીંયા એક વાત નોંધવા જેવી જણાઇ કે મજૂરીના દર બાબતે એક છોકરાને પૂછતાં જણાયુ કે અમને રોજના રૂા.૫/- અને એક ટંક પુરતુ ખાવાનુ આપવામાં આવે છે. પરંતુ હકીકત સાચી ન હતી. મજૂરીના દર પેટે માત્ર એક કિલો ભાત (ડાંગર) આપવામાં આવતી હોવાનુ જણાયુ.

રાત્રે કાવસજીભાઇ સાથે ખેતી પશુપાલન અંગે ચર્ચા કરી અને ખેતીને વ્યવસાય તરીકે અપનાવવા સમજ આપી. બીજે દિવસે સવારથી જ વહેલાં કામે લાગવાનુ નકકી કર્યુ હતુ. હુ અને શ્રી ભાઇએ આર્થિક અને સામાજિક મોજણીના કાર્ય માટે સાથે જ નીકળવાનુ નકકી કર્યુ હતુ. ગામના કોટવાળ તરીકે ઓળખાતા શ્રી ભવાનભાઇ જેઓ આ વિસ્તારનાં છે અને આદિવાસી કોંકણા છે તેમને બોલાવ્યાં અને તેમની સાથે સર્વેના કામ માટે અમો નીકળયા.

પ્રથમ શાળાની મુલાકાત લેવાનુ ગોઠવ્યુ હતુ. પરંતુ શિક્ષક મળયા નહી. આથી અમો એક આદિવાસીના મકાન-ઘર-ઝૂપડુ-માં ગયાં. ભવાનભાઇએ અમારી ઓળખાણ આપી. આદિવાસી ભાઇનુ

નામ જાનાભાઇ લાસુભાઇ કોકણા. તેઓએ તેમની અટક ભોયા જણાવી. ઘણાં વર્ષોથી પેઢીઓથી ત્યાં રહે છે. તેઓ પાસેથી આર્થિક સામાજિક મોજણી અંગેની        માહિતી મેળવી. ઘણો સમય વીતી ગયો. આદિવાસી ભાઇ પ્રશ્નોના જવાબો આપતા હતા ત્યાં બીજી બે-ત્રણ વ્યકિતઓનો પરિચય થયો.

મગળભાઇ જેતરામભાઇ પવાર અને તેમના ભાઇ દશરથભાઇ જેતરામ પવાર મૂળ        તરોડો ગામના છે. પણ ઘણાં વર્ષોથી લગભગ ૨૫-૩૦ વર્ષથી આ ગામમાં આવીને વસ્યા છે. તેઓનો વ્યવસાય ગામડાંમાંથી બકરાં ખરીદ કરીને શહેરમાં વેચવાનો છે. બોપી અને આજુબાજુ ગામમાંથી બકરાં ખરીદી તેઓ સુરત-નવસારી-વલસાડ-બીલીમોરાની ગામોમાં વેચવા માટે જાય છે. તેઓને ગામે ગામ ફરવાનું હોવાથી તેમના રક્ષણ તથા ધંધાની વરકત માટે "દેવ" કરવાનાં હતાં. આદિવાસીઓની ઘણી સસ્કૃતિ તેમના રીત-રિવાજોમાં સમાયેલી છે. આથી દેવ વાવનમાં અમને રસ જાગ્યો. શ્રી મગળભાઇ આદિવાસી શ્રી જાનુભાઇને દેવ કાર્યમાં મદદ કરવા બોલાવા આવ્યાં હતાં. અમોએ પણ ત્યાં જવાની તક ઝડપી લીધી.

બપોરના લગભગ ૧ વાગે અમો ખાતદેશી ભાઇશ્રી દશરથભાઇના ઝૂપડે ગયા. અમારી સાથે ગામમાં આવેલી આશ્રમશાળાંના એક આદિ-વાસી શિક્ષક શ્રી સુકરભાઇ તેમજ બે આદિવાસી વિદ્યાર્થીઓ પણ હતા. દેવ વિધિમાં એક પથ્થરની મૂર્તિ ઉપર પૂજા કરી હતી. નાળિયેર ફોડવામાં આવ્યુ હતુ. એક નાનુ બોકડું વધેરવામાં આવ્યુ હતુ. તેલ / ઘઉંનો શીરો પણ બનાવવાંમાં આવ્યો હતો. અને "દેવ"નુ કાર્ય હોવાથી પ્રસાદ લેવા બીજા પણ થોડાં આદિવાસીઓને બોલાંવેલ હતાં. વિધિ સાદી જણાઇ. અમને પણ શીરાંના પ્રસાદનો લાભ મળયો. આમ આકસ્મિક રીતે દેવનુ કાર્ય અમને જોવા મળયુ. આ બાબતમાં લોકોની ભાવના અને હૃદયની શુધ્ધિના દર્શન થયાં.

પછી અમે એક હરિજન બાંઇને મળયાં. નામ ગગાંબેન ભવાંનભાંઇ હરિજન છે. તેઓ પણ વર્ષોથી ગામમાં રહે છે. તેમનો વ્યવસાય ચામડા કપાવવાનાં તેમજ તેમાંથી આદિવાસી માટે ચપલ બનાવવી. તેમજ જરૂરી સામાન બનાવવાંનો છે.

અહીંયા નોંધનીય બાબત એ જણાઇ કે ગંગાબેનના હરિજનના એક પુત્ર કાંન્તીલાલ રઘુભાઇએ નજીકના ગામ હતાનબારી જે બોપીથી એક માઇલ દૂર છે ત્યાંના શ્રી રમિલાબેન સોનુભાઇ મહાલાં સાથે લગ્ન કરેલ છે. રમિલાબેન આંદિવાસી છે. અને આંદિવાસી કન્યા અને હરિજન યુવકનું લગ્ન થયુ છે. તેમને એક પુત્રી પણ છે. અને હવે કાંતીભાઇ ઘરમાંથી બીજે રહેવા ગયા છે. પણ આંદિવાસી પત્ની રમિલાબેન હરિજન બાઇ ગંગાબેન સાથે જ રહે છે. આમ આંદિવાસીમાં આભડછેટ કે છૂતાંછૂત જેવાં પ્રશ્નો ઓછાં છે.

પછી અમે સામાજિક અને આર્થિક મોજણી માટે અમો આકસ્મિક રીતે એક આંદિવાસીનાં ઝૂપડા આગળ ગયા, અમારી સાથેનાં આદિવાસી બાળકોએ ઘરમાંથી કોઇને બોલાવ્યાં અંદરથી હકારાત્મક પ્રત્યુત્તર આવ્યો. પણ વ્યક્તિ કોઇ બહાર આવી નહીં. અમો વિચારમાં પડયા. પણ થોડીવારે તેઓ બહાર આવ્યાં. બહાર એક વૃધ્ધા કામ કરી રહી હતી. ઝૂપડામાંથી કાળગીબેન નામની બાઇ બહાર આવ્યાં. તેઓ બહાર આવતાં અમો સમજી શકયાં કે તેઓ પાસે પહેરવાના કપડાં ન હોવાને કારણે તેઓ જલદી બહાર આવી શકયાં નહીં. ખરેખર દરિદ્રનારાયણની પરિસ્થિતિ જણાઇ. તેમની પાસે માત્ર એક એકર જમીન હતી.

અહીંયા પૂછતાં જણાયુ કે તેઓ પરણીને સાસરે ગયાં નથી. પણ તેમને ત્યાં ઘર જમાઇ તરીકે કહાડોળપાડાના આંદિવાસીભાઇ મહારભાઇ આજથી લગભગ ૧૩ વર્ષ પહેલાં થયેલાં. ઘરજમાઇ તરીકે શ્રી મહારભાઇ ત્રણ વર્ષ સાથે રહયાં. એક પુત્ર થયો અને પછી ઘરજમાઇ તરીકે આવેલ ભાઇ જતા રહયાં. તેમને જતાં રહેવાનું કારણ પૂછતાં જણાયુ કે પૂરતા પ્રમાણે મજૂરી મળતી ન હતી. આથી જતા રહયા હતાં. ત્યાર બાદ કાળગી બહેને જ વર્ષ ઉપરનાં બીજા ભાઇશ્રી જીનાભાઇ જામલીયાનાને ઘરજમાઇ તરીકે લાંવ્યાં. તેઓ કાળગીબેન સાથે લગભગ ૪ વર્ષ રહયા અને તેઓ પણ ભાગી ગયાં. તેમનાથી કાળગીને બે પુત્રો થયાં.

આમ આદિવાસી બાઇને ગરીબીના કારણે બે પતિ ગુમાવવાં પડયા. કાળગી બેન સાથે તેમનાં માતાજી રહે છે. ઘણાં વૃધ્ધ છે. ગરીબીને કારણે આ કુટુંબને ભૂખમરો વેઠવો પડે છે. વૃધ્ધાં

માહિતી મેળવતી વખતે સરકારી કર્મચારીઓ પ્રત્યે નારાજગી વ્યકત કરતા હતા. અને માહિતી નોંધીને કાંઇ આપતા નથી કાંઇ કરતા નથી એ પ્રમાણે દુઃખ વ્યકત કરતા હતા. આ કુટુંબની પરિસ્થિતિ ખૂબજ દયાજનક હતી. એક દશ વર્ષનો પુત્ર છે. જે ગામના પારસીને ત્યાં પરચૂરણ / ખેતીના કામ માટે જાય છે અને તે જે મજૂરી લાવે છે તે ઉપર ગુજરાન ચાલે છે. કાળગી પોતે પણ મજૂરી કરે છે.

આજ દિવસે બીજા બે આદિવાસી બેલુભાઇ રગળભાઇ અને કાળગુભાઇ હાટુભાઇ વાધમારીયાની માહિતી મેળવી. તેમજ બીજા એક આદિવાસી ભાઇ રડકીયાભાઇ નાગજીભાઇની માહિતી મેળવી તેમની પાસે ૨૩ એકર જેવી જમીન હતી. પરંતુ આવકનું પ્રમાણ ઓછુ જણાયુ. થતી આવકનો યોગ્ય ઉપયોગ પણ ન જણાયો. એના વિગતે કારણની તપાસ કરતા તેઓ દારૂના વ્યસની હોવાનુ જણાયુ. દારૂ આ વિસ્તારમાં પીવામાં આવે છે પરતુ રડકીયાભાઇ દારૂનું વધુ સેવન કરતા હોવાથી આર્થિક પરિસ્થિતિ સામાન્ય રહે છે. બીજે દિવસે સવારથી મોજણીનુ કાર્ય શરૂ કર્યું. સવારના સરપંચશ્રી સાથે તેમના કુટુંબની માહિતી મેળવી. ફરામજી કાવસજી અવારીના દાદા અને તેમના ભાઇ બોપી આવેલા. એ બે પારસી ભાઇઓનું નામ રૂસ્તમજીભાઇ અવારી અને સોરાબજીભાઇ અવારી હતા. અહીંયા આવ્યા ત્યારે બન્ને વચ્ચે ૭૫૦ પૈસા જેટલી મૂડી હતી. ધરમપુરના રાજા પાસેથી દાણ મહેસુલ ઉઘરાવવાની કામગીરી મેળવી અને સ્થાઇ થયા અને ઘણી મિલ્કત વસાવી.

અત્યારે બોપીના ૨૦ વર્ષથી સરપચ છે. ફરામભાઇના પિતાશ્રી કાવસનુ મૃત્યુ પામ્યા બાદ તેમની પત્નીએ બીજા એક પારસી રૂસ્તમજી સાથે લગ્ન કર્યા અને એક સંતાન થયુ તે શુરૂષભાઇ જેઓ અત્યારે ગામના મુખી ઘણા સમયથી છે. આ પ્રમાણે આ ગામમાં તેમજ ચાસ માંડવામાં પારસી કુટુંબોનુ ઘણું જ આધિપત્ય રહેલુ જણાય છે. અત્યારે પણ તેઓનું ગામમાં સારૂ પ્રભુત્વ છે અને આદિવાસીઓ તેમનાથી ડરતા જણાય છે.

ત્યાર બાદ ગામની શાળાની મુલાકાત લીધી.

જીલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળા ધોરણ ૧ થી ૩ ની ચાલે છે. શિક્ષક તરીકે શ્રી શાન્તીલાલ મગાભાઇ પટેલ (કોળી) ડુંગરી જીલ્લો વલસાડના છે. નિશાળ ખાસ એક ઓરડામાં બેસે છે.

આશ્રમશાળા એ માત્ર ચાર દિવાલ વચ્ચે શિક્ષણ આપ્યાનો સંતોષ માનતી શૈક્ષણિક સંસ્થા નથી. પરંતુ એકલવાયા ગરીબ પ્રદેશમાં એક સાચું શિક્ષણ આપતી તરવરતી સંસ્થા જણાઇ.

આશ્રમશાળામાં ત્રણ શિક્ષકો, ૩ રસોઇયા અને એક કમાડી મળીને કુલ ૭ કર્મચારીઓ કામ કરતા હતાં. આશ્રમશાળાનું કુલ ૬ ઓરડાનું પાકુ મકાન છે. જરૂરી સગવડવાળુ મકાન છે. ૬ ઓરડામાં ૨ મોટા ઓરડાનો છાત્રાલય તરીકે ઉપયોગ થાય છે. શિક્ષકોને રહેવાની સગવડ પણ અહીંયા છે.

ગામના ૧૫ જેટલા બાળકો ભણે છે. બાકીની સંખ્યા આજુ-બાજુના ગામની છે.

બાળકોનો સવારના ૫-૩૦ થી કાર્યક્રમ શરૂ થાય છે. તે રાત્રિના ૯-૩૦ સુધીનો કાર્યક્રમ છે. બાળકોની તપાસ જરૂરિયાત અહીંયા મોકલવામાં આવે છે. સવારના ભોજન, બપોરના નાસ્તો, સાંજના જમવાનું. આ ઉપરાંત અભ્યાસ કપડાં બીજી સામાન્ય જરૂરિયાતો આશ્રમશાળામાંથી પૂરા પાડવામાં આવે છે. આશ્રમશાળાનું કામકાજ સારૂ ચાલે છે.

બપોરના ગૂજરાત વિદ્યાપીઠના આદિવાસી સંશોધન અને તાલીમ વિભાગના નાયબ નિયામક ડૉ. સિધ્ધરાજભાઇ સોલંકી આશ્રમશાળામાં આવ્યા હતા. આશ્રમશાળાના બાળકોની મુલાકાત ગોઠવી. તેમની ભાષામાં વાર્તા કહેવા માટે બાળકોને જણાવતા બાળકોએ ઉમંગથી વાર્તાઓ કરી. તેની ટેપ શ્રી ડૉ. સોલંકીએ કરી લીધી. આ વાર્તાઓનું ગુજરાતી પણ કરાવી તેની પણ ટેપ કરાવી. આ લોકોની ભાષા કોકણી છે. અને તેમનું સાહિત્ય પણ કોકણી ભાષામાં છે.

આશ્રમશાળાના બાળકો પાસે તેમની ભાષામાં વાર્તાઓ એકત્ર કરવાની કામગીરી કરી. અને બીજા આદિવાસીઓનો સંપર્ક સાધી મોજણીની કામગીરી પૂરી કરી.

XXXXXXXXX
XXXXXXX
XXXXX
XXX
X

કાર્યગોષ્ઠી
૧૧-૧૨ જાન્યુઆરી, ૧૯૮૧

## ફુલવાડી :: ધરમપુર તાલુકાનું એક ગામ

[illegible]

સ્થળ : ફુલવાડી
તા. : ધરમપુર

તા.૪-૮-૮૦ ના રોજ બપોરે ૧૪-૩૦ કલાકે ધરમપુર તાલુકા પંચાયત કચેરીમાં એકત્ર થયા. ધરમપુર તાલુકાના આદિજાતિની વસ્તી ધરાવતા અંદરના ૭ ગામોની યોજના સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી ધરમપુર સાથે બેસીને મોજણી કાર્ય અર્થે પસંદગી કરી. તે મુજબ અમારે માટે નકકી થયેલ "ફુલવાડી" ગામે અમો આવ્યા અને સરપંચશ્રીનો સંપર્ક સાધી, અમારો ગામે આવવાનો હેતુ જણાવી, અમારી રહેવાની વ્યવસ્થા શાળાના એક ઓરડામાં કરાવવામાં આવી.

વર્ષાૠતુ હોઇ અને આ વિસ્તારનો સરેરાશ વરસાદ ૮૦" થી ૧૦૦" જેટલો પડતો હોઇ, અમારા અત્રેના મુકામ દરમિયાન વરસાદ સતત પડતો રહયો. જેથી આદિવાસીઓના આર્થિક અને સામાજિક અભ્યાસની મોજણીના કાર્યમાં ઘણી મુશ્કેલીઓ ઉપસ્થિત થઇ. વધુમાં ગામમાં આદિજાતિ ખેડૂતો અને ખેતમજૂરો - ડાંગરની રોપણીનું કાર્ય ચાલતું હોઇ; તેમાં વ્યસ્ત હોવાથી, તે કારણે પણ અમારા કાર્યમાં અવરોધ અને મુશ્કેલીઓ અનુભવવી પડી. તેમ છતાં, સરપંચશ્રી અને ગામના શિક્ષકોનો સહકાર મેળવી, અમારા કાર્યનો શુભારંભ કર્યો--

તાલીમ કેન્દ્રના ડૉ. શ્રી સિધ્ધરાજભાઇ સોલંકી તથા તા.પ.ધરમપુરના યોજના સહ તા.વિ.અ. શ્રી ગઢવી સાહેબે નકકી કરેલ ગામો પૈકી, મારા ગ્રૂપમાં મારી સાથે ફુલવાડી ગામે શ્રી કે.આર.કે.મેનન હતા. પ્રથમ અમે બંનેએ ફુલવાડી ગામના સરપંચશ્રી ફકીરભાઇ રામુભાઇ કુરકુટીઆ જેઓ કોકણી છે, તેમનો તથા પોલીસ પટેલ અને શિક્ષકો તથા અન્ય ગ્રામજનો પાસેથી ફુલવાડી ગામની સામાન્ય માહિતી પ્રાપ્ત કરી, જે ટૂંકમાં નીચે મુજબ છે :-

ફાધર ડીસોઝા એ આ ગામે કેથોલીક ચર્ચ હેઠળ જે છાત્રાલય ચલાવે છે તેનું નામ "દિવાલયા સામાજિક કેન્દ્ર". ફુલવાડી આવેલ છે. આ છાત્રાલયમાં બધી આદિવાસી કોમના આશરે ૧૫૨ જેટલા વિદ્યાર્થીઓને રહેવાની અને જમવાની વ્યવસ્થા મફત આપવામાં આવે છે. તદઉપરાંત એક જોડ કપડાં, પાઠયપુસ્તકો, વિગેરે

પણ મફત આપે છે. આ છાત્રાલયમાં રહેતા આદિવાસી વિદ્યાર્થીઓને આરોગ્યની સુવિધાઓ, "પ્રેમી માતા દવાખાનું" જે ફરતું દવાખાનું છે. જેમાં કેથોલીક સીસ્ટર મોબાઇલ વાનમાં ફરીને આસપાસના ગામોમાં પણ આરોગ્યની સુવિધાઓ પુરી પાડે છે. આ સીસ્ટરનું રહેઠાણનું સ્થળ "બિલપુડી" ગામે છે. આ છાત્રાલયમાં રહેવા માટે, વાર્ષિક રૂા.૫૦/- જે તે આદિવાસી વિદ્યાર્થીએ ભરવાના હોય છે. જેથી બધી સગવડ ત્યાર બાદ મફત પૂરી પાડવામાં આવે છે. આ સંસ્થા મરઘાં ઉછેર કેન્દ્ર પણ ચલાવે છે.

ગામમાં સહકારી ક્ષેત્રે કોઇપણ પ્રકારની સહકારી મંડળીનું અસ્તિત્વ નથી. મીશનના ફાધર ડીસોઝા દ્વારા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની સ્થાપના કરવા, સૂચિત મંડળીની નોંધણી કરાવવા દરખાસ્ત મોકલવામાં આવી છે. જેનું રજીસ્ટ્રેશન થયેથી, દૂધ મંડળી અસ્તિત્વમાં આવનાર છે. દરમિયાન, હાલમાં આ ગામના ૨૦ થી ૨૫ જેટલા ભાઇઓ નજીકના ભેસદરા ગામે રચાયેલ જંગલ કામદાર તથા દૂધ મંડળીના સભાસદો છે.

આ ગામના ઘરો (ઝૂપડા) છૂટાછવાયા આવેલા છે. બે ઝૂપડા વચ્ચેનું અંતર ૧/૨ થી ૧ ફર્લાંગ જેટલું હોય છે. અને તેમાંય જમીન ખાડા ટેકરાવાળી હોઇ, એક ઝૂપડું ટેકરા ઉપર હોય તો બીજું ખાડામાં હોય.

ગામમાં પીવાના પાણીની સુવિધામાં જે તેના ખેતરમાં આવેલ ખેતી વિષયક કુવામાંથી અગર ગામની નજીકની નદીમાંથી પીવાનું પાણી લાવવામાં આવે છે. અન્યથા પાણી પુરવઠાની કોઇ યોજના અમલમાં નથી. ગામમાં દીવાબત્તી - લાઇટની પણ સગવડ નથી. ગામના પાંચથી સાત ખેતી વિષયક કુવા ઉપર ઇલેક્ટ્રીક મોટર બેસાડવા અને તે દ્વારા પિયત કરવા, ટૂંક સમયમાં વિજળી જોડાણો કુવા ઉપર આપવામાં આવનાર છે. એ સિવાય ગામમાં વિજળીકરણની સગવડ નથી. ફાધર ડીસોઝાએ પોતાના પાકા મકાનમાં ગોબર ગેસ પ્લાન્ટ દ્વારા ગેસની પેટ્રોમેક્ષ તથા રાંધવા માટે રસોડામાં આ ગોબર ગેસનો સુંદર ઉપયોગ કરેલ છે. તેઓશ્રીએ તેમની કેથોલીક ચર્ચની સંસ્થાના કંપાઉન્ડમાં આંબા, ચીકુ, લીંબુ વિગેરે ફળોની સુંદર વાડી બનાવી છે. એ રીતે ગામને બાગાયત ખેતીનો સુંદર નમૂનો પૂરો પાડયો છે.

ગામે સ્વતંત્ર પોસ્ટ ઓફિસની સુવિધા નથી. આ માટે નજીકના ભેંસદરા ગામે બ્રાન્ચ પોસ્ટ ઓફિસ છે, ત્યાંથી પોસ્ટમેન દ્વારા ફરતી પોસ્ટ ઓફિસ જેવી કાર્યવાહી કરાવવામાં આવે છે. આ ગામથી પાચ કી.મી.ના અતરે નાની વહિયાલ ગામ છે જ્યાં હાટ ભરાય છે.

ઉપરોક્ત તમામ માહિતી, અમોએ, અમારા ગામમાં ત્રણ દિવસના રહેઠાણ દરમિયાન મેળવેલ છે. આ ઉપરાત ગામની અન્ય વિગતો, જે તલાટીના રેકર્ડ ઉપરથી મળી શકે તેવી હોઇ આ ગામના તલાટી શ્રી નાનુભાઇ કે જેમનુ કાર્યમથક આ ફુલવાડી ગામ હોવા છતા, ગામે ન રહેતા, ધરમપુર રહે છે અને અમારા રહેઠાણ દરમિયાન તેઓ એક પણ દિવસ ગામમા આવ્યા ન હોઇ, અમો તે માહિતી ગામે મેળવી શક્યા નહિ. જેથી તેમનો સપર્ક ધરમપુર જઇને કરવો તેમ નક્કી કરવાની ફરજ પડી.

ગામના જુદી જુદી આદિજાતિના ૧૦ કુટુબોનો સપર્ક સાધી, નિયત પત્રકોમા તેમની માહિતી ભરવાનુ મોજણીનુ કાર્ય તા.૫-૮-૮૦ થી શરૂ કર્યુ.

ગામમા મુખ્યત્વે ચાર પ્રકારની આદિજાતિ કોમોના કુટુબોનો વસવાટ છે. જેવા કે કોકણી, ઢોડિયા, નાયકા અથવા વારલી અને કોલચા (કોલધા) જેથી અમોએ એવુ નક્કી કર્યુ કે, દરેક જાતિના બબ્બે કુટુબોની મોજણી હાથ ધરવી અને તેમાય બે મોટા ખેડૂત, બે નાના ખેડૂત, બે સિમાત ખેડૂત અને ત્રણથી ચાર ખેતમજૂરોની વિગતો એકત્ર કરીએ, તો સમગ્ર ગામની તમામ પ્રકારની આદિજાતિઓનુ પ્રતિનિધિત્વનો સમાવેશ થઇ જાય.

એ રીતે વિચારીને અમોએ તા.૫-૮-૮૦ના રોજ બબ્બે કુટુબો એટલે કે કુલ - ૪ (ચાર) કુટુબોનો સપર્ક સાધી, તેઓની આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સર્વેના નિયતપત્રક ભર્યા.

આ સાથે ગામની સામાન્ય માહિતી દર્શાવતુ પત્રક પણ ભરીને ગામની વિવિધ માહિતી એકત્ર કરી.

ગામના દસ કુટુંબો પૈકી બાકીના ૬ (છ) કુટુંબોનો સંપર્ક તા.૬-૮-૮૦ ના રોજ કર્યો, અને તેઓના કુટુંબને લગતી માહિતી, નિયત પત્રકોમાં ભરી. આમ, દસ કુટુંબોની માહિતી નિયત પત્રકોમાં ભરવામાં ગામના સરપંચશ્રી ફકીરભાઇ કે જેઓએ ધોરણ ૧૦ સુધીનો અભ્યાસ કરેલ છે, તેમનો તથા શાળાના આચાર્ય તથા શિક્ષકોનો અને પોલીસ પટેલનો અમને સુંદર સહકાર સાંપડયો હતો. તેઓ અમારી અને કુટુંબના વડાઓની વચ્ચે સાંકળ સમાન બની, માહિતી સરળતાથી મેળવવામાં ખૂબ સહાયભૂત બન્યા અને ગામે અમારી રહેવા વિગેરેની વ્યવસ્થા પણ તેઓએ મળીને કરી. જે બદલ તેઓનો આ સ્થળે આભાર વ્યકત ન કરીએ તો અમે નગુણા ગણાઇએ.

અમોએ તે માહિતઓ, સતત વરસતા વરસાદમાં, અમને ફાળવેલ ફુલવાડી ગામે રહીને, કુટુંબના વડાઓએ જે કંઇ તેમની સમજ પ્રમાણે અમને માહિતી આપી, તે મુજબ અમોએ તે પત્રકોમાં દર્શાવી છે. વધુમાં ફુલવાડી ગામના તલાટી અમારા રહેઠાણ દરમિયાન ગામે ન મળવાથી, કેટલીક માહિતીમાં તેમના રેકર્ડ પ્રમાણે વિગતો ભરવા યોગ્ય હોઇ, તેવી માહિતી ગામમાંથી કોઇ આપી શકે તેમ ન હોઇ, તે માટે અમને ઘણી મુશ્કેલી અનુભવવી પડી અને જેટલી શકય હતી તેટલી માહિતી અમોએ એકત્ર કરી છે. અને તેમાં શિક્ષિત સરપંચનો ફાળો ખૂબ મહત્વનો હતો.

ગામમાં આદિવાસીઓ સામાન્ય રીતે બાપ-દાદાની વારસામાં મળેલ જમીનો અથવા જંગલ ખાતા તરફથી ૧૯૬૭ પહેલા બિનઅધિકૃત રીતે ખેડતા હોય તેવી જમીનો જેઓને જંગલ ખાતાએ અધિકૃત કરી આપી હતી તેવી અગર સસરાને ત્યાં ઘરજમાઇ થઇને રહેતા આદિવાસીને, સસરાને કોઇ પુત્ર ન હોઇ તેમની મળેલ જમીન ખેડતા હતા.

આદિવાસી વિસ્તારમાં કુટુંબના વડાના નામે બધી જ જમીન નોંધાયેલ હોઇ, દરેક છોકરાના ભાગમાં આવેલ જમીનની નોંધ થતી ન હોઇ, દરેકના નામે ૫ એકર કરતા વધુ જમીન ચાલતી હોઇ તેઓને સિમાંત અને નાના ખેડૂતો ગણીને જે તે યોજનાઓનો લાભ આપી શકાતો નથી. જમીન વડાના નામે ચાલે છે જયારે વાસ્તવમાં જમીન બે ત્રણ જણા ખેડતા હોય છે. આમ જમીનનું કદતાનુ

હોવા છતાં એકના નામે ચાલવાને લીધે વધુ જમીન લાગે છે. જેથી નાના ખેડૂતો અને સિમાંત ખેડૂતના લાભો મળતા નથી.

ફુલવાડી ગામે ખેડૂતો હજુ જુની ઢબથી જ ખેતી કરતા જણાયા. સુધારેલ ખેતી પધ્ધતિ, સુધારેલ બિયારણ, રાસાયણિક ખાતર સુધારેલા ખેતીના ઓજારોનો ઉપયોગ ખાસ કોઇ કરતા નથી. એટલુ જ નહિ, પાકમાં રોગ આવે તો જંતુનાશક દવાઓનો પણ ઉપયોગ કરતા નથી. ગામમાં ડાંગરની કયારીઓ છે, અને આ ડાંગરની રોપણીનુ કાર્ય પણ, જાપાનીસ પધ્ધતિથી કરવામાં આવતુ નથી. આદિવાસી પેટા યોજના હેઠળ ખરીફ, રવી પાકો અને શાકભાજીના કીટ્સનો ઉપયોગ પણ પાંચ થી સાત વ્યકિતઓએ જ લીધાનુ જણાયુ છે.

ગામલોકો શૈક્ષણિક અને આર્થિક રીતે ખૂબ નબળાં ( પછાત) હોઇ, સુધારેલા ખેતીના ઓજારો, રાસાયણિક ખાતર, દવા વિગેરે ખરીદીને તેનો ઉપયોગ કરવા ઇચ્છે તો પણ કરી શકતા નથી. એટલુ જ નહિ, તેમને જરૂરી બિયારણ પણ તેમના ઉત્પન્નમાંથી દર વર્ષે જુદુ રાખી મૂકે છે. નહિ તો બિયારણ પણ ખરીદવાની આર્થિક શકિત ન હોવાનુ જાણવા મળયુ છે. વધુમાં, વરસોવરસ જુદા જુદા પ્રકારની તગાવી અને લોન લઇને ખેડૂતો સરકાર અને બેન્કના દેવાદાર થયા હોઇ, ખેતી વિષયક વધુ ધિરાણ મેળવવા પાત્ર પણ રહયા નથી.

સિંચાઇ માટે ગામના પાંચેક ખેડૂતોએ તેમના કૂવાઓ ઉપર ઇલેકટ્રીક મોટરનું જોડાણ આદિવાસી પેટા યોજના હેઠળ મેળવવા કાર્યવાહી કરેલ છે. અન્ય તો નદીના પાણીથી સિંચાઇ કરે છે.

પશુપાલન ધંધો કોઇ કુટુંબ કરતુ નથી. પરતુ દરેકના ઘેર ખપપૂરતા ૧-ગાય / ૧-ભેંસ અથવા એક બે બકરી - અને બે-ચાર મરઘીઓ-મરઘા હોય છે. એથી વિશેષ પશુધન કોઇ પાસે નથી. તેના કારણે ગોબર ગેસ પ્લાન્ટની યોજનાનો પણ લાભ મીશન સિવાય કોઇએ લીધો નથી. મીશનમાં પશુધન સારી સંખ્યામાં છે. ખેતી માટે બે બળદની જોડી પણ ઘણા ઓછા કુટુંબો પાસે છે. કેટલાક તો એક બળદ અને એક પાડો અથવા બે પાડાથી ખેતી કરે છે. સૂચિત દૂધ મંડળીના સભાસદોને ભેંસ લોન મંજૂર થયેલ છે. પરતુ ભેંસોની જાત સારી ન હોઇ તે ૩ લીટર થી વધુ દૂધ ન આપી શકે તેવી હોઇ,

અર્થક્ષમ નહિ થાય અને એ સંજોગોમાં તેઓએ મેળવેલ લોન પણ પૂરેપૂરી વસૂલ આપી શકશે કે કેમ તે પ્રશ્ન છે.

ગામમાં મીશન મરઘાં ઉછેરના એકમ છે. બાકી આદિવાસી કુટુંબો બે-ચાર મરઘાં/મરઘી સિવાય વધુ રાખી શકતાં નથી. એટલે મરઘાં ઉછેરનો કાર્યક્રમ તેઓની પૂરક રોજગારી માટે બહુ ઉપયોગી થતો હોય, તેમ જણાતું નથી.

માલનપાડા ડેપોની આમઘાં જંગલ કામદાર સહકારી મંડળીમાં આ ગામના ૨૦-૨૫ સભ્યો જોડાયા છે. ગામે કોઇ જંગલ મંડળી નથી.

ગામમાં ચારથી પાંચ વ્યક્તિઓ એજ માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ છે. બાકી મોટાભાગના પ્રાથમિક શિક્ષણ મેળવેલાં અગર નિરક્ષર રહયાં હોવાનું જણાયુ છે.

ગામમાં પ્રૌઢ શિક્ષણ વર્ગ ચાલતો નથી. યુકતાહાર યોજના હેઠળ ચાલતી એક બાળવાડી છે. શાળામાં પણ મધ્યાહ્ન ભોજન યોજના ચાલે છે.

ચોમાસાની ૠતુ હોઇ આ ગામના આદિવાસીઓનુ સાંસ્કૃતિક જીવન સમૂહ નૃત્ય જોઇ શકાયુ નહિ. મોજણી હેઠળના દસ કુટુંબો પૈકી કોઇની પાસે તેઓનુ વાજીંત્ર હતુ નહિ. શાળાના આદિવાસી છોકરાં-છોકરીઓ શુધ્ધ ગુજરાતી ભાષામાં પ્રાર્થના-ગીતો ગાતાં સાંભળયાં હતાં. એ ઉપરથી એવું તારવી શકાયુ કે તેઓને શિખવાતી ભાષાના ગીતો તેઓ ગાઇ શકે છે.

ફુલવાડી ગામના લોકો માટે આરોગ્યની સુવિધાઓ, ફાધર ડીસોઝા વ્દારા ચાલતા કરતા દવાખાનામાંથી મળે છે. તે ઉપરાંત, જિલ્લા પંચાયત / તાલુકા પંચાયતનું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સિદુમ્બર ગામે છે. જે ફુલવાડીથી ૧૫ કી.મી.ના અંતરે હોય, તેમ જણાયુ. જેથી આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો આ ગામના લોકો ખાસ લાભ લઇ શકતાં નથી. હજુ આજે પણ લોકો ભૂત-ભૂવાની અંધશ્રધ્ધામાં માનતા હોવાનુ સરપંચશ્રીએ જણાવ્યું. એટલુ જ નહિ પરંતુ મોટાભાગના કુટુંબો જેમાં ભણેલા સરપંચના કુટુંબનો પણ સમાવેશ થાય છે. તેઓ સ્ત્રીઓની પ્રસુતિ ગામની દાયણ પાસે

કરાવે છે. એમાં કોઇ ગભીર કેસ હોય તો જ ધરમપુર સરકારી દવાખાને લઇ જાય છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ સ્ટાફ દ્વારા મુકવામાં આવતી રસી અને આરોગ્ય ચિકિત્સા શાળાઓના બાળકો માટે કરવામાં આવે છે. મેલેરિયા નિવારણ માટે દવા છાંટવાનો કાર્યક્રમ પણ આરોગ્ય ખાતાના મેલેરિયા ખાતા દ્વારા થાય છે. તેમ છતાં મચ્છરોનુ પ્રમાણ ઘટતુ નથી. ખાસ કરીને પોતાના ઝૂપડામાં એક રૂમમાં ઢોરની ગમાણ કરતા હોઇ, તેઓના ઝૂપડામાં માખી-મચ્છરોનો ઉપદ્રવ વધુ થતો હોવાનુ જણાયુ છે. જેથી માખી-મચ્છરોથી થતા ઉપદ્રવો રોગોનુ પ્રમાણ મેલેરીયા, કોલેરા, તેમજ પીવાના પાણી યોગ્ય રીતે જંતુનાશક દવાથી જંતુરહિત ન કરાતા હોઇ તથા સારી રીતે ગાળીને પીવામાં ઉપયોગમાં ન લેવાય - જરૂરી સ્વચ્છતા ન જળવાતા - પાણી અને ખોરાક દ્વારા થતા ચેપી રોગો - ટી.બી., કેન્સર, રક્તપિત્ત, ટાઇફોઇડ, ઓરી તથા ચામડીના રોગો અને જાતિય જીવનની લગ્ન પહેલાની છૂટછાટને કારણે અને જરૂરી પોષણ તત્વોના અભાવવાળો ખોરાક અથવા અપૂરતો ખોરાક લેવાના કારણે શારીરિક નબળાઇ તથા ગુપ્ત-રોગોનુ પ્રમાણ વિશેષ હોવાનુ જણાય છે. પોષક આહાર કાર્યક્રમ ચાલતો હોવાનુ જણાયુ નથી.

આ ગામમાંથી રોજગારી મેળવવા, નજીકના પારડી તાલુકાના વાપી ગામે, ઘાસ કાપવાની મજૂરી તથા અન્ય મજૂરી અર્થે કેટલાક કુટુંબો વરસના ત્રણ-ચાર માસ માટે બહાર જતા હોવાનુ જાણવા મળયુ છે. એમાંથી દરરોજના રૂ.૩/- થી ૫/- ની મજૂરી તેઓને મળે છે. આ સિવાયનો તેઓ ગામમાં જ ખેતમજૂરી મેળવીને જીવન નિર્વાહ ચલાવે છે. લોકો રોજગારી માટે સ્થળાંતર કરવાનુ પસંદ કરતા નથી.

ગામમાં પુરૂષો અને સ્ત્રીઓને રૂ.૩/- થી ૫/- ના દરે બાળકોને રૂ.૨-૫૦ જેવો ખેતમજૂરીનો દર પ્રાપ્ત થાય છે. લઘુત્તમ વેતન ધારાનો અમલ ચૂસ્તપણે થતો નથી તેમ જણાયુ.

સામાન્ય રીતે ગામમાં કોકણી-ઢોડીયા લોકો મોટા ભાગે ખેતી કરે છે અને તેઓ પ્રમાણમાં સુખી છે. પરતુ કોલચા, નાયકા લોકો મુખ્યત્વે ખેતમજૂરી કરતા હોઇ, તેઓની આર્થિક

સ્થિતિ નબળી રહે છે. કોલચા લોકો પ્રીમીટીવ ગ્રુપમાં ગણાતા હોવા છતાં, પ્રીમીટીવ ગ્રુપને મળતા લાભો આ ગામના કુટુંબોને પૂરેપૂરા ખાસ મળતા હોય તેવું જણાતું નથી. આ અંગે આદિવાસી વિસ્તાર પેટા યોજના વલસાડ દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરાય તો તેઓને યોજનાનો લાભ મળી શકે.

ગામના સરપંચશ્રી, પોલીસ પટેલ, ગ્રામ આગેવાનો તથા શાળાના શિક્ષકોને આદિવાસી પેટા યોજનાઓથી શિક્ષણ, ખેતી, સહકાર, પશુપાલન વિગેરે ક્ષેત્રે મળતા વિવિધ યોજનાઓના લાભ વિષે જરૂરી સમજ આપી. અને તે મજુબ જે તે યોજનાઓનો લાભ મેળવવા, તાલુકા પંચાયત ધરમપુરનો સંપર્ક સાધવા જણાવ્યું.

ત્યારબાદ ગામની સામાન્ય માહિતી દર્શાવતા પત્રકની જે માહિતી તલાટીના રેકર્ડમાંથી અને સેન્સસ બુકમાંથી મેળવવા યોગ્ય હોઇ, તલાટી માંકડબંધ ફુલવાડી જે ધરમપુરમાં જ રહે છે, તેમને બોલાવ્યા. પરંતુ સરપંચશ્રી અને ગામ આગેવાનોએ જણાવ્યું કે, આ તલાટી હવે નિવૃત્તિના આરે આવેલ હોઇ, ગામે ભાગ્યે જ આવે છે. જેથી તલાટીની જ્યારે પણ જરૂરત પડે તેમ હોય ત્યારે તેમને માટે ધરમપુર જ જવું પડે છે. એટલે ગામ પત્રકની માહિતી મેળવવા અમે શક્ય તેટલી માહિતી ગામેથી મેળવી; પરંતુ અન્ય બાકીની માહિતી વસતિ ગણતરી પુસ્તિકા અને તલાટીના રેકર્ડ ઉપરથી જ લઇ શકાય તેવી હોઇ; અમારે અન્ય કોઇ વિકલ્પ ન હોઇ, ધરમપુર ગયા વિના છૂટકો ન હતો. વધુમાં સરપંચશ્રીના જણાવ્યા પ્રમાણે જ્યારે આ પ્રમાણે સતત વરસાદ પડે છે ત્યારે, ગામની નદીમાં પાણીનું પૂર આવે છે અને તેના પાણી ફુલવાડી ધરમપુર રસ્તા ઉપર આવેલ કોઝ-વે ઉપરથી વહેવા માંડે છે. તે સંજોગોમાં આ રસ્તાનો વ્યવહાર બંધ થઇ જાય છે. અને આજે પણ એવી શક્યતા છે. જેથી ધરમપુર જવાનું જ સલાહ ભર્યું લાગવાથી, અમો સાંજે ૫-૦૦ ની બસમાં ધરમપુર ગયા અને તલાટીની શોધ કરી. પરંતુ તે દિવસે તલાટી મળયા નહિ. તા.૭-૮-૮૦ ના રોજ ફુલવાડીના તલાટીનો મહા પ્રયત્ને મેળાપ થયો. અને તેમને ગામપત્રકની જરૂરી માહિતી આપવા જણાવતા તેઓએ જણાવ્યું કે, હું જરૂરી રેકર્ડ અને સેન્સસ બુક લઇને આવું છું. પરંતુ આખો દિવસ રાહ જોયા છતાં તેઓના જરૂરી

રેકર્ડ સાથે ફરી દર્શન થયા નહિ. જેથી તલાટી પાસેથી લેવાની હકીકત મેળવી શકાઇ નહિ. અને અમારે ગામેથી મળેલ માહિતીથી સંતોષ માનવો પડયો.

XXXXXXXXXXX
XXXXXXXXX
XXXXXXX
XXXXX
XXX
X

## ધરમપુર તાલુકાનાં વિકાસ - કાર્યક્રમ વિષયક કાર્યગોષ્ઠી

(૧૧,૧૨ જાન્યુ.૧૯૮૧)

સીદુમ્બર - ધરમપુરનું એક ગામ    પૂર્વવર્તી સાહિત્ય

અમોને સિદમ્બુર ગામની મોજણીનું કાર્ય સોંપવામાં આવ્યું હતું. સિદમ્બુર ગામ જે ધરમપુરથી લગભગ ૯ કિ.મી.ને અંતરે આવેલુ છે. ત્યાં આવ્યા બાદ ત્યાંના આદિવાસીઓ સાથે તેઓની રહેણીકરણી તથા તેઓની ભાષા વગેરે તથા તેઓના સામાજિક જીવન વિષે થોડી ઘણી ચર્ચા કરી અને માહિતી મેળવી.

### સામાન્ય માહિતી

આ ગામ ધરમપુર ગામથી લગભગ ૯ કિ.મી. ના અંતરે આવેલુ છે. ગામથી એકાદ કિ.મી. પછી સુંદર જંગલ શરૂ થાય છે. આ ગામમાં પાંચ ફળિયા છે. (૧) પટેલ ફળિયુ (૨) નાયક ફળિયુ (૩) દવાખાના ફળિયુ (૪) ભટાળી અને (૫) ખોટીપાડા ભટાળી ખોટીપાડા વિભાગ નદી ને લીધે જૂદો પડે છે. આ બે વિભાગ વચ્ચે એક પ્રાથમિક શાળા છે. ૧ થી ૪ ધોરણ સુધીની શાળા છે. અંહી લગભગ ૧૨૨૪ માણસોની વસ્તી છે. પ્રદેશ ટેકરાળ છે. ધરમપુર આવવા જવા માટે અત્રેથી સારો રસ્તો છે. ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પણ આવેલુ છે. આ પ્રાથમિક આરોગ્ય સેન્ટરમાં બે મેડીકલ ઓફિસરની જગ્યાઓ છે. આયુર્વેદ મેડીકલ ઓફિસરની પણ એક જગ્યા છે. આ કેન્દ્ર ગામમાં જ આવેલુ હોઇ ખૂબજ ઉપયોગી થઇ ગયુ છે. ગામના લોકો સારા પ્રમાણમાં અત્રેથી મદદ લે છે.

અત્રે બ્રિટિશ રાજ્યના વખતમાં આ આદિવાસીઓ ઉપર ઘણો જ ત્રાસ ગુજારવામાં આવતો હતો. તેઓને વેતરું કરાવવામાં આવતુ. તેઓની બહેન દીકરીઓની આબરૂ લેવાના પણ પ્રયાસો થતાં.

ગામમાં આવેલાં પાંચે ફળિયાઓ ખૂબજ દૂર દૂર આવેલાં છે. આમાંના ઉપર જણાવેલ બે ફળિયાઓ જેમનાં નામ ભટાળી તથા ખોરીપાડા છે. તે વરસાદ પડતાં અને નદીમાં પૂર આવતાં ગામ સાથેનો તેઓનો સંપર્ક તૂટી જાય છે. આથી જ્યારે પણ દુકાનેથી વસ્તુ ખરીદવાની જરૂર પડે ત્યારે તેઓને તરીને આપાર આવવાની ફરજ પડે છે. ગામની અંદર જ બસ સ્ટોપ આવેલુ છે. આથી ગામના

લોકો ધરમપુર અવરજવર કરી શકે છે. ધરમપુર જવા આવવા માટે બસોની સારી સગવડ છે.

ગામમાં ત્રણ ગ્રામ પંચાયત છે. બાજુમાં લગભગ છ કિ.મી.ને અંતરે આવેલ આવધાગામ તથા સિદુમ્બર વચ્ચે એકજ ગ્રામ પંચાયત છે. આ ગામની પણ અલગ ગ્રામ પંચાયતની માંગણી છે અને આજ માગણીના સંદર્ભમાં અત્રેથી એક પણ વ્યકિત પંચાયતનો સભ્ય નથી.

ગામમાં બે કૂવા છે. કૂવા માટે સબસીડી મળેલ છે. પોષક આહાર કેન્દ્રો અત્રે ચાલે છે. ગામ વચ્ચે વહેતી નદીને કારણે છોકરાઓની હાજરી થોડી નબળી હતી. ચર્ચા કરતા માલૂમ પડેલ કે ૧૦૦ ટકા હાજરી થાય છે. ઘણા કિસ્સામાં વધારાના પણ હાજરી આપે છે. કેન્દ્ર ચાલુ થયે આઠ માસ થયા છે. કેન્દ્ર ચલાવનાર લીલાબેન આઠ ધોરણ પાસ આજ ગામના વતની આદિવાસી બહેન છે. ઉપર જણાવ્યા પ્રમાણે બે વિભાગમાં અને જુદી પ્રાથમિક શાળા એક થી ચાર ધોરણ સુધીની છે. ધોરણ ૪ પાસ થઇ ગયેલ વિદ્યાર્થીઓ પાંચમા ધોરણમાં ભણવા માટે સિદુમ્બર આવે છે. આ નદીને પેલી બાજુના ફળિયામાં મુખ્યત્વે વસ્તી વારલી લોકોની તથા કોકણા લોકોની છે. તરવા માટે માટલાનો ઉપયોગ કરે છે. માટલામાં તેઓ પોતાના કાંઠા ઉપર ઉતારેલા કપડા રાખી દે છે અને તે લઇને નદીમાં પડે છે. અને તરીને બીજે કાંઠે ઉતરે છે.

ગામમાં મોટાભાગના ઘરો, સિવાય કે ગામના વેપારીઓના અને એક મુસ્લિમ જમીનદારના ઘરો, માટીના બનેલા છે. આ માટે વાંસનો ઉપયોગ પણ થાય છે. દિવાલોમાં પણ વાંસનો ઉપયોગ કરવામાં આવે છે. વાંસની દિવાલ ઉપર છાણ અને માટી લીપી નાખવામાં આવે છે. મોટેભાગે છાપરું ઘાસથી બીછાવેલું હોય છે. પરંતુ સરકારે બાંધી આપેલ ઘરો-ઝૂપડામાં તથા અત્રેના જરા સારી સ્થિતિ ધરાવતા ફળિયા પટેલોના મકાનોમાં નળિયાનો ઉપયોગ થયેલ જોવામાં આવે છે.

મોટેભાગે દરેક ઘરોમાં કોઇ જ પ્રકારનુ ફર્નિચર જોવામાં આવતુ નથી. અત્રેના ધોડિયા પટેલોની સ્થિતિ બીજા કરતા સહેજ સારી હોવાને કારણે તેઓના ઘરમાં ખાટલા-કાથીથી ભરેલા તથા એકાદ ટેબલ તથા એકાદ કબાટ જોવા મળેલ. તેમાંથી એકાદને ઘરે એક બે સ્ટૂલ પણ છે.

ઘરની અંદર વાંસણો પણ ખૂબજ સીમિત છે. આખા ગામમાં દરેક ઘરોમાં મોટેભાગે થોડાં ઘણાં એલ્યુમિનિયમનાં વાસણો હોય છે. મોટાભાગનાં ઘરોમાં સ્ટીલનાં વાંસણો તથા પિત્તળનાં વાંસણોનો લગભગ અભાવ જણાય છે. આ તેઓની અત્યંત ગરીબાઈ સૂચવે છે. અત્રેનાં સૌથી સારી સ્થિતિ ધરાવતાં ધોડિયા પટેલોનો દાખલો લતો તેઓનાં ઘરે ત્રણથી ચાર સ્ટીલનાં વાંસણો તથા ત્રણથી ચાર પિત્તળનાં વાંસણોનો સમાવેશ થાય છે. બીજા આદિવાસીઓનો જે સર્વે કરવામાં આવ્યો તેમાં મોટાભાગનાં પાસે ખૂબજ સીમિત કહી શકાય તેટલાં વાસણો છે. દરેકને ઘરે વાંસની કોઈને કોઈ વસ્તુઓ જોવા મળે છે. અત્રેનાં આદિવાસીઓ વાંસની ટોપલીઓ ગૃહઉદ્યોગ રૂપે બનાવતા હોય તેમ જણાતું નથી. તેનું કારણ તેઓને ઉપલબ્ધ જંગલમાં વાંસનું પ્રમાણ ઓછું છે તે હોઈ શકે. તેમ છતાંય તેઓનાં ઘરે તેઓનાં વપરાશ માટે તેઓએ વાંસની ટોપલાં ટોપલીઓ રાખેલ છે. રોટલાં બનાવીને ટોપલીઓમાં મૂકવામાં આવે છે. ગામનાં થોડાં ઘણાં સારાં ખેડૂતો જેઓ થોડું ઘણું અનાજ પકાવી લે છે તેઓ અનાજ રાખવાં માટે મોટી વાંસની તથા ઉપર છાણ તથા માટીથી લીંપેલ કોઠીઓનો ઉપયોગ કરે છે. આ કોઠીઓ ઘણી મોટી હોય છે. ઘરમાં તેઓનાં વપરાશ માટે મોટી વાંસની સાદડીઓ હોય છે. જ્યાં ઘરોમાં સૂવા માટે ગાદલાં પાથરવાં હોતા નથી ત્યાં આવી સાદડીઓનો ઉપયોગ જમીન પર પાથરીને સૂવા માટે થાય છે.

ગામમાં ખેતી માટેનાં સાધનોનો બિલકૂલ અભાવ જણાય છે. હળ સિવાય ફક્ત સામાન્ય દાતરડાં અને કોદાળી અને વધુમાં વધુ ટિકમ જેવાં જ સાધનોનો ઉપયોગ થાય છે. સમાર વગેરે સાધનો લગભગ કોઈની પાસે જ નથી.

ઘરેણાં સારામાં સારા કુટુંબ પાસે એકાદ બે ચાંદીનાં જ છે. સોનાનાં દાગીના કોઈની પાસે નથી. કલાઈનાં પણ નથી.

ગામમાં એકાદ સાયકલ છે. એકાદ રેડિયો છે.

ગામમાં મોટાભાગની પ્રજા ખૂબ ખૂબ ગરીબ હોવાથી તેઓની પાસે ઉપર જણાવ્યુ તેમ સરકારે બાંધી આપેલ ઘર તથા ત્રણ ચાર એલ્યુમિનિયમનાં તથા માટીનાં વાસણો અને વાંસની

વસ્તુઓ સિવાય બીજી કોઇ મિલ્કત નથી.

ગામમાં જૂની પધ્ધતિથી ખેતી થાય છે. નાગલીમાં જાપાનીઝ પધ્ધતિથી રોપાણ થાય છે. ડાંગરમાં સુધરેલી જાતોમાં ૧૧૭-૧-૪ વિ.નો ઉપયોગ થોડા ખેડૂતોમાં જોવા મળયાં. લગભગ બધાંજ ખેડૂતો ડાંગર રોપે છે. સિંચાઇનું પ્રમાણ નહિવત છે. સિંચાઇ કૂવાથી અને અન્ય સાધનો મારફતે થાય છે. નજીકમાં ડેમ બાંધવાનું નકકી થયેલ છે. દિવાળી ઉપર કામનો આરંભ થશે તેમ કહે છે. આ ડેમથી સિદુમ્બર ગામનો ઘણો મોટો ભાગ ડૂબાણમાં જાય છે. વળી અત્રેથી એકાદ કિ.મી. દૂર આવેલ કે.કે.પ્લાન્ટેશન પણ ડૂબાણમાં જાય છે.

રોકડીયા પાકમાં શેરડી તથા મગફળી જ છે. ખાતરનો ઉપયોગ ખૂબ જ ઓછા પ્રમાણમાં થાય છે. ખાતર કયાં અને કયારે નાખવું તેની લોકોને સમજ પડતી નથી. દા.ત. ચાલુ વરસાદમાં અને ભરેલી ડાંગરની કયારીમાં યુરિયા ખાતર આપવામાં આવી ચુકયું હતું જે અયોગ્ય છે. પ્રમાણ પણ ૧/૪ ભાગ કરતાં ઓછું માલૂમ પડેલ છે. આમ સરકાર દ્વારા જાહેર થયા પ્રમાણેનું અન્ન ઉત્પાદન થતું નથી અને આથી લોકોની ખાતર અંગેની શ્રધ્ધા ભાંગી જાય છે. ખેતી વિકાસમાં ધિરાણનો પ્રશ્ન રહે છે. લગભગ ૧૦૦ ટકા સભાસદ ખેડૂતો મુદત વીતી બાકીદાર માલૂમ પડેલ છે. આને કારણે ફરીથી ધિરાણ લઇ શકતાં નથી. આમ ખેડૂતો એજ દેશી બિયારણનો ઉપયોગ કરે છે. જે ખેડૂતો કીટસ વાપરે છે તેમાં ફેરફાર માલૂમ પડેલ છે અને ખેડૂતોને નવાં બિયારણ અંગે પણ સંતોષ છે. ગામમાં કૂવા અધૂરાં છે.

ખેતરોમાં જંતુનાશક દવાઓનો સહેજ પણ ઉપયોગ થતો નથી. પાક પાકી જતાં ઘણીવખત ચોરીનો ભય રહે છે. ગામમાં જે ખૂબજ ગરીબ કુટુંબો છે તેઓ ઘણી વખત ખાવા પૂરતા અનાજને વાઢી જવાનાં બનાવો બને છે.

ગામમાં થોડાં ઘણાંને મરઘાં છે પરંતુ મરઘાં ઉછેરનો વ્યવસાયી દૃષ્ટિએ અભાવ છે. ઘરમાં વાપરવા પૂરતાં મરઘાનો ઉછેર થાય છે.

ગામમાં ઢોર છે. ખેતીમાં પાડાનો પણ ઉપયોગ થાય છે. આગળ જણાવ્યુ તેમ ઘણી વખત રોગથી ઢોર મરવાના પણ બનાવો બને છે. દૂધનો ઉપયોગ નહિવત છે. દૂધ આપતા ઢોરની સંખ્યા ખૂબજ ઓછી છે.

ખેતી સિવાય તેઓનો મુખ્ય ઉદ્યોગ મજૂરી છે. ખેતીની મજૂરી કરે છે. મજૂરી રૂા.૩/- રોજ મળે છે. ભાદરવા મહિનામાં મજૂરી મેળવવી પણ મુશ્કેલ હોવાથી ગામના ઘણા ખરા કુટુંબો કે જે મજૂરી ઉપર નભે છે તેઓને ખાવાની ખૂબજ મુશ્કેલી પડે છે. ઘણી વખત આખો દિવસ ભૂખ્યા રહેવુ પડે તેવી સ્થિતિ સર્જાય છે. ભાદરવા મહિનામાં આ કુટુંબોની સ્થિતિ ખૂબજ કફોડી હોય છે.

જંગલ ઉપર નભતા એવા ધંધાઓ ઓછા છે. આ વિસ્તારમાં જંગલ ઉપર નભે તેવા કોઇ ઉદ્યોગ ચાલુ કરીને કંઇક અંશે આ લોકોની રોજીનો પ્રશ્ન હળવો કરી શકાય. તેઓ શિકાર કરતા નથી, માછલી પણ ફકત ખાવા પૂરતી મારી લાવે છે. જંગલમાંથી જંગલની પેદાશોનો વ્યવસાયી દૃષ્ટિએ ઉપયોગ કરવામાં આવતો નથી.

આ લોકો જંગલમાંથી બળતણ માટે લાકડાં લાવે છે. સૂકેલાં લાકડાંનો આમ ઉપયોગ કરવાથી તેઓનો બળતણનો પ્રશ્ન હલ થઇ જાય છે.

તેઓના ઢોરને જંગલના પ્રાણીઓ અસર પહોંચાડે છે. ઘણી વખત દીપડો ઢોરને મારી નાખે છે. રીઝર્વ ફોરેસ્ટની અંદર ઢોરને મારી નાખે તો તેઓને તેનુ કોઇજ વળતર મળતું નથી. અત્યાર સુધીમાં કોઇએ વળતર માટે પ્રયાસ કર્યો હોય તેવુ જાણવા મળતું નથી.

સમાજ વ્યવસ્થા તથા લગ્ન પ્રસંગો :

દરેક ફળિયામાં મુખ્યત્વે એકજ જાતિના આદિવાસીઓ રહેતા જોવામાં આવેલ છે. એકજ જાતિના આદિવાસીઓમાં જ લગ્ન કરવામાં આવે છે. લગ્ન પાછળનો તેઓનો ખર્ચો નોંધપાત્ર હોય છે. સામાન્ય રીતે એકાદ લગ્ન પાછળ ઓછામાં ઓછો રૂા.૧૦૦૦/- સુધીનો ખર્ચો સામાન્યત: થઇ જાય છે. ઘણી વખત આ ખર્ચો રૂા.૩૦૦૦/- સુધી પહોંચી જાય છે. આ પૈસા મોટેભાગે વેપારી, પાડોશી તથા સગાસંબંધીઓ પાસેથી સહાય માગીને

લાવવામાં આવે છે. સગાસબંધીઓ પાસેથી લીધેલા પૈસા તેઓના પ્રસંગોએ આજ પ્રમાણે મદદ કરીને વાળી દેવાનો રિવાજ છે. વેપારી પાસેથી લીધેલા પૈસા મોટેભાગે મજૂરી કરીને વાળી દેવામાં આવે છે. લગ્ન એ એક તેઓને માટે ખૂબજ આનંદનો પ્રસંગ છે. છોકરીનો બાપ દહેજ લે છે. રૂા.૧૨૫/- જેટલું દહેજ છોકરાનો બાપ આપે છે.

સૌથી પહેલાં છોકરો તથા ભાઇબંધો છોકરીને ઘરે જાય છે. છોકરી અંગેની માહિતી મિત્રો કે સગાંવ્હાલાં કે ગામના લોકો પાસેથી મળી રહે છે. છોકરીને છોકરો જુએ અને ગમે તો ઘરે આવીને માં-બાપને વાત કરે ત્યારબાદ માં-બાપ છ-સાત મિત્રો સાથે છોકરીને ઘરે ચાંલ્લો કરવા જાય છે. ચાંલ્લાની વિધિમાં નાળિયેર, ચોળીનું કાપડ અને ફૂલહાર હોય છે. અને હાથમાં ૧। રૂપિયો આપી ચાંલ્લો કરે છે. લગ્ન નક્કી થઇ ગયા બાદ તેજ દિવસે પરત આવે છે અને તે જ દિવસે નક્કી કરવામાં આવે છે કે ક્યારે છોકરીના માં-બાપ છોકરીને ઘરે આવવાનો છે.

નક્કી થયેલ દિવસે છોકરીના માબાપ અને ભાઇબંધો છોકરાને ઘરે આવે છે. છોકરાને જુએ છે, ઘર જુએ છે. જમીન અંગે પૂછપરછ કરે છે. અનાજની સ્થિતિ અંગે પૂછે છે અને સંતોષકારક સ્થિતિ હોય તો જ લગ્ન માટે દહેજ માટે નક્કી કરે છે. રૂા.૧૫૦/- સુધી દહેજ લેવાય છે. જમાડાય છે અને તેજ દિવસે દહેજ આપવાની તારીખ નક્કી કરે છે. અને પાછાં વળે છે.

નક્કી કરેલ દિવસે દહેજ આપવા માબાપ અને સગાંવહાલાં ૨૫ જેટલાં છોકરીને ઘરે જાય છે. તે દિવસે દહેજ સાથે નાળિયેર ચોળીનું કાપડ અને ફૂલહાર વિધિ કરે છે. ત્યારબાદ ઘરેણામાં શું શું આપવાના છે તે છોકરીનો બાપ પૂછે છે. છોકરાએ ઘરેણાં આપવાનાં હોય છે. જમીને પરત આપે છે.

અઠવાડિયાથી મહિના બાદ લગ્ન લેવાય છે. જે દિવસે લગ્ન નક્કી થાય તેનાં કરતાં ત્રણ ચાર દિવસો પહેલાં છોકરી અને છોકરાને પીઠી ચઢાવે છે. લગ્નના દિવસે બન્ને નાહીલે છે. અમુક વિધિ કરીને છોકરો પરણવા જાય છે. સાથે જાનમાં સો જેટલાં માણસો પણ હોય છે. છોકરીના માબાપ જાનને ઉભટો આપે છે. બળદગાડામાં જાન લઇ જવાનો રિવાજ છે. વર પણ

ગાડામાં જ જાય છે. સવારમાં જાન જાય અને બપોરના ત્રણ સુધીમાં લગ્ન પતી રહે છે. ત્યારબાદ સ્થિતિ જો સારી હોય તો જમાડે છે અગર તો ચા આપે છે. સાંજે વહુ સાથે વર ઘરે આવે છે. અને જો ત્યાં જમણાં ન હોય તો વરનો બાપ જાનને જમાડે છે. વહુની સાથે ત્રણેક બહેનપણીઓ અણવર તરીકે આવે છે. વહુ એક બે દિવસ રહયા બાદ તેના માબાપ કે ભાઇ સાથે ૨૦ થી ૨૫ માણસો તેડવા આવે છે. જમાડાય છે. સાંજે જતા હોઇ પાંચ સાત દિવસ બાદ છોકરાંના ભાઇ કે બહેન છોકરીને ફરી તેડવા આવે છે. સાથે આ વખતે પણ એક સહેલી આવે છે. લગ્નના એક વરસ સુધી મોટા પ્રસંગો જેવા કે હોળી તથા દિવાળી વખતે છોકરીને તેના માબાપ એકાદ માસ માટે લઇ જાય છે.

કુણબીઓમાં પણ લગ્નમાં રિવાજ છે. પરંતુ રાત્રિના લગ્ન થાય છે. દહેજ ૧૧૦ જેટલું હોય છે. વાજીત્રો જેવા કે ઢોલડું, પીપુડી વગેરે વગાડવામાં આવે છે. દારૂનો ઉપયોગ મોટા પ્રમાણમાં થાય છે. અહીં છોકરી છોકરાને ઘરે જઇને લગ્ન કરે છે. છોકરીની સાથે ફકત ત્રણ ચાર બહેનપણીઓ જાય છે.

વારલીમાં દહેજમાં અનાજ અને રોકડા રૂા.૨૫/- જેટલા અપાય છે. છોકરી છોકરાને ઘરે જાય એક વર્ષ ત્યાં રહે અને ત્યાર બાદ બન્નેના લગ્ન થાય. દારૂ ખૂબ પીવાય છે. નાચગાન થાય છે. કોલચામાં પણ છોકરી જાય છે. આખી રાત નાચે છે. દારૂ ખૂબ પીવે છે.૧૦૦૦ જેટલાં માણસો ભેગાં થાય છે. દહેજ માં અનાજ આપે છે. છોકરીનાં સગાંવહાલાંને અનાજ ખવડાવવામાં આવે છે.

અત્રેનાં આદિવાસીઓમાં નાચગાન, ડાંગ જીલ્લાનાં આદિવાસીઓ જેટલાં થતાં નથી.

લગ્ન થઇ ગયાં પછી પણ જો કોઇ વખત કોઇ કારણસર પતિ-પત્ની છૂટાં પડે તો તેઓ ફરીથી અલગ-અલગ બીજી જગ્યાએ પરણી શકે છે. આમ ઘણીવાર લગ્ન કરવાનાં બનાવો પણ બનતા હોય છે.

## પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર :-

ગામના લોકો લાભ લે છે પરંતુ દોરાધાગામાં પણ આંધળો વિશ્વાસ રાખે છે. વાર્ષિક લગભગ ૫૦૦૦ જેટલા લોકો દવાખાનાનો લાભ લે છે. વધુમાં વધુ કેસ ચોમાસામાં આવે છે. લોકોમાં મુખ્ય રોગોમાં ખસ, દાદર અને ખૂજલી છે. ગામના લોકો કૂવાનું પાણી પીએ છે. આવા ૧૨ કૂવાઓ છે. પ્રસુતિ માટે દવાખાનામાં કોઇ સગવડ નથી તેથી સ્થાનિક દાયણો જ સુવાવડ કરાવે છે. દવાખાના મારફતે ૩૦૦૦ જેટલા બાળકોને બીસીજીની રસી મૂકાવેલ છે. ક્ષયનું પ્રમાણ ઓછુ છે. આખા ગામમાં ફક્ત ૩ માણસોને ક્ષય છે. રક્તપિત્ત ના ૭૬ દર્દીઓ છે. આખા સેન્ટરમાં ૧૧ લોકો ક્ષયથી અને ૧૨૮ લોકો રક્તપિત્તથી પિડાય છે. ગુપ્ત રોગોનું પ્રમાણ જાણી શકાયેલ નથી. આવા રોગોની ચકાસણી કરાવવા માટે લોકો આવતા નથી. ગામમાં ૨-૨-૮૦ થી પોષક આહાર કેન્દ્ર ચાલે છે. તેમાં ૧૦૮ બાળકો લાભ લઇ રહ્યા છે. અગાઉ જણાવ્યા પ્રમાણે પ્રસુતાઓ નામ લખાવવા રાજી હોતી નથી. જેથી તેઓ પોષક આહાર કેન્દ્રથી વંચિત રહી જાય છે.

## શાળા :-

શાળાનો લાભ લગભગ ૧૨૯ બાળકો લઇ રહ્યા છે. ફક્ત પાંચ વિદ્યાર્થીઓ આદિવાસી છે. જ્યારે ૧૩૩ જેટલા વિદ્યાર્થીઓ કે જેમાં ૯૦ વિદ્યાર્થીઓ અને ૪૩ વિદ્યાર્થીઓ આદિવાસી માલૂમ પડેલ છે. શાળાની શરૂઆત ૨૯-૯-૫૩ થી કરવામાં આવેલ છે. હાલ વિદ્યાર્થીઓની સંખ્યા નીચે પ્રમાણે છે :

| ધોરણ | આદિવાસી | | બિનઆદિવાસી | |
|---|---|---|---|---|
| | છોકરા | છોકરીઓ | છોકરા | છોકરીઓ |
| ૧ | ૨૭ | ૧૦ | - | - |
| ૨ | ૧૨ | ૭ | ૨ | - |
| ૩ | ૧૩ | ૮ | - | - |
| ૪ | ૧૨ | ૭ | ૧ | - |
| ૫ | ૧૧ | ૪ | - | ૧ |
| ૬ | ૮ | ૪ | - | - |
| ૭ | ૭ | ૩ | ૧ | - |
| | ૯૦ | ૪૩ | ૪ | ૧ |

હાજર સંખ્યા તા.૭-૭-૮૦ ના રોજ આ પ્રમાણે છે :-

| ધોરણ | રજીસ્ટર સંખ્યા | હાજર સંખ્યા |
|---|---|---|
| ૧ | ૩૭ | ૨૮ |
| ૨ | ૨૧ | ૧૪ |
| ૩ | ૨૧ | ૧૭ |
| ૪ | ૨૪ | ૧૮ |
| ૫ | ૧૬ | ૯ |
| ૬ | ૧૨ | ૮ |
| ૭ | ૧૧ | ૬ |
| | ૧૪૨ | ૧૦૦ |

ભારે વરસાદ છતાં વિદ્યાથીઓની સંખ્યા સંતોષકારક માલૂમ પડે છે. આજ ગામમાં ભટાવી ફળિયામાં બીજી ૧ થી ૪ ધોરણની શાળા છે. જેની મુલાકાત નહી હોવાથી લઇ શકાયેલ નથી.

બગાડ અને સ્થગિતતાની ચકાસણી કરતાં ૧૯૭૬નાં વર્ષમાં કુલ ૧૪ વિદ્યાર્થીઓ દાખલ થયાં પૈકી ૧૯૮૦ ની સાલમાં ફકત એકજ વિદ્યાર્થી કે જે બિન આદિવાસી છે. તે હાલમાં અભ્યાસ કરી રહયો છે. આથી આદિવાસીમાં દાખલ થયેલ પૈકી હાલમાં અભ્યાસ છોડી દીધો છે. ગામમાં કુલ ત્રણ વિદ્યાર્થી એસ.એસ.સી. પાસ થયાં છે. તેમાંથી એક કોલેજમાં ભણે છે. એક પી.ટી.સી. કરીને નોકરી વિના એક નોકરી ન મળવાને કારણે ઘરે છે. આ વિદ્યાર્થીનાં ૪૮ ટકા માર્કસ છે. ફોરેસ્ટરમાં છાતી ઓછી હોવાને કારણે નાપાસ થયેલ છે. આવા લોકોને ખાસ કેસ તરીકે લેવાવા જોઇએ. તેઓ આદિવાસી હોવાને કારણે તથા સખત કામથી ટેવાયેલાં હોઇ બિનઆદિવાસીઓ કરતાં કાર્યશકિતની દ્રષ્ટિએ જરાપણ ઓછાં ઉતરે નહી તેમ અમારું માનવું છે. આમ ગામમાં ભણેલાં છોકરાઓને પણ નોકરી નહી મળવાથી તેઓની શિક્ષણ પાછળની શ્રધ્ધા ડગી જાય છે. ગામમાં ચર્ચા કરતાં માલૂમ પડેલ છે કે આ લોકોમાં શિક્ષણ પરત્વે સાચી સમજણ પ્રવર્તતી નથી.

શિક્ષણના મહત્વ વિષે તેઓ પૂરેપૂરા અજ્ઞાત છે. આવા ત્રણથી ચાર શિક્ષિત બેકારોના દાખલા ઉપરથી પોતાના સંતાનોનું ભાવિ ... પડે છે.

આમ જોતા કોઇ નાસ્તિક માણસને આપણે ભગવાનનું પૂજન કરવા વિષે જેટલો આસ્તિક બનાવવો હોય તો તેના બે પગથિયા અનુસરવા પડે. પ્રથમ એકે તેઓને ભગવાનમાં માનતા કરવા અને ત્યાર બાદ તેઓને મંદિર તરફ વાળવા. આમ વચ્ચેનું પગથિયુ તેઓને ભગવાનમાં માનતા કરવાને ખૂબજ અગત્યનું છે. તેઓને ભગવાનમાં માનતા કરીએ તો જ તેઓને ભગવાનની પૂજા કરતા કરવામાં સફળતા મળે. જે માણસ ભગવાનમાં માનતો નથી તે કોઇ દિવસ ભગવાનની પૂજા કરવાનો નથી. આથી પ્રથમ પગથિયુ તેને ભગવાનમાં માનતો કરવાનુ છે.

તેવુ જ કંઇક શિક્ષણની બાબતમાં છે. આ લોકો હજુ પણ શિક્ષણની બાબતમાં અશ્રધ્ધાળુ છે. માનતા જ નથી અને આપણી સરકાર વિદ્યામંદિરો-શાળાઓ ઠેર ઠેર ઉભી કરે છે. જેમ નાસ્તિક માણસો આગળ મંદિરો ઉભા કરી દેવાથી કોઇ ફાયદો થતો નથી તેવી જ રીતે આવી યોજનાઓનો જ્યા સુધી પેલુ પહેલુ પગથિયુ - તેઓને શિક્ષણમાં માનતા કરવાનુ આપણે અનુસરીએ નહી ત્યાં સુધી કોઇ લાભ થવાનો નથી. આમ આપણી યોજનાઓમાં આપણે એક પગથિયુ ચૂકી રહયા છીએ તેવુ લાગી રહયુ છે. આ બાબતે ખૂબજ ધ્યાન આપવાની જરૂર છે. ગ્રામ સેવકોને ખેતીવાડીના વિષયને પ્રાધાન્ય આપે છે. તેમને લોકોને ઘરે ઘરે ફરીને શિક્ષણનુ મહત્વ સમજાવવાના તથા શિક્ષણમાં માનતા કરવાના કામને પ્રાધાન્ય આપવાનુ કહેવુ જોઇએ.

ગામમાં બાલવાડી, પ્રૌઢ શિક્ષણ વર્ગો કે આશ્રમશાળા

નથી.

ગામમાં જંગલ સહકારી મંડળીની નજીકની મંડળીમાં સભ્ય છે. કુલ ગામના ૧૨૦ સભ્યો છે. તેઓને રોજી પૂરી પાડવામાં આવે છે. સીઝનમાં ૪૦ ટકા રાહતમાં લાકડા પણ પૂરા પાડવામાં આવે છે. મંડળી લાકડા તથા કોલસા ભેગા કરે છે. ૬૦ માણસોને રોજી મળે છે. આ મંડળીથી ભવિષ્યમાં ૮૦ ટકા લોકો લાભ લઇ

શકશે. મંડળીની સ્થાપના ૧૯૮૦ માં થયેલ હતી.

ગાંમમાં દૂધ ઉત્પાદક મંડળી નથી. વંશપરંપરાગત રીતે તે લોકો પશુપાલનનો ધંધો કરે છે. લગભગ બધાંજ આંદિવાસી કુટુંબોમાં ગાય, ભેંસ છે. બેંક દ્વારા ભેંસની તગાવી મળે છે. પરંતુ તદ્દન ઓછા માણસો લાભ લે છે. ગાય દૂધ નહિં પરંતુ વાછરડાં માટે જ પાળવાંમાં આવે છે. આંદિવાસી વિકાસ નિગમ તરફથી મળતી મદદ વિષે લોકો અજાણ છે. ગાડા માટે લોકો ઉત્સાહી છે.

ગાંમમાં સબ પોસ્ટઓફિસ છે. ૧૨૯૪ ની વસ્તીમાં ૬૪૧ પુરૂષ અને ૬૫૩ સ્ત્રીઓ છે. ૧૨૯૪ પૈકી ૧૨૩૧ આંદિવાસીઓ અને ૬૩ બિનઆદિવાસીઓ ,ગામમાં કુલ ૨૮૮ ઘરો છે. તેમાં ૫૩ ઘર બિન આદિવાસીનાં છે. વધારેમાં વધારે ઘરો વારલીનાં છે. ત્યા બાદ ઢોળિયા તથા કુણબીનાં છે.

ગામમાં ૧૨૭૩૧ એકર જમીન પડતર છે. ૮૫.૩૪ એકર જમીં ગૌચર અને ઘાસની તેમજ ૭૫૩૩૪ એકર ખેડવા લાયક છે. ૩૫૩.૩ એકર જમીનમાં બે પાક લેવાય છે. મુખ્ય પાક ડાંગર, નાગલી, કો અડદ વિગેરેનો છે. ગામમાં કુલ ૧૧૫ ખાતેદારો છે. જેની કુલ જમી ૮૧૫.૩૮ એકર છે. સહકારી મંડળીનાં કુલ ખાતેદારોમાંથી ૭૮ આંદિવાસી સભાસદ છે. ૬૪ આદિવાસી કુટુંબો મંડળીમાંથી લોન મેળવે છે. ગામમાં મંડળીનું બાકી લહેણું છે. તે આ વર્ષની શરૂઆતમાં ૩૫૭૪૨/- હતું ગયાં વર્ષ દરમિયાન ૧૯૭૫૦/-નું ધિરાણ કરેલ છે. વર્ષ દરમિયાન રૂા.૯૮૮૪/- ની ફેર ચૂકવણી કરેલ છે અને વર્ષનાં અંતમાં બાકી લ્હેણું ૯૮૬૬/- રૂા. છે. મુદત વીતી બાકી સભાસદ સંખ્યા ૧૦૦ ટકા છે અને રૂા.૧૫૯૯૨ લાંબા સમયનું બાકી લ્હેણું છે.

XXXXXXXXXXX
XXXXXXXXX
XXXXXXX
XXXXX
XXX
X

૧૧-૧૨ જાન્યુઆરી, ૧૯૮૮

## આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ-૩૮૦૦૧૪

### કાર્યગોષ્ઠી માટેનું "પૂર્વવર્તી સાહિત્ય"

-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦

પંચમહાલ જિલ્લાના વિકાસ કાર્યક્રમો વિચારવા માટે એક દિવસનો પરિસંવાદ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, તરફથી તા. ૪ થી ઓગષ્ટ ૧૯૭૯ના રોજ, કેન્દ્રના સભાખંડમાં, ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી ડાહ્યાભાઈ નાયકના અધ્યક્ષપદે - યોજવામાં આવ્યો હતો.

પરિસંવાદનો પ્રારંભિક બેઠકમાં, પંચમહાલ જિલ્લાના આદિવાસી વિકાસ કાર્યની સાથે સંકળાયેલી વિવિધ સંશોધન સંસ્થાઓ, કલ્યાણ કાર્ય કરનારી સંસ્થાઓ, અને આદિવાસી વિકાસ કાર્યની સાથે સંકળાયેલા સરકારના વિવિધ ખાતાઓના પ્રતિનિધિઓને કેન્દ્રના નિયામક ડૉ.ટી.બી. નાયકે આવકાર આપીને આ પરિસંવાદનો હેતુ સમજાવતાં જણાવ્યું હતું કે આ પરિસંવાદ ચાર કામો માટે યોજવામાં આવ્યો છે.

(૧) પંચમહાલ જિલ્લા માટે થયેલ વિકાસલક્ષી અને અન્ય સંશોધનની સમીક્ષા કરવી.
(૨) સરકારશ્રીની દૃષ્ટિએ જિલ્લા માટે જે આવશ્યકતાઓ જણાઈ આવે છે તેની ચર્ચા કરવી.
(૩) ક્રમાંક (૧) અને (૨) ઉપરથી જે તારણો નીકળે તેને નજરમાં રાખી પંચમહાલ જિલ્લાના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ માટે ભલામણો કરવી.
(૪) આવા વિકાસ કાર્યક્રમ બર લાવવા માટે જરૂરી પ્રબંધ વિષે ચર્ચા કરવી.

આ પરિસંવાદનો હેતુ દર્શાવ્યા પછી તેમણે આ સંદર્ભમાં કેન્દ્ર તરફથી પરિસંવાદ માટે તૈયાર થયેલી નોંધોનો નિર્દેશ કરીને પરિસંવાદની સમગ્ર રૂપરેખા આપી હતી.

પરિસંવાદનું ઉદ્ઘાટન કરતાં, વિદ્યાપીઠના મેનેજીંગ ટ્રસ્ટી અને સંસદસભ્ય - શ્રી રામલાલ પરીખે, આ પ્રકારના પરિસંવાદની પ્રક્રિયાને આવકારતાં જણાવ્યું હતું કે અહીં આદિવાસી ક્ષેત્રમાં પડેલા સામાજિક કાર્યકરો, આદિવાસી વિષે સંશોધન કરતી સંસ્થાઓના સંશોધકો અને - આદિવાસી વિકાસની નીતિનો સરકારી રાહે અમલ કરનારાં વિવિધ ખાતાના અધિકારીશ્રીઓ : એમ ત્રણ પ્રકારના પ્રતિનિધિઓ ભેગા મળીને એક આદિવાસી વિસ્તારના વિકાસ અંગે વિચારે છે. તે સાચી દિશામાંનું પગલું છે. તેમણે સૂચવ્યું હતું કે એકાદ સારા કાર્યજૂથે, એકાદ વર્ષ માટે સઘન પાયા પર કામ કરીને આદિવાસી પરિપ્રેક્ષ્ય યોજના (Tribal perspective Plan) હાથ ધરવી જોઈએ. ગામડા, તાલુકા અને જિલ્લો ત્રણ સ્તર પર ( Micro level ) આયોજન થવું જોઈએ. અને સૂચિત કાર્યજૂથ પંચમહાલ જિલ્લાના સંશોધનની સંભવિત સૂચિ જોડે એવું સૂચન તેમણે કર્યું હતું. શ્રી કે.ટી. શાહે સમગ્ર દેશના આયોજન માટે જેવા ૧૦-૧૧ અધિકૃત ગ્રંથો દેશને આપ્યા તેવો સ્થાનિક સ્તર પર વાસ્તવિક પાયા પર આધારિત અનુભવસિધ્ધ આયોજન ગ્રંથો આપવાની ક્ષમતા આવા કાર્યજૂથે કેળવણી જોઈએ. આયોજનમાં માનવીય, નાણાંકીયઅને સંસ્થાકીય સમન્વય થવો જોઈએ. અને તેનું લક્ષ સાધનો ખર્ચવા પર નહીં પણ સાધનો ઉભાં કરવા પર વિશેષ હોવું જોઈએ. સ્થાનિક ટેકનોલોજીનો વિશેષ ઉપયોગ થવો જોઈએ, અને માનવસંખ્યાની વિપુલતાને કેન્દ્રમાં રાખીને તે થવું જોઈએ. આદિવાસી સંશોધન પણ આયોજન અને કલ્યાણ માટે જ હોવું જોઈએ, અને તે સુગ્રથિત અને પ્રસ્તુત હોવું જોઈએ.

ત્યારબાદ ગુજરાત રાજ્યના આદિવાસી વિકાસ વિભાગના સચિવ અને કમિશ્નર શ્રી પ્રેમશંકર ભટ્ટે તેમના પ્રવચનમાં આ પરિસંવાદની પાશ્ચાદભૂમિકા સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે અમને ઘણા વખતથી એમ થયા કરતું કે આદિવાસી વિસ્તાર અંગે જુદા જુદા ક્ષેત્રોમાં, જે કાંઈ સંશોધન થયાં છે તે આદિવાસી પેટા યોજનામાં કઈ રીતે કેટલે અંશે ઉપયોગી થઈ શકે એમ છે તે અંગે સંબંધિત સૌની સાથે, તેના બધાં પાસાને લક્ષમાં રાખીને ચર્ચા થાય અને તેમાંથી પણ કંઈક દિશા-સૂચન સાંપડે એ આશયથી કેન્દ્રોને આવા પરિસંવાદનું આયોજન કરવાનું મેં સૂચવ્યું અને તે રીતે કેન્દ્રે આ પરિસંવાદનું આયોજન કર્યું તે સંતોષની વાત છે. આયોજનમાં હમેશાં સ્થાનિક પરિસ્થિતિલક્ષમાં રાખવી જોઈએ.

---૨---

જમીન, જંગલ અને અન્ય સાધનોના ઉપયોગને લક્ષમાં રાખીને તેનું આયોજન થવું જોઈએ. પંચમહાલમાં જંગલની સમૃધ્ધિ ચાલી ગઈ છે તો કઈ રીતે તેનું નવસર્જન કરવું તે અંગે અને સ્થળાંતરની અસરોનો અભ્યાસ કઈ રીતે વિકાસ કાર્યમાં ઉપયોગી થઈ શકે. તો આશે આ પરિસંવાદમાંથી ઉપયોગી દિશાસૂચન સાંપડશે એવી તેમણે આશા વ્યક્ત કરી હતી. આ પ્રશ્નને કેન્દ્રમાં રાખીને વીસ વર્ષનું આયોજન થવું જોઈએ એવા શ્રી રસિકલાલ પરીખના સૂચનને તેમણે પણ આવકાર્યું હતું.

શ્રી પ્રેમશંકર ભટ્ટ ... તરફથી તૈયાર વિવિધ નિબંધોનું વાચન થયું હતું. પરિસંવાદમાં રજૂ થયેલા નિબંધો નીચે પ્રમાણે હતા:

(૧) A Plan for Tribal Panchmahals

(૨) Community as the Center of Development.

(૩) પંચમહાલમાંથી ભીલ ગ્રામીણ મજૂર સ્થળાંતર

(૪) પંચમહાલના પ્રશ્નો ...

(૫) પંચમહાલ જિલ્લા વિષે લખાયેલા કેટલાક લેખો અને થયેલાં સંશોધનો

ઉપરોક્ત પાંચ પેપરોમાંથી પ્રથમ બે પેપર પંચમહાલમાં આદિવાસી વિસ્તારના આયોજન અને પંચમહાલના આદિવાસી વિસ્તારમાંથી રોજગારીની શોધમાં ગુજરાતના અન્ય જિલ્લાઓમાં થતાં સ્થળાંતર અંગે અનુક્રમે સેન્ટર ફોર એન્વાયરમેન્ટલ પ્લાનીંગ એન્ડ ટેકનોલોજી અને ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ એરિયા પ્લાનીંગ તરફથી થયેલા સમીક્ષા અંગેના હતાં. ત્રીજું પેપર કેન્દ્ર તરફથી ૧૯૬૯ અને ૧૯૭૯ માં પંચમહાલનાં બે ભીલ ગામડાં-મધાનીસર અને ઈટાવા-ની થયેલી સામાજિક, આર્થિક મોજણીના સંદર્ભમાં હતું. પરિસંવાદમાં ચર્ચા મહદ્‌અંશે આ પ્રથમ ત્રણ પેપરો અને અભ્યાસોને લક્ષમાં રાખીને થઈ હતી.

પેપર વાંચન પછી ચર્ચાની શરૂઆત કરતાં સરદાર પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈકોનોમીક એન્ડ સોશ્યલ સ્ટડીજના ડૉ. ધોળકિયાએ જણાવ્યું હતું કે આદિવાસીઓ માટે અકુશળ મજૂરો જેવો શબ્દપ્રયોગ કરવો ભૂલભર્યો છે કારણકે કેટલાંક કામો એવાં છે કે જે આદિવાસીઓ જ સારી રીતે કરી શકે છે.

તેમણે એમ પણ કહ્યું કે સ્થળાંતરથી આપણે ગભરાવું ન જોઈએ. સ્થળાંતરને પરિવર્તનમાં પ્રભાવશાળી પરિબળ તરીકે પણ જોઈ શકાય. તેથી તેમને સ્થળાંતર માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. હકીકત જેઓ આર્થિક રીતે પ્રમાણમાં થોડા સધ્ધર છે તેઓ સ્થળાંતર કરી શકે છે. જેમની પાસે સ્થળાંતર કરવા માટે જરૂરી બસ ભાડાની પણ જોગવાઈ નથી તેઓ સ્થળાંતર કરી શકતા નથી. તેથી તેમને સ્થળાંતર કરવાની તક મળે તે સારુ સબસીડી આપવાનું વિચારી શકાય. ડૉ. ધોળકીયાએ વધુમાં જણાવ્યું કે આયોજનમાં વિકાસ કેન્દ્રો યા વિકાસધ્રુવો પર ભાર મૂકવા કરતાં વિકાસ પ્રવૃત્તિઓ પર ભાર મૂકાવો જોઈએ.

સરદાર પટેલ ઈન્સ્ટીટ્યુટના ડૉ. પાઠકે ચર્ચામાં ભાગ લેતાં જણાવ્યું હતું કે જે રીતે પ્રથમ બે પેપરોમાં ભાર મૂકવામાં આવ્યો છે તે રીતે સમીક્ષા હેઠળના અભ્યાસોમાં આદિવાસીઓના આર્થિક અને સામાજિક પશ્ચાદ્ ભૂમિકા આપવાની આવશ્યકતા હતી.

જો મૂળમાંથી આયોજન ( Planning from Bottom ) ની વાત સ્વીકારીએ તો ઉત્પાદનલક્ષી પ્રવૃત્તિઓની આવશ્યકતા રહે. શરૂઆત ખેતી આધારિત ઉદ્યોગોથી થઈ શકે. ગામની આવક ગામમાં વપરાય તો એક ઉત્તમ સ્થિતિ ઉભી થઈ એમ ગણાય. ગામમાં સ્થાનિક જે કોઈ પણ પ્રકારનું કૌશલ્ય હોય તેનો પૂરો ઉપયોગ થવો જોઈએ.

પંચમહાલમાં માત્ર આર્થિક રીતે અમુક પ્રમાણમાં સધ્ધર સ્થળાંતર કરતા હોવાના અગાઉ વ્યક્ત થયેલા મંતવ્યથી જુદા પડતાં ડૉ. પાઠકે જણાવ્યું હતું કે ઘણા કિસ્સાઓમાં કોન્ટ્રાકટરો અગાઉથી ભાડું વગેરે આપીને મજૂરો લઈ જતા હોવાથી, પૈસા વિના પણ મજૂરો સ્થળાંતર કરતા હોય છે.

દાહોદના આયોજન અધિકારી શ્રી દવેએ પંચમહાલના આદિવાસીઓનું સ્થળાંતર અટકાવવાના સંદર્ભમાં નીચેનાં કારણો રજૂ કર્યા હતાં.

(૧) આદિવાસી મજૂરો, અન્ય મજૂરોની તુલનામાં સસ્તા પડતા હોવાથી તેમને મજૂર તરીકે ખાસ કરીને ખેડા જિલ્લામાં લાવવામાં આવે છે, નહિ કે તેમના પ્રત્યેના કોઈ ખાસ પ્રેમને કારણે અહીં પણ તેમને પૂરતી મજૂરી નથી અપાતી અને એ રીતે તેમનુ શોષણ થાય છે.

(૨) ખેડા જિલ્લામાં પંચમહાલના આ મજૂરો આવતાં ત્યાંના પછાતવર્ગો તથા હરિજનો વગેરેને મળતી મજૂરી ઘટી છે અને ખેડાના સ્થાનિક મજૂરોને પોતાના ઉપર તરાપ મરાઈ હોય તેવું લાગે છે.

(૩) વિસ્તરણનાકામ પર સ્થળાંતરની વિપરીત અસર થાય છે. વસુલાત મળતી નથી, કુટુંબ કલ્યાણ કાર્યક્રમ જોખમાય છે, કેટલીક વખત અછત કામમાં મજૂરો ન મળે તેવીસ્થિતિ પણ પેદા થાય છે. તથા સ્થળાંતરને લીધે તેઓ ખેતી પર પૂરતું ધ્યાન આપી શકતા નથી.

ડૉ. આયંગરે ચર્ચામાં ભાગ લેતાં પોતાના અનુભવના આધારે જણાવ્યું કે "આદિવાસી પ્રજા પ્રગતિશીલ નથી" એમ કહીએ તો તે મૂળમાંથી જ કંઈક ખોટું છે. પ્રગતિની વ્યાખ્યા કોણ કરે છે? આપણે આપણા ધોરણે આપણા કાટલે તોળીને અમુક વસ્તુને પ્રગતિ કે વિકાસ ગણીશું તો કદાચ તેને માટે તે સાચી પ્રગતિ નહીં હોય, અને આપણે ગોથું ખાઈ જઈશું.

આદિવાસી બેંક પાસથી નાણાં લેતાં અચકાય છે કેમકે તે જાણે છે કે આમાં કદાચ મારો જમીનનો ટૂકડો ખૂચવાઈ ન જાય.

આદિવાસી સદીઓથી જંગલમાં જીવતો આવે છે. પહેલાં તેને લાગતું હતું કે તે વૃક્ષથી જીવે છે. પણ હવે તો તે વૃક્ષ કાપીને જીવી શકે તેમ છે. તેમની જરૂરિયાતોને પણ આપણે લક્ષમાં લેવી રહી.

સ્થળાંતરનો નિર્દેશ કરતાં તેમણે જણાવ્યું કે હું આ બાબતને મજૂરોના સ્થળાંતર ( Labour displacement ) તરીકે નિહાળું છું. અને પંચમહાલના મજૂરો વધુ કાયક્ષમ હોવાથી તેમની સવિશેષ માત્રા રહે છે.

પંચમહાલમાં આદિવાસી વિસ્તારનાં ભૌતિક સાધનો જમીનની મર્યાદાને પણ આપણે આયોજન કરતી વખતે લક્ષમાં રાખવી જોઈએ.

સહાય તેમની ગૌરવભરી સંસ્કૃતિમાં ટેવ તરીકે ભળી જવીજોઈએ. સરકાર તેમને સહાય કરવા માટે છે પણ ખરી રીતે તેઓ પોત પોતાની જાતને સહાય કરી શકે તેમાં સરકારે મદદ કરવી જોઈએ.

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટના શ્રી પિછોલીઆએ જાણાવ્યું કે પ્રગતિ કરવા માટે માણસની આગળ વધવાની ઈચ્છા એ પાયાનું પ્રેરક બળ છે. તેમની પ્રગતિ માટે તેમની જરૂરિયાતો વધારવી જોઈએ. જે છૂટીછવાયી વસ્તી છે, તે પણ વિકાસ પ્રવૃત્તિમાં - અવરોધક હોવાથી તેમને એક સમૂહમાં વસાવવા જોઈએ.

બેંક ઓફ ઈન્ડિયાના શ્રી બારોટે ચર્ચામાં ભાગ લેતાં જણાવ્યું કે, આદિવાસીઓ પાસે કેટલીક શકિત એવી છે કે જેમાંથી આપણે બોધપાઠ લઈએ તોઆપણને પણ લાભ થાય. પણ આપણે જેને પ્રગતિ કહીએ છીએ તેને આદિવાસીઓ પ્રગતિ તરીકે સમજે છે ખરા ?

"પ્રગતિની વાતોને લીધે અમે દેવાદાર બની ગયા છીએ" દૂધાળાં ઢોરનો ઉપયોગ ન થઈ શકયો, ઢોર રોગમાં મર્યાં ને અમે બન્યા દેવાદાર આવાં વિધાનો આદિવાસી વિસ્તારમાં અવારનવાર થતાં જોવા મળે છે. તો સૌથી પહેલાં તો આ દેવાદાર થવાની ભાવના દૂર કરવાની રહેશે.

ભીલ સેવા મંડળના શ્રી નરસિંહભાઈ હઠીલાએ આદિવાસી વિસ્તારમાં રાષ્ટ્રીયકૃત બેંકોનું ધીરાણ નથી હોતું એવા વિધાનના સંદર્ભમાં શ્રી બારોટે જણાવ્યું હતું કે આજે રાષ્ટ્રીયકૃત બેંકોનો અભિગમ ફર્યો છે, અને તેઓ ગામડાંમાં જાય છે. બેંક ઓફ બરોડા એ પોતે કેટલાંક ગામો દત્તક લીધાં હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

કેન્દ્રનાશ્રીગૌરીશંકર પંડ્યાએ ચર્ચામાં ભાગ લેતા જણાવ્યું કે યોજનામાં "આદિવાસી" કેન્દ્રમાં હોવો જોઈએ તે નથી રહેતો. યોજનાઓ કરતી વખતે તેનું સાંસ્કૃતિક સ્તર પણ લક્ષમાં નથી લેવાતું તેમના અભ્યાસ હેઠળના કાથોડીઓ આજે ય સરકારની સહાયથી ખેતી માટે મળેલા બળદને" સરકારી બળદ " જ ગણે છે. આ સ્થિતિ બદલાવી જોઈએ.

ખેડબ્રહ્મા પ્રોજેક્ટ એડમિનિસ્ટ્રેટરની ઓફિસના શ્રી પાઠકે જણાવ્યું કે આપણે લોકોને વધુ પડતા સહાય અવલંબિત ( Subsidy minded ) ન કરવા જોઈએ. 'ભલે થોડો અપવ્યય થતો"(May there be a waste) ની નીતિ પણ છોડવી જોઈએ. આઝાદીનાં ત્રીસ વર્ષ આજે પણ પ્રૌઢ શિક્ષણ વર્ગો કરવા પડે તે શોચનીય છે.

પંચમહાલના કલેકટર શ્રી એસ.સી.હાલદારે આ પરિસંવાદમાં ખાસ (હાજરી) આપીને પોતાના આ અંગેના વિચારોની રજૂઆત કરતાં (જણાવ્યું) હતું કે,"આપણે આયોજન' જેને માટે બનાવીએ છીએ તે આપણી ભાષા નથી સમજતો અને આપણે આયોજન બનાવનાર તેની ભાષા નથી સમજતા પરિણામે આદિવાસીઓને જે ભાષામાં જોઈએ તેમાં આયોજન નથી હોતું. તેની ભાષા સંસ્કૃતિ, રીતરિવાજવગેરે બધુ સાચવીને જે આયોજન થાય તે સાચું ગણાય. ડોકટર ઓપરેશન તો જાનનું જોખમ હોય તો જ કરે. સુધારો કરવા જતાં હિતને બદલે ગેરહિત ન થઈ જાય તેનો ખ્યાલ રાખવો જોઈએ. સ્થળાંતર અંગે તેમણે જણાવ્યું કે આપણે ત્યાંથી સ્થળાંતર પૈસાની લાલચમાં થાય છે. આદિવાસી એ લાલચથી નથી જતા. માત્ર પેટિયું રળવા જ તેમને જવું પડે છે. જંગલનો માણસ (જંગલમાં) વધારે સારો લાગે. આપણે એવી પરિસ્થિતિનું નિર્માણ કરવું જોઈએ. ઝાડની સાથેનો તેનો સંબંધ કપાયો તેમાં આપણે,તે, અને આપણી સૌની જરૂરિયાત જવાબદાર છે. આપણે ત્યાં જંગલ કાપણીની મંડળીઓ ખરી પણ વૃક્ષ વાવણીની મંડળીઓ નથી.

"સુખસરમાં શાહુકારોનું સુખ વધ્યું , દસ વર્ષમાં તેમના બે ત્રણ માળનાં મકાનો થયાં, ને આસપાસની આદિવાસી પ્રજા જ્યાંની ત્યાં રહી" એ તારણોનો નિર્દેશ કરતાં કલેકટરશ્રીએ જણાવ્યું કે આમાં દોષતો બીજો કોનો કાઢીએ?આપણે જ સરકારી અમલદારો, તેને માટે જવાબદાર. - આદિવાસી વિસ્તારમાં ભાવનાશાળી માણસો કામ કરતા હોય તો આ ન થયું હોત. પણ અહીં તો મુખ્યત્વે બે પ્રકારના અમલદારો આવે છે.(૧) શિક્ષાના એક ભાગ તરીકે મૂકેલા અને(૨) બીજે ન મળતી હોય તેથી આ વિસ્તારની નોકરીઓમાં અનિચ્છાએ જોડાયેલા. આ બંનેમાંથી કોઈથી આદિવાસીઓનો ઉધ્ધાર નહીં થાય. તન, મનથી કામ નહીં કરીએ ત્યાં સુધી પરિસ્થિતિ નહીં બદલાય.

સ્થળાંતર, અપવ્યય અને સ્થગિતતાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે, આપણે આદિવાસીઓમાંથી જ શિક્ષકો વિશાળ પ્રમાણમાં કેમ નથી લેતા ? અત્યારે તો એવું ચાલ્યું છે કે આદિવાસી વિસ્તારના કોટા પર અન્ય વિસ્તારમાંથી શિક્ષકો ભરતી થઈને ભરાઈ જાય અને પછી હળવેકથી બદલી કરાવીને પોતાના (બિનઆદિવાસી) વિસ્તારમાં ચાલ્યા જાય.

બેંકનું ધિરાણ માળખું અને સ્ટાફીંગ પેટર્ન પણ બદલવાનું તેઓએ સૂચન કર્યું હતું. બેંક સ્ટાફમાં પણ તે ઉંડાણમાંના વિસ્તારમાં અસરકારક રીતે પહોંચે તે માટે આદિવાસીઓમાંથી જ ભરતી કરવાનું સૂચન પણ તેમણે કર્યું હતું.

સરળ આદિવાસીઓને કેટલાક સાદા કાયદાઓની આંટીઘૂંટીનો ખ્યાલ નથી હોતો ક્રિમિનલ પ્રોસીડર કોડથી આદિવાસી વિસ્તારોને બાકાત રાખવા જોઈએ. આ તેમની સંસ્કૃતિની પશ્ચાદભૂમિમાં જે તે વિસ્તારમાં તેનું અમલીકરણ થવું જોઈએ. એવું સૂચન પણ તેમણે કર્યું હતું.

ભારત સરકારના અભ્યાસજૂથના સૂચનો રાજ્યની આદિવાસી પેટા યોજનામાં પ્રતિબિંબિત નથી થતાં. અભ્યાસજૂથની ભલામણો ને બરાબર વફાદાર રહીને આયોજન કેમ તૈયાર કરવું તેનો પણ અમલદારોને કેટલીકવાર ખ્યાલ નથી હોતો એવું પણ તેમનું મંતવ્ય હતું.

આ ઉપરાંત એમણે નીચેનાં ઉપયોગી સૂચનો કર્યા હતા.

(૧) આદિવાસી પેટા યોજનાનો કર્મચારી પંચાયત હસ્તક હોવાથી, પ્રોજેક્ટ એડમિનિસ્ટ્રેટર્સ પૂરતા અસરકારક નથી બની શકતા રોખવદાસ કમિટિની ભલામણ અનુસાર, આદિવાસી પે ૦ પેટા યોજનાનું તંત્ર વધુ જોરદાર બનવું જોઈએ.

(૨) આદિવાસીઓને લગભગ સંખ્યાબંધ ટ્રેડમાં તાલીમ અપાય છે, પણ તેઓ તાલીમ પછી પણ બેકાર રહે છે. નોકરીની શોધમાં તેઓને જવું ન પડે પણ તેઓ જાતે ધંધો શરૂ કરી શકે તેમ થવું જોઈએ. દાહોદ-ઝાલોદનો આદિવાસી ખેડૂત દાહોદની વર્કશોપમાં પણ નહીં હોય મારી માન્યતા પ્રમાણે તેઓ ત્યાં હોવા જોઈએ.

(3) આદિવાસી વિસ્તારમાં (Key Industries Prime mover Industres) નંખાવી જોઈએ.

(૪) આદિવાસી વિસ્તારમાં બિન આદિવાસીનો વેપાર બંધ કરાવવો જોઈએ. બિન આદિવાસીઓ શોષણ કરે છે. સબપ્લાનના પૈસા તેમની પાસે જ જાય છે. ધીમે ધીમે મહારાષ્ટ્રની જેમ ખાનગી વેપારની જગ્યાએ સહકારી પાયા પરનો વેપાર ગોઠવવો જોઈએ., તેમની જીવન જરૂરિયાતની બધીજ ચીજવસ્તુઓ કિફાયત ભાવે, અને પરંપરાગત ધિરાણ વ્યવસ્થામાં મળે છે તે જ રીતે મળવી જોઈએ.

(૫) આદિવાસી ઉત્પાદન કરે તેનું બજાર પણ સરખું ગોઠવવું જોઈએ અને લાભ મધ્યસ્થીના હાથમાં નહીં. પણ ખરા ઉત્પાદકની પાસે આવે તેવું થવું જોઈએ.

(૬) તબીબી સવલતો, આદિવાસીને ફાવે તેવી રીતે આપવી જોઈએ. ભગતનો પણ તેમાં કદાચ ઉપયોગ થઈ શકે. દેશી દવાનો વપરાશ ત્યાં વધે એ ઈચ્છનીય છે.

(૭) અઘરા શબ્દો અને પરાયી ભાષાના મોહજાળમાંથી નીકળવું જોઈએ( Infrastrastru-cture. ) જેવા શબ્દો ન અમલ કરનાર સમજે કે આદિવાસી. વાત કરતાં કામ હાથ પર લઈએ.

(૮) તેમના સામાજિક માળખામાં આપણે હાથ બહુ ન નાખીએ તો સારું તેની ભાષા ન ભૂલાય એ ઘણી સારી મૂડી છે. તેનો જીર્ણોધ્ધાર પણ જરૂરી ભીલ સેવા મંડળ અને આ કેન્દ્ર આ દિશામાં ઘણું કરી શકે.

(૯) પ્રૌઢ શિક્ષણ સાચા અર્થમાં અપાય તો તે અનેક રીતે ઉપયોગી નીવડી શકે.

(૧૦) વાતાં મણ કરતાં અમલનો અધોળ વધારે ઉત્તમ.

પ્રમુખશ્રીના પ્રવચન પહેલાં પંચમહાલના પ્રોજેકટ એડમિનિસ્ટ્રેટર શ્રી શર્માને પોતાના વિચારો વ્યકત કરવાની વિનંતી કરવામાં આવી.

સ્થળાંતરનો નિર્દેષ કરતાં તેમણે જણાવ્યું કે તે અંગે બે મંતવ્યો જોવા મળે છે.

(૧) સ્થળાંતર ન થવું જોઈએ.

(૨) સ્થળાંતર થાય તો વાંધો નથી.

મને એમ લાગે છે કે કાયમી સ્થળાંતર થાય તેનો વાંધો નથી, પણ મોસમી વધારે નકામું અને અનેક રીતે અગવડભર્યું છે. કુલ કુટુંબોમાંથી કેટલાક વિસ્તારોમાં ૩૦ થી ૫૦ ટકા સ્થળાંતર થાય છે. અને તેમાંય ૪૦ ટકા શહેરી વિસ્તારમાં થતું હોવાનો પોતાનો અંદાજ હોવાનું તેમણે જણાવ્યું હતું. આ હકીકતની પશ્ચાદભૂમિકામાં તેમને માટેની યોજના ઘડવી જોઈએ.

વિકાસ કેન્દ્રનો નિર્દેશ કરતાં તેમણે જણાવ્યું કે તેના કરતાં પણ અભ્યંતરના વિકાસની પહેલી આવશ્યકતા છે. અહેવાલોમાં વ્યકિતનો ઉલ્લેખ નથી, પણ હકીકતે વ્યકિત તો વિકાસના કેન્દ્રસ્થાને હોવી જ જોઈએ. તેનો ખ્યાલ રાખવો જોઈએ. અને આસપાસના વાતાવરણમાં જે જમીન છે તેનો ગુરુતમ ઉપયોગ થવો જોઈએ, તે નથી થતો એટલે તેના તરફ પણ ભાર મૂકાવો જોઈએ. તે જ રીતે ગુરુત્તમ ઉત્પાદન અને પાણીના ઉપયોગને લક્ષમાં રાખીને આયોજન થવું જોઈએ.

ઉપરથી યોજના ઘડાય તો તે મહદશે લક્ષ્યાંક કેન્દ્રિત હોવાની અને તેનો અક્ષરશઃ અમલ અઘરો છે એવું તેમનું મંતવ્ય હતું. પશુચારો અને પશુપાલન બંને કાર્યક્રમોને સુગ્રથિત રીતે વિકસાવવાની તેમણે ભલામણ કરી હતી. સહકારી મંડળીઓની રચના ત્યાંની સ્થાનિક પરિસ્થિતિને લક્ષમાં રાખીને થવી જોઈએ એવું પણ તેમનું મંતવ્ય હતું. સરકારી કાર્યક્રમનો પ્રચાર બહુ અસરકારક નથી હોતો. તેના વિશાળ પ્રચાર માટે કાંઈક કાયમી વ્યવસ્થા થાય એ ઈચ્છનીય હોવાનું પણ શ્રી શર્માએ જણાવ્યું હતું.

પરિસંવાદનું સમારોપણ કરતાં પ્રમુખ સ્થાનેથી ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી ડાહયાભાઈ નાયકે એકંદર ખુલ્લા દિલે ચર્ચા કરવા બદલ પ્રતિનિધિઓને અભિનંદન આપ્યા બાદ જણાવ્યું કે આદિવાસીઓને સમજયા વિના જેટલાં આયોજન કરીએ તે નિરર્થક જવાનાં. તેમને મધ્યબિંદુમાં રાખીને તેમનું માનસ, તેમનાં દુઃખદર્દ, તેમની સમાજ વ્યવસ્થા અને તેમની આકાંક્ષા સમજીને આયોજન કરવું જોઈએ. તેને જોઈએ છે. એને કયા કયા ગામમાં શું થવું જોઈએ ? એ અંગેના એનાં મંતવ્યો પણ બહુ મહત્વનાં છે.

સમીક્ષા હેઠળના અભ્યાસનો નિર્દેશ કરતાં તેમણે જણાવ્યું કે તેમાં વસ્તી વધારો અને જમીન એ બંનેના પ્રમાણનો વિચાર નથી થયો.

ખેડામાં બારમાસી પાણી હોવા છતાં પણ પંચમહાલ કરતાં જમીનનું પ્રમાણ ઓછું નથી દાહોદમાં જે જમીન સિંચાઈ હેઠળ બતાવવામાં આવી છે તે કયા સાધનથી કરી ?ત્યાં સ્થાનિક રીતે જઈને તો ખબર પડે કે ખરેખર કેટલી જમીન વાસ્તવિક રીતે સિંચાઈ હેઠળ આવીશકે? આ યોજના જેમને માટે છે તેમને લક્ષમાં રાખીને, તેમજ સંબંધિત કાર્યકરો તથાવહીવટકર્તાઓ સાથે બેસીને આયોજન કરવામાં નથી. આવ્યુ તેમાંથી આ મુશ્કેલી ઉભી થઈ છે. ગમે તેટલા પ્રયત્નો છતાં પણ ૭ ગણી સિંચાઈ વધી નહીં શકે.

જંગલ કાગળ પર બતાવવું કે બનાવવું ખૂબ સહેલું પણ ત્યાં ઉભું કરવું અતિશય અઘરું. વળી બળતણની પાયાની જરૂરિયાત નહીં. સંતોષાય ત્યાં સુધી જંગલ ઉછેરવું ખૂબ અઘરું. જંગલ સાચવવા હશે તો આપણે વૈકલ્પિક જીવનનિર્વાહનું સાધન આપવું જોઈએ. અત્યારે તો તેઓ ઝાડોના મૂળિયા ખોદીને પણ લાવે છે.

જમીનનું ધોવાણ ખૂબ છે. ઝાલોદના પૂર્વ ગાળામાં દસ માઈલ સુધી કેવળ પથરા દેખાય છે.(Water shade management )બરાબર થાય તે જરૂરી છે. અત્યારે તેની ગતિ ધીમી ધીમી છે. જીવન પધ્ધતિ બદલવી ઘણી અઘરી છે. એકી સાથે વસાવવાના અમારા પ્રયત્નો નિષ્ફળ ગયા છે. શોષણ એકલા શાહુકારો ધ્વારા નથી હોતું. કેટલીક વાર કાર્યકર્તાઓ ધ્વારા પણ હોય છે. અમે અમારા અહેવાલમાં જે ઉપાયો બે દાયકા પહેલાં સૂચવ્યાં તે આજે પણ એટલા જ પ્રસ્તુત છે. જે જમીન બિન આદિવાસી પાસે ગઈ હોય અથવા મોટા આદિવાસી પાસે ગઈ હોય તે તેમને પાછી વળતર વિના જ મળવી જ જોઈએ. મહારાષ્ટ્ર સરકારે જે કાયદો બનાવ્યો છે તેવો જ કાયદો અહીં પણ બનાવવો જોઈએ. "ખેડે તેની જમીન "ના સૂત્ર હેઠળ સાચાં ખેડનારને જમીન જોઈએ. શોષણ અટકાવવા માટે તો સરકારે શકય હોય તે બધું જ કરવું જોઈએ. આદિવાસી વિસ્તારોમાં સરકારી-સહકારી દુકાનોમાં બધી જ ચીજવસ્તુઓ મળે તેમ કરવું જોઈએ. તેની વ્યવસ્થા માટે સરકારે સારી એવી મદદ આપવી જોઈએ. અત્યારે તો એટલા વિપુલ પ્રમાણમાં પૈસા ખર્ચાયા છે, છતાં આદિવાસી જયાંના તયાં રહે છે.

મોટા ઉદ્યોગ આવે તો આદિવાસીઓનો ઉધ્ધાર થઈ જાય એવી માન્યતા ખોટી છે. બિહાર એનો દાખલો છે. બિહારમાં સંખ્યાબંધ મોટા ઉદ્યોગો આદિવાસી વિસ્તારમાં હોવા છતાં આદિવાસીઓ તો ત્યાંના ત્યાં છે. એમને તો લાભ કરતાં અનેક રીતે ગેલાભ જ વધારે થયા છે. ઉદ્યોગોમાં તેમનું વલણ પારખવાની જરૂર છે. મરઘાં ઉછેર અને પશુપાલન તરફ તેમનું સહજ વલણ છે. મરઘાં ઉછેર માટે તેમને વ્યવસ્થા તથા સાધનો આપો. એ એમની આવકમાં સારો એવો વધારો કરશે. અને તેમાં એમને રસ પણ સારો એવો પડશે.

સ્થળાંતરનો નિર્દેશ કરતાં પ્રમુખશ્રીએ જણાવ્યું કે સ્થળાંતરને તદ્દન અટકાવવું આવશ્યક પણ નથી અને શકય પણ નથી. સ્થળાંતર માટે હવે તેઓ કેટલેક અંશે ટેવાઈ ગયા છે. પણ સ્થળાંતરમાં તેમને જે રીતે અમાનવીય પરિસ્થિતિમાં જીવવું પડે છે તે જોઈને આંખમાં આંસુ આવે છે. આવી પરિસ્થિતિ બદલાવી જોઈએ.

સંકલિત આદિવાસી પેટા યોજનાના વિસ્તારને, જિલ્લા પંચાયતના હકુમતની બહાર મૂકવા રાજયની પંચાયત કમિટિમાં મેં અને શ્રી રામજીભાઈ ચૌધરીએ જે ભલામણ કરી છે તે સ્વીકારવી જોઈએ. જિલ્લા પંચાયતને ભાગ્યે જ આદિવાસી વિકાસમાં રસ હોય છે. એટલે એ ભલામણ જો સરકાર દવારા સ્વીકારાશે તો આદિવાસી વિકાસમાં કેટલાક નોંધપાત્ર પરિવર્તન આવશે.

આ કાર્યજૂથે ચર્ચામાંથી નીચેના કેટલાંક મહત્વપૂર્ણ મુદ્દાઓ તરી આવે છે :

(૧)આદિવાસીના વિસ્તાર કે તેમના ક્ષેત્રીય વિકાસની યોજનાઓ બનાવતી વખતે/કાર્યાન્વિત કરતી વખતે આદિવાસી વ્યકિતને કેન્દ્રમાં રાખવો જોઈએ અને એના સમાજને, એની અર્થવ્યવસ્થાને એનાં દુ:ખદર્દોને એની આશા આકાંક્ષાઓને સમજયા વિના યોજના ઘડી ન જોઈએ.

(૨) આદિવાસી વિકાસની કે આદિવાસી ક્ષેત્રના વિકાસની યોજના કરતાં પહેલા એના આયોજકોને આદિવાસી સંસ્કૃતિ અને આર્થિક વ્યવસ્થા પ્રત્યે ઉન્મુખ કરવા જ જોઈએ. આવો ઉન્મુખીકરણનો કાર્યક્રમ ગૂજરાત વિદ્યાપીઠના આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રમાં યોજી શકાય.

(૩) ગુજરાતના આદિવાસીઓના વિકાસ માટે એક લાંબા ગાળાની,સતત પરિપ્રેક્ષ્યવાળી યોજના હોવી જોઈએ. આ ગાળો ૨૦વર્ષનો હોઈ શકે. આવીપરિપ્રેક્ષ્ય યોજના માટે એક કાર્યજૂથે ત્રણ વર્ષ માટે કામ કરવું જોઈએ. આવી પહેલ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠ કરી શકે.

(૪) પંચમહાલની આદિવાસી વિકાસ યોજનામાં જમીન સુધારણા અને ઘણો મોટો ફાળો હશે. એના પર પૂરતું ધ્યાન આપવું જોઈએ.

(૫) પંચમહાલની ખેતીને માટે પાણી પુરું પાડવા ભગીરથ પ્રયત્ન કરવો જોઈએ. એક ઉદવહન સિંચાઈ નિગમ બનાવી જેટલાં પણ પાણીના સાધનો છે તેમાંથી પાણી ઉંચકી આદિવાસી

ખેતરોમાં લઈ જવાની વ્યવસ્થા કરવી જોઈએ. નિગમ હશે તો જ કામ જલદી થશે.

(૬) પંચમહાલમાં વન વિકાસને પણ યુધ્ધસ્તર પર લેવો જોઈએ એને માટે આદિવાસીને આજિવીકાનો વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવી પડશે.

(૭) શોષણ અટકાવવું હોય તો આદિવાસી વિસ્તારમાં બિન આદિવાસી દુકાનદાર/શાહુકારને વગર લાયસન્સથી કામ ન કરવા દેવા જોઈએ.

(૮) આદિવાસીઓની જમીન છેલ્લાં પંદર વર્ષથી બિન આદિવાસીઓ / મોટા આદિવાસીઓની પાસે ચાલી ગઈ છે તે કાયદાથી પાછી અપાવવાની વ્યવસ્થા થવી જોઈએ.

(૯) વિકાસ કેન્દ્રોની યોજના કરતાં પહેલાં અભ્યાંતરિક પ્રદેશનો વિકાસ કરવો જ પડશે. વિકાસ કેન્દ્ર એમની અવિકસિત દશામાં શોષણકેન્દ્ર બની જવાની પૂરી શકયતા છે.

(૧૦) એમને મરઘાં ઉછેર, પશુપાલન જેવા સહાયક વ્યવસાય તરફ વાળવાની જરૂર છે.

(૧૧) સંકલિત આદિવાસી પેટા યોજનાના સમગ્ર વિસ્તારને જિલ્લા પંચાયતની હકુમતથી બહાર મૂકવો જોઈએ.

%-0%-0%-%0%0%0%0%0%0%0%0%0%-0%-0%-0%

-ઉઅ.તિ.

# ગુજરાત વિદ્યાપીઠ

## પુરુષોત્તમ ત્રિકમદાસ ફેલોશીપ

## એક પ્રાયોજના : પ્રતિવેદન

ગુજરાત વિદ્યાપીઠ

અમદાવાદ

૧૯૭૯

ધરમપુરની ભૂગોળ :

વિકાસની ધાર જયાં ખૂબ બુઠ્ઠી અને ગતિ જયાં અતિ મંદ થઇ જાય છે એવાં ગુજરાતનાં ઘણાં ક્ષેત્રોમાં ધરમપુર તાલુકાની પણ ગણના થઇ શકે. (જુઓ પરિશિષ્ટ-૧ ન. વલસાડ તાલુકાની પૂર્વ સીમા પર, મહારાષ્ટ્ર રાજયને અડીને આ તાલુકો આવેલો છે. આર્થિક રીતે ખૂબ પછાત આ પ્રદેશ આદિવાસી બહુલ છે. એમાં ૨૩૭ ગામો આવેલાં છે.

ભૌગોલિક રીતે તાલુકો બે કુદરતી ભાગોમાં વહેંચાઇ ગયેલો છે. એકને તળાટ અથવા નીચો પ્રદેશ અને બીજાને ડુંગર અથવા ઊંચી જમીનવાળો પ્રદેશ કહેવાય છે. તળાટમાં ૪૧ ગામો છે, અને એનું ક્ષેત્રફળ ૭૦૮૩૩ એકર છે. અહીંના મુખ્ય રહેવાસી ધોડિયા છે. જેમની વસ્તી કુલ વસ્તીના લગભગ ૨૦% જેટલી છે. જમીન થોડી ગોરાડુ છે અને એમાં ભાત, કોદરા અને નાગલી થાય છે. (જુઓ પરિશિષ્ટ- ૨ નકશો)

પૂર્વમાં જમીન ખૂબ પહાડી છે. એનો દેખાવ જ એની અપઉપજાઉ બતાવી આપે છે. એમાંથી નદીનાળાં અને ઝરણાં વહી જાય છે. પહાડના ઢોળાવ ઉપર કયાંક જંગલ છે પણ એ ય અનિયંત્રિત રીતે કાપવાથી ખૂબ ઓછું થઇ રહયું છે. આ પહાડી જંગલી પ્રદેશમાં કોંકણા અને વારલી રહે છે. જેઓ કુલ વસ્તીના લગભગ ૭૦% છે.

તાલુકો સહયાદ્રિ પર્વતમાળાની પહાડશ્રેણીઓથી પૂર્વમાં આવૃત છે. એમાં થઇને ઔરંગા, માન, ટાન, પાર, કોલક અને દમણગંગા નદીઓ વહે છે. વરસાદ ૯૦''થી ૧૧૦'' સુધી થાય છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી વરસાદ ઓછો થતો જાય છે.

વસ્તી :

તાલુકાની કુલ વસ્તી ૧૯૭૧ની જનગણના અનુસાર ૧,૯૩,૭૧૧ છે. એમાં ૯૨.૫ % અનુસૂચિત જનજાતિ (હવે પછી આદિવાસી), ૦.૬ % અનુસૂચિત જાતિ અને ૭.૦ % અન્ય હિન્દુ જ્ઞાતિઓ તથા બીજા છે. આમ આ તાલુકામાં મુખ્ય વસ્તી આદિવાસીઓની જ છે.

આ આદિવાસી વસ્તી નીચે પ્રમાણે અલગ અલગ જાતિઓમાં વહેંચાઇ ગઇ છે.

| જાતિ | તાલુકાની કુલ આદિવાસી વસ્તીમાં ટકા |
|---|---|
| વારલી | ૩૮ |
| કોંકણા | ૩૨ |
| ધોડિયા | ૨૦ |
| નાયકા | ૩ |
| કોળી, કોલચા | ૫ |
| બીજા આદિવાસી | ૨ |

**જમીન ધારકતા :**

તાલુકામાં જમીન ધારકતાના આંકડા નીચે પ્રમાણે [કોઠામાં બતાવ્યા] છે : તાલુકાનો ૪૩ % ભાગ જંગલ વિસ્તાર છે.

| વિવરણ | તળાટ (એકરમાં) | ડુંગર | કુલ |
|---|---|---|---|
| જંગલ | ૭૬૮૪ | ૧૬૭૨૧૭ | ૧૭૪૯૦૧ |
| ખેડી શકાય એવી પડતર | ૨૦૨૩ | ૨૭૬૩૬ | ૨૯૬૫૯ |
| ખેડી ન શકાય એવી | ૬૮૭૪ | ૫૧૮૬૪ | ૫૮૭૩૮ |
| ખેડાણમાં આવતી | ૫૪૨૫૨ | ૮૬૩૬૨ | ૧૪૦૬૧૪ |

**ગરીબીનો પ્રદેશ છે :**

જમીન ખૂબ જ અણઉપજાઉ છે. જંગલો માંથી પણ ત્યાંના નિવાસીઓને આજીવિકા લાયક ખાસ કાંઈ મળતું નથી. પરિણામે એમની ગરીબી ખૂબ જ છે. આ તાલુકામાં ગરીબીનું જે સ્તર છે તે નીચે આપેલા કોઠા પરથી જણાઈ આવશે. છેલ્લો સ્તંભ જોવા જેવો છે. એમને વરસમાં કેટલા દિવસ ભૂખ્યા રહેવું પડે છે એ એમાંથી દેખાઈ આવે છે.

| જમીન ધારકતા (એકરમાં) | કુલ | | ગરીબીની રેખા નીચે | | ભૂખે મરતા | | કેટલા દિવસ ભૂખ્યા રહે છે. |
|---|---|---|---|---|---|---|---|
| | કુટુંબો | વ્યક્તિ | કુટુંબો | વ્યક્તિ | કુટુંબો | વ્યક્તિ | |
| જમીનવિહોણા | ૮ | ૩૭ | ૮ | ૩૭ | ૭ | ૨૫ | ૩૧ |
| ૧.૦ સુધી | ૧૮ | ૧૦૪ | ૧૮ | ૧૦૪ | ૧૬ | ૭૦ | ૨૪ |
| ૧.૧થી ૨.૫ | ૨૬ | ૧૩૯ | ૨૬ | ૧૨૮ | ૨૧ | ૮૩ | ૧૭ |
| ૨.૫૧થી ૫.૦ | ૩૩ | ૨૦૦ | ૨૪ | ૧૭૬ | ૧૭ | ૮૧ | ૨૦ |
| ૫.૦૧થી ૧૦.૦ | ૧૬ | ૧૨૦ | ૧૧ | ૮૮ | ૬ | ૨૩ | ૧૩ |
| ૧૦ થી ઉપર | ૫ | ૨૯ | - | - | - | - | - |
| કુલ | ૧૦૬ | ૬૨૯ | ૮૭ | ૫૩૩ | ૬૭ | ૨૮૨ | ૨૧ |

કેળવણી પણ ખૂબ ઓાછી :

કેળવણીની સંખ્યાત્મકતા અને ગુણાત્મકતા પણ એવી જ દયનીય છે. તાલુકામ કેટલી નિશાળો છે અન તેમાં કેટલાં બાળકો ભણે છે તે નીચેના કોઠામાં બતાવ્યું છે :

| વર્ષ | શાળા (સંખ્યા ) | વિદ્યાર્થી (સંખ્યા) |
|---|---|---|
| ૧૯૭૧ | ૨૨૫ | ૧૭૩૨૧ |
| ૧૯૭૨ | ૨૩૦ | ૧૮૦૫૦ |
| ૧૯૭૩ | ૨૩૫ | ૧૯૯૦૯ |
| ૧૯૭૪ | ૨૪૭ | ૨૨૪૫૦ |
| ૧૯૭૫ | ૩૪૦ | ૨૦૬૩૭ |

આમાં લગભગ ૧/૩ બાલિકાઓ છે. વિદ્યાર્થીઓનો ઘણો મોટો ભાગ આદિવાસી બાળકોનો જ છે.

આ વિદ્યાર્થીઓમાંના ઘણા ઓાછા ત્રીજા ધોરણથી ઉપર જાય છે. પહેલાથી બીજા ધોરણમાં જતાં જતાં ૨૦ થી ૨૫ % શાળા છોડી દે છે, બીજાથી ત્રીજામાં જતાં જતાં બીજા ૪૫ % શાળા ત્યજી જાય છે, ત્રીજાથી ચોથામાં ૫૦ % અને ચોથાથી પાંચમામાં જતાં જતાં બાકીના ૫૦ % શાળા છોડી દે છે.

આદિવાસી જાતિઓ પ્રમાણે કેળવણીનો દર ખૂબ જ ઓછો છે. નીચેનો કોઠો એ સ્પષ્ટ કરશે :

| આદિવાસી જાતિ | સાક્ષરતાના ટકા |
|---|---|
| વારલી | ૩.૪ |
| કોંકણા | ૭.૮ |
| ધોડિયા | ૨૬.૨ |
| કોળી | ૨.૨ |
| નાયકા | ૮.૬ |
| બીજા | ૧૯.૭ |

ગરીબીના કારણો :

કેળવણી પણ ઓછી એનું કારણ કદાચ ગરીબી જ છે. ગરીબીના કારણો કેટલાંક સંશોધકોના મતે નીચે મુજબ છે.

(૧) કુટુંબો પાસે આર્થિક સાધનોની ઘણી કમી છે. જમીન ઊબડખાબડ અને અવિકસિત: ખડકાળ છે, પાણી ઊંડાં છે, ભૂમિ ક્ષરણ ખૂબ થાય છે. અને ખેતરો તદન નાનાં છે.

(૨) જંગલો નબળાં અને નિમ્ન સ્તરનાં છે, ને એમાં જ લગભગ ૬૨ % જેટલી વસ્તી રહે છે.

(૩) વિકાસને માટેનું સરકારી અને બિનસરકારી સંસ્થાકીય માળખું ઘણું જ અપૂરતું અને ક્યાંક અજુગતું પણ છે.

(૪) અને અહીંના જંગલો અને પહાડી ક્ષેત્રોમાં વસતા લોકો બીજા વિકાસશીલ સમૂહોથી ભૌતિક રીતે ઘણા દૂર છે.

આ પ્રદેશનો વિકાસ કરવો હોય તો ત્યાંનું સતત સંશોધન આવશ્યક છે : આવા પ્રદેશનો વિકાસ કરવો કેટલો વિકટ અને જટીલ છે, જેનો વિહંગમ દ્રષ્ટિએ ઝાંખું ચિત્ર દોરવાનો ઉપર પ્રયત્ન કર્યો છે. આટલા પછાત ક્ષેત્રનો વિકાસ કરવા માટે પ્રયત્નો થાય છે, છતાંયે સ્થિતિ તો ઉપર દર્શાવ્યા પ્રમાણે જ છે. હજીય અનેકવિધ અથાક પ્રયત્નો કરવા પડશે. ત્યારે જ લોકો ઊભા થશે. તો શું કરીશું ?

જે થયું છે તેનું પુનર્રાવર્તન કરીશું કે કરોડો રૂપિયા લગાવીશું તો સ્વાયંભૂ ક્ષેત્રનો વિકાસ થઇ જશે ? આ બધા વિચારણીય પ્રશ્નો છે.

કંઇ પણ ઊગી નીકળે એવું કરવું હોય તો અહીંના આદિવાસીઓની અર્થરચના અને સંસાધનો, અર્થતંત્ર, સમાજ વ્યવસ્થા, માનસ, કેળવણી અને વિકાસનો સતત ચાલતો, ઊંડો અને વૈજ્ઞાનિક અભ્યાસ આવશ્યક છે.

આમાં એ જાણવું જોઇએ કે અહીંની મૂળ આર્થિક સંરચના કેવા પ્રકારની છે અને એમાં કયાં કયાં સંસાધનો ઉપલબ્ધ છે. એમાં જમીન અને જંગલ કેવો ભાગ ભજવે છે, આર્થિક વિકાસનાં પ્રતિરોધક બળો કયાં છે અને વિકાસોન્મુખ બળો કયાં છે. સમાજવ્યવસ્થામાં આદિવાસીઓ કોણ કોણ છે, એમની રહેણીકરણી, માનસિકતા, આશાઆકાંક્ષાઓ, ધાર્મિક માન્યતાઓ, લોકતત્વ, ઇતિહાસ કેવા પ્રકારનાં છે એનું સવિસ્તર આલેખન જરૂરી છે. અહ બિન આદિવાસી કોણ છે. એમની અને આદિવાસીઓ વચ્ચે કેવા પ્રકારના ઉત્પાદન સંબંધો છે, એ આંતર સંબંધોમાં શોષણમૂલક તત્વો છે ખરાં ? આ પણ જાણવું જોઇએ.

ધરમપુરનો કેળવણીનો ઇતિહાસ પણ લખાવો જોઇએ. કેળવણી કયાં, કેટલી, કેમ પ્રસરી છે / નથી, એમાં ક્ષતિ તથા સ્થગિતતા કેટલાં છે તે જોવું પડશે. વાલીઓનો બાળકોના શિક્ષણ પ્રત્યે કેટલો રસ છે ? રસ ન હોય તો એમાં આર્થિક, સામાજિક કારણો કયાં છે ? શિક્ષણનો કુલ સમાવેશ અને ભાર બદલવાની તો જરૂર નથી ? આ વિચારણીય મુદ્દાઓ છે. અમુક શાળાઓમાં તો ત્યાં શિક્ષકો ગેરહાજર જ રહે છે. અભ્યંતરનાં ક્ષેત્રોમાં આવનજાવનની સગવડ વિનાનાં ગામડામાં એઓ જતા નથી. તો ભણાવતા શું હશે ? શિક્ષકોની ભૂમિકાનો પણ અભ્યાસ કરવો પડશે.

આ તો ઔપચારિક શિક્ષણ થયું અનૌપચારિક તથા પ્રૌઢ શિક્ષણ વિષે ઊંડાણથી તપાસ કરવી જોઇએ. આજે વ્યક્તિ બદલાશે તો સમાજ જલદી બદલાશે. એમનું પોતાનું સંપ્રેષણ માધ્યમ કેટલું શસશક્ત છે ? લોકગીતો, લોકવાર્તાઓ, બોલીઓને આ સંદર્ભમાં મૂલવવાં જોઇએ.

આ બધું જોતાં વિકાસ ઉત્પ્રેરક અને અવરોધક બળોનો ખ્યાલ આવશે. એ ખ્યાલ આવશે તો વિકાસની કોઇ નક્કર યોજના બનાવી શકાશે. સંશોધનનું આ કામ ચાર વર્ષનું તો છે જ. પાંચમે વર્ષે યોજના બનાવીને કાર્યાન્વિત કરી શકાય. આવી યોજના કાર્ય-સંશોધન સ્વરૂપ ચલાવવી જોઇએ. એને જાતે ચલાવી શકાય / ચલાવવામાં મદદ કરી શકાય.

ઉપરોક્ત પંચવર્ષીય કાર્યક્રમ નીચે પ્રમાણે સંક્ષેપમાં મૂકી શકાય :

## પહેલું વર્ષ

### આર્થિક સર્વેક્ષણ

ધરમપુરનો આર્થિક સર્વે- ભૌગોલિક વિસ્તારવાર. સંશોધનોનું ગ્રંથીકરણ. ઉપઉદ્યોગોની તપાસ, ગરીબીની ગતિશીલતા.

આવક, જાવક અને દેવું. બજાર અને હાટ. જંગલ, જમીન, ઉદ્યોગો, નિયોજન, શોષણ. ગરીબીમાંથી મુક્ત થયેલ સમાજ.

## બીજું વર્ષ

### સામાજિક સર્વેક્ષણ

મુખ્ય જનજાતિઓ- બિન આદિવાસીઓના જીવનમાં દ્રષ્ટિ-સમાજ અને અર્થરચના-ધર્મ સહગામિતા સમાજોની-શોષણમૂલક તત્વો.

## ત્રીજું વર્ષ

### શૈક્ષણિક અને લોકતાત્વિક સર્વેક્ષણ

ઉપર પ્રમાણે બધાં જ પાસાઓ ઊંડાણથી અભ્યાસ.

## ચોથું વર્ષ

### વિકાસ અને વિકાસાભિમુખતાનું સર્વેક્ષણ

આમાં થયેલ વિકાસનું મૂલ્યાંકન થશે. સરકારી અને બિન સરકારી અભિગમોની તપાસ થશે. આદિવાસી વિકાસ વિષે કેવો ઝોક દાખવે છે તે તથા તેમાં ઉદ્દીપક અને અવરોધક બળોની તપાસ થશે.

એમની પોતાની સંસ્થાઓ, ચળવળો, રાજનૈતિક ચેતના આદિને પણ આવરી લેવામાં આવશે.

## પાંચમું વર્ષ

### ધરમપુર વિકાસને માર્ગે : યોજના અને કાર્યાન્વિયન

ઉપરના અભ્યાસો ઉપરથી વિકાસ કાર્યક્રમ બનાવી, ચર્ચી, કાર્યાન્વિત કરાશે.

. . .

૧૧-૧૨ જાન્યુઆરી, ૧૯૮૧

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ ૩૮૦ ૦૧૪

ધરમપુર તાલુકાના વિકાસ- કાર્યક્રમ વિષયક કાર્યગોષ્ઠી : તા.૧૧, ૧૨ જાન્યુઆરી ૧૯૮૧

## ધરમપુર તાલુકો : વિકાસ પ્રયાસો ઉપર એક દ્રષ્ટિપાત

- ડૉ. ઠાકોરભાઇ નાયક

છેલ્લા ત્રણ દાયકાથી આયોજિત વિકાસ દ્વારા ધરમપુર તાલુકામાં વસતા આદિવાસીઓનું જીવન સ્તર ઊંચુ લાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. તેમ છતાં આ તાલુકાના આદિવાસીઓ હજી પણ ગરીબાઇમાં સબડે છે. જુલાઇ ૧૯૭૬ માં ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદે કરેલા ધરમપુર તાલુકાના અભ્યાસમાં પણ જણાયું હતું કે સર્વેક્ષણ કરેલા કુલ કુટુંબોમાંથી ૮૨.૧ % કુટુંબો ગરીબાઇની રેખા નીચે જીવતા હતા. તેમની માથાદીઠ માસિક આવક રૂ. ૬૦/- કરતાં પણ ઓછી હતી.[1] આ અભ્યાસે બતાવ્યું હતું કે 'ધરમપુર તાલુકામાં દારૂણ ગરીબાઇ પ્રવર્તે છે.' આ તાલુકાનો અમારા સંશોધન અભ્યાસો પણ આ વાતની પુષ્ટિ કરે છે. આ તાલુકામાં વસતા આદિવાસીઓની ગરીબાઇનાં કેટલાંક લક્ષણો નીચેનાં કારણોમાંથી છતાં થાય છે : ૧. બેરોજગારી ૨. યોજનાઓનો લાભ લેવાનું નીચુ સ્તર ૩. બૃહદ સમાજનો આ ક્ષેત્રના વિકાસમાં ઓછો રસ ૪. અસહાયપણાની લાગણી ૫. પોતાની કાર્યક્ષમતા નીચી છે એવી લાગણી ૬. આકાંક્ષાઓનો અભાવ. આ આદિવાસીઓને ભૌતિક લાભો ઓછા મળ્યા છે જયારે તેમની પડોશમાં વસતા અન્ય સમાજના લોકોનો દરેક ક્ષેત્રમાં વિકાસ થયેલો જોવા મળે છે. આ લોકો વિકાસની પ્રક્રિયામાં છેક તળીએ બેઠેલા છે. સ્થિતિની વિચિત્રતા તો એ છે કે તેઓ આ બધી બાબતોથી સભાન અને સંપૂર્ણપણે જાણે છે કે યોજનાઓનો લાભ તેમને છેલ્લો જ અને સૌથી ઓછી માત્રામાં મળશે. સામાન્ય લોકોના મને આદિવાસીઓ કદી સુધરે નહીં તેવો જંગલી, અબુધ, અસભ્ય અને કાયમ માટે પછાત રહેવાને લાયક છે.

આ તાલુકામાં આદિવાસીઓના વિકાસના કાર્ય કરતા લોકોનો પણ આવો જ ખ્યાલ હશે. જેમને માટે વિકાસના કામ કરવાનાં છે તેવા પ્રત્યે આ પ્રકારનું વલણ એ ખરેખર દુઃખદ છે. તેમની સંસ્કૃતિને સમજયા વગર તેમના માટેના આયોજિત આર્થિક વિકાસ અને ગરીબી દૂર કરવાના પ્રયત્નો બરાબર થતા નથી. આને લીધે આ તાલુકામાં વસતા લોકોના પ્રશ્નો અને આકાંક્ષાઓ સમજયા વિના જુદી જુદી સંસ્થાઓ તરફથી કરવામાં આવેલા આયોજન વિષયક પ્રયાસો નિષ્ફળ નિવડયા છે. આપણે ટૂંકાણમાં આ તાલુકાના વિકાસ માટે નિષ્ણાતોના એક જૂથે તૈયાર કરેલ યોજનાના મુસદ્દાની ચર્ચા કરીશું.[2]

આ તાલુકામાં આદિવાસીઓમાં પ્રવર્તતી ગંભીર ગરીબી માટે આ જૂથે નીચેનાં પરિબળોને મહત્વનાં ગણ્યાં છે :

૧. વ્યક્તિગત કુટુંબો પાસે સાધનોનો અભાવ, ખડકાળ, પથરાળ અને ધોવાણવાળી જમીન.
૨. આછો અને હલકો જંગલનો વિસ્તાર જે કુલ જમીનના ૪૩ ટકાને રોકે છે. જ્યાંર ૬૨ ટકા વસ્તી રહે છે.
૩. અપૂર્ણ અને કેટલીકવાર અનુચિત સરકારી અને બિન સરકારી વિકાસના પ્રયત્નો.
૪. આવા ડુંગર વિસ્તારમાં વસતા લોકોની ભૌતિક અલગતા.

અભ્યાસ વધુમાં જણાવે છે કે આ બધાં પાસાંઓને કારણે ધરમપુર તાલુકામાં વસતા આદિવાસીઓની આર્થિક પ્રવૃત્તિ રૂંધાય છે.

ઉપરોક્ત પાસાંઓને જવાબદાર ગણીને નિષ્ણાત જૂથે આ તાલુકા માટે નીચેના વિકાસના મુખ્ય કાર્યક્રમોનો સમાવેશ કરી, એક યોજનાનો મુસદ્દો તૈયાર કર્યો હતો. :

૧. ભૌતિક અનુ ખેતી વિષયક પાયાની સગવડો (
૨. ખેતી અને પશુપાલન
૩. જંગલ
૪. જંગલ પેદાર પર આધારિત ગૃહોદ્યોગો
૫. આરોગ્ય અને શિક્ષણ

ઉપરના ક્ષેત્રોના વિકાસ માટે વિકાસનાં આ કાર્યક્રમો સૂચવ્યા છે પરંતુ આ વિકાસના કાર્યક્રમમાં કોઇ દ્રષ્ટિપાત કરે તો જણાશે કે આ એક વ્યવસાયિક જૂથે પોતાના ગ્રાહકો માટે સૂચવેલા કાર્યક્રમો છે. જ્યારથી ધરમપુર તાલુકાને વિવિધલક્ષી વિકાસ ઘટકમાં ફેરવવામાં આવ્યો હતો ત્યારથી જ આ બધા વિકાસ કાર્યક્રમોથી આપણ પરિચિત છીએ. આ જૂથે સૂચવેલ વિકાસ કાર્યક્રમો જોતાં કંઇ નવું નથી જણાતું. આદિવાસીઓ માટે તૈયાર કરવામાં આવેલ આદિવાસી વિસ્તાર પેટા યોજના હેઠળની યોજનાઓમાં પણ એક યા બીજી રીતે આ વિકાસ કાર્યક્રમોનો સમાવેશ થાય છે.!? સાચી હકીકત તો એ છે કે અગાઉના આ બધા કાર્યક્રમો આદિવાસીઓને સ્વીકાર્ય ન હતા. અને તેનો યોગ્ય રીતે અમલ થઇ શકયો ન હતો. તો તે માટે કયું કારણ હતું ? જો કોઇ તેનો યોગ્ય ઉકેલ શોધી કાઢે તો વિકાસ કાર્યક્રમો માટેની વ્યૂહરચના માટેના આપણા પ્રયત્નો સાચા માર્ગે વળશે.

સૂચિત કાર્યક્રમ ઘડનારાઓએ લોકોના પ્રશ્નોને અને આકાંક્ષાઓને ધ્યાનમાં લીધાં નથી. તેથી આ બધા કાર્યક્રમોનો સારી રીતે અમલ થઇ શકયો નથી. બીજા શબ્દોમાં કહીએ તો તેમને માટેની કોઇ પણ યોજનાનો અમલ કરતાં પહેલાં તેમનાં સાંસ્કૃતિક પાસાંઓને ધ્યાનમાં લેતાં જોઇએ. આયોજકો પોતે ચઢિયાતા હોય એ રીતે દરેક યોજનાએ ઉપરથી ઠોકી બેસાડે છે. અને ગરીબ આદિવાસીઓને યોજનાને અનુકૂળ થવા માટેનો પ્રયાસ કરવો પડે છે. જ્યારે આયોજકોની કોઇ પણ યોજના નિષ્ફળ જાય છે ત્યારે, તેઓ તે નિષ્ફળતાને આદિવાસીની ભૂલ ગણાવે છે. ખરેખર તો અ.

નિષ્ફળતા એમની આદિવાસી સમાજની સંરચના અને ગતિશિલતાની અજ્ઞાનતાને લીધે જ પરિણમે છે. આયોજકોની અને વિકાસ યોજનાઓની આ સાર્વત્રિક વર્તણૂક હોય છે. ઉપર જણાવેલ હકીકત આ આયોજન માટેના કરેલા પ્રયાસમાં અને તેવા જાતના બીજા પ્રયાસોમાં જેમ કે 'વલસાડના જંગલોની ઘનિષ્ઠ વ્યવસ્થા'માં પણ જોવા મળે છે.[3]

અમે આ વસ્તુનો સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરવા માગીએ છીએ. કારણ કે આ પ્રકારના આયોજકો માટે આયોજનના કાર્યક્રમો ઘડે છે તેમના વિષે સતત સભાન,સજાગ રહેવા ઇચ્છતા નથી, રહી શકતા નથી.

ધરમપુર તાલુકાના વિકાસ કાર્યક્રમ વિશે એક સરળ અને સ્પષ્ટ ચિત્ર જોવા મળે છે કે લોકોની ઇચ્છાની અગ્રિમતાને મહત્વ આપવામાં આવ્યું નથી. તેમના સાંસ્કૃતિક જીવનના સંદર્ભમાં તેમની આકાંક્ષાઓ નિહાળીએ તો નિષ્ણાત જૂથે કરેલ સંશોધનનું મૂલ્ય ઘણું જ ઓછું છે. આથી તેમના વિકાસ કાર્યક્રમો માટે લોકોને સહભાગી બનાવવાનું કામ ઘણું અગત્યનું બની જાય છે. આયોજકો એ તેમના માટે ઘડેલ વિકાસ કાર્યક્રમો તેમને અનુરૂપ છે તે માટેના ઘણાં પાસાંઓ જેમ કે તેમનું સાદુ જીવન, સામાજિક મૂલ્યો અને બહારના જગત (સમાજ) સાથેની તેમનો સંબંધ વગેરે હકીકતોને વિસરી ગયા છે. આ બિન-આર્થિક પરિબળોનું તેમના વિકાસ કાર્યક્રમો માટે ઘણુંજ મહત્વ છે. અ વિકાસ કાર્યક્રમો ઘડવામાં તેમનો ઇતિહાસ, આર્થિક-સામાજિક માળખું, મૂલ્યો વગેરે જોવા જોઇએ જો માત્ર આપણે આર્થિક પરિબળો ઉપર જ ભાર મૂકતા રહીશું તો ધરમપુર તાલુકાના બહુ વિવિધલક્ષી વિકાસ ઘટકો હેઠળ જે યોજનાએ અમલમાં આવી હતી, તેનાં જે પરિણામો આવ્યાં હતાં તેવાં જ આવશે. કાર્યનાં લક્ષ્યો વધારે દેખાશે પરંતુ તાલુકામાં વસતા લોકોની ગરીબાઇ દૂર કરવામાં તેની અસર નહિવત્ હશે. અને આપણ ઉપર જોઇ ગયા તેમ તાલુકાના મોટા ભાગના લોકો ગરીબીના ખપ્પરમાં જીવન હોમતા જ રહેશે.

આપણા અને આદિવાસીઓના જીવન વચ્ચેનો ભેદ જયાં સુધી સારી રીતે સમજી શકીએ નહીં ત્યાં સુધી આયોજકો તેમની આકાંક્ષાઓને અને તેમના મૂલ્યોને યોગ્ય રીતે પિછાણી શકશે નહીં, અને આદિવાસીઓ માટેનો કોઇ કાર્યક્રમ આયોજકના પોતાના હિતજૂથને ઉપયોગી થઇ પડશે. તેવાજ કાર્યક્રમો રચવામાં આવશે અને તેના ઉપર જ ભાર મૂકાશે. સંબંધિત સમાજની સમગ્રતાને કોઇ ધ્યાનમાં નહીં લે.

આપણ અગાઉ જણાવી ગયા તેમ તેમના વિકાસ કાર્યક્રમની અગ્રિમતા માટે સહભાગી સંશોધન કરવું જરૂરી છે. જેમને માટે કાર્યક્રમો ઘડવામાં આવે છે તેમને સાંકળવા જોઇએ, અને તેને વિકાસ કાર્યક્રમોમાં સહભાગી બનાવવા જોઇએ. આ પ્રકારનું વલણ ઘણી સારી અસર ઉપજાવશે. અને આ જ ધરમપુર તાલુકાના લોકોની તથા સમયની માંગ છે. અને આ પ્રકારની જાણકારી સહભાગી સંશોધન દ્વારા હાસલ થઇ શકે.

તેમના માટે કોઇ પણ વિકાસ કાર્યક્રમો કરવામાં આવે તે પહેલાં આપણે તે સમાજ પ્રત્યે સમભાવ કે તાદાત્મ્યભાવ કેળવવો જોઇએ. અને તેમના મૂલ્યોને ધ્યાનમાં લેવાં જોઇએ. આ થતું નથી તેથી તેમના માટેના કાર્યો મુશ્કેલ બને છે. આ લોકો માટેનો આયોજિત વિકાસ કાર્યક્રમો દયનીય જ દેખાય છે.

સારસ્વત ક્ષેત્રની આવી દયનીયતામાંથી નીકળવું હોય તો સંશોધન અને તદાધારિત વિકાસ કાર્યક્રમો વિષે આપણું ચિંતન તદ્દન બદલી નાખવાની જરૂર છે. સમાજમાનવશાસ્ત્રોમાં થયેલી અનેક શોધો ઉપરથી હવે એ ફલિત થયું છે કે (૧) દરેક લઘુ સમાજને પોતાની આગવી સંરચના હોય છે અને તે પ્રમાણે જ એનું વર્તન ઘડાય છે. (૨) લઘુ સમાજ આપણે ધારીએ છીએ તેટલો સ્થિર, અગતિશીલ નથી. એની હલચલો, એમાં આવતાં તોફાનો, રોજ રોજ થતી ગરબડો આપણે સમજવી જ જોઇએ. જમીન જેમ આદિવાસીઓને પ્રાણપ્રશ્ન, આપણે એની જમીન પ્રત્યેની લાગણી અને એના વિષે થતા બહારના લોકોના નાના નાના પણ એમને માટે તો ઘણા દુ:ખકારક કાવાદાવા કેવા હોય છે એ ન જાણીએ તો, ન સમજી શકીએ. (૩) લઘુ સમાજ બૃહદ સમાજનો જ એક ભાગ છે અને એની અસર લઘુ સમાજ ઉપર ખૂબ થાય છે. લઘુ અને બૃહદ સમાજનું સાતત્ય અને એના સંઘર્ષ બિંદુઓ પણ જાણવાં જોઇએ જ.

એનો અર્થ એ થયો કે આદિવાસી સમાજ માટેના આયોજનકારે ગામડામાં બેસી જવું જોઇએ. તેની ભાષામાં અને તેની જ શબ્દાવલિમાં બોલવું જોઇએ. આયોજન એમને માટે અને તે અંગ્રેજીમાં એ કેમ બને ? એની સાથે જ રહેવું, એની સાથે જ ઉઠવું-બેસવું. આદિવાસીઓ સાથે ખૂબ ખૂબ તાદાત્મ્ય થાય તો જ એમના વિષેનું આયોજન થાય. (૫) એમના વિકાસ માટે હાલ સુસ્ત તો ઘણા પૈસાની પણ જરૂર નથી. જ્યાં પૈસા આવી જાય છે ત્યાં વિકાસ પૈસાના ખર્ચથી જ મપાય છે. વિકાસ અને પૈસાખર્ચ બે જુદી જુદી વસ્તુ છે. એટલે આ સમાજનાં તદ્દન નબળાં પાસાંઓને જ સ્પર્શી લેવાની જરૂર છે. એમનો વિકાસ તો ગ્રામલક્ષી જ હોવો જોઇએ અને તેય છેક છેલ્લામાં છેલ્લા જે આદિવાસી હોય તેનો. (૬) એક વ્યક્તિ કંઇ ન કરી શકે એટલે આપણે આખી 'કેડર' ઊભી કરવી જોઇએ. જે સંશોધન કરે, યોજના બનાવે તે જ કાર્યાન્વિત પણ કરે. (એને ઉપર સુધી સંકલિત કરવાનાં પગલાં લેવાં પડે.) આપણે તો ધરમપુર માટે અઢળ ભિયા દાકતરો પણ કેટલા જોઇએ ? નવનીતભાઇ ભાઇ જેવા કેટલા ! તો જ આ સમાજ માટે કંઇ થઇ શકશે.

(૭) સંશોધનની આપણી ફિલસૂફી પણ બદલવી જોઇએ. છેક ધંધાદારી સંશોધન તો સંશોધકને જ ફાયદો કરે. ને તે ખૂબ યાંત્રિક પણ બની જાય છે. તેને તો કોને માટે, શા માટે સંશોધન થાય છે તેની નિસ્બત જ રહેતી નથી. આવું આજના સમયમાં જ ન જ ચલાવી લેવાય. સંશોધન તો વિકાસ માટે જ હોય. નાનકડો લેખ કે આપવીતીનું એક પ્રકરણ કે ગામનું એક શબ્દચિત્ર કે આદિવાસી દર્દની કથની આ બધું જ સંશોધનમાં ગણાવું જોઇએ. આ બધાથી કંઇક તો આગળ ચલાય છે.

(૮) સંશોધન જો વિકાસ માટે હોય અને ઉપર કહ્યું તેમ સંશોધક જો આદિવાસીમાં જ બેસીને આ બધાં કામો કરવાનો હોય તો સંશોધકની પોતાની પણ એક જીવનની ફીલસુફી બની જ જવી જોઈએ. તદ્દન સાદું જીવન, અપરિગ્રહ, ઠેઠ સ્વદેશીનો વપરાશ, કોઈ પણ જાતની નિજને ઉપર ઉઠાવવાની વૃત્તિનો લોપ:આ બધું ન આવે ત્યાં સુધી સંશોધક વૈજ્ઞાનિકોની કેડર તૈયાર ન થાય. આપણે આ વિષે ગંભીરતાથી વિચારવું જ રહ્યું છે.

આદિવાસીઓને ગરીબાઈ અને દયાજનક સ્થિતિમાંથી બહાર લાવવાના સતત પ્રયાસો કરવા પડશે એ પણ એક હકીકત છે. તો જ આપણે તેમને માટે કરેલ સહભાગી સંશોધન ઉપકારક નિવડશે. આ તાલુકાના લોકોમાં જાગૃતિ આવે અને વધે એ માટે પ્રયત્ન કરવાના છે. જાગૃતિના પ્રયત્નોથી એ પોતાની ખરેખરી સ્થિતિથી સભાન બનશે અને આવી પરિસ્થિતિને પહોંચી વળવા સહપ્રયત્ન કરશે. છેલ્લે તો એક જ વાત નિષ્પન્ન થાય છે કે ગાંધીજીએ જે માર્ગ બતાવ્યો હતો તે જ ઉચિત છે.


સંદર્ભસૂચિ અને નોંધ

૧. વી.એસ.વ્યાસ, ટી.કે.મૌલિક, બી.એમ. દેસાઈ, રણજીત ગુપ્તા
"રૂરલ ડેવલપમેન્ટ ફોર રૂરલ પુઅર ધરમપુર પ્રજેક્ટ, ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ-૧૯૭૬

૨. ઉપર પ્રમાણે

૩. ગુજરાત સ્ટેટ ફોરેસ્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ.
પ્રોજેક્ટ પ્રોફાઇલ ઇનટેન્સીવ મેનેજમેન્ટ ઓફ વલસાડ પ્રોજેક્ટ.

૪. એસ. દેવદાસ પિલ્લાઈ
"'રાજા એન્ડ પ્રજા', બોમ્બે-૧૯૭૬. આ પુસ્તકમાં પણ અભિગમ ઉપર જેવો જ છે.


૫. આ લેખ તૈયાર કરવામાં કેન્દ્રના સંશોધન અધિકારી સર્વ શ્રી રાસ બિહારી લાલ અને શ્રી મુસ્તાઅલી મસવીએ મદદ કરી છે. આપણી ચીલાચાલુ યુનિવર્સિટીઓમાં શિક્ષિત થયેલ આપણા સંશોધકો પોતાની વિદ્યાશાખાના અભિગમ અને ભાષાની ઉપરવટ જઈ સમયાનુકુલ નવું વિચારી શકે, એ માટે આ ભાઈઓ તથા મારા બીજા સહકાર્યકરો પ્રયત્નશીલ છે.

. . .

ધરમપુર તાલુકાના વિકાસ-કાર્યક્રમ વિષયક
કાર્યગોષ્ઠી
૧૧-૧૨ જાન્યુઆરી, ૧૯૮૧

## ધરમપુરનાં એક આદિવાસી ગામના એક બિનઆદિવાસી જમીન અપહરણકારના કિસ્સા અભ્યાસનાં કેટલાંક પાસાં

- ડૉ. સિધ્ધરાજ સુ. સોલંકી

આ નોંધ સંશોધકે, કેન્દ્રના એક અન્ય સંશોધન કાર્ય નિમિત્તે ૧૯૭૪ની અધવચમાં યોજાયેલા સંશોધન પ્રવાસ દરમિયાન ધરમપુર તાલુકાના એક આદિવાસી ગામમા કુલ્લે બે ક્ષેત્ર કાર્ય પ્રવાસો દરમિયાન ગાળેલા દસેક દિવસોમાં, સંબંધિત ગામના વિવિધ માહિતી દર્શકો પાસેથી મેળવેલી વિગતો તેમજ સંબંધિત ગામના મહેસુલી હકકપત્રક પરથી કરેલા ઉતારા પર મહદંશે આધારિત છે. આ નોંધમાં સંબંધિત ગામનો "તપાસ હેઠળના ગામ" તરીકે અને સંબંધિત વર્ષનો તપાસ હેઠળના વર્ષ તરીકે નિર્દેશ કરવામાં આવ્યો છે. તપાસ હેઠળના વર્ષથી પાછલા દસ વર્ષમાં તપાસ હેઠળના ગામમાં આદિવાસીઓની જમીનનું અપહરણ થયું છે કે કેમ અને જો તે થયું હોય તો તે કઇ કઇ પદ્ધતિઓ દ્વારા થાય છે તેનો એક બિનઆદિવાસી જમીન અપહરણકારના માત્ર એક જ કિસ્સા અભ્યાસનાં કેટલાંક પાસાંઓને આધારે આંશિક ખ્યાલ મેળવવાનો પ્રયાસ થયો છે. આ કિસ્સા અભ્યાસમાં દ્દષ્ટિગોચર થતાં ઉદાહરણો અને તારતમ્યોના આધારે, આદિવાસીઓની જમીન અપહરણ પ્રતિબંધ વિષયક ધારાની કેટલીક છટકબારીઓ તરફ અંગુલિ નિર્દેશ કરવાનો પણ આ નોંધનો આશય છે.

તપાસ હેઠળનું ગામ તાલુકા મથકથી ૯ કિ.મી.ના અંતરે આવેલું છે. તાલુકા મથકથી તપાસ હેઠળના ગામે પહોંચવા માટે પાકા રસ્તે બસમાં જઇને, પાર નદી કિનારાના એક બસસ્ટેન્ડે ઉતરીને ચાલીને જઇ શકાય છે. ગામની ૧૯૭૧ ની વસ્તી ગણત્રી પ્રમાણે કુલ વસ્તી ૬૨૪ની હતી. ગામમાં સ્થાયી વસવાટીઓને જોઇએ તો બે મુસ્લિમ કુટુંબોને બાદ કરતા બાકીની સઘળી વસતિ (૬૧૩) આદિવાસીઅની છે. આદિવાસીઓમાં મુખ્યત્વે ઢોડિયા, કુનબી, વારલી, નાયક, આદિવાસીઓ છે. ઢોડિયા આ બધી આદિવાસીઓ જાતિઓમાં સમૃદ્ધ ગણાય છે. અને ગામમાંની મોટાભાગની જમીન તેઓ ધરાવે છે. ઢોડિયા પછીના ક્રમમાં વારલી અને નાયક આવે છે. વારલીઓ અને પડોશના ગામના કોલઘાઓ મહદંશે ખેતમજૂરી કરે છે. આ ગામ આ વિસ્તારમાંથી પસાર થતી પાર નદીને કિનારે આવેલું છે. પાર નદીને ગામ એક બીજો વહેળો મળે છે. તેથી સમગ્ર ગામ બેએક વિભાગોમાં વિભાજિત થાય છે. ગામમાં વનવૃક્ષોનું પ્રમાણ પણ સારું એવું છે. ગામના

મુખ્ય પાકો નાગલી અને ડાંગરના છે. ગામની કુલ જમીનનું ક્ષેત્રફળ ૭૮૯ એકર છે. જેમાંથી ૫૧૨ એકર બિનપિયતની અને ૧૮૧ એકર ખેડાણના ઉપયોગમાં ન લઇ શકાય તેવા ખરાબાની જમીન છે. ગામમાં ટેકરીઓ પર અને વહેળાઓમાં પણ સામાન્ય રીતે ખેતી કરવામાં આવે છે. ઢોડિયાઓ, પોતે ગામના સૌથી વધારે પ્રગતિશિલ ખેડૂત હોવાનો દાવો કરે છે, અને ત્યાંની પરિસ્થિતિ જોતાં કેટલેક અંશે તે સાચો હોવાનું પણ જણાય છે.

તપાસ હેઠળના ગામમાં ચાર ધોરણ સુધીની બે શિક્ષકોવાળી એક પ્રાથમિક શાળા છે. તેમાંની હાજરી મહદંશે અનિયમિત હોય છે. પડોશના એક ગામમાં માધ્યમિક શાળામાં ભણવા માટે ચારેક બાળકો તપાસ હેઠળનાં વર્ષમાં જતાં હતાં. ગામમાંથી તપાસ હેઠળના વર્ષ સુધી કોઇ શિક્ષક નહોતો થયો.

ગામના સત્તા માળખામાં ઢોડિયાઓ મહદંશે નિર્ણાયક ભાગ ભજવે છે. પોલીસ પટેલ મુખ્યત્વે ઢોડિયા જાતિમાંથી જ માહિતી દર્શકોની યાદ દાસ્ત હોય ત્યાં સુધીના ગાળામાં થયા છે. સરપંચ પદે અને તાલુકા પંચાયતના સભ્યપદે પણ ઢોડિયા જાતિમાંથી જ ગામની વ્યકિતઓ આવેલી. ગામની આ જાતિની કેટલીક વ્યકિતઓ ધારાસભ્ય સાથે તેમજ તાલુકા પંચાયતના પ્રમુખ સાથે સંબંધ ધરાવે છે. ગામમાં સામાન્ય રીતે ઢોડિયાઓ નિર્ણાયકસ્થાન પર હોવાથી, તેમની વચ્ચે કેટલાક પાસામાં ઉગ્ર સ્પર્ધા જોવા મળે છે. દા.ત. સરપંચ પદ, તેમજ પોલીસ પટેલ પદ માટે. તે જ રીતે, ગામમાંની ઢોરોમાં . રોગને કાઢવા માટેના ઉત્સવના દિને, આ પ્રદેશના મોટામાં મોટા તહેવાર વાઘ બારશની ઉજવણી નિમિત્તે જ્યારે મળે ત્યારે તેમની મુખ્ય વિધિનો ભારવાહક તેમજ તેમાં મહત્વનું સ્થાન ધરાવનાર સામાન્ય રીતે કોઇ ને કોઇ ઢોડિયા હોય છે.

ઢોડિયાઓ કેટલાક કિસ્સામાં કોર્ટમાં ગયા હોય તેવાં ઉદાહરણ પણ તપાસ હેઠળના ગામમાં મળેલા. કેટલાક ઢોડિયાઓને પોલીસ પટેલ, સરપંચ યા ગામ આગેવાન તરીકે નજીકમાં આવેલા એક મોટા ગામે કે જ્યાં તલાટી રહે છે ત્યાં અથવા તાલુકા મથકે અવારનવાર જવાનું થાય છે. તેથી કેટલાક આવા આગેવાનો, વારલી, નાયક વગેરે જાતિના લોકો કરતાં સરકારી અધિકારીઓ અને કોર્ટ વગેરેથી થોડા પરિચિત જણાય છે. કેટલીક અરજીઓ વગેરે કરાવવામાં આ આગેવાનોએ ભાગ ભજવ્યો હોવાનાં ઉદાહરણ મળેલા. તેમની અંદરોઅંદર સ્પર્ધા, ઇર્ષ્યા વગેરે હોવા છતાં કેટલીકવાર પ્રમાણમાં ગરીબનું શોષણ થતું હોય ત્યારે, સામા પક્ષનો સહારો

લઇને બહારના સત્તામાળખાનો આશ્રય લેવા સુધી તેઓ જઇ શકે છે.

તપાસ હેઠળના ગામમાં, તપાસ હેઠળના વર્ષથી બેએક દાયકા પહેલાં પૂરે પૂરી આદિવાસી વસતિ હતી. ગામમાં કોઇ વેપારી કે શાહુકાર નહોતો. પાર નદીના સામા કાંઠે આવેલા પડોશના ગામમાં એક મુસ્લિમ વેપારીની દુકાન હતી. આ દુકાનના ઘરાકો તપાસ હેઠળના ગામમાંથી પણ હતા. તપાસ હેઠળના ગામના ત્રણ-ચાર ચોપડી ભણેલા એક જુવાન આગેવાનને સાધીને આ વેપારીનાં પત્નીએ પોતાના ભાઇ તૈયબજીને<sup>X</sup> આ ગામમાં દુકાન કરવા માટે ગોઠવ્યો. આ વખતે તૈયબજીની ઉંમર વીસેક વર્ષની હશે. શરૂઆતમાં એણે શાળાના મકાનમાં જ આ દુકાન ચલાવેલી. તપાસ હેઠળના ગામમાં થોડા સંબંધો ઊભા થતાં તેણે ગામ આગેવાનો સમક્ષ, પડોશના એક વારલી ખેડૂતની જમીનમાં ઘર બાંધવા જેટલી જગ્યા મળે તો ઘર બાંધુ ને તલાટી આવીને માપીને આપે એટલે તેટલી જમીનનુંજે ભાડું ને કિંમત થશે તે આપીશ એમ કહેતા, ગામલોકોએ મળીને વારલીને સમજાવ્યો ને તેણે તેની જમીનમાં તેને ઘર બાંધવા દીધું. અને તેમાં દુકાન ચાલુ કરી.

દુકાનની કમાણીમાંથી તેણે ધીમે ધીમે આસપાસના લોકોની જમીન વેચાતી રાખવાની શરુઆત કરી. શરુઆતમાં એક મંગુ બિહારીની જમીન વેચાતી રાખી. ત્યારે બાદ ૧૯૫૮ ની આસપાસ, રાવજી મલાર વારલીની જમીન રાખેલી. રાવજી મલાર ની જમીનમાં ૬૦ થી ૭૦ મણ પાકે છે. અને તે બેએક એકરની આસપાસની ક્યારીની જમીન હતી. આ વેપારી તૈયબજીએ રાવજી મલારની દીકરીના લગ્ન પેટે રુપીયા દોઢસો આપેલા અને ત્યારબાદ જ્યારે ઘર બાંધવાનું હતું ત્યારે પણ રુા. દોઢસો આપેલા. આ પૈસા અપાયાને પાંચેક વર્ષ નીકળી જતા ગીરો રાખેલી જમીન રાવજી મલાર પોતાને વેચાતી આપે તે માટે તૈયબજી સમજાવી શકેલો અને તે માટે ૫૦ રુપીયા ઉપરથી આપ્યા અને આમ રુા. સાડી ત્રણસોમાં આ ક્યારીની બે એકર જમીન પડાવી લેવામાં આવી. ત્યારબાદ લાછીબેન ભીમા અને કાસુરામ એમ બે ભાભી દિયરની ભાગીદારીની જમીન હતી. તે જમીન ભાગીદારીમાં હોવાથી કાસુરામને તે જમીન વેચવા માટે સમજાવેલ અને તે રીતે કાસુ રામાને, તે લગભગ બે એકર જેટલી જમીન વેચતાં, તેમાં તાજુદ્દીને ધીરે ધીરે ઘર બાંધ્યું, કૂવો ખોદ્યો, કલમ નાખી, ઘંટી મૂકી.

---

X આ નોંધમાંના જમીન અપહરણકર્તાઓનાં નામો બદલવામાં આવ્યા છે.

લાછીબેન ભીમા અને કારસુ રામાની સંયુકત નામની જમીન મેળવ્યા પછી, કાસુ-રામાની જમીનના ત્રણ પ્લોટ (૧) એક એકર અને ૩૮ ગુંઠા (૨) એક એકર અને ૧૭ ગુંઠા અને (૩) ૧૭ ગુંઠા મેળવવા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું. કાસુ રામાને તૈયબજીએ સમજાવીને, ખાસ કરીને, દુષ્કાળના વર્ષોમાં ધાન્ય માટે ત્રણસો રુપીયા આપેલા, અને પાછળથી રુા. ચારસો આપવાનું કહેલ. જોકે તે તપાસના વર્ષ સુધી મળ્યા નહોતા. આ રીતે તે રુા. ૭૦૦ માં આ એક એકર અને ૧૮ ગુંઠાની જમીન લેવાયેલી. પાછળનો એક એકર અને ૧૭ ગુંઠાનો નંબર, અને ૦-૧૭ ગુંઠાનો નંબર પણ તેની સાથે સાથે જ રુા. સાડી ત્રણસોમાં કાસુરામાએ પોતાને વેચ્યા હોવાનો તૈયબજીનો દાવો હતો. જ્યારે કાસુ-રામાનું કહેવું એવું હતું કે પહેલો એક એકર અને ૩૮ ગુંઠાનો ટૂકડો મે વેચેલો પણ તે સિવાયના બાકીના બે ટૂકડાઓ, જે એક એકર અને ૧૭ ગુંઠાના અને ૦-૧૭ ગુંઠાના છે તે તો તૈયબજીને માત્ર ગીરો આપેલા. આ કંઇ મે તૈયબજીને વેચ્યા નથી. ૧૯૭૦ના અરસામાં આ સોદો થયેલો. આ ૦-૩૩ અને ૦-૧૭ વાળી જમીનને તેના મૂળ માલીક કાસુરામાએ તૈયબજીને ૧૯૭૦-૭૧ ના અરસામાં રુા. ૩૫૦ માં વેચી દીધા છે એવો દાખલો તૈયબજીએ ૧૯૭૦-૭૧ ના અરસામાં મેળવી લીધેલો. આ દાખલો મેળવ્યા પછી પણ બેએક વર્ષ સુધી તો તેણે કાસુ રામાને એમને એમ ખેતી કરવા દીધી. અને ત્યાર બાદ, સમજાવટથી, તેમાં થોડી આર્થિક જરૂરિયાત પોષીને મોંઢે ગીરો મેળવીને, પછી તો તે જમીન પોતાને જ નામે છે તેમ કહીને તૈયબજીએ કાસુ રામાની સાથે જ ઝઘડો ઉભો કર્યો. તૈયલજી અને કાસુરામાના આ ઝઘડામાં તૈયલજી વાવે તો કાસુરામા કાપે અને કાસુરામા વાવે તો તૈયબજી કાપે એવું બે-એક વરસ ચાલેલું. કાસુરામાનું ૧૯૭૩ના સપ્ટેમ્બર(ભાદરવામાં) અવસાન થતા તૈયબજીએ એના દિકરાઓને એ રીતે સમજાવ્યું કે એનો મૂળ માલીક તો મરી ગયો છે અને જમીન તો મારા નામેજ ચાલે છે એટલે એ સંજોગોમાં તમારું કઇ ચાલી શકવાનું નથી. એને બદલે ડાહયો થઇને હું તમને થોડા પૈસા ઉપરથી આપું છું તે તમે લઇ લો અને મને આ જમીન ખેડવા ધો. કાસુરામના દિકરાઓએ રુા. ત્રણસો લઇને, આ કેસની માંડવાળ કરતા ઉપરોકત જમીનના ત્રણે ટુકડાઓ ઉપર ૧૯૭૪-૭૫થી તૈયબજી પોતે પાક લે છે.

આ ઉપરાંત જમીન અપહરણકર્તા તૈયબજીએ ઘાસ માટે સાંથ પર, તપાસ હેઠળના ગામની પાસેના એક ડુંગરની લગોલગ આવેલો સાતેક એકરની જમીનનો ઘાસનો નંબર તપાસ હેઠળના વર્ષથી ત્રણેક વર્ષ પહેલાંથી સાંથ પર રાખેલો છે. આ પેટે દર વર્ષે તેના માલિક નાગજીને સૌથી સવાસો રુપિયાની આસપાસની રકમ ચૂકવાય છે. અને આ જમીનમાં થતા ઘાસના વેપારમાંથી જમીન અપહરણકર્તા લગભગ છથી સાત ગણી વિશેષ આવક મેળવે છે. તપાસ હેઠળના વર્ષમાં તેના મૂળ માલિકે આ જમીનનો ટૂકડો, જમીનના મૂળ માલિકને અપાતી રકમથી અઢીથી ત્રણ ગણી કિંમતના દરે પડોશના એક અન્ય ગામના ખેડૂતને આપવાનું વિચારેલું. જમીન અપહરણકર્તાને પોતાના કબજામાંથી આ જમીન જવાની ગંધ આવતા જ એણે થયેલા સોદા કરતા પણ ૫૦ રુા. વધુ આપવાની દરખાસ્ત મૂકી. મૂળ માલીકે, જેને આ જમીન આપવા

વિચારેલું તેની પાસેથી રૂા. ૩૪૫ ઉછીના લીધેલા તેથી આ પૈસા જો ભરી દેવાય તો આ જમીન જમીન અપહરણકર્તા તૈયબજીને આપવા સ્વીકારેલું. તૈયબજીએ બાકી નીકળતી રોકડ રકમ પેલા ખેડૂતને ચૂકતે કરીને પણ આ નંબર સાથમાં રાખ્યો છે. કેટલાક ગ્રામ આગેવાનોને, આ જમીન અપહરણકર્તા, અગાઉની જેમ જ કદાચ સદરહુ જમીન પણ ગણોતિયા તરીકે દાખલ થઇને તક આવ્યે પાણીપત્રકમાં નામ દાખલ કરાવીને હડપ કરી જશે એવી પૂરી દહેશત છે.

ભાણજી લખમા વારલી માત્ર દોઢેક એકરની એક સાલી પડતર જમીનમાં કમાતો હતો. તેની પાસે આ સિવાય બીજી કોઇ જમીન નહોતી. આ જમીન જમીન અપહરણકર્તા તૈયબજીએ પોતાના નામે કરાવી દીધેલા અને ધીમે . રહીને એક હકક હેઠળ આણી દીધેલા એક સરવે નંબરની લગોલગ હતી એટલે તલાટીને મળીને પાણી પત્રક પોતાના નામે કરાવી લઇને ભાણજી લખમાએ નાગલીનું વાવેતર કરેલું તેના જમીન અપહરણકર્તા તૈયબજીએ નાશ કરાવીને અમારા તપાસ હેઠળના વર્ષથી આગલા વર્ષમાં તરૂ વાવ્યું હતું. ફરીને બીજે વર્ષે ભાણજીએ નાગલીનું વાવેતર કર્યું તો તે ખેડૂને તૈયબજીએ અડદ વાવી દીધા હતા.

તપાસ હેઠળના ગામમાં અર્જુન રામજી ના નામ પર જે જમીન હતી તે જમીન ધાકલ રામજી (નાના ભાઇ), સંતુ દેવલા (ભત્રીજા) અને રઘુ અર્જુન અને બધાની સહિયારી હતી. તૈયબજીએ અર્જુનને હાથ પર લઇને તેને ફોસલાવીને દેવા પેટે રૂા. ૫ ૦૦/- આપીને આ જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લીધો. તપાસ હેઠળના વર્ષના આગલા વર્ષે ધાકલ રામજી, સંતુ દેવલા અને રઘુ અર્જુને ડાંગરનો રોપ કર્યો હતો. અને એ જમીનમાં તેઓ ખેતી કરતા આવ્યા હોવાથી તેમણે કલેકટર અને મામલતદારને તપાસ હેઠળના વર્ષમાં વાંધા અરજી કરી હતી. પણ તપાસ હેઠળના વર્ષમાં પ્રત્યક્ષ કબજો તૈયબજી પાસે ચાલી ગયો હતો. ત્યારબાદ આ જમીન ઉપર પોતાનો હક આગળ કરીને, પોલીસને બોલાવી ધાક ધમકીનો ઉપયોગ કરીને તપાસ હેઠળના વર્ષમાં તૈયબજીએ ડાંગર રોપી છે.

તપાસ હેઠળના ગામમાં માત્ર વીસ વર્ષ પહેલાં જ વ્યવસાયાર્થે આવેલ તૈયબજી નામે ચઢેલ સરવે નંબરોની કુલ સંખ્યા ૧૯ થાય છે. તેણે પોતાના ખાતે કરાવેલ જમીનનું પ્રમાણ લગભગ ૨૨ એકર જેટલું થવા જાય છે. અલબત્ત આ જમીનના ટુકડાઓનું કદ પ્રમાણમાં નાનું છે. તેમાંના ૧૦ જેટલા ટુકડાઓ એકરથી

નીચેના છે. ૪ ટુકડા એક એકરથી ૨ એકર વચ્ચેના છે જયારે બાકીના ૨ થી ૪ એકર વચ્ચેના છે. બહુ નાના અને સીમાંત આદિવાસી ખેડૂતોનાં અજ્ઞાનનો તૈયબજીએ પૂરો ગેરલાભ લીધો છે.

મુખ્ય જમીન અપહરણકર્તા તૈયબજીનો જમાઇ ખુરરમશાહ પણ અત્યારે તપાસ હેઠળના ગામમાં જ રહે છે. આ જમાઇને, તૈયબજીએ વીસેક વર્ષ પહેલાં ત્રણ વર્ષ માટે માત્ર રૂા. ૬૦ માં ગીરો પેટે મેળવેલી ૨ એકર જેટલી સમજુ ધર્મા વારલીની જમીન, તેમજ કાસુ રામા પાસેથી મેળવેલી એકેક એકર જમીન ભેટ આપી છે. મુખ્ય અપહરણકર્તાના આ જમાઇએ કાસુરામાની આ જમીનમાં પોતાનું ઘર પણ બાંધી દીધું છે. ભીલામીયા તૈયબજીના જમાઇ ખુરરમશાહના સગા મામા હોવાના નાતે, મુખ્ય જમીન અપહરણ કર્તા તૈયબજીના વેવાઇ થાય છે. તેમણે નેમલા મેરવાન નામના એક ઢોડિયા આદિવાસીની જમીન, તેનું અવસાન થતાં, શાન્તિ નેમલા નામના એક પુત્રને ફોસલાવીને, તેના બીજા ભાઇઓ તેમજ માને અજાણ રાખીને રૂા. સાડાસાત હજારમાં વેચાતી રાખી લીધી અને રૂા. ૫૦૦૦ ચૂકવીને કબજો મેળવી લીધો. નારણ નેમલા નામના શાન્તિ નેમલાના ભાઇ તેમજ બીજા ભાઇઓએ વાંધો ઉઠાવ્યો છે પણ જમીનનો પ્રત્યક્ષ કબજો ભીલામીયાએ મેળવી લીધો છે. એટલે નારણ નેમલાનું કંઇ ચાલતું નથી. ભીલામીયા અત્યારે આ જમીનમાં કયારીમાં ડાંગરની ખેતી કરે છે. અને જરાયતના નંબરમાં ૧૫૦૦૦ પૂળા જેટલું ઘાસ મેળવે છે.

ભિલામીયાએ આ ઉપરાંત સોમલા રડકા વારલીની જમીન પણ, ખાધાખોરાકી ને ખાણીપીણી દારુ વગેરેમાં તપાસ હેઠળના વર્ષથી ત્રણેક વર્ષ પહેલાં જ મેળવી લીધેલી છે અને તેમાં પણ ખેતી કરે છે.

મુખ્ય જમીન અપહરણકર્તા તૈયબજીનો મોટો ભાઇ કરીમખાન છે. તે તપાસ હેઠળના ગામની પડોશમાં આવેલા એક ગામે રહેતા તેના દુકાનદાર સાળાની ખેતી સંભાળતો હતો. ત્યાંથી મુખ્ય જમીન અપહરણકર્તા તૈયબજીના અહીં આવ્યા પછી દસેક વર્ષે તે પણ અહીં આવ્યો અને એક વિધવા વારલણની જમીન પોતે રાખી. ત્યાર બાદ રાવજી મલાર નામના બીજા એક વારલીની જમીન પણ રાખી. ત્યાં સુધી પડોશના ગામથી જ તપાસ હેઠળના ગામમાં આવીને ખેતી કરતો. ત્યારબાદ દસમા ફાકડ નામના એક ત્રીજા વારલીની ચારેક એકર જમીન, તેને ખાધા ખોરાકીના ને દારુ વગેરેના પૈસા આપીને તેમાં મેળવી. અને તેને પોતાના ચાકર તરીકે રાખ્યો છે. ૧૯૭૧-૭૨ માં આ જમીન રાખ્યા પછી ૧૯૭૪ ની સાલમાં કરીમખાને પોતાનું

છાપરું પણ બાંધી બાંધી દીધું છે. અને હવે કુટુંબ સાથે અહીં રહે છે. આ ઉપરાંત ચારેક વર્ષ પહેલા લાછીબેન . દીકરી ચમરુબેનની જમીન વેચાણમાં લઇને તેમાં કુવો કર્યો છે અને કલમ નાખી છે.

અહમદ મુખ્ય જમીન અપહરણકાર તૈયબજીના જમાઇ ખુરરમશાહના સગા મોટાભાઇ થાય. તે અહમદના મોટાભાઇ શહાબુદ્દીનના સાસરામાં મીયાા તપાસ હેઠળના ગામના પાડોશના ગામમાં ત્રીસેક વર્ષ પહેલા આવેલ. તેમણે તપાસ હેઠળના ગામના સરપંચ બાબર દાજી, તાલુકા પંચાયતમાં સરકારી ગ્રાન્ટની રૂા. ૯૦૦ ની વસુલાત ન ભરી શકતા, તે ભરવાની શરતે, રૂા. ૧૨૦૦ માં ૧૯૬૨-૬૩ ના અરસામાં બાબર દાજીની જમીન રાખેલી. અહમદ પોતે જમીન ખાતેદાર નહોતા એટલે આ જમીન તેના મોટાભાઇ શહાબુદ્દીનના નામે કરવામાં આવી. બાબરદાજીને તાલુકા પંચાયતમાંનું સરકારી લેણું ભરાય તેટલી જ જમીન વેચવાની ઇચ્છા હતી પણઅહમદ મીયાએ તક પારખીને જો સમગ્ર જમીન જો તે પોતાને વેચે તો જ તે ખરીદવાની તૈયારી બતાવતાં બારે બાર એકરનો સમગ્ર પ્લોટ અહમદ મીયાને વેચાઇ ગયો.

અહમદમીયાએ આ સળંગ ૧૨ એકરનો ટુકડો મેળવ્યા પછી આ જમીનના ટુકડાને અડીને આવેલા બીજા કેટલાક ટુકડાઓ હડપ કરવામાં પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. અહમદમીયાંના આ ટુકડાને અડીને . નાગજી રડકા વારલીનો લગભગ ૦-૨૦ એકરનો એક ટુકડો આવેલો છે. આ ટુકડો પોતાની જમીનનો લગોલગ હોવાથી પહેલા તો તેણે તક જોઇને બાણ અને પત્થર કાઢી નાખ્યા અને ત્યારબાદ એકી સાથે પચ્ચીસેક મજૂરો બોલાવીને પોતાની જમીનમાંથી ખોદાણકામ કરાવતા કરાવતા નાગજી રડકાની, આ જમીનમાં પણ સળંગ ખોદાણકામ ચાલુ કર્યું. આ રીતે ખોદાણકામ ચાલતું જોઇને નાગજી રડકાએ તેનો વિરોધ કર્યો અનેગામ લોકોને બોલાવીને તેનો ન્યાય કરવા કહ્યું. પંચમા તપાસ હેઠળના ગામના પોલીસ પટેલ તેમજ બીજા કેટલાક આદિવાસી આગેવાનોનો સમાવેશ થતો હતો. તેમણે સ્થળ પર જઇને જોઇને પછી અસરફને કહ્યું કે આ જમીન નાગજી રડકાની છે અને તેમાં તમે ખોદાણકામ કરાવો છો તે બરાબર નથી. અહમદે તેના જવાબમાં સામેથી એમ કહ્યું કે આ જમીન મારા પોતાના હસ્તક છે. એવો મારો કાચો અંદાજ છે. અત્યારે હું મારી પોતાની જમીનમાં ખોદાણકામ કરાવી રહેલ છું એટલે તેની સાથે સાથે આ ખોદાણકામ પતી જાય એ જરૂરી છે. જો આ જમીન મારા પોતાના ભાગમાં નહી નીકળે તો તેહું છોડી દઇશ. એના પર કોઇ રીતે કબજો નહીં જમાવું અને એના ખર્ચના પૈસા પણ નહી લઉં' ગામલોકોએ તેના વચન પર વિશ્વાસ મૂકયો ને તેણે ખોદાણકામ ચાલુ રાખ્યું ને બીજી બાજુ

સર્વેયરને જલાલપોર- નવસારી અરજી કરવામાં આવી. સર્વેયરની માપણીમાં આ ટૂકડો નાગજીનો નીકળ્યો એટલે શરૂઆતમાં તો વાત થયા મુજબ અહમદે આ ટૂકડો છોડી દેવો પડયો. આ સાથે જ આ જમીનમાં આવેલું મોટું કંજરીનું ઝાડ અહમદે કપાવી નાખેલું તેના લાકડા પણ છોડી દેવા પડેલા. નાગજીએ આ લાકડા કપાવીને આ જમીનમાં જ ગોઠવી રાખેલા. હવે ચોમાસામાં ભારે વરસાદ થતાં આ લાકડા તણાઇને અહમદની જમીનમાં આવ્યા. આ લાકડા અહમદે મૂળ કપાવેલા હોવાથી અને તે જમીન ઝાડ નાગજીના નકકી થતાં છોડી દેવા પડેલા હોવાથી, અહમદની સામે રહેતા અહમદના મામા ભીલામીયાને તે પોતાના હોવાથી તે હવે મળશે નહીં એમ નાગજીને જયારે આ લાકડા લેવા અસરફના ખેતરમાં ગયો ત્યારે કહ્યું અને તેમાંથી નાગજી અને ભીલામીયાને સખત ઝઘડો થયો ને આ ઝઘડામાં નાગજીએ ભીલામીયાને પથ્થર માર્યો : જે માથામાં સખત રીતે વાગતા ભીલામીયા પટકાઇ પડયો. અને તેણે ચીસ પાડતા ભીલામીયાનો પુત્ર રુસ્તમ અને તેના પત્ની વગેરે દોડી આવ્યા. જેથી નાગજી નાસી ગયો અને બીજા એક ઢોડિયા આગેવાનના ઘરમાં જઇને સંતાઇ ગયો. આ બાજુ અહમદ ભીલામીયા અને બીજા તેના ચારેક સગાઓ, લાકડીઓ, ધારિયા, વગેરે લઇને, પોલીસ પટેલને સાથે રાખીને નાગજીને બેટરી લઇને રાત્રે શોધવા નીકળ્યા. અસરફે તે વખતે ગુસ્સામાં કહેલું કે "મામા ભીલામીયા જેલમાં જાય તેનો વાંધો નહીં તેમને છોડાવનાર હું બેઠો છું. નાગજી આજે જો મળે તો તેના ટૂકડે ટૂકડા કરી નાખું" બીજે દિવસે બન્ને પક્ષે સામસામા ફોજદારી કેસો કરવામાં આવ્યા.

અહમદે તેની જમીનની દક્ષિણ દિશાનો ટૂકડો મેળવવામાં કામચલાઉ સફળતા ન મળતા ઉત્તર દિશાનો નાગજીનો બીજો લગભગ આજ કદનો ટૂકડો મેળવવા કોશીશ કરી. તેણે પોતાની જમીનની ઉત્તર દીશાની વાડ આગળ વધારી અને તેમાં નાગજીની અડધા એકર ઉપરાંતની જમીન એકાએક આવરી લીધી. નાગજીએ તેનો વિરોધ કરતા, અહમદે તે ગણકાર્યો નહીં અને એ જમીન પોતાને જ હસ્તક આવે છે તેમ કહેવાનું તેણે ચાલુ રાખ્યું જેથી તલાટી પાસેથી ઉતારો લઇને મામલતદારને અરજી કરવામાં આવી. મામલતદારે તેમને તારીખ આપી અને જે કઇ દસ્તાવેજ પૂરાવા હોય તે લઇને હાજર થવા જણાવેલું. એક માહિતી દર્શકના જણાવ્યા મુજબ પહેલી મુદતે તેને સાંભળવામાં આવ્યો નહિ પણ ઉલટું તેને દબડાવવામાં આવ્યો પણ તેનાથી ન દબાતાં નાગજીએ ફરીથી એક અરજી કલેકટરને કરતાં અને તેની નકલ કરીને મામલતદારને આપતાં થોડા સમય પછી ફરીને તેને બોલવાવામાં આવ્યો. આ વખતે તાલુકા પંચાયતના ઉપસરપંચ અને તપાસ હેઠળના ગામના સુરપંચે

નાગજીની તરફેણમાં ખાસ રસ લીધો હતો. તેથી સરવાળે ગામ પર જઇને સમાધાન કરવાનું કહેવામાં આવેલું અને તે રીતે સૌ ઘેર આવ્યા. ત્યાર બાદ અહમદે ગામ આગેવાનોને મળીને કહ્યું કે 'હવે નાગજી પણ તમારો ને હું પણ તમારો. મારી પેલી નીચેની જમીનમાં પણ ઘણો ખરચો થઇ ગયો છે અને આ કેસમાં પણ ઘણો ખરચો થઇ ગયો છે અને મેં બધી બાજુથી ગુમાવ્યું છે એટલે મને થોડુઘણું પણ અપાવો અને અમારા ઝઘડાનો નિકાલ કરી આપો." ગામલોકોએ તેની જમીનની લગોલગનો પાણીના વહેણવાળો લગભગ ૦-૯ ગુંઠાનો ટૂકડો કાપી આપ્યો. પણ અહમદે તેમાં કઇ વાવેતર કર્યું નહિ.

આ દરમિયાન અહમદના તેના મામા ભીલામીયા તથા ઝનૂની ભીલામીયાના પુત્ર રુસ્તમની સાથેના સંબંધો વણસતાં, તેમજ મામલતદારને ત્યાં પણ નોટિસ દ્વારા જમીન મેળવવામાં નિષ્ફળ જતા જોર જુલ્મને બદલે મીઠાશથી જમીન હડપ કરવામાં તેને વધારે લાભ છે એમ લાગતા તેણે નાગજી સાથે સંપૂર્ણ મિત્રતા બાંધવાનો પ્રયાસ કર્યો. નાગજી ન બોલે તો પણ તેની સાથે બોલવાનું, તેના તેમજ તેના કુટુંબના ખબર અંતર પૂછવાનું શરુ કર્યું. અને ત્યારબાદ નાગજીને એક દિવસ કહ્યુંકે હવે આપણે બન્ને પડોશી હોવાથી એકબીજાની સાથે ઝઘડીએ તે સારું નથી. આપણે સુલેહ કરી લઇએ. અને એમ સુલેહ કર્યાં પછી તેણે ધીમે ધીમે નાગજીને ત્યાં જવાનું રાખ્યું. નાગજીને પણ એ પોતાને ત્યાં બોલાવતો, ચા પાણી પાતો. કોઇક વાર રુપિયો બે રુપિયા દારુ પીવા માટે ગામેથી જ આપતો. કોઇકવાર અનાજ પણ ધીરતો. અને એમ નાગજીની ખાસ કરીને દારુ વ. ની માટે છૂટથી પૈસા આપીને એણે સૌથી પહેલો લાભ તો નાગજીના ખાતાના સરવે નંબરમાંથી સાગના દાંડા મેળવવામાં લીધો. ઘરને માટે રુ. ચારેક હજારના બસોએક નંગ સાગના દાંડા તેણે માત્ર દારુના દેવા પેટેના રુ. અઢીસો ત્રણસોમાં મેળવી લીધા. સામાન્ય રીતે બીજા કિસ્સાઓમાં તો નાગજી પોતે કહે તેજ દાંડો કાપી શકાતો જ્યારે અહમદને તો એણે એને મનપસંદ હોય તેવા દાંડા લેવા દીધેલા. આ દાંડાથી પોતાના આ સરવે નંબરમાં ઘર બાંધ્યું છે. વળી આ ઉપરાંત અહમદના મોટા નંબરને અડીને દક્ષિણ છેડે આવેલી અગાઉ નિર્દેશિત જમીન પણ નાગજી પાસેથી અહમદે પોતાના કબજે ત્રણસોએક રુપીયામાં કરી લીધી છે. ઉત્તર તરફની અર્ધા એકર ઉપરની અહમદના ખેતરને અડીને આવેલી ક્યારી પણ ગમે ત્યારે અહમદ મિત્રતાની આ મધજાળમાં નાગજીને ફસાવીને પડાવી જશે એમ તપાસ હેઠળના ગામના કેટલાક ગ્રામજનોનું માનવું છે.

અહમદે પોતાને (પોતાના ભાઇને) ખાતે કરાવેલી આ જમીનને અડીને આવેલી નાગજીની જમીનના આ બે ટૂકડાઓ ઉપરાંત, તપાસ હેઠળના ગામમાં, થોડેદૂર આવેલા નાગજીના એક એકરના એક ટૂકડામાંની આવક અહમદ કઇ રીતે અત્યારે હડપ કરે છે તે જોવું પણ રસપ્રદ બનશે

કૃષ્ણા નવસુ નામના ખેડૂત ખાતેદારની જમીનની જોડમાં આવેલો નાગજી વારલીનો આ જમીનનો ટૂકડો, ૧૯૭૧-૭૨ની સાલમાં, તપાસહેઠળના ગામની નજીકના ગામના ધના કાકડ કોકણા નામના એક ખાતેદારે નાગજીના રૂ. ૧૦૦૦-૦૦ના દેવા પેટે ચાર વર્ષના પટે લીધેલો અને તે પેટે તેણે એક વર્ષ વાવેતર લીધેલું. અહમદે ધનાકાકડને આપવા માટે રૂ.૬૦૦-૦૦ નાગજીને આપી દઇને, પછી ભાગમાં આપણે રોપીએ એમ કહીને તે ખેતર ભાગે રોપવા માટે લીધું. આ ખેતર પોતાને હસ્તક કર્યાં પછી અહમદે બેએક વર્ષનો ભાગે કર્યું પણ દરેક વર્ષ અર્ધુ પોતે લઇ ગયા પછી, નાગજીના ધાનમાંથી પણ ઘણું ખરૂ ધાન(તપાસ હેઠળના વર્ષના આગલા વર્ષે તો લગભગ પૂરેપૂરૂં જ) દેવા પેટે લઇ ગયો તો પણ આ કપારું છોડાવવા માટે આપેલા રૂ. ૬૦૦-૦૦ અને નાગજીના દારૂપીવામાટે તેમજ ઘરખર્ચી માટે આપેલા પૈસા મેળવીને, તપાસ હેઠળના વર્ષના આગલા વર્ષે રૂ. ૧૨૦૦-૦૦ બાકી બોલાવતો હતો. તપાસ હેઠળના વર્ષમાં આ આખુજ કપારૂ અહમદે પોતેજ પોતાનાં બળદ મજૂરોથી રોપાવ્યું છે. નાગજીની પાસે તપાસ હેઠળના વર્ષમાં પોતાનાં હળ-બળદ નહોતાં એટલે દેવાને નામે અહમદ પોતેજ આખો પાક લઇ જશે અને વખત જતાં આ ક્યારું અહમદ અચૂક નાગજી પાસેથી તફડાવી જશે એમ ગ્રામ જનોનું માનવું હતું. નાગજીના બીજા એક છૂટક જમીનનાં ટૂકડાની આવક મુખ્ય અપહરણકર્તા તૈયબજી કઇ રીતે મેળવે છે તે આપણે અગાઉ જોઇ ગયા છીએ.

આ ઉપરાંત અહમદે તપાસ હેઠળના ગામના કોકણા ફળિયાના સમુબેન ફુરસમની ૨ એકર ૧૭ ગુઠાના એક સરવે નંબરનો સોદો રૂ. ૫૦૦૦-૦૦માં કર્યાનું કહેવાય છે. આ અંગેની વગતો નીચે મુજબ છે.

સમુબેન ફુરસમને આ જમીન તેના પિતા તરફથી વારસામાં મળેલી છે. તેના પતિ જીવુ બાબપા આશરે ત્રીસેક વર્ષ પહેલાં ઘરજમાઇ તરીકે તપાસ હેઠળના ગામમાં આવીને રહેલા તેણે ૧૯૬૭-૬૮ની રેલ વખતે પોતાનું કમારૂ ધોવાઇ જતાં તેને સમરાવવા માટે બસોએક રૂ. અહમદ પાસેથી લીધેલા ત્યાર બાદ ૧૯૬૮-૬૯ના અરસામાં તેના દીકરા ધૂર્યા જીવાનું લગ્ન થતાં તેને માટે રૂ. સાડી ચારસો જેટલા અહમદ પાસેથી ઉપાડવાના થયેલ આ પૈસા ભરપાઇ કરવા માટે જીવુ ખાલવા અહમદ ત્યાં ત્યારથી ચાકર તરીકે કામ કરે છે. આ ઉપરાંત તેણે કેટલીવાર અન્યત્ર રોકડ ભાત વેચીને પણ પૈસા ભરેલા છે છતાં તેના બાકી નીકળ્યેજ જાય છે. તપાસ હેઠળના

વર્ષે અહમદે જીવુ ખાલવાને, બીજે વેપારીઓ જે ભાવ આપતા હોય તે ભાવે ભાત લેવાનું કહેલું પણ જીવું ખાલવા પાસેથી ભાત મેળવી લીધા પછી દર મણે આઠથી ૯ રૂ. ઓછા આપીને તેમજ કટકે કટકે રૂ. ૨૦ થી ૨૫ ની નજીવી રકમ હાથ ખરચી તરીકે આપીને સળંગ મોટી રકમ તેને એકી સાથે મળે નહીં તેની આગલા વર્ષોની જેમ તપાસહેઠળના વર્ષે પણ સહેતુક રીતે ખાસ કાળજી રાખેલી જેથી અન્યત્રથી પણ થોડી બીજી રકમ મેળવીને બધા પૈસા એકી સાથે તે ભરી દઇને જમીન છોડાવી લઇ શકે નહીં, અને જો એમ થાય તો તેની જમીન હડપ કરવાનો પોતાનો હેતુ બર ન આવી શકે. ભાવ લેવાઇ ગયા પછી અહમદે તપાસ હેઠળના વર્ષે જીવુ ખાલવાના રૂ. પંદરસો બાકી કાઢ્યા અને ત્યારબાદ સૈનુબેન, જીવ ખાલવા, સૈનુબેનના પિત્રાઇ ભાઇ તેમજ ફળિયામાંના બીજા કેટલાક લોકોને બોલાવીને અહમદે કહ્યું કે જીવુ ખાલવા પાસે મારા રૂ. પંદરસો બાકી નીકળે છે અને તે તમે જો આજે ભરી દેતા હો તો તેની જમીન હું નથી લેતો અને જો તમે ન ભરી શકતા હો તો, આ જમીન મારે રાખવાની છે અને તેમાં તમારે કોઇએ વાંધો વચકો કરવો નહીં! આ કહેતા પહેલાં તેણે પોતાના ઘરે બરાબર દારૂ લાવીને બધાને પાયેલો તેમજ મરઘી વગેરે ખવડાવેલી અને બરાબર દારૂમાં લગભગ બેહોશ હોય તેવે વખતે સિફતથી પોતાની વાત મૂકીને કબૂલાત કરાવી લીધેલી. અહમદે જગલા નથ્થુ નામના એક આદિવાસી પાસેથી પણ તપાસહેઠળના વર્ષમાં જમીન વેચાણ રાખી છે તે અંગેની વિગતો નીચે પ્રમાણે છે. જગલા નથ્થુની ઉમ્મર તપાસ હેઠળના વર્ષમાં ૩૬ વર્ષની હતી. જ્યારે તેના અવસાન પામેલા મોટાભાઇના પુત્રની ઉંમર ૩૦ વર્ષની હતી. તેમની બન્નેની ભેગી જમીન લગભગ ૧૪ એકર જેટલી હતી. આ જમીન તફડાવવા માટે સૈથી પહેલાં તો આમદે જગલા નથ્થુની સાથે ઘનિષ્ટ સંબંધ બાંધ્યો. તેની સાથેની મિત્રતા કેળવાયા પછી લગભગ સાતેક એકર જેટલી જમીન ઘાસ માટે અહમદે રાખી. આ રીતે ઘાસ માટે રખાયેલી જમીનના રૂા. ૭૦ તેણે અગાઉ ચૂકવેલા અને ત્યારબાદ જગલા નથ્થુની બીજી જરૂરીયાતો વગેરેને માટે તે અવારનવાર પૈસા આપતો રહ્યો અને તેને એણે એમ સમજાવ્યું છે કે મારી પોતાની પાસે ઘાસને માટે જમીન નથી, અને તું મારો દોસ્ત છે તો મને ઘાસ માટે તારી જમીનમાંથી અરધી જમીન આપી દે અને તે રીતે તેની પાસેથી સાત એકર જમીન લેવાઇ છે અને તે પેટે તેને વધારાના ત્રણસો રૂપિયા તપાસ હેઠળના વર્ષમાં ચૂકવાયા છે. અલબત્ત ગ્રામજનોથી આ વાત બંને પક્ષકારોએ ઉહાપોહ ન થાય તે માટે ગુપ્ત રાખી છે. પણ હકકપત્રક પર તપાસ હેઠળના વર્ષમાં જ એની એન્ટ્રી પડી છે. સાથે ટૂકડા કાયદાનો બાધ આવતો હોવાથી તે નામંજૂર કરવામાં આવતી હોવાની ધરમપુર મામલતદારની નોંધ પણ છે, પણ વાસ્તવમાં સદરહુ જમીનનો કબજો અપહરણકારની પાસે પહોંચી ગયો છે, અને તે તેની આવક અત્યારે પણ મેળવે છે. મુખ્ય અપહરણકર્તા અને તેમનાં સગાંએ કરેલા આદિવાસીઓની જમીન અપહરણમાંથી

કેટલાકનો નિર્દેશ તપાસ હેઠળના ગામના હકક પત્રકમાંથી પણ મળે છે. હકકપત્રક માંની તારવણી આ સાથેના કોઠામાં આપવામાં આવી છે.

તપાસહેઠળના ગામના હકકપત્રકમાં જોતાં જણાય છે કે માત્ર આ કિસ્સા અભ્યાસની સાથે સંકળાયેલા જમીન અપહરણકર્તાઓની જ વેચાણની ત્રણ નોંધો (એન્ટ્રીઓ ) થઇ છે. અને તેમાંની પહેલીનો મંજૂર પણ થઇ ગઇ છે. આ ગરીબ ખેડૂતોના ગણોતિયા બનીને પણ જમીન સ્થનાંતર એકજ ખાતેદાર દ્વારા કેટલા વિશાળ પ્રમાણમાં થઇ શકે છે તેનો ખ્યાલ પણ આ કોઠા પરથી આવે છે. વળી મોટાભાગે આવી નોંધો એકી સાથે જુદે જુદે તબકકો થાય છે તે પણ નોંધવા જેવી બાબત છે.

વેચાણ ઉપરાંત ગીરો મૂકવાની, ભાગે લેવાની, પ્રથાઓ તપાસ હેઠળના ગામમાં ઠીકઠીક પ્રમાણમાં માન્ય આર્થિક પ્રથાઓ તરીકે પ્રવેશી ચૂકી હોય એમ જણાય છે. અહીંપણ પ્રસ્તુત ઉદાહરણમાં બધાજ કિસ્સામાં ગીરો મૂકનાર માત્ર આદિવાસી જ છે. પણ ગીરો રાખનારમાં પણ વિગતવાર અભ્યાસમાં, બિનઆદિવાસીઓની સંખ્યા પણ નોંધમાત્ર પ્રમાણમાં હશે. મુખ્યત્વે તપાસહેઠળના ગામનીઢોડિયા જેવી કેટલીક વધારે પ્રગતિશીલ જાતિઓ, વારલી, નાયક જેવી જાતિઓની જમીનો ગીરો/ભાગે રાખતી હોવાનું જણાય છે.

આ કિસ્સા અભ્યાસ પરથી અને તેના ક્ષેત્રકાર્ય દરમ્યાનના અનુભવના આધારે નીકળતાં મહત્વનાં તારણો નીચે પ્રમાણે છે.

(૧) આદિવાસીઓને જમીન કોઇને પણ ખાતે ન થઇ શકે તેવો કાયદો હોવા છતાં પણ એનો ભંગ થાય જ છે.

(૨) આવો ભંગ સામાન્યરીતે અધિકારી વર્ગ અને શોષક ખેડૂત કે શાહુકાર એ બન્ને મળીને કરતા હોય છે.

(૩) આવો ભંગ કરવામાં સહેતુક રીતે કેટલીક છટકબારીઓનો આશ્રય લેવાતો હોય છે. દા.ત. હકક પત્રકમાંની નોંધો ઉપરથી આપણે સ્પષ્ટ રીતે જોઇ શકીએ છીએ કે એમાં કયાંય ખાતેદાર વ્યકિતની અટક યા જાતિનો નિર્દેશ કરવામાં આવ્યો નથી. એટલે સ્વાભાવિક રીતેજ, આ અંગેની એન્ટ્રિ પાડયા પછી ભવિષ્યમાં કોઇ પણ તબકકે જો એવો સવાલ કયાંય પણ ઊભો થાય તો અધિકારી વર્ગ અથવા સંબંધિત શોષક બન્ને એવો બચાવ કરી શકે કે તેમને સદરહુ ખાતેદાર આદિવાસી હોવાની જાણ નહોતી યા તો આ ત્રુટિને જ આગળ લાવીને તે એમ પણ કહી શકે કે એન્ટ્રિમાં એવું ખાનું કોઇ સ્થળે નથી કે સંબંધિત વ્યકિત આદિવાસી છે કે નહી તેનો ખ્યાલ આવી શકે.

== ૧૩ ==

ડિસ્સા અભ્યાસમાં સમાવિષ્ટ થયેલા જમીન અપહરણકારોએ મેળવેલી જમીન અંગે તપાસ હેઠળના ગામના પત્રક-૬માંની નોંધોની સારવણી (૧૯૬૪-૧૯૭૪)

| ક્રમ | તારીખ | જમીન ફેરબદલી પધ્ધતિ | વેચનાર (જમીન આપનાર) | લેનાર | પક્ષકાર વર્ગીકરણ જમીન આપનાર | લેનાર | સંકળાયેલ સર્વે નંબરો અને કુલ સંખ્યા | તપાસણી અમલદારનો દોરો | તપાસહેઠળના વર્ષની સ્થળપરની છેવટની સ્થિતિ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | ૬-૩-૧૯૬૪ | મૌખિક કરાર વેચાણ | બાબર દાજી | શહાબુદ્દિન | ઢોઠિયા | મુસ્લીમ વેપારી અ | ૫(૪૧/૧,૪૧/૨ ૪૧/૩,૪૨,૨૪/૧) | વેચાણરાખેલી જમીન એક જથ્થે હોવાથી મંજૂર | વેચાણ લેનારને હસ્તક |
| ૨ | ૨-૩-૧૯૬૮ | નં.૬ના આદેશ મુજબ | અનિર્દેશિત | તૈયબજી | અનિર્દેશિત (આદિ.) | મુસ્લીમ ખેડૂત વેપારી બ | ૧ (૮૭, પૈકી) | - | લેનારને હસ્તક |
| ૩. | ૧૧-૩-૬૮ | ગણોતધારા મુજબ | અનિર્દેશિત | શેખાદમ હુસેન ખાં | અનિર્દેશિત (આદિ.) | „ ક | ૨(૧૫૭, ૮૩૩) | - | „ |
| ૪. | ૧૧-૩-૬૮ | „ | અનિર્દેશિત | કરીમખાન મહમદખાન | અનિર્દેશિત (આદિ.) | „ ક | ૨(૪૮,૫૦/૪) | - | |
| ૫. | ૧૧-૩-૬૮ | „ | „ | તૈયબજી | અનિર્દેશિત (આદિ.) | ૭૭ બ | ૧(૪૯/૧) | - | |
| ૬. | ૧૧-૩-૬૮ | „ | „ | „ | „ | „ બ | ૨(૫૦/૬,૫૦/૩) | - | |
| ૭. | ૧૫-૧-૬૯ | ખરીદ કિંમતના આદેશની નોંધ ૩૨ ગ | ડાસુરામા | „ | આદિવાસી | „ „ | ૨(૫૦/૬,૫૦/૩) | ૧ અપડી નોટિસ શરતે મંજૂર તા. ૧૩-૫-૬૯ | લેનારને હસ્તક |
| ૮. | „ | „ | લાછી ભામા | „ | „ | „ | ૧(૪૯/૧) | „ | „ |
| ૯ | ૧૮-૩-૬૯ | „ | અરજુન રામજી | „ | „ | „ | ૨(૫૦/૪, ૪૮) | „ | „ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | તા.૧૮-૩-૬૯ | ખરીદ કિંમતના આદેશની નોંધ ૩૨ ગ | મગન બાપુડિયા | તૈયબજી | આદિવાસી | મુસ્લિમ ખેડુત વેપારી બ | ૨(૨૩૧/૩,૨૩૧/૪) | ૧૩૫ની નોટિસ શરતે મંજૂર | લેનાર ને હસ્તક |
| ૧૧. | ૧૨-૭-૭૦ | વેચાણ | બાઇ લાધુ ભીમા | તાજુમીયાં મુસામીયાં | ,, | ,, | ૧(૪૩/૬) | તા.૧૩-૫-૬૯ નોટીસ આપવી ૯-૬-૭૧ નોટીસ આપી છે મંજૂર | ,, |
| ૧૨ | ૬-૧૦ ૭૧ | ટે.૭૮ બી | અનિર્દેશિત | ,, | ,, | ,, | ૧ | અપીલનો નિકાલ થયે કરવી. અરજદાર તૈયબજીએ ૭૦ ઘની કલમ ૭૦બી મુજબ દાવો નોંધાવેલો તે નામંજૂર કર્યા છે. તેથી રદ. ૩૦-૫-૭૨ | ,, |
| ૧૩. | ૧૨-૪-૭૪ | વેચાણ | દલસુ ડાસુ તથા ભાઇઓ | ,, | ,, | ,, | ૧(૫૨/૪) | પક્ષકારોના રૂબરૂ સાંભળવા પર બાકી ૨૬-૭-૭૪ | ,, |
| ૧૪. | ૧૧-૪-૭૪ | ,, | જમલા નથુ | શહાબુદ્દિન અહમદ | ,, | મુસ્લિમ ખેડુત વેપારી | ૧(૫૮ પૈકી) | ટુકડા કાયદાને બાદ આવતો હોઇ નામંજૂર | ,, |

(૪) કેટલીકવાર આવી જમીન પોતાને નામે કરાવીલેનાર વ્યક્તિઓ, સામાન્ય માણસો કરતાં, પ્રમાણમાં વધારે ચાલાક, ખંધી અને સરકારીતંત્રમાં ચલણ વાળી પણ હોવાથી , જે વ્યકિતઓની પાસેથી જમીન લેવાની હોય તેમની વચ્ચે અંદરોઅંદર ઝઘડો કે તઠ પ્રમાણમાં વધારે ઉગ્ર રીતે પડે તે પ્રકારની સમગ્ર પરિસ્થિતિ સર્જીને તેનાં લાભ લેતો હોય છે. યા તો કેટલીકવાર તેવી પરિસ્થિતિ જો સર્જાયેલી હોયતો તેનો પોતાના મહત્તમ લાભમાં કઇ રીતે ઉપયોગી કરી શકાય તે વિચારીને સમજપૂર્વક અમુક પ્રકારની ચાલ ચલતી હોય છે.

(૫) કેટલીકવાર, કુટુંબના સભ્યો વચ્ચેનો કોઇક ઝઘડો, અથવા અમુક મિલકત પર માલિકી મેળવવાનો પ્રયત્ન અને જો તે ન મળે યા તો ભવિષ્યમાં લાંબાગાળા માટે જો ઝઘડાનું કારણ બને તેમ હોય તો તેવે વખતે અન્ય કોઇને આપીને નાંણાંકીય યા અન્ય કોઇ લાભ પોતાના હિતમાં મેળવી લેવાનું વલણ પણ સમજપૂર્વક જ અન્ય વ્યકિતની પાસે તેની જમીન યા અન્ય મિલકત જાય તે પ્રકારનું વલણ અપનાવવામાં કારણભૂત બનતું હોય છે.

(૬) વ્યાપારી વર્ગ પોતાનાં સગાં સંબંધીઓના સહારે યા તેમના પરિચયનો ઉપયોગ કરીને આવાં ઊંડાણનાં ગામડાંમાં પ્રવેશતો હોય છે. અને એક વખત ત્યાં પ્રવેશ્યા પછી, પ્રમાણમાં વધારે દુર્બળ આદિવાસીઓનાં ભૂખમરાના પરિસ્થિતિમાં અનાજ-પાણી જેવી કેટલીક જીવનની જરૂરિયાતોને શરૂઆતમાં પોષીને ત્યારબાદ તેનો ઉપયોગ પોતાના ધાર્યા હેતુઓ સિધ્ધ કરવામાં, અને સાચી વ્યકિતને શરૂઆતમાં બહુ ખ્યાલ પણ ન આવે તે રીતે તેનું શોષણ કરવામાં કરતો હોય છે. આવું શોષણ કરવામાં કેટલીકવાર સ્થાનિક આદિવાસી નેતાગીરીને એ પોતાના હાથપર રાખતો હોય છે. યા તો તે તેની પોતાની સમગ્ર વર્તનઢબ અને બાહય વ્યવહાર સામાન્યરીતે એવીરીતે ગોઠવતો હોય છે કે જેથી જે તે નેતાગીરીને તે પોતાનો સમર્થક લાગે. કેટલીક વાર તે પોતે "જિસકે હાથમેં લકડૂ ઉસકે સાથ મૈં" - "જેની પાસે સત્તા તેની સાથે હું" ની પોતાના અર્થતંત્રનો સમગ્ર વ્યવહાર સાચવી રાખવા માટેની સમજપૂર્વકની ચાલ પોતે ગોઠવતો હોય છે.

(૭) સ્થાનિક નેતાગીરી કેટલીક વાર પોતપોતાનો સ્વાર્થ સિધ્ધ કરવા માટે, આવા શોષકોની સમર્થક બનતી હોય છે. અથવા તો તેની આગળ ઉપરની વગથી, યા જે તે વિસ્તારમાંની શોષકની અને તેના સાથીઓની સમગ્ર વગથી અંજાઇને યા કેટલીકવાર જાણે અર્ધ જાણે, આવા શોષકોની ચાલમાં ફસાતી હોય છે. કેટલીકવાર શોષક પોતાની અક્ષરજ્ઞાનની જાણકારીનો, શહેરના અને નાના સરકારી અમલદારો

ની સાથેના પરિચયને, અને નાના સરકારી અમલદારો સાથેની ઊઠક બેઠકનો સ્થાનિક લોકો ઉપર પોતાનો પ્રભાવ જમાવવામાં ઉપયોગ કરતો હોય છે.

(૮) સરકારીતંત્ર સાથે આવો શોષક સ્થાનિક આદિવાસીઓની તુલનામાં પ્રમાણમાં સવિશેષ સંબંધ રાખતો હોય છે. અને કોઈપણ સરકારી અધિકારીના ગામમાંના આગમનની સાથે તે પોતે સચેત રીતે તેની સાથે પોતાનો સંબંધ ઊભો કરી લેવા માટે પ્રયત્નશીલ અને સજાગ હોય છે. પોતાના શોષણને ટકાવી રાખવા માટે આમ કરવું તેને માટે જરૂરી હોય છે.

આ જમીન અપહરણકર્તા દ્વારા અમારા ક્ષેત્રકાર્ય દરમિયાનના અમારા તપાસહેઠળના ગામના ગ્રામનિવાસ દરમિયાન, અમારો ઉતારો અન્યત્ર હોવા છતાં પણ, અવારનવાર અમારી મુલાકાત લેવાનો, અમારી મુલાકાતનું રહસ્ય જાણવાનો, અમારી ગ્રામજનો સાથે થતી મુલાકાતોનો પરોક્ષ રીતે અમને જાણ ન થાય તે રીતે ખ્યાલ રાખતા રહેવાનો, અમને નજરે ચઢે તે રીતે અમારી સરભરામાં સામેલ થવાનો, કેટલાક માહિતીદર્શકોને પ્રત્યુત્તર આપવામાં અમુક રીતે વળાંક આપવાનો સભાનતાપૂર્વકનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અન્યત્ર પણ આવા કિસ્સાઓમાં આવું બનતું હોવાનું કશું અસામાન્ય નથી. મોટા-ભાગના કિસ્સાઓમાં આવા શોષણદાર ગામની મહત્વની કહેવાતી પ્રતિષ્ઠિત, ધ્રા જે પોતાને ત્યાં સામાન્ય આવશ્યક સગવડો આપી શકે તેવી સધ્ધર વ્યક્તિ હોવાના નાતે, તેને ત્યાંજ તપાસકર્તા અધિકારીનો ઉતારો હોય અને પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે તેને થોડોક પણ સહજ રીતે પક્ષપાતનો લાભ મળે તેમ બનવું અસંભવિત નથી.

(૯) સમગ્ર નેતાગીરીનાં અને અમલદારશાહીનાં જુદા જુદા સ્તર પરના લોકો-કાર્યકરો અને સરકારી નોકરો - પોતપોતાનો સ્વાર્થ સિધ્ધ કરવા માટે, આ શોષક વ્યવસ્થાના સમર્થક બનતા હોય છે. કેટલીકવાર તાલુકા યા જીલ્લાસ્તર પરની નેતાગીરી પોતેજ આવા જમીન અપહરણના કિસ્સાઓમાં સંડોવાયેલી હોય છે. તેણે પોતેજ આ રીતે જમીન એકત્રિત કરી હોય ત્યાં સ્વાભાવિક રીતેજ તે પોતેજ આ કાયદાનો કડક અમલ થાય એમ કઈ રીતે ઇચ્છી શકે ? તેના પોતાના ઉપલક શબ્દો ગમે તે હોય, પણ હકીકતે તે પોતે એ કાયદાનો પોતે તેમાં સંડોવાયેલી હોવાથી કડક અમલ થાય એમ ઘણીવાર ઇચ્છતી નથી હોતી. અથવા તો તે પોતાની લોકપ્રિયતા અને ગરીબોને સહાયક હોવાની છાપ ટકાવી રાખવા યા ઊભી કરવા આવા કિસ્સાઓમાં સહાયરૂપ થવા ઇચ્છતી હોય તો કેટલીક વાર અન્ય શોષકવર્ગ અને અમલદારશાહી, બન્ને જેતે નેતાને, તેનાં પોતાના પક્ષે રહેલી ક્ષતિ તરફ પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે અંગૂલી નિર્દેશ કરીને, તેને આવા કાનૂનોનો અસરકારક અમલ કરતાં અટકાવે છે.

(૧૦) જમીન પોતાને ખાતે કરાવીલેવા માટે આવા શોષકો કેટલીકવાર પોતાની જાતે,પોતાના કરતાં અનેક ગણા ગરીબ લોકોના ગણોતિયા બનીને, ગણોતિયાને જમીન આપવાના સરકારી કાનૂનનો હાંસીપાત્ર રીતે ગેરલાભ ઉઠાવતા હોય છે. સદરહું કિસ્સામાં પણ તૈયબજીએ જમીનનો કકડો આ રીતે જ ગરીબ ખેડૂતો પાસેથી હાંસલ કરેલો.

(૧૧) આદિવાસીઓનો જમીન અપહરણનો કાનૂની પ્રતિબંધ હોવાથી મોટે ભાગે ખુલ્લીરીતે કોઇપણ સરકાર પછી તે ગમે તે પક્ષની હોય, ગમે તે સ્તરે, તેનો ખૂલ્લો ભંગ થતો હોવાનું સ્વીકારતાં અચૂક અચકાય છે. યા તો કેટલીકવાર કેટલાક સરકારી દસ્તાવેજોમાં ખાસ નજર નપડે તેવી રીતે તેનો શકય તેટલો સંક્ષેપમાં ઉલ્લેખ કરીને તેનાથી છટકવાનો પ્રયાસ થાય છે. સામાન્ય જનસમાજમાં જમીનનું આર્થિક અને પોષણ વિષયક મહત્વનું સ્થાન હોવાથી, અને તેની માલીકી અનેક સામાજિક-સાંસ્કૃતિક વલણોની પોષક હોવાથી, એ પ્રમાણમાં નાજુકબાબત. ( Sonsitive Aroa ), હોવાથી, તદ્‌વિષયક બાબતોમાં નિષ્ફળ ગયાનો, યા જે તે કાયદાથી હેતુ ન સર્યાં હોવાનો યા અભાંરજે જે તે હેતુ સર્યાં હોવાનો ખૂલ્લો સ્વીકાર કરતાં કોઇપણ સરકાર અચકાય છે. સરકારને તેના પોતાના, પોતાની જાતે સત્તા પર ટકવાના પોતાના સ્વાર્થો હોય છે. અને આ સ્વાર્થને ટકાવવામાં જે સહાયભૂત થતાં હોય તેવાં સ્થાપિત હિતોનો કેટલીકવાર તેને મજબૂત ટેકો હોય છે. કેટલીકવાર આવાં સ્થાપિત હિતો અલગ અલગ અને વિરોધાભાસી હોય તે છતાં સરવાળે તેઓ આવી નીતિનાં સમર્થક હોય એવું પણ બને છે. હા, બતાવવા પૂરતા તેમના દાંત જૂદા હોય એવું બને છે ખરૂં.

(૧૨) શોષકવર્ગ પ્રમાણમાં વધારે ખમતીધર હોવાથી, અને કેટલીકવાર વધારે સધ્ધર અને ચાલબાજ હોવાથી, કેટલીકવાર અમુકનિયત ચાલ ચાલવામાટે યોગ્ય તકની રાહ જોતો હોય છે. કેટલીકવાર જેની પાસેથી જમીન પડાવી લેવાની છે તે કુટુંબની નિર્ણાયક વ્યક્તિ યા પ્રમાણમાં વધારે અસરકારક વ્યકિત જો અમૂક સમય પછી જો વૃધ્ધ હોય તો તે અવસાન પામે ત્યાં સુધી રાહ જોવાની પણ તેની તૈયારી હોય છે. અમૂક ચાલ અમૂક હદ સુધી ચાલીને, ત્યાં અટકવાની અને ત્યાર બાદ યોગ્ય સમયે આગળ ચાલ ચાલવાની કળ-કુનેહનો તે શોષિત વર્ગને પોતાની જાળમાં ફસાવવામાં ઉપયોગી કરતો હોય છે.

(૧૩) શોષક વર્ગ, સામેની શોષિત ભોળી વ્યકિતઓના મનમાં કરૂણા ઉપજાવીને, અથવા તો ગામના એક સભ્ય તરીકે યા ગ્રામજન યા ગ્રામવાસી તરીકે થોડા સમય યા વર્ષોમાં વખત જતાં પોતાનું સ્થાન ઊભું કરી દઇને, ત્યારબાદ, પોતે વિશેષ જમીન હાંસલ કરવાની ચાલના એક ભાગરૂપે, શરૂઆતમાં પોતાની ગામ લોકોને ક્ષુલ્લક લાગતી એવી નાની શી જરૂરિયાત પૂરતી થોડીક- માત્ર ઘર બાંધવા પૂરતી જમીન મેળવે છે.અને ત્યારબાદ તેના જમીન માલીકને થોડુંક આર્થિક ધીરાણ કરી તેના પેટનો ખાડો થોડા દિવસ પૂરીને તેની આર્થિક આવશ્યકતાઓ પોષીને, આ માછલીને પોતાની જાળમાં ફસાવીને ત્યારબાદ તેની જમીનનો ટૂકડો, પોતે પોતાનાં છોકરાંને કોડા ખાવા માટે મેળવી લે છે. અને ત્યારબાદ ધીરે ધીરે થોડાં વર્ષમાં તે ગામનો આગલી હરોળના ખાતેદારોમાંનો એક ખાતેદાર ખેડૂત બની બેસે છે.

(૧૪) આદિવાસી વિસ્તારમાં અહીં માત્ર એકજ ખાતેદાર કે ખેડૂતની નહીં પણ સંખ્યા બંધ ખાતેદાર ખેડૂતોની પાસેથી જમીન તફડાવવામાં આવી છે. આમાંના લગભગ બધાજ ખેડૂતો અભણ છે. ગામમાં શિક્ષિત જુવાન . . પણ જોવામળતા નથી. શિક્ષણના અલ્પ પ્રમાણે, અને સ્થાનિક યા તાલુકા કક્ષાના સંગઠનના અભાવે પણ કેટલેક અંશે આવી પરિસ્થિતિ સર્જાવામાં ભાગ ભજવ્યો હોય એમ બને.

(૧૫) કાનૂન કોઇ પણ આદિવાસી ખેડૂતના નામ પરની જમીન બિનઆદિવાસી ખેડૂતને નામે કરવાની મંજૂરી નથી આપતો.પણ હકીકતે તો સંખ્યાબંધ કિસ્સાઓમાં જમીનની ફેરબદલી થઇ છે.

(૧૬) ખરેખર જે લોકો શોષિત છે, અને જમીન અપહરણ કિસ્સાનો ભોગ બન્યા છે તે સઘળાં ખેડૂતો મોટેભાગે, આ રીતે જમીન પોતાના નામેથી અન્ય નામે થઇ ન શકે, એ બાબતથી અજાણ હોવાનું, તેમણે જણાવ્યું હતું. તેઓ અભણ, ગરીબ અને સામાન્ય સંજોગોમાં ઉપલી કક્ષાએ જોવા મળતી વગવિહોણા હોવાથી, તેમનો પક્ષ લેવા યા તેમને સાચા અર્થમાં કોઇ તૈયાર હોય છે. સ્થાપિત હિતોની વગ તેમનો પર પણ પ્રમાણમાં ઠીકઠીક પ્રબળ માત્રામાં હોય છે. અને તેઓ આવા લોકોને ચુપ કરતાં મહદંશે રોકી શકતા હોય છે. કેટલીકવાર વિપક્ષ યા ગામની અંદરનો અન્ય નેતાગણ તેમનો પક્ષલઇને લડવા માટે તૈયાર થાય છે. પણ તેની પોતાની ઘરની જવાબદારી, આગળ ઉપર તાલુકાકક્ષાએ સરકારી કચેરીમાં અને ન્યાયની કોર્ટમાં પહોંચી વળવાની તેની શકિત, યા અલ્પ શકિત યા અલ્પ સમર્થતા, તાલુકાની નેતાગીરી સાથેના વિપરીત યા વિપક્ષીય સંબંધો વગેરે બાબતો તેને સફળ થવા પૂરતી તક નથી આપી શકતા.

(૧૭) આવશ્યકતા ઊભી થયે શોષક પોતે સ્થાનિક સત્તા માળખામાં મહત્વના સ્થાન પર કોઇક યુકિત પ્રયુકિતથી જાતે ચઢી બેસે છે અને પછી તે સત્તા સ્થાનનો, સ્થાનિક કર્મચારી સાથે ળીને શોષણની જડ જમાવવામાં ઉપયોગ કરતો હોય છે અથવા તો કેટલીકવાર સત્તાસ્થાન પરની વ્યકિતઓને હાથ પર રાખીને અને સ્થાનિક લોકોની નબળાઇ સમજીને, પોતાના પક્ષમાં તેનો ગેરલાભ લેવાની પેરવી કરતો હોય છે. આ અભ્યાસમાં બન્ને કિસ્સાઓમાં જમીન હડપ કરનાર બહારના બિનઆદિવાસી શોષકે એક વખત પંચાયતનું ઉપસરપંચપદ પ્રાપ્ત કરી લીધું હોવાનું, અને સરપંચ તેમજ તાલુકાકક્ષાની નેતાગીરીને, તેના સમર્થક રહીને, પોતાના પક્ષમાં રાખી હોવાનું તેમજ સરકારી અધિકારીઓને પણ પોતાના પક્ષે એકયા બીજી રીતે હાથમાં રાખ્યા હોવાનું તારણ નીકળે છે. તેજરીતે સગામાંથી એક મહત્વની વ્યકિત સત્તા સ્થાનપર હોય તો તે અન્ય સગાંઓને પણ શોષણમાં સહાયભૂત થતી હોવાની અને અરસપરસના હિતના સંરક્ષણ અર્થે આ સહ-શોષકો, સ્થાનિક પ્રજા સામે સામૂહિક સમગ્ર વ્યૂહ રચતા હોવાનું પણ જણાય છે.

(૧૮) જમીનના વેચાણના સોદાઓ કેટલીકવાર ગુપ્ત રખાતા હોય છે. સ્થાનિકરીતે ઉહાપોહ ન થાય તે માટે કેટલીકવાર સંબંધિત પક્ષો અને ખાસકરીને વેચાણથી લેનાર શોષક પક્ષ તેનો શકય એટલા ઓછામાં ઓછી વ્યકિતઓને તેનો અનિવાર્ય સંજોગો સિવાય ખ્યાલ ન આવે તેની સિફતભરી કાળજી લેતો હોય છે. આને માટે કેટલીકવાર તે જરૂર પડયે થોડોક આર્થિકઘસારો વેઠીને અથવા તો વેચાણ આપનારને કોઇક રીતે ઉપકારક થતો હોવાનો અંચળો ઓઢીને તે પોતાનું હિત સાધી લેતો હોય છે. અધ્યયન હેઠળના ગામમાં પણ મૂળ માલિકના નામે થી પોતાના નામે જમીન ખાતે કર્યા પછી, જમીન મહેસુલ ભરીને, અને કેટલાક કિસ્સાઓમાં તેની અનાજની યા ખાવાની અન્ય જરૂરિયાતો પૂરી કરીને પછી તેની જમીન હડપ કરી હોવાનાં ઉદાહરણો સાંપડયાં છે.

(૧૯) 'શોષક શોષકને આવકારે', શોષક શોષકના સગા સાથી આ બન્ને ઉકિતઓ અભ્યાસહેઠળના જમીન અપહરણકારના કિસ્સામાં સાર્થક થઇ છે. કારણકે શરૂઆતમાં આ જમીન અપહરણકારે આવાજ એક શોષક સગા દ્વારા તપાસ હેઠળના ગામમાં પ્રવેશ મેળવ્યો હતો, જેણે અગાઉ સ્થાનિક આદિવાસી આગેવાન પાસેથી ઉપકારના અંચળા હેઠળ જમીન હડપ કરી હતી. અને ત્યારબાદ આ જમીન અપહરણકારે પોતાની જાળ ધીરે ધીરે ફેલાવી હતી એટલું જ નહી જેમ પોતાના એક સગાના સહારે તે અહીં આવ્યો હતો તેજ રીતે અન્ય કેટલાક સગાઓને

તે પાછળથી અહીં લાવીને વસાવવામાં, અને આવા અપહરણકર્તા, અને સ્થાનિક આમ જનતાની દૃષ્ટિએ માથાભારે ગણી શકાય તેવા સગાઓનું એક જૂથ તેણે ધીરે ધીરે તપાસ હેઠળના ગામમાં ઊભું કર્યું હતું. તેના આગમનના માત્ર બેએક દાયકાના ગાળામાં આ જમીન અપહરણકર્તાના બીજા બે સગાઓ પણ તપાસ હેઠળના ગામમાં યેન કેન પ્રકારેણ જમીન હાંસલ કરવામાં અને ખાતેદાર તરીકે પ્રવેશવામાં સફળ થયા હતા તે પણ આ ઉદાહરણ પરથી આપણે જોઇ શકીએ છીએ.

(૨૦) કિસ્સા અભ્યાસના જમીન અપહરણકર્તાએ સૌથી પહેલાં પોતાના દુકાનદાર પરિચિત સગાની ઓળખાણ દ્વારા આ વિસ્તારમાં પ્રવેશ કર્યો હતો. પોતે એક દુકાનદાર તરીકે તપાસ હેઠળના ગામમાં પ્રવેશ કર્યો હતો અને દુકાનદારીની સાથે સાથે ધીરે ધીરે ગણોતિયા બનીને ખાતેદાર થઇને જમીન હડપ કરવાનો પ્રારંભ કર્યો હતો. આ વિસ્તારમાં અને અન્યત્ર પણ જમીન અપહરણના કિસ્સાઓમાં આ ક્રમ અનુસરાતો હોવાનાં ઉદાહરણો અન્યત્ર પણ સાંપડે છે.

(૨૧) સર્વે સેટલમેન્ટ હેઠળ જે વિસ્તારોને આવરવામાં આવ્યા ન હોય તેવા વિસ્તારોને જ આદિવાસીઓની જમીન અપહરણ પ્રતિબંધ વિષયક કલમ ૭૩ અ લાગૂ પાડવાની ૧૯૬૨ના ધારાની જોગવાઇને લીધે, અને જૂનાં દેશી રાજયો પણ સર્વે સેટલમેન્ટ હેઠળ આવરી લેવાતા હોવાથી, અને ગ્રામસ્તર પર આ ધારા હેઠળ પ્રત્યેક આદિવાસી ખાતેદારના હસ્તકના તબદીલ ન થઇ શકે તે પ્રકારના સર્વે નંબરોની સૂચીના અભાવે, આ છટકબારીનો પૂરો ગેરલાભ લેવાતો હોવાથી ભાગ્યે જ કોઇ અસરકારક લાભ આદિવાસીઓની જમીનના સંરક્ષણમાં મળી શકયો છે. તેવું આ કિસ્સા અભ્યાસ બહું સ્પષ્ટ રીતે દર્શાવે છે. તે જ રીતે સરકારી દફતરે આદિવાસીની જમીનની તબદીલીની ના મંજૂરી છતાં વાસ્તવિક કબજો તો મહદંશે જમીનઅપહરણકાર પાસે જ રહે છે જેની ગરીબ આદિવાસીની તરફેણમાં વાસ્તવિક ફેરબદલી કરવામાં તો બહુ મોટા સરકારી સહકાર અને જાગ્રત જનશકિતની આવશ્યકતા રહેશે.

ωωωωωωω

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ– ૩૮૦ ૦૧૪.

# ધરમપુર તાલુકો – સંદર્ભ સૂચિ

–ભારતી કે. દેસાઇ
સંશોધન અધિકારી

## ઐતિહાસિક ભૂમિકા :

૧૩મી સદીની મધ્યમાં સીસોદિયાના રામસિંહ નામના રાજપુતે ધરમપુર વસાવેલું ત્યારબાદ સોમશાહ, પુરંદર શાહ, ધરમશાહ, જગતશાહ ૧–૨ વગેરે રાજાઓએ રાજ કર્યું.

વિસ્તારની દ્રષ્ટિએ ધરમપુરનો વિકાસ ૧૫૩૧ થી ૧૫૬૬ના સમય દરમ્યાન જગતશાહ ૧, ૨ ના વખતમાં થયો મુઝફ્ફર શાહ નામના મુસ્લિમ બાદશાહના કહેવાથી જગતશાહ બીજાએ શાહ ઉપનામ રદ કરી "દેવ" ઉપનામ લાગુ કર્યું આ રીતે જગતશાહ જયદેવ બન્યા પાછળના બધા રાજાઓ, દેવ કે દેવજીના ઉપનામે ઓળખાયા ૧૯૨૧ થી ૧૯૪૭ દરમ્યાન વિજય દેવજીનું રાજ હતું ત્યારપછી ભારત સ્વતંત્ર થયું ત્યારે ભારતસંઘમાં જોડાઇ ગયું.

ભારત સ્વતંત્ર થયું ત્યારે ધરમપુર તાલુકા જેવા લગભગ છસો જેટલા રજવાડા હતાં એમાં દક્ષિણ ગુજરાતમાં ડાંગ વિસ્તારમાં ૧૮ જેટલા રજવાડા હતા જેમાંના સુરગણા, સચીન વાંસદા અને ધરમપુર મુખ્ય હતાં, ડાંગમાં આદિવાસી ભીલોનું, સુરગણામાં કોબીઓનું, સચીનમાં મુસ્લિમોનું વર્ચસ્વ હતું. ધરમપુર અને વાંસદા હિંદુ સ્ટેટસ ગણાતા જેમાં રાજપુતોનું વર્ચસ્વ હતું ધરમપુર રાજ્યની રાજધાનીનું નગર ધરમપુર હતું તેથી ધરમપુરમાં શાળા, દવાખાનું, મ્યુઝિયમ જેવી વિશેષ સવલતો હતી ધરમપુર સ્ટેટ હતું ત્યારે તેના ૬ તાલુકા અને ૨૭૦ ગામો હતા. સ્વતંત્રતા પછી ભારતસંઘમાં જોડાતા ધરમપુરનો એક મોટો તાલુકો અસ્તિત્વમાં આવ્યો અને જૂના ધરમપુરના કેટલાક ગામો ચીખલી તાલુકામાં જોડાતા હવે ધરમપુરમાં ૨૩૭ ગામોનો સમાવેશ થાય છે.

## ભૌગોલિક રચના :

ધરમપુર તાલુકો ચીખલી તાલુકાની દક્ષિણે અને વલસાડ તાલુકાની પૂર્વ સીમા ઉપર મહારાષ્ટ્રને અડીને આવેલો છે (જુઓ નકશો) ભૌગોલિક રીતે તાલુકો બે કુદરતી ભાગોમાં વહેંચાઇ ગયેલો છે. (૧) તળાટ અથવા નીચો પ્રદેશ (૨) ડુંગર અથવા ઊંચી જમીન-વાળો પ્રદેશ તળાટ માં ૪૧ ગામો છે અને એનું ક્ષેત્રફળ ૭૦૮૩૩ એકર છે આ તળાટ પ્રદેશમાં વસનારી મુખ્ય પ્રજામાં ધોડિયા છે; બીજા નાયકા છે. આ પ્રદેશની જમીન થોડી ગોરાડુ છે અને એમાં ભાત, કોદરા અને નાગલી થાય છે. પૂર્વમાં જમીન પહાડી છે એનો દેખાવ જ એની અણઉપજાઉતા બતાવી આપે છે. એમાંથી નદીનાળાં અને ઝરણા વહી જાય છે. પહાડના ઢોળાવ ઉપર ક્યાંક જંગલ છે; પણ એ અનિયંત્રિત રીતે કાપવાથી ખૂબ ઓછું થઇ રહ્યું છે આ પહાડી જંગલી પ્રદેશમાં કોંકણા અને વારલી રહે છે જે કુલવસ્તીના લગભગ ૭૦ટકા જેટલા છે.

આ પહાડીઓમાં થઇને પાર, નાર, માન, તાન, ઔરંગા અને દમણગંગા નદીઓ વહે છે નીર, લાવરી અને સ્વર્ગવાસી ખાડીઓ છે. અહીંયા પહાડી અને જંગલ વિસ્તાર હોવાથી સો ઇંચથી વધુ વરસાદ થાય છે પણ પાણીનો સંગ્રહ ન થતા વહી જાય છે એટલું જ નહીં જમીન ખડકાળ હોવાથી પાણી ઊંડા જાય છે. અહિંયા આટલું પાણી હોવા છતાં સિંચાઇની વ્યવસ્થા ખાસ જોવા મળતી નથી.

## વસતિ :

ધરમપુર તાલુકાનો વિસ્તાર ૭૦૪ ચોરસ માઇલમાં ૨૩૭ ગામડાઓમાં પથરાયેલો છે. એમાં ધરમપુર, નાની વહિયાળ, મેડવા, કપરાડા, નાના પોંઢા, મોટા પોંઢા, સુખાલા, ફતેહપુર, અંભેટી ઝરિયા, વીરવલ જેવા કેટલાંક મોટાં ગામો છે. ૧૯૭૧ની જનગણના અનુસાર ધરમપુર તાલુકાની કુલ વસતિ ૧,૯૩,૭૧૧ છે એમાં ૯૨.૪ ટકા અનુસૂચિત જનજાતિ (આદિવાસી) અને ૦.૬૮ટકા અનુસૂચિત જાતિ અને ૭ટકા અન્ય જેમાં હિંદુ અને બીજા છે. આ રીતે આ તાલુકાની મુખ્ય વસતિ આદિવાસીઓની જ છે.

ધરમપુરની ભૌગોલિક પરિસ્થિતિ જોતા ત્યાંની જમીન ઉબડ-ખાબડ, અને ખડકાળ છે; પાણી ઊંડા છે; ખેતરો નાના છે. જંગલો ઘણાં પણ નબળાં છે તેથી આર્થિક ઉપાર્જન માટેના સાધનોની કમી છે પરિણામે આ વિસ્તાર અતિ અવિકસિત છે ગરીબાઈનું પ્રમાણ વધુ છે. ત્યાંના આદિવાસીઓને વર્ષમાં ૩૧ દિવસ સુધી ભૂખ્યા રહેવું પડે છે એવી ગણતરી થઇ છે. આવી આર્થિક સ્થિતિની સાથે સ્વાભાવિક છે કે શિક્ષણનું સ્તર પણ નબળું છે બહુ જ ઓછા બાળકો ૩ જા ધોરણથી આગળ અભ્યાસ કરે છે આદિવાસીઓના શિક્ષણની રીતે સપાટ પ્રદેશમાં રહેતી ધોડિયા કોમમાં જ સાક્ષરતાનું પ્રમાણ ૨૬.૨૮ટકા છે બાકીની કોમોમાં તો ૧૦ટકા થી પણ ઓછું છે અને તેમાં પણ વારલીનું સાક્ષરતાનું પ્રમાણ ૩.૪૮ટકા જ છે ઓછી સાક્ષરતાનું કારણ પણ ગરીબ જ છે.

આમ ઉપર આપણે ધરમપુર તાલુકાનું જે વિકાસચિત્ર જોયું તો ખ્યાલ આવે છે કે ત્યાં ગરીબી અને અર્ધબેકારીની પરિસ્થિતિ વિશેષ છે ત્યાં મોટા ભાગની પ્રજા ગરીબીરેખાની નીચે જીવે છે ત્યાંની ખેતીમાં ઉપાર્જન ઓછું આવે છે અને જંગલોમાંથી પણ કંઇ ખાસ પ્રાપ્ત થતું નથી તેથી તેમને રોજી મેળવવા માટે દૂર દૂરના શહેરોમાં સ્થળાંતર કરવું પડે છે. આ પરિસ્થિતિ જોતાં ધરમપુરના વિકાસ માટે શું કરવું તે પ્રશ્ન ગંભીર વિચારણા માગી લે છે ધરમપુરના વિકાસ માટે ગુજરાત રાજ્ય તરફથી, કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ દવારા તેમજ વ્યક્તિઓ દવારા સંશોધન કાર્ય અને રચનાત્મક કાર્ય થયાં છે એટલે આજની કાર્યગોષ્ઠીમાં વિકાસ કાર્યક્રમની ચર્ચા વિચારણા કરીએ તે પહેલા ધરમપુર તાલુકાના સંદર્ભમાં જે લેખન સંશોધનની કામગીરી થઇ છે તેનો પરિચય મેળવો જરૂરી અને ઉપયોગી થઇ પડશે.

આદિવાસી સંશોધન અને તાલીમકેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ. મહાદેવ દેસાઇ સમાજ સેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ જેવી સંસ્થાઓ અને ગુજરાત સરકાર દવારા આદિવાસી તેમજ પછાત જાતિઓના ઉત્કર્ષને લગતી લેખન સંશોધન અને અન્ય કામગીરીઓ કરવામાં આવી છે.

આદિવાસી સંશોધન અને તાલીમકેન્દ્ર તરફથી આદિવાસી વિકાસના સંદર્ભમાં ઘણાં સંશોધનો થયાં છે તેમાંના કેટલાક સંશોધનો સમગ્ર ગુજરાતના આદિવાસી સાથે સંકળાયેલા છે. એમાં જે ધરમપુર તાલુકાના આદિવાસી વિસ્તારને સ્પર્શે છે તેમાંથી કેટલીક માહિતી ઉપલબ્ધ બનશે તેવીજ મહાદેવ દેસાઇ સમાજસેવા મહાવિદ્યાલયમાં ભણતા વિદ્યાર્થીઓને વિશારદ પારંગતની પદવી મેળવવા માટે પોતાના વિષયને અનુરૂપ કોઇ ક્ષેત્રકાર્ય કરીને તપાસ નિબંધ તૈયાર કરવાનો હોય છે. આ જે વિદ્યાર્થીઓ હોય છે. તે મોટેભાગે આદિવાસી હોય છે, એટલુ જ નહીં તેઓ જુદી જુદી જાતિના અને જુદા જુદા વિસ્તારના હોય છે. આજ સુધી જે નિબંધો લખાયા છે તેમાં ધરમપુર તાલુકાને આવરી લેતા ૧૭ જેટલા નિબંધો ખૂબજ ઉપયોગી નીવડે તેવા છે. આ બધા સંશોધન.લેખો અને નિબંધો આપણે તેના ઉપરથી ખ્યાલ આવે છે કે ધરમપુર તાલુકાના સંશોધન અને વિકાસ માટે હજી ઘણું કરવાનુ જરૂરી છે. જેના વિષે પણ આ કાર્યગોષ્ઠીમાં ચર્ચા કરવી જરૂરી છે. જે નિબંધો લેખો સંશોધનો થયા છે તેમાના કેટલાક વિષે આપણે ટુંકમાં જોઇએ.

ધરમપુર તાલુકાની વારલી કોમ :(૧૯૫૯) :

— મણીભાઇ ભીખુભાઇ પટેલ .

ભારતના આદિવાસીઓ વિષે સામાન્ય ખ્યાલ આપી ધરમપુર તાલુકાની ઐતિહાસિક અને ભૌગોલિક માહિતી આ નિબંધમાંથી પ્રાપ્ત થાય છે. ધરમપુર તાલુકાના ઉછાણમાં પહાડી અને જંગલ વિસ્તારમાં રહેતી વારલી કોમની કુટુંબ વ્યવસ્થા, વસ્ત્રપરિધાન, ગૃહરચના, ગ્રામરચના, સામાજિક રીતરિવાજો, ધાર્મિક માન્યતાઓ, આર્થિક જીવનને લગતી માહિતી આ નિબંધ આપે છે. આ નિબંધમાં દર્શાવેલ વારલી કોમના પ્રશ્નો અને તેના ઉકેલ માટેના સૂચનો મહત્વનાં છે.

૨. ધરમપુર તાલુકાના ચાર ગામો– સુખાલા, અંભેટી, મોટા પોંઢા કાકરપોડની આર્થિક તપાસ (૧૯૫૬):

— સુરેશચંદ્ર સાંકળચંદ શાહ અને ચીમનભાઇ પ્રેમાભાઇ પટેલ

ધરમપુર તાલુકાના સપાટ પ્રદેશમાં આવેલા ઉપર જણાવેલા ચાર ગામોને કેન્દ્રમાં રાખી આ નિબંધ લખાયો છે. અહીંના લોકોની આર્થિક

પરિસ્થિતિ કેવી હતી તેનો ખ્યાલ આ નિબંધ દ્વારા મળે છે. નિદર્શન પધ્ધતિથી ૨૦૮ કુટુંબો પસંદ કરી જરૂરી વિગતો એકત્રિત કરવામાં આવી જેમાંથી ખેતી વિષયક તેમજ અન્ય રોજગાર વિષેની માહિતી પ્રાપ્ત થાય છે. નિબંધકર્તાએ આ વિભાગના લોકોની આર્થિક સુધારણા અને સામાજિક ઉન્નતિ માટેના સૂચનો વ્યવસ્થિત રીતે રજૂ કર્યા છે. સાથે સરકારક્ષેત્રે અને નવનિર્માણની જવાબદારી કોને શીરે છે તેને લગતા ઉપયોગી મુદ્દાઓ પણ રજુ કર્યા છે.

૩. <u>ધરમપુર તાલુકાના ધોડિયા-૧૯૬૩</u> :

-માણેકલાલ પટેલ, મ. દે. મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ

ગુજરાત વિદ્યાપીઠના મહાદેવ દેસાઇ સમાજસેવા મહાવિદ્યાલયમાં સ્નાતક નિબંધની પૂર્વ તૈયારી રૂપે એક તપાસ જરૂર હોય છે એ મુજબ ૧૯૬૨-૬૩માં ધરમપુરના અબેટી, સુખાલાના ધોડિયા કોમની જે તપાસ થઇ હતી તેને આધારે આ લેખ લખાયો છે. એમાં ધોડિયાની કુલ વસતિ, તેના નિવાસના પ્રદેશો, તેમની સમાજ વ્યવસ્થા, કુટુંબજીવન, સાંસ્કૃતિક જીવન, આહાર આરોગ્ય આર્થિક પરિસ્થિતિ અંગેની આંકડાકીય માહિતી ઉપલબ્ધ બને છે.

૪. <u>આદિવાસી વિકાસ ઘટકોની તપાસ-૧૯૬૫</u> :

- વિમલ શાહ અને રમેશ શ્રોફ, આ.સં.તા. કેન્દ્ર, ગૂ. વિ.

આદિવાસી વિકાસઘટકોની કામગીરી સાથે સંકળાયેલા કેટલાક મહત્વનાં પાસાં પરનાં સૂચનો અને ભલામણ કરતી આ તપાસ છે આદિવાસી વિકાસ ઘટકોમાં કામ કરતા કર્મચારીઓ ત્રણ મહિનાની તાલીમાર્થે કેન્દ્રમાં આવતા તેમની સાથેની ચર્ચામાંથી ફલિત થયું કે આદિવાસી વિકાસ ઘટકના કાર્યક્રમની માહિતી ઉપલબ્ધ હોય તે જરૂરી છે. જે કાર્યક્રમ થાય છે તેનો અમલ પૂરેપૂરો થાય છે કે નહીં તેનું મૂલ્યાંકન દ્વારા જાણકારી મેળવવાનો આ તપાસનો હેતુ હતો વિકાસ ઘટકોના કાર્યક્રમો અને એના અમલીકરણના સંદર્ભમાં આ તપાસ થયેલી.

૫. કુકણા લોકોની સામાજિક તપાસ–ધરમપુર તાલુકો–૧૯૬૫ :

– જમનાબેન પટેલ, મ. દે. સમાજસેવા, મહા વિદ્યાલય, ગૂ. વિ.

ધરમપુરના જંગલોમાં વસતી આદિવાસી પ્રજા "કુકણા" વિષેનો આ નિબંધ છે એમાં એમનો ઉદ્દભવ અને વિકાસ કઇ રીતે થતો ગયો તેની વિગતો આપવામાં આવી છે. આ ઉપરાંત કુંકણા લોકોનું સામાજિક, ધાર્મિકજીવન, એમની ઘરવખરી, ગૃહબાંધણી ગ્રામરચના અને અન્ય વિશિષ્ટતાઓ રજૂ કરવામાં આવી છે. સામાન્ય અર્થવ્યવસ્થા અને શૈક્ષણની સમસ્યાનો પણ ખ્યાલ આપવામાં આવ્યો છે. તેમના સાંસ્કૃતિક પરિવર્તન અંગેની પણ નોંધ જોવા મળે છે.

૬. ધરમપુર તાલુકાના દક્ષિણ વિભાગની જંગલ મંડળીઓ: ૧૯૬૫:

– બાબુભાઇ બી. પટેલ, મ. દ. સમાજસેવા મહા વિદ્યાલય, ગૂ. વિ.

આ તપાસ નિબંધ ધરમપુર તાલુકાના ૫૭૪.૬ ચોરસમાઇલના વિસ્તારમાં આવેલા જંગલો અને તેની અંદર કામ કરતી દસ સહકારી મંડળીઓને અનુલક્ષીને લખાયો છે. શરૂઆતમાં જંગલ મંડળીઓનું મહત્વ શું છે ? તેનો ભારતમાં અને ત્યારપછી ગુજરાતમાં વિકાસ કેવી રીતે થયો તેની માહિતી આપવામાં આવી છે અને એ સાથે ધરમપુર તાલુકામાં આ મંડળીઓ કેવી રીતે સ્થપાઇ અને વિકાસ પામી તેની વિગતો રજૂ કરવામાં આવી છે.

ધરમપુરના દક્ષિણ વિભાગમાં તપાસ વખતે ચાર જંગલમંડળીઓ હતી (૧) નાના પોંઢા વિભાગ જંગલ કામદાર સહકારી મંડળી (૨) સિલધા વિભાગ જંગલ કામદાર સહકારી મંડળી (૩) ફતેપુર વિભાગ જંગલ કામદાર સહકારી મંડળી અને (૪) વરવટ વિભાગ જંગલ કામદાર સહકારી મંડળી આ નિબંધમાં ઉપરોક્ત ચારે મંડળીઓની શી ઉપયોગિતા છે તેનો ઉલ્લેખ પણ મંડળીના સેવાકાર્યોને લક્ષમાં લઇ કરવામાં આવ્યો છે.

૭. ગુજરાતના આદિવાસીઓમાં દેવા વિષયક પરિસ્થિતિ :

– મુસ્તાકઅલી મસવી, આ.સં.તા.કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ

ગુજરાતના આદિવાસીઓમાં દેવા વિષયક પરિસ્થિતિ કેવી છે તેની માહિતી આ અહેવાલમાંથી મળે છે. ગુજરાતની જુદી જુદી સાત

આદિવાસી જાતિઓના ૬૦૮ કા કુટુંબોને આવરી લેવામાં આવ્યા છે. આ સાત જાતિનાં ધરમપુર તાલુકાની કુકણા જાતિને લેવામાં આવી છે. અને એ જાતિની દેવા વિષયક, પરિસ્થિતિ કેવી છે તેનો ખ્યાલ આ નિબંધમાંથી મળે છે.

૮. નાની વહિયાળ જનજાતિ વિકાસ ઘટકનો આધાર ચિહ્ન મોજણી અહેવાલ-૧૯૬૭ ગુજરાત રાજ્ય અર્થશાસ્ત્ર આંકડા બ્યુરો:

અર્થશાસ્ત્ર એ આંકડા બ્યુરો તરફ ૧૯૬૭માં મોજણી અહેવાલ જે બહાર પડયો છે. તેમાં નાની વહિયાળ વિકાસ ઘટકમાં આવતા ૧૦ ગામોના ૧૩૪ કુટુંબોની માહિતી છે. આ માહિતીમાં આદિવાસી વિસ્તારોનો વિકાસ કઇ રીતે થઇ શકે?આ વિકાસ ઘટકોની ભૌગોલિક સ્થિતિ, આદિવાસી વસ્તી, શિક્ષણ, વ્યવસાય, ખેતી, પશુધન, મિલકત મૂડી રોકાણ દેવું વસવાટ આરોગ્ય વાહન વ્યવહાર વિષે લંબાણપૂર્વક માહિતી પ્રાપ્ત થાય છે. આ ઘટકો જ છે તે મોટેભાગે પછાત છે તેથી, આ માહિતી આયોજીતકારને ઉપયોગી થઇ પડે તેમ છે.

૯. ધરમપુર તાલુકાની કુકણા જાતિ-કોઠાર ગામ-૧૯૬૭ :

- પ્રવિણાબેન છગનભાઇ પટેલ, મ. દે. સમાજસેવા મહા વિદ્યાલય,
ગૂ. વિ.

ધરમપુર તાલુકાની આદિવાસી વસ્તીમાં કુકણા જાતીનું પ્રમાણ સારું એવું છે. આ પ્રજા મૂળ મહારાષ્ટ્રિયન છે તેથી તેમનું સાંસ્કૃતિક અને સામાજિક જીવન મહારાષ્ટ્રિયનને મળતું આવે છે. આ નિબંધનાં કોઠાર ગામના કુકણા જાતિના જન્મથી મૃત્યુ સુધીના રિતરિવાજો તેમની આર્થિક પ્રવૃત્તિઓ, વગેરેને લગતી માહિતી જોવા મળે છે.

૧૦. ધરમપુર તાલુકાના આદિવાસીઓના લોકગીતોમાં સાંસ્કૃતિક જીવન- ૧૯૬૭:

-શંકરભાઇ બુધિયાભાઇ પટેલ, મ. દે. સમાજસેવા મહા વિદ્યાલય,
ગુજરાત વિદ્યાપીઠ

નિબંધકર્તા પોતે જ આ સંસ્કૃતિના છે તેથી આ નિબંધમાં તેઓ ધરમપુર તાલુકાની ધોડિયા, નાયકા, કોલધા, વારલી અને હળપતી

કોમનું સાંસ્કૃતિક જીવન રજૂ કરે છે. શરૂઆતમાં લોકસંસ્કૃતિ અને લોકગીતોનો સામાન્ય પરિચય કરાવે છે પછી આદિવાસીઓમાં ગવાતા- ખાસ કરીને પ્રણયનૃત્યો, બાલજોડકણા અને લગ્નગીતો રજૂ કર્યાં છે. છેવટે આ જાતિઓમાં જે સાંસ્કૃતિક પરિવર્તન આવ્યું છે તેનો પણ આછો ખ્યાલ આપ્યો છે.

૧૧. <u>મોટા પોંઢા ગામની ચમાર જ્ઞાતિની સામાજિક તપાસ-૧૯૬૮:</u>

- છોટુભાઇ નારણભાઇ પટેલ, મ. દે. સમાજસેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ

આ લેખમાં ચમારકોમની ઉત્પત્તિ વિષે માહિતી મળે છે. જન્મથી મૃત્યુ સુધીના સામાજિક રિવાજોને પણ આવરી લેવામાં આવ્યા છે, એમની ગૃહરચના અને ગ્રામરચનાનો પણ પરિચય કરાવ્યો છે. ચમાર જ્ઞાતીનું સાંસ્કૃતિક, ધાર્મિક, આર્થિક જીવન અને શિક્ષણને લગતી માહિતી આમાંથી પ્રાપ્ત થાય છે.

૧૨. <u>નાની વહિયાળ આદિવાસી વિકાસ ઘટકનો પુનઃમોજણી</u>

<u>અહેવાલ :</u>

૧૯૬૩-૬૪નાં આધાર ચિન્હ મોજણી દવારા ૧૯૬૨-૬૩ની આર્થિક-સામાજિક પરિસ્થિતિનો જે ખ્યાલ મેળવ્યો હતો અને ત્યારપછી જે વિકાસ કાર્યો અમલમાં મૂકાયા અને એને પરિણામે જે સામાજિક આર્થિક પરિવર્તનો આવ્યા તે જાણવા માટે ૧૯૬૬-૬૭માં આ મોજણી થઇ હતી. એમાં જે બાબતોની આધાર ચિન્હ દવારા મોજણી કરવામાં અવી હતી તેની જ ફરીથી મોજણી કરી આંકડાકીય નોંધ આપવામાં આવી છે.

૧૩. <u>ધરમપુર તાલુકાની ખાદી પ્રવૃત્તિ-૧૯૬૯ :</u>

- નવસુભાઇ બજનભાઇ ગવરી, મ. દે. સમાજસેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ

ધરમપુર તાલુકાની ખાદી પ્રવૃત્તિમાં રસ ધરાવનારાઓની એનું કામ કરનારાઓની તેમજ તાલીમશાળાઓના વ્યવસ્થાપકોની રૂબરૂ મુલાકાત લઇ ખાદી પ્રવૃત્તિનો ઇતિહાસ વર્ણવ્યો છે. તે સાથે આ વિસ્તારમાં ખાદી પ્રવૃત્તિના વિકાસની શક્યતાઓ તપાસી તે અંગેના

ઉપયોગી સૂચનો પણ દર્શાવ્યા છે શરૂઆતમાં ધરમપુર તાલુકાનો સામાન્ય પરિચય આપ્યો છે.

૧૪. આદિવાસી વિસ્તારનાં ખેતી વિકાસ :

– વિમલ શાહ અને મુસ્તાકઅલી મસવી, આ.સં.તા.કેન્દ્ર, ગૂ.વિ.

આ નિબંધમાં પાંચ ઘટકોમાં ખેતી વિષયક પાસાઓમાં આવી રહેલા પરિવર્તન માટેની મોજણી ગ્રામસેવકના તાલીમવર્ગ દ્વારા કરાવવામાં આવી હતી. આમાં ધરમપુર તાલુકાનું આદિવાસી વિકાસ ઘટક જે ૧૯૬૧થી ચાલતું હતું તેમાં ખેતવિકાસનું કામ સઘન રીતે ચાલતું હતું તેથી ૧૯૬૮માં નાની વહિયાળ વિકાસ ઘટકના ૨૬૪ કુટુંબોની તપાસ કરી આઠ વર્ષમાં ખેતી ક્ષેત્રે શું પરિણામ આવ્યું તેની માહિતી આ અહેવાલમાંથી મળે છે.

૧૫. નાના પોંઢા ગામના વારલીઓની ધાર્મિક તપાસ-૧૯૭૩ :

– દેવીબહેન રેવલાભાઇ પટેલ, મ. દે. સમાજસેવા મહા વિદ્યાલય,
ગુજરાત વિદ્યાપીઠ

આ નિબંધમાં નિબંધકર્તાએ ધરમપુર તાલુકાની મહત્વની આદિવાસી જાતીઓમાંની એક વારલી જાતિ વિષે સામાન્ય ખ્યાલ આપી ધર્મનું રહસ્ય શું છે ? વારલીકોમની કઇ દૈનિક ક્રિયા દ્વારા ધર્મ વ્યક્ત થાય છે. ભગતભૂવામાં તેમની શ્રધ્ધા કેટલી છે અને શા માટે છે? વગેરે બાબતોનો ઉલ્લેખ કર્યો છે ? આ ઉપરાંત વારલી કોમમાં જન્મ અને મૃત્યુ પ્રસંગે ધર્મનું સ્થાન શું છે, તહેવારોમાં ધર્મ શું ભાગ ભજવે છે અને છેલ્લા દશવર્ષમાં ધાર્મિક પરિવર્તન શું થયું તેનો ખ્યાલ આ નિબંધમાંથી આવે છે.

૧૬. સમગ્ર ગ્રામસેવાનો પ્રયોગ : ધરમપુરક્ષેત્ર-૧૯૭૭:

– વિક્રમ હીરાલાલ સવાઇ, મ. દે. સમાજસેવા મહા વિદ્યાલય,
ગુજરાત વિદ્યાપીઠ

દેશની ગરીબ પીડિત માનવજાતિ સાથે તાદાત્મ્ય સાધવાની ગાંધીજીની રીતિની તેથી પ્રભાવિક થઇ મુંબઇ જેવી અલબેલી નગરીમાં ઉછરેલ અને શિક્ષણ પામેલ ડૉ. નવનીતભાઇ ફોજદાર ગુજરાતના પછાતમાં પછાત ગણાતા ધરમપુર તાલુકાના પીંડવળ ગામમાં કોઇપણ

જાતની ઠાઠમાઠ વગર ૧૯૬૮થી આદિવાસીઓની સેવાના કાર્યમાં પોતાની ડૉક્ટરી વિદ્યા અજમાવી રહ્યા છે.

આ સેવાભાવી સર્વોદય કાર્યકરની સેવાને લક્ષમાં રાખી આ નિબંધ તૈયાર કરવામાં આવ્યો છે. નિબંધમાં ડૉ. નવનીતભાઇનો પરિચય આદિવાસીઓ જોડેની તેમની આત્મીયતા, આદિવાસીઓના આરોગ્યના પ્રશ્નો અને એમની સારવાર વગેરેને લગતી માહિતી વિગતવાર આપવામાં આવી છે. ૧૯૭૩ના એ વિભાગમાં પડેલા દુષ્કાળ દરમ્યાન ડૉક્ટરની કામગીરીનો પણ ખ્યાલ નિબંધમાં આપવામાં આવ્યો છે.

૧૭. આદિવાસી ક્ષેત્ર વ્યવસ્થાનો અભ્યાસ:ધરમપુર તાલુકાના સપાટ તથા ડુંગરાળ વિસ્તારને કેન્દ્રમાં રાખીને:૧૯૭૭ :

- રામુભાઇ પટેલ, મ. દે. સમાજસેવા મહાવિદ્યાલય, ગૂ. વિ.

આ નિબંધમાં ખેતી અર્થશાસ્ત્રના વ્યાપારી સિધ્ધાંતોનો વ્યક્તિગત કાર્યના સંચાલનમાં અમલ કરી ફાર્મના કાર્યો અને તેની વ્યવસ્થામાં તેમજ નફાકારક રીતે ચલાવવાનું વિજ્ઞાન છે કે જેને ક્ષેત્ર વ્યવસ્થા કરે છે આ ક્ષેત્ર વ્યવસ્થામાં દવા, બિયારણ, ખાતર, ખેડ, પાણી મજૂરી વગેરેનો નફાકારક ઉપયોગ કઇ રીતે થઇ શકે તે બતાવ્યું છે. આ ઉપરાંત ભારતીય ખેડૂત - ભારતીય ખેતી પ્રણાલી આધુનિક ખેતીનું મહત્વ તેમાં સંશોધનને અવકાશ કૃષિનું ઉદ્યોગ તરીકેનું મહત્વ ધરમપુર તાલુકાના ખેડૂત અને ખેડૂત કુટુંબનો પરિચય ક્ષેત્ર વ્યવસ્થાથી તેમાં આવેલા પરિવર્તનો ખ્યાલ આપ્યો છે. સાથે સાથે ધરમપુર તાલુકાના ખેડૂતોની પછાત સ્થિતિના સંદર્ભમાં ઉપયોગી એવા ૧૧ સૂચનો કર્યાં છે અને ભવિષ્યમાં કોઇએ આ વિષયમાં ઊંડા ઉતરવું હોય તો ક્યો અભ્યાસ થઇ શકે તેવા પ ઉપયોગી સૂચનો કર્યાં છે.

૧૮. લેડી વિલ્સન મ્યુઝિયમ (ધરમપુર) ઐતિહાસિક આલેખનના સંદર્ભમાં એક અભ્યાસ- ૧૯૭૮ :

- શાંતિલાલ પી. ગરાસિયા, મ. સમાજસેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ

ધરમપુર તાલુકામાં આવેલા લેડી વિલ્સન મ્યુઝિયમને અનુલક્ષીને આ નિબંધ લખાયો છે. જેમાં ધરમપુર રાજની સ્થાપના ૧૨૬૨ થી

અત્યાર સુધીનો ઇતિહાસ આપવામાં આવ્યો છે. જેમાંથી રસપ્રદ અને જાણવા લાયક માહિતી મળે છે. આ નિબંધમાંથી ગુજરાતના અન્ય સંગ્રહાલયો વિષે પણ માહિતી પ્રાપ્ત થાય છે. સંગ્રહાલયના કેટલાક ચિત્રો પણ રજૂ કરવામાં આવ્યા છે. નિબંધમાંથી સંદર્ભગ્રંથો વિષે પણ સારી માહિતી પ્રાપ્ત થાય છે.

૧૯. <u>ધરમપુરના જંગલોમાં-૧૯૭૮</u> :

- સર્વોદય પરિવાર ટ્રસ્ટ, પીંડવાડ, તા. ધરમપુર.

બહારની દુનિયાથી તરછોડાયેલ અને ઉપેક્ષિત આદિવાસી પ્રજાની સેવાર્થે ચાલતી મફત દાક્તરી સારવાર, અનાજ બેંક (ખાવટી) ખાદી કાંતણ વણાટ શિક્ષણ અને લોકશિક્ષણ જમીન અને ખેતી સુધારણા-પીવાના પાણીની સગવડ વગેરેનો પરિચય આપતી આ પુસ્તિકા છે. શરૂઆતમાં ધરમપુર તાલુકાની ભૌગોલિક માહિતી પણ દર્શાવવામાં આવી છે. ફોટોગ્રાફ્સ દ્વારા પણ કેટલીક પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

૨૦. <u>બાળ ભૂગોળ-૧૯૭૯</u> જિ. વલસાડ, નવયુગ પ્રકાશન

ધોરણ-૩ના બાળકોને પોતાના જિલ્લા વિષે તેના તાલુકા અને તાલુકાના અગત્યના મથકો વિષેની માહિતી પૂરી પાડતું આ પુસ્તક છે. વલસાડ જિલ્લાની ભૌગોલિક રૂપરેખા નકશા સાથે, જિલ્લાના પાક સિંચાઇની વ્યવસ્થા, જિલ્લાના અગત્યના ઉદ્યોગો, વાહન-વ્યવહારમાર્ગો વિષેની સમજ આ પુસ્તકમાં આવી છે. બીજા તાલુકા સાથે ધરમપુર તાલુકા વિષેની માહિતી પણ એમાં જણાવવામાં આવી છે.

૨૧. <u>ઘટક કક્ષાનું આયોજન ધરમપુર-૧૯૭૯</u> :

- ટી. કે. મૌલિક, બી. એમ. દેસાઇ બી. એલ. ત્રિપાઠી, બી. જે. ભાંડુલિયા- સેન્ટર ફોર મેનેજમેન્ટ ઇન એગ્રીકલ્ચર, ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ

ધરમપુર તાલુકાનું ઘટક કક્ષાએ આયોજન આ અહેવાલમાં વિસ્તૃત રીતે દર્શાવવામાં આવ્યું છે. આઇ.આઇ.એમ.ના કાર્યજૂથે ૧૯૭૬માં ગ્રામગરીબો માટે ગ્રામવિકાસ" નામનો ક્રિયાત્મક સંશોધન કાર્યક્રમ રજૂ કરેલો એના અનુસંધાનમાં જ આ અહેવાલ તૈયાર થયો છે. આ

અહેવાલમાં ધરમપુર તાલુકાની આર્થિક અને સામાજિક સ્થિતિનો ચિતાર આપ્યો છે. ગરીબીનું પ્રમાણ અને સર્વેક્ષણના પરિણામો રજૂ કર્યાં છે સાથે સાથે તાલુકામાં થઇ રહેલા કેટલાક વિકાસ કાર્યક્રમોનુ ટીકાત્મક મૂલ્યાંકન પણ કરવામાં આવ્યુ છે. છેલ્લે ઘટકકક્ષાએ શું આયોજન થઇ શકે તેના કાર્યક્રમોની ચર્ચા કરી છે.

૨૨. Wastage and Stagnation in Primary Education amongs the Tribls-1968 : R. B. Lal , T R.T.I. Gujarat Vidyapith.

આ અભ્યાસ ગુજરાતના શામળાજી, સુખસર, નાની વહિયળ અને વાલોડ આદિવાસી ઘટકમાં કરવામાં આવ્યો હતો. આમાં ધરમપુર તાલુકાના નાની વહિયાળ આદિવાસી ઘટકની માહિતી આપવામાં આવી છે. પ્રાથમિક શાળામાં અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ(૧૯૬૫) કેટલું છે અને તેની પાછળ ક્યા કારણો છે તે આ અભ્યાસનો હેતુ હતો.

૨૩. Rural Development for Rural Poor-(1976) Dharampur Project. Part-I. setting Part-II. Action Plan :- V.S.Vyas, T.K. Moulik, B. M. Desai, Ranjit Gupta. I.I.M. Ahmedabad.

Part-I.

આઇ.આઇ.એમ.ના ઉપર જણાવેલા અભ્યાસ જૂથે ધરમપુર તાલુકાનો અભ્યાસ કરી ક્રિયાત્મક અહેવાલ તૈયાર કર્યો છે. આ અહેવાલમાં શરૂઆતમાં ધરમપુર ભૌગોલિક પરિસ્થિતિનો ખ્યાલ આપી એની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ દર્શાવી છે. પ્રવર્તમાન વિકાસ કાર્યક્રમોની સમીક્ષા કરી નવી વિકાસ યોજનાની રૂપરેખા દર્શાવી છે. અને એમાં નાણાંકીય જોગવાઇ માટે પણ ચર્ચા કરી છે.

Part-II.

આ અહેવાલમાં બે વિભાગ દર્શાવ્યા છે. પ્રથમ વિભાગમાં આર્થિક પરિસ્થિતિની ચર્ચા કરી ત્યાંના સામાન્ય જીવનનું ગુણાત્મક પૃથ્થકરણ કર્યું છે. એ સાથે વિકાસ કામો માટે અસરકારી અને સરકારી રાહે થતા પ્રયત્નોની નોંધ આપી છે. બીજા વિભાગમાં ભાવિ કાર્યક્રમોનો વ્યુહ દર્શાવ્યો છે. એમાં ખેતી, પશુપાલન, જંગલ, કુટિર ઉદ્યોગ આરોગ્ય અને શિક્ષણના પાસાઓને ધ્યાનમાં લઇ વિકાસ કામોનું આયોજન દર્શાવ્યુ છે.

24. Rajas and Prajas 1977 : A Princely State then and now :

- S. Davadas Pallai

સ્વતંત્રતા પહેલાના દેશી રજવાડાઓનો પરિચય કરાવતું આ પુસ્તક છે. દેશી રાજ્યોનો વહીવટ રાજાઓ શી રીતે ચલાવતા, બ્રિટિશરોનો કારોબાર શી રીતે ચાલતો તેનો વિગતવાર ઉલ્લેખ આ પુસ્તકમાં આપ્યો છે. ખાસ કરીને ધરમપુર રાજ્યની ઉત્પત્તિના ઇતિહાસથી શરૂ કરી અત્યારની પરિસ્થિતિ સુધીની કેટલીક ઉપયોગી વિગતો આ પુસ્તકમાં જોવા મળે છે. ધરમપુર રાજ્યની ભૌગોલિક સ્થિતિ, આર્થિક સ્થિતિ અને સામાજિક અને સામાજિક-ધાર્મિક સ્થિતિનો પણ સાધારણ ખ્યાલ આમાંથી મળે છે.

# BIBLIOGRAPHY


1. Gazetteer of the Bombay Presidency, Bombay - 1896.
2. The Tribes and castes of Bombay - 1922
   By. R.E. Enthoven.
3. History and Administration of Dharampur State (1262-1937)
   Dharampur - 1938
4. A Brief Historical sketch of Dharampur - 1938
5. The ab-origins of South Gujarat (Ph.D. Dissertation)
   University of Bombay - 1944.
6. Death and disposal among the primitive Tribes of Dharampur - Koppar. D.H. (Journal of the Gujarat Research Society - 1945)
7. Working plan for the forests of Dharampur state - 1946.
8. The Dhodias of South Gujarat - Bombay, University of Bombay - 1955 . (Solanky A.N.)
9. The Warli Woman - 1954. By P.Gisbert S.J.
10. Gazetteer of India, Gujarat State - 1961.
    Govt. of Gujarat.
11. Districts Census, Hand Book - 1971,
    Bulsar District. Part X-C-1.
12. Working plan for Bulsar Division of forests - 1972.
13. Tribal Area Sub-Plan - 1974-79
    Gujarat Education and Labour Department.
14. Gujarat Ground water Investigation, Ahmedabad - 1975.
15. A South Gujarat village - 1976
    Girja Sharan (I.I.M.)
16. Rural Development for rural poor. Dharampur Project-1976
    Part-I, II - V.S. Vyas (IIM.)
17. Formal Vis - a - vis informal credit supply sources in tribal area - a case of Dharampur taluka - 1976
    - B.M. Desai ( I.I.M.)

18. The Rajahs and Prajas. A princely state: then & now-1977
- Davadas Pillai

19. Craft situation in Dharampur Tribes - a study of potentiality of development - Khanná Sudarshan
N.I.D. - 1978.

20. Intensive management of Valsad forests - Gujarat State Forest Development Corporation Ltd. - 1979.

21. Primitive Tribes of Dharampur - D.H. Koppers

22. The Warli - K.V. Save

23. Directory of Museums in India - C. Shivzam Murthi.

24. Tribal Arts and its place in the Anthropological Museum. - D.K. Koppers.

25. Wastage and stagnation in Primary Education among the Tribals (A study in Four Tribal Development Blocks Gujarat). - R.B. Lal.
Tribal Research and Training Centre,
Gujarat Vidyapith.

26. Socio - Religious Movements among tribals of south Gujarat. - R.B. Lal.
Tribal Research and Training Centre,
Gujarat Vidyapith.

27. Winners and Loosers.
ED. by S. Devidas Pillai

28. Intensive Management of Forest in Bulsar District. (Project Profile) - Gujarat State Forest Development Corporation.

૨૯. હિંદુસ્તાન રક્ષિત રાજાઓ- ૧૮૯૬
કલ્લભજી ધરમજી વૈદ્ય.

૩૦. ધરમપુર તાલુકાના ચાર ગામ, સુખાલા, અંભેટી, મોટા પોંઢા કાકરપોરનો આર્થિક તપાસ-૧૯૫૮
શાહ સુરેશ સાંકળચંદ અને ચીમનભાઇ પ્રેમાભાઇ પટેલ

૩૧. ધરમપુર તાલુકાની વારલી કોમ-૧૯૫૯
પટેલ મણીભાઇ ભીખુભાઇ.

૩૨. ગુજરાત એક પરિચય- ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ-૧૯૬૧
સંપાદક- રામલાલ પરીખ-

૩૩. ધરમપુર તાલુકાના ધોડિયા વિદ્યાપીઠ-૧(૨)-૧૯૬૩
- પટેલ માણેકલાલ

૩૪. કુકણાલોકોની સામાજિક તપાસ ધરમપુર તાલુકાને કેન્દ્રમાં રાખીને - પટેલ જમનાબેન ર.

૩૫. ધરમપુર તાલુકાના દક્ષિણ વિભાગની જંગલ મંડળીઓ-૧૯૬૫
- પટેલ બાબુભાઇ બી.

૩૬. ધરમપુર તાલુકાની કુકણા જાતિ-કોઠાર ગામને કેન્દ્રમાં રાખીને ૧૯૬૭ - પટેલ પ્રવિણાબેન છનાભાઇ

૩૭. નાની વહિયાળ જનજાતિ વિકાસ ઘટકનો આધાર ચિન્હ, મોજણી અહેવાલ- ૧૯૬૭
- ગુજરાત અર્થશાસ્ત્ર અને આંકડાબ્યુરો

૩૮. ધરમપુર તાલુકાના આદિવાસીઓના લોકગીતોમાં સાંસ્કૃતિક જીવન - ૧૯૬૭
- પટેલ શંકરભાઇ બી.

૩૯. મોટા પોંઢા ગામની ચમાર જ્ઞાતિની સામાજિક તપાસ-૧૯૬૮
- પટેલ છોટુભાઇ નારણભાઇ

૪૦. નાની વહિયાળ આદિવાસી વિકાસ ઘટકનો પુનઃ મોજણી અહેવાલ ૧૯૬૯
- અર્થશાસ્ત્ર આંકડા બ્યુરો

૪૧. ધરમપુર તાલુકાની ખાદી પ્રવૃત્તિ-૧૯૬૯
- ગવળી નવસુભાઇ બજનાભાઇ

૪૨. નાના પોંઢા ગામના વારલીઓની ધાર્મિક તપાસ-૧૯૭૩
- પટેલ દેવીબેન રેવલાભાઇ

૪૩. ધરમતુર વાંસદા મતદાર વિભાગનો મતદાન વ્યવહાર-૧૯૭૫
- પટેલ કપિલભાઇ ગનાભાઇ

૪૪. પારડી અને ધરમપુર વિસ્તારના આદિવાસીઓના જીવનમાં હાટવાડાઓનું મહત્વ-૧૯૭૭

- પટેલ ગુલાબભાઇ ડાહ્યાભાઇ

૪૫. ધરમપુર તાલુકાના ધોડિયાઓમાં ૧૯૫૦ પહેલા અને ૧૯૫૦ પછી આવેલા સાંસ્કૃતિક પરિવર્તન- ૧૯૭૭

- પટેલ રમેશભાઇ કોળધાભાઇ

૪૬. આદિવાસી વિસ્તારની ક્ષેત્ર વ્યવસ્થાનો અભ્યાસ (ધરમપુર તાલુકાના સપાટ તથા ડુંગરાળ પ્રદેશને કેન્દ્રમાં રાખીને)-૧૯૭૭

- પટેલ રામુભાઇ ઝીણાભાઇ

૪૭. સમગ્ર ગ્રામસેવાનો પ્રયોગ ધરમપુર ક્ષેત્રને કેન્દ્રમાં રાખીને-૧૯૭૭

- સવાઇ વિક્રમ એચ.

૪૮. લેડી વિલ્સન મ્યુઝિયમ (ધરમપુર) ઐતિહાસિક આલેખનના સંદર્ભમાં એક અભ્યાસ-૧૯૭૮

- ગરાસિયા શાંતિલાલ પરસોત્તમ

૪૯. ઘટકકક્ષાએ આયોજન- ધરમપુર તાલુકો

- મરાઠી રિસાયત - ગોવિંદ સુખારામ

૫૦. ગુજરાતનો મધ્યકાલિન ઇતિહાસ

- કે. કા. શાસ્ત્રી

૫૨. કાઠિયાવાડ અને ગુજરાતના કેટલાક પરગણાં વિષે રિપોર્ટ એલેકઝાન્ડર વાકર સાહેબ અમૃતલાલની જબાની પરનું વૃત્તાંત

૫૩. રાસમાળા ગુજરાત પ્રાંતનો ઇતિહાસ

- ગુજરાત વિદ્યાસભા, દિવાન બહાદુર રણછોડજી ઉદયરામ ફાર્બસ ગુજરાતી સભા- ભાગ-૨

૫૪. ગુજરાતનાં આદિવાસીઓમાં દેવા વિષયક પરિસ્થિતિ

- મુસ્તાકઅલી મસવી .

૫૫. આદિવાસી વિસ્તારમાં ખેતી વિકાસ

- વિમલ શાહ અને મુસ્તાકઅલી મસવી

૫૬. આદિવાસી વિકાસ ઘટકના કાર્યક્રમોનું મૂલ્યાંકન

- મુસ્તાકઅલી મસવી.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

## લવકર ગામની પુનઃ તપાસ

- મુસ્તાઅલી મસવી
સંશોધન અધિકારી

આદિવાસી કેન્દ્ર તરફથી ૧૯૬૯-૭૦ ના વર્ષમાં ગુજરાતની મુખ્ય આદિવાસી જાતિઓ પર અભ્યાસગ્રંથ રચવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ માટે જુદા જુદા આદિવાસી વિસ્તારોમાંથી જુદી જુદી આદિવાસી જાતિઓની વસતિ ધરાવતાં ગામો પસંદ કરવામાં આવ્યાં હતાં. કોકણા જાતિ માટે વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાંથી 'લવકર' ગામ પસંદ કરવામાં આવ્યું હતું. ૧૯૭૯ માં ફરીથી કેન્દ્ર તરફથી આ બધાં ગામોની પુનઃ તપાસનું કાર્ય હાથ પર લેવાયું હતું. કોકણા જાતિ માટેના -લવકર- ગામની પુનઃ તપાસનું કાર્ય પણ ૧૯૭૯ માં કરવામાં આવ્યું હતું.

### તપાસનો ઉદ્દેશ :

૧૯૬૯ માં જે ગામો પસંદ કરવામાં આવ્યાં હતાં, અને જે તે ગામમાંથી પહેલી તપાસ વખતે જે કુટુંબોની તપાસ કરવામાં આવી હતી તે જ કુટુંબો પુનઃ મોજણી (૧૯૭૯) સમયે તપાસવામાં આવ્યાં હતાં. આ તપાસનો મુખ્ય હેતુ દસ વર્ષના ગાળા દરમ્યાન આ ગામોમાં કેવા પ્રકારનું પરિવર્તન આવ્યું છે, ગામમાં કેવા પ્રકારના સામાજિક-આર્થિક ફેરફારો થયા છે, ગામમાં વસતા લોકોના જીવનધોરણમાં કોઇ ફેરફાર નોંધાયો છે કે કેમ, વિષે જાણકારી મેળવવાનો હતો.

### તપાસ પદ્ધતિ :

આ ગામની તપાસ સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવી હતી. સાથોસાથ માનવશાસ્ત્રીય સંશોધન પદ્ધતિમાં સહભાગી નીરિક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરી માહિતી એકત્ર કરવામાં આવી હતી. આ તપાસમાં માત્રાત્મક પાસાઓની સાથોસાથ ગુણાત્મક પાસાંને પણ મહત્વ આપવામાં આવ્યું હતું. આ તપાસ માટે અગાઉની જેમ એક પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી હતી. અને તે દ્વારા જીવનનાં દરેક પાસાઓ વિષે માહિતી એકત્ર કરવામાં આવી હતી. તે પ્રથમ તપાસ સમયે લેખક પોતે ગામનું ક્ષેત્રકાર્ય કરી માહિતી એકઠી કરી હતી. જ્યારે પુનઃ તપાસ સમયે ગામનું ક્ષેત્રકાર્ય કેન્દ્રના સંશોધન મદદનીશ શ્રી ચંપકભાઇ ચૌધરીએ કર્યું હતું અને માહિતી એકઠી કરી હતી.

પહેલી તપાસ સમયે ગામમાંથી ૫૮ કુટુંબોની મોજણી કરવામાં આવી હતી. જ્યારે પુનઃ તપાસ સમયે તે સમયનાં ૫૮ કુટુંબોમાંથી ૧૩ કુટુંબોના વડા ગુજરી જવાને લીધે ૪૫ કુટુંબો પાસેથી માહિતી મેળવવામાં આવી હતી.

વિસ્તાર પરિચય :

લવકર ગામ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં આવેલું છે. ધરમપુર તાલુકો ગુજરાત રાજયમાં મોટામાં મોટો તાલુકો છે. તેમાં ૨૭૨ ગામોનો સમાવેશ થાય છે. જેનો વિસ્તાર ૬૩૮ ચો.માઇલનો છે. તાલુકાનું મુખ્ય મથક ધરમપુર તાલુકાની હદે આવેલું હોઇ તાલુકાના દક્ષિણ અને અગ્નિદિશાનાં ગામોથી લગભગ ૯૦ થી ૧૦૦ કિ.મી. દૂર પડે છે. આથી તાલુકાના મુખ્ય મથકે સહેલાઇથી પહોંચી શકાતું નથી. તેમજ કટોકટીના સમયે-રોગચાળો કે દુકાળના સમયે લોકોને ઘણું સહન કરવું પડે છે. તાલુકાનો વિસ્તાર ડુંગરાળ છે. તેમાં થોડો ભાગ તલાટ વિસ્તાર છે. તાલુકામાં ઉત્તર ભાગમાં તાન અને માન નદીઓ વહે છે. જે ભેળી ઔરંગા બને છે. મધ્યમાં કોલક નદી વહે છે અને દક્ષિણમાં દમણગંગા નદી વહે છે. જે દક્ષિણના થોડા ગામોને અસર પહોંચાડે છે. તાલુકાના વિસ્તારમાં સામાન્ય રીતે ૮૦ થી ૧૨૦ ઇંચ જેટલો વરસાદ પડે છે. પરંતુ વિસ્તાર ડુંગરાળ હોઇ પાણી ઠરતું નથી. આથી તાલુકામાં વારંવાર દુષ્કાળની પરિસ્થિતિ ઊભી થાય છે. જેથી તાલુકાની પ્રગતિ રૂંધાય છે.

ધરમપુર તાલુકાની વસતિ ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે ૧૯૩૭૧૧ ની હતી. તેમાં હરિજનોની સંખ્યા ૧૨૧૧ની હતી જયારે આદિવાસીઓની સંખ્યા ૧૭૯૧૮૧ ની હતી. આમ આદિવાસીઓની વસતિ કુલ વસતિના ૯૩ ટકા જેટલી હતી. હરિજનોમાં મુખ્ય જાતિ મહાર, ચમાર લોકોની છે. જયારે આદિવાસીઓમાં મુખ્ય વસતિ કુકણા, વારલી, ધોડિયા અને નાયકાની છે. ૧૯૬૧ થી ૧૯૭૧ ના દાયકા દરમ્યાન વસતિમાં ૪૧૦૧૨ માણસોનો વધારો થયો છે.

ધરમપુર તાલુકો ડુંગરાળ અને પછાત હોવાથી પ્રગતિ સાધી શકયો નહોતો. આથી તાલુકાની પ્રગતિને વેગ આપવા માટે નામદાર સરકારશ્રી તરફથી ૧-૪-૧૯૫૭ થી બહુલક્ષી વિકાસ ઘટક યોજના નાનાપોંઢામાં શરૂ કરવામાં આવી હતી. જેમાં ૨૫૦૦૦ ની વસતિ સાથે ૩૯ ગામોને આવરી લેવામાં આવ્યાં હતા. ધરમપુર રાષ્ટ્રીય વિસ્તરણ સેવા ઘટક ૧-૪-૧૯૫૭ થી શરૂ થયો હતો. ધરમપુર I. રાષ્ટ્રીય વિસ્તરણ ઘટકમાંથી ૧-૧-૧૯૬૧ થી આદિવાસી ઘટક નાની વહિયાળ છૂટો પાડવામાં આવ્યો હતો. જેમાં ૯૧ ગામોના સમાવેશ કરવામાં આવ્યો હતો. તા.૧-૪-૧૯૬૩ થી આદિવાસી વિકાસ ઘટક આંબાજંગલ ધરમપુર રાષ્ટ્રીય વિસ્તરણ સેવા ઘટકમાંથી છૂટો પાડવામાં આવ્યો હતો. જેમાં ૪૨૦૦૦ માણસોની વસતિ ધરમપુર રાષ્ટ્રીય વિસ્તરણ સેવા ઘટક તા.૧-૪-૧૯૬૪ થી આદિવાસી ઘટક તરીકે ફેરવવામાં આવ્યો હતો. જેમાં ૪૨ ગામોનો સમાવેશ થયેલ. જેની વસતિ ૪૨૦૦૦ ની હતી. ધરમપુર તાલુકામાં વાહનવ્યવહાર ક્ષેત્રે પ્રગતિ ઘણી જ ઓછી છે જેને લીધે વિકાસ યોજનામાં ધાર્યો વિકાસ થયો નથી. ધરમપુર તાલુકામાં શિક્ષણ ક્ષેત્રે નહિવત્ પ્રગતિ થઇ છે. જેમાં વાહનવ્યવહારનો અભાવ, શિક્ષકોના રહેઠાણનો પ્રશ્ન અને લોકોની ગરીબીને કારણ શિક્ષણ મંદ ગયું છે. ખેતીમાં પાણીની અછત વર્તાય છે. વરસાદ સારો પડે છે તેમ છતાં પ્રદેશ ડુંગરાળ અને પથરાળ હોવાથી પાણી ઠરતું નથી અને તરત વહી જાય છે. આથી વરસાદ વધુ પડવા છતાં આ વિસ્તાર દુષ્કાળનો વારંવાર ભોગ બને છે.

ગામ પરિચય :

લવકર ગામ તાલુકાના મુખ્ય મથકથી ૩૫ માઇલ દૂર ઊંડાણના વિસ્તારમાં આવેલું છે. ગામ પર જવા માટે કોઇ પાકો રસ્તો નથી. તેમજ કોઇ સીધો બસ વ્યવહાર નથી. ધરમપુર-નાસિક અને વલસાડ નાસિકને જોડતો એક કાચો રસ્તો છે. આમ ધરમપુર-નાસિક અને વલસાડ નાસિક જતી બસમાં ડાબખલ બસ સ્ટોપ પર ઉતરવું પડે છે. ડાબખલ બસ સ્ટેન્ડથી લવકર ગામ લગભગ ૮ કિ.મી. જેટલું થાય છે. આમ ડાબખલથી લવકર પગપાળા જઇ શકાય છે. આ માર્ગ કાચો છે તેથી ચોમાસામાં વધુ વરસાદના કારણે ધોવાઇ જાય છે. છેલ્લા બે વર્ષથી ધરમપુરથી સીધી બસ લવકર ગામ પર સાંજે જાય છે જે બીજા દિવસે સવારે પાછી ફરે છે. ૧૯૬૯ ની તપાસ સમયે લવકર ગામ આંબાજંગલ વિકાસ ઘટકમાં આવેલું હતું. લવકર ગામની બાજુમાં જ આંબાજંગલ ગામ આવેલું છે. આંબાજંગલ વિકાસ ઘટકની કચેરી નાનાપોંઢામાં આવેલી હતી. લવકર ગામની આજુબાજુ ડુંગરો આવેલા છે. જંગલ ગીચ નથી. ગામનો વિસ્તાર લગભગ ૧.૯ ચો.મા.નો છે. ગામની ઉત્તર-પશ્ચિમ દિશામાં વરવટ ગામની હદ છે, જયારે ઉત્તર દિશામાં ગામના એક ફળિયા (સોળિયાપાણી) અને નીલોસી ગામની હદ લાગે છે. જયારે પૂર્વમાં આંબાજંગલ ગામની હદ લાગે છે. દક્ષિણમાં દિવસી અને દિનબારી ગામની હદ લાગે છે. ગામમાં પંચાયત ઘર કે ચોરો નથી. ગામની આગવી પંચાયત નથી. ગામ વરવટ સંયુકત પંચાયતમાં આવે છે. ગામમાં મુખ્ય વસતિ કુકણા જાતિના લોકોની છે. કેટલાંક કુટુંબો ઢોરકોળી (કોલચા) જાતિના લોકોનાં છે. એક મુસ્લિમ વેપારીનું કુટુંબ રહે છે. ગામની વસતિ -પારસપાડા, હાટસરી, ખાટકીપાડા, તાડપાડા, સોળિયાપાણી અને કરવળપાડા એમ કુલ છ ફળિયામાં વહેંચાયેલી હતી. કુકણા લોકો છૂટાછવાયાં ઘરો બાંધીને રહેતા નથી. જુદા જુદા ફળિયામાં તેમનાં ઘરો થોડે થોડે અંતરે બાંધેલાં જોવા મળે છે. હાટસરી ફળિયું ગામની મધ્યમાં છે. જયાં દર રવિવારે હાટ ભરાય છે. હાટસરીથી કરવળપાડા અને સોળિયાપાણી ફળિયું લગભગ ત્રણ કિ.મી. ને અંતરે આવેલું છે. આમ એક ફળિયાથી બીજા ફળિયે પગપાળા જવાય છે.

ગામમાં બે પીવાના પાણીના કૂવાઓ, આંબાજંગલ ઘટક તરફથી બાંધવામાં આવેલ. આ કૂવાઓનો ઉપયોગ ગામના લોકો પીવાના પાણી માટે કરે છે. ગામ કોલક નદીના કિનારે આવેલું છે. આ નદીમાં બારમાસ પાણી રહે છે. આથી નાહવા-ધોવા માટે તથા પશુઓને પાણી પીવા માટે નદીનો ઉપયોગ કરવામાં આવે છે. ગામમાં પીવાના પાણીના કૂવાની સગવડ હોવા છતાં ડુંગરાળ પ્રદેશ હોવાને કારણે ઉનાળામાં કૂવામાં પાણી રહેતું નથી. અને ઉનાળાના છેલ્લા બેએક માસ પાણીની મુશ્કેલી રહે છે. ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલું છે. વળી ચાર ધોરણ સુધીની પ્રાથમિક શાળા છે. તેમજ ગામની સરહદે વળવટમાં સાત ધોરણની આશ્રમશાળા ચાલે છે. ગામના બે ચાર છોકરાઓ આ આશ્રમશાળામાં ભણે છે. ગામથી ૧૮ કિ.મી. દૂર બીજી કપરાડા આશ્રમશાળા આવેલી છે. ગામની નજીકમાં હાઇસ્કુલની સગવડ નથી. ગામથી પંદર કિ.મી. દૂર નાનાપોંઢા ઉત્તર બુનિયાદી વિદ્યાલય આવેલું છે.

આ સિવાય તાલુકા મથકે માધ્યમિક શાળાની સગવડ છે. ગામમાં પોસ્ટ કચેરીની સગવડ નથી. કપરાડામાં ટપાલની સગવડ છે. કપરાડાથી દરરોજ સવારે ટપાલ લાવવા લઇ જવાની સગવડ કરવામાં આવેલી છે. ગામમાં ૧૯૬૯ માં મુસ્લિમ વેપારીની દુકાન હતી જે પુનઃ તપાસ સમયે જાણવા મળ્યું હતું કે તે બંધ થઇ ગઇ છે. અત્યારે તેનો બધો વ્યવહાર બાજુના ગામ વરવટ સાથે છે. આ સિવાય દર રવિવારે ગામમાં હાટ ભરાય છે. ત્યાથી તેઓ પોતાની જરૂરી રોજવસ્તુઓ ખરીદે છે. ગામ વરવટ સહકારી મંડળી સાથે જોડાયેલું છે.

૧૯૫૧ ની વસતિ ગણતરી મુજબ ગામની વસતિ ૨૦૮ માણસોની હતી. જયારે ૧૯૬૧ ની વસતિ ગણતરી મુજબ ૨૮૫ માણસોની હતી. અને ૧૯૬૯ માં પ્રથમ તપાસ સમયે ગામની વસતિ ૩૫૨ ની હતી. ૧૯૫૧ થી ૧૯૬૧ સુધીમાં ગામમાં વસતિમાં ૩૭.૦ ટકાનો વધારો થયો હતો. આમ આ દાયકા દરમ્યાન ગામમાં વસતિ વધારાનો દર ૩.૭ ટકા જેટલો હતો. ગામમાં મુખ્યત્વે કુકણા, ઢોરકોળી અને વારલી આદિવાસી જાતિની વસતિ છે. ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ ગામની વસતિ ૩૭૩ માણસોની હતી. આમ ૧૯૬૧ થી ૧૯૭૧ ના ગાળા દરમ્યાન ગામની વસતિમાં ૩૦.૯ ટકાનો વધારો નોંધાયો હતો. ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ ગામનો વિસ્તાર ૧૨૦૮ એકરનો છે. જેમાંની ૭૦૨ એકર (૫૮.૨ ટકા) જંગલ, ૨૪૨ એકર બિન પિયત ખેતી (૨૦.૧ ટકા) ૨૨૫ એકર ખેડાણ લાયક પડતર (૧૮.૬ ટકા) અને ૩૮ એકર (૩.૧ ટકા) ઉપયોગમાં ન આવે તેવી જમીન છે. ગામની કુલ વસતિમાંની એટલે કે ૩૭૩ માણસોમાથી ૧૧૪ (૩૦.૬ ટકા) માણસો કમાનાર છે. અને કુલ વસતિમાં માત્ર ૨૪ (૬.૪ ટકા) વ્યકિતઓ, ૧૭ પુરુષો અને ૭ સ્ત્રીઓ શિક્ષિત છે. આમ તાલુકાની જેમ ગામમાં પણ શિક્ષણનું પ્રમાણ નહિવત છે. તાલુકામાં ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે શિક્ષણનું પ્રમાણ કુલ વસતિમાં માત્ર ૧૨.૪ ટકાનું છે. અને તાલુકામાં કમાનાર વ્યકિતઓનું પ્રમાણ કુલ વસતિના ૪૨.૫ ટકા છે. આમ લવકર ગામમાં શિક્ષણ અને કમાનાર વ્યકિતઓની ટકાવારી પ્રમાણ તાલુકા કરતાં નીચું હતું.

## આર્થિક સ્થિતિ (૧૯૬૯) :

પહેલી તપાસ વખતે (૧૯૬૯ ડિસેમ્બર) ગામમાં કુલ ૬૭ કુટુંબો હતાં. જેમાં ૫૮ કુકણા, ૭ ઢોરકોળી, ૧ વારલી અને ૧ મુસલમાનનું કુટુંબ હતું. તપાસ વખતે બધાં કુકણા જાતિનાં કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કુલ ૬૭ કુટુંબોમાથી ૫૮ (૮૬ ટકા) કુટુંબોને અભ્યાસમાં આવરી લેવામાં આવ્યા હતાં. બાકીનાં ૯ કુટુંબો મજૂરી અર્થે બહાર ગામ ગયાં હોવાથી તપાસમાં લેવામાં આવ્યાં ન હતાં. ૫૮ કુટુંબોમાથી ૫૬ કુટુંબોનો મુખ્ય ધંધો ખેતીનો હતો. અને ૨ કુટુંબો ખેતમજૂરી પર નિર્ભર હતાં. જમીન ધરાવતાં ૫૬ કુટુંબોમાથી ૨ કુટુંબો ૧ હેકટર, ૨૩ કુટુંબો ૧ થી ૨ હેકટર, ૪ કુટુંબો ૩ થી ૪ હેકટર અને ૪ કુટુંબો ૪ થી ૬ હેકટર જમીન ધરાવતાં હતાં. ગામમાં મોટા ભાગનાં કુટુંબો નાનાં ખાતેદારો હતાં. કુટુંબદીઠ સરેરાશ જમીન લગભગ ૨ હેકટર જેટલી હતી. મોટાભાગની જમીન બિનપિયત હોવાથી તેમજ કુટુંબોની સ્થિતિ સારી નહીં હોવાને કારણે સારી રીતે ખેતી કરી શકતાં ન હતાં. જેથી ખેતીના ધંધામાથી સારી આવક થતી ન હતી.

પહેલી તપાસ સમયે તપાસ હેઠળનાં બધાં કુટુંબો રાંધવા માટે માટીનાં વાસણો વાપરતાં હતાં. ૨૫ કુટુંબો પાસે એકાદ પીત્તળનો ઘડો કે પાણી પીવાનો પ્યાલો હતો. બીજાં સુખ સગવડનાં સાધનો માંથી માત્ર ૫ કુટુંબો પાસે સુવા માટેના ખાટલા, ૧૨ કુટુંબો પાસે ફાનસ અને ૧ કુટુંબ પાસે બેટરી તથા કાંડા ઘડિયાર હતું. કુટુંબના મોટા ભાગના સભ્યો રાત્રે કંતાનના કોથળા પર અથવા તો શિયાળામાં બહાર લાકડાં સળગાવી સૂઇ રહેતા હતા. ઓઢવા- પાથરવા માટે એકાદ ગોદડી સિવાય બીજું કાંઇ ન હતું.

પહેલી તપાસ સમયે તપાસ હેઠળનાં કુટુંબોનું મુખ્ય આવકનું સાધન ખેતી હતું. મોટા ભાગનાં ખેતી કરતાં હતાં. ખેતીમાં ખાસ કરીને તેઓ નાગલી, ડાંગર, વરઇ અને ખુરસાનીનું વાવેતર કરતાં હતાં. માત્ર ૨ કુટુંબો મગફળીનું વાવેતર કરતાં હતાં. રવિ વાવેતર કરવામાં આવતું ન હતું. કેટલાંક કુટુંબો ઘરના વાડામાં મરચી કરતાં હતાં. મરચાંનો ઉપયોગ ઘરમાં જ થયો હતો. તેમનો મુખ્ય ખોરાક નાગલી છે. તપાસ હેઠળનાં કુટુંબોની બધાં સાધનો માથી કુટુંબદીઠ વાર્ષિક આવક રૂપિયા ૬૬૭ ની હતી. જેમાથી ૫૬૮ રૂપિયા (૮૫ ટકા) ખેતીમાથી ૮૧ રૂપિયા (૧૨ ટકા) મજૂરી), ૧૯ રૂપિયા (૩ ટકા) જંગલ પેદાશમાથી થતી હતી. માથાદીઠ વાર્ષિક આવક રૂપિયા ૧૧૯ હતી. અને માથાદીઠ માસિક આવક રૂપિયા દસની હતી. તપાસેલ કુટુંબોની નિર્વાહ ખર્ચની વિગતો તપાસતાં જણાયું હતું કે કુટુંબદીઠ વાર્ષિક નિર્વાહ ખર્ચ રૂ. ૬૨૯ અને માથાદીઠ નિવાહખર્ચ રૂ. ૫૨ હતું. અને માથાદીઠ માસિક ખર્ચ રૂ. ૯ નો હતો. કુલ ખર્ચનું માળખું જોતાં જણાય છે કે કુલ ખર્ચમાં ૬૪ ટકા ખર્ચ ખાધાખોરાકીની વસ્તુઓ પાછળ ૭ ટકા ખર્ચ બીડી તમાકુ પાછળ, ૯ ટકા ખર્ચ કપડાં-પગરખાં પાછળ, દૂધ ઘી અને શિક્ષણ પાછળનો ખર્ચ નહિવત હતો.

આમ તપાસના વર્ષમાં લગભગ બધાં જ કુટુંબો તે સમયના ભાવને ધ્યાનમાં લઇએ તો ગરીબીની રેખા નીચે જીવતાં હતાં. મોટા ભાગનાં કુટુંબોને વર્ષનો ઘણો ખરો સમય ભૂખ્યા સૂઇ રહેવું પડતું. ખાસ કરીને આવી પરિસ્થિતિ ડિસેમ્બર, જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ મહિનાઓને બાદ કરતાં આખું વર્ષ રહેતી હતી. જૂનથી સપ્ટેમ્બરનો ચાર માસનો ગાળો ભૂખમરાની પરિસ્થિતિમાં જીવન વિતાવવું પડતું. ખાસ કરીને જમીન વિહોણાઓને અને નાના ખેડૂતોને રોજગારીના અભાવે આ ગાળા દરમ્યાન ઘણું સહન કરવું પડતું. દેવાની પરિસ્થિતિ જોતાં જાણવા મળ્યું હતું કે કુલ ૪૫ કુટુંબોમાથી ૨૨ કુટુંબો દેવાદાર હતાં. અને દેવાદાર કુટુંબદીઠ દેવું રૂ. ૧૫૩ નું હતું. જેમાથી ૭૪ ટકા દેવું શાહુકારનું અને ૨૭ ટકા દેવું સગા સંબંધીઓનું હતું. આમ સમગ્ર દેવું બિન સંસ્થાકીય હતું. હેતુવાર દેવાની પરિસ્થિતિ જો ઇએ તો કુલ દેવામાં ૧૭ ટકા ઘર નિભાવ, ૨૩ ટકા સામાજિક, ૧૫ ટકા ઢોર ખરીદવા માટે ૧૮ ટકા ખેતી વિકાસ અને ૨૭ ટકા ઘર બાંધકામ માટેનું હતું.

તપાસેલ કુટુંબોની સરેરાશ કુટુંબદીઠ અસ્કાયમત રૂ. ૪૦૩૪ ની હતી. અસ્કાયતોમાં સૌથી વધુ જમીન (૫૮ ટકા), ઘર (૧૮ ટકા) અને પશુધન (૧૫ ટકા) સ્વરૂપે હતા.

આર્થિક સ્થિતિ (૧૯૭૯) :

૧૯૭૯ માં તેના તે જ ૪૫ કુટુંબોને તપાસવામાં આવ્યા હતાં. પહેલી તપાસ વખતે કુલ વસતિના ૫૧ ટકા લોકો કામ કરતા હતા. જ્યારે પુન: તપાસ સમયે કામ કરનારાઓની વસતિ ૫૩ ટકા હતી. આમ વસતિના વધવા સાથે કામ કરનારાઓની સંખ્યા વધી ન હતી. આ આંકડાઓ ઉપરથી જણાય છે કે લોકોને કામ મળતું નથી. પહેલી તપાસ વખતે કુલ વસતિમાં માત્ર ૯ વ્યક્તિઓ શિક્ષિત હતી. જ્યારે બીજી તપાસ સમયે કુલ વસતિમાં ૫ વ્યક્તિઓ જ શિક્ષિત હતી. આમ શિક્ષણ ક્ષેત્રે કુટુંબોમાં ખાસ કોઈ ફેરફાર થયો ન હતો. શિક્ષણમાં પહેલાની જેમ હજી પણ પછાત હતાં. જમીનની સ્થિતિ જોઈએ તો જાણવા મળ્યું હતું કે ૧૯૬૯ ની સરખામણીએ ૧૯૭૯માં ૫ કુટુંબોની જમીનમાં વધારો થયો હતો. (૮.૩૯ એકર) અને ૧ કુટુંબે પોતાની બધી જ જમીન ગુમાવી હતી. બંને તપાસ સમયની પરિસ્થિતિ જોઈએ તો ઘણા બધાં કુટુંબોની જમીન રેકર્ડમાં પોતાને નામે દેખાતી હતી પરંતુ વાસ્તવમાં જમીનનો કબજો ગામમાં વસતા મુસ્લિમ કુટુંબનો તેમજ વરવટમાં વસતા કેટલાક સુખી આદિવાસીનો હતો. આ મુસ્લિમ વેપારી ગામમાં ઘણા વર્ષથી છૂટક વેપાર ધંધો કરે છે. ૧૯૭૯ માં કુટુંબની સરેરાશ વાર્ષિક આવક રૂ. ૧૪૨૮ ની હતી. જેમાંથી ૭૫ ટકા ખેતીમાંથી, ૧૮ ટકા મજૂરીમાંથી અને ૫ ટકા નોકરી ધંધામાંથી આવતી હતી. માથાદીઠ વાર્ષિક આવક રૂ. ૨૩૦ ની સરેરાશ કૌટુંબિક ખર્ચ રૂ. ૨૫૫૫ હતું. અને વાર્ષિક માથાદીઠ ખર્ચ રૂ. ૪૧૨ હતું. માથાદીઠ માસિક ખર્ચ રૂ. ૩૪ હતું. મોટાભાગનું ખર્ચ ખોરાક પાછળ (૫૧ ટકા), કપડાં અને પગરખાં પાછળ (૧૮ ટકા) હતું. ૧૯૬૯ ની સરખામણીએ ૧૯૭૯ માં ખોરાક પાછળના ખર્ચમાં ઘટાડો નોંધાયો હતો. જ્યારે કપડાં જોડાં, દવાદારૂ અને ધાર્મિક સામાજિક ખર્ચ વધ્યો હતો. દેવાદાર કુટુંબોની સંખ્યા ૭ ની હતી અને દેવાદાર કુટુંબદીઠ દેવું રૂ. ૨૭૧ નું હતું. મોટા ભાગનું દેવું (૯૦ ટકા) શાહુકારનું હતું. જ્યારે ૧૦ ટકા દેવું સહકારી મંડળીનું હતું. દેવાનો હેતુ જોતાં જણાયું હતું કે કુલ દેવામાં ૫૩ ટકા દેવું ઘર નિભાવ ખર્ચ પાછળ, ૨૬ ટકા સામાજિક ખર્ચ માટે, ૨૧ ટકા પશુ ખરીદી માટે કરવામાં આવ્યું હતું. ૧૯૭૯ માં સરેરાશ કુટુંબદીઠ અસ્કયામત રૂ. ૭૪૯૫ ની હતી.

સમગ્ર રીતે જોઈએ તો બંને તપાસ સમયના ગાળામાં લવકર ગામના કુકણા કુટુંબોની સ્થિતિ સુધરી નથી એ સ્પષ્ટપણે જણાઈ આવે છે. બંને: તપાસ સમયે ગામમાં નીચે પ્રમાણેની પરિસ્થિતિ જોવા મળી હતી. (આંકડાકીય ચિત્ર પાછળ પરિશિષ્ટમાં આપ્યું છે)

તારણો :

(૧) લવકર ગામમાં કુકણા આદિવાસીઓની આર્થિક સ્થિતિમાં કોઈ ફેરફાર પડયો નથી. તેમની આર્થિક સ્થિતિ પહેલાનાં જેવી જ છે. પહેલાંની જેમ તેમને આજે પણ ભૂખમરાની પરિસ્થિતિમાં જીવવું પડે છે. ગામના લોકોની માથાદીઠ માસિક આવક ૧૯૬૯ માં રૂ. ૧૦ હતી. તે વધીને ૧૯૭૯ માં રૂ. ૧૯ થઈ હતી. તે જ રીતે તેમનો વપરાશ ૧૯૬૯ માં માથાદીઠ રૂ. ૯ હતો જે વધીને રૂ. ૩૪ થયો હતો. દાયકા દરમ્યાન થયેલ ભાવ વધારાને ધ્યાનમાં લઈએ તો તેમની નાણાંકીય આવકમાં વધારો થયો હતો પરંતુ વાસ્તવિક આવકમાં વધારો થયો નથી.

બંને વર્ષ દરમ્યાન જે તે વર્ષના ભાવે તપાસમાં આવરી લીધેલ બધાં કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન વ્યતીત કરતાં હતાં. ૧૯૭૫ માં ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવેલ ધરમપુર તાલુકાના અભ્યાસમાં પણ કુલ ૧૦૬ કુટુંબોમાંથી ૮૨ ટકા કુટુંબો ગરીબાઈની રેખા નીચે જીવન જીવતાં હતાં એ હકીકત છતી થતી હતી.

(૨) દાયકા દરમ્યાન દેવાદાર કુટુંબોની સંખ્યામાં ઘટાડો થયો હતો. પરંતુ દેવાદાર કુટુંબદીઠ દેવાનું પ્રમાણ વધ્યું હતું. એમણે મોટા ભાગનું દેવું શાહુકાર પાસેથી કરેલું હતું. સહકારી મંડળીનું દેવું નહિવત હતું. આમ દસ વર્ષ પછી પણ ગામના લોકોનો આધાર બિન સંસ્થાકીય એજન્સી પર હતો. આ સૂચવે છે કે હજી પણ અહીંના આદિવાસી લોકો સહકારી મંડળી દ્વારા ધિરાણ મેળવી શકતા નથી. મોટા ભાગ ભાગનું દેવું બિન ઉત્પાદકીય હતું. ખેતીના વિકાસ પાછળ નહિવત રકમ ખર્ચાતી હતી.

(૩) દાયકા દરમ્યાન તપાસેલ કુટુંબોની જમીનના પ્રમાણમાં નહિવત વધારો થયો હતો. પરંતુ વસતિ વધવાની સાથે માથાદીઠ જમીનનું પ્રમાણ જે પહેલાં ૩૬ ગુંઠા હતું તે ઘટીને ૩૩ ગુંઠા થયું હતું. તદુપરાંત જમીનની ઉત્પાદકતામાં ખાસ કોઈ ફરફાર થયો નહોતો. નદી પાસે હોવા છતાં નદીના પાણીનો સિંચાઈ માટે ઉપયોગ થઈ શકે તે માટેની કોઈ સગવડ ઊભી થઈ શકી ન હતી.

(૪) દાયકા દરમ્યાન તપાસેલ કુટુંબોની વસતિમાં ૧૦. ૨ ટકાનો વધારો થયો હતો. આમ વસતિ વધવાનો દર ઓછો હતો. સંયુકત કુટુંબની સંખ્યામાં વધારો થયો હતો. જયારે વિભકત કુટુંબોમાં ઘટાડો થયો હતો.

(૫) શિક્ષણનું પ્રમાણ વસતિ વધવાના સાથે ઘટયું હતું. પહેલાં ૯ વ્યકિતઓ શિક્ષિત હતી, જયારે દસ વર્ષ પછી શિક્ષિતની સંખ્યામાં ઘટાડો થયો હતો. આમ અહીંના કોકણામાં શિક્ષણ પ્રત્યેની સભાનતા જોવા મળી ન હતી. આ સૂચવે છે કે શિક્ષણની દિશામાં હજી ઘણું કરવાનું બાકી રહે છે.

આમ એકંદરે ગામની સ્થિતિ જોતાં તેમાં ખાસ ફરફાર જોવા મળતો નથી. ગામના લોકો પશુઓ રાખે છે જો તેમને પશુપાલનનો ધંધો સારી રીતે કરી શકે તે માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવે તો તેમની આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે. આ સિવાય ગામમાં કેટલીક જગ્યાએ લીફટ ઇરીગેશન દ્વારા પાણી પૂરું પાડવામાં આવે તો તેમની ખેતીની આવક વધતા જીવન ધોરણ સુધારી શકાય. તદુપરાંત ગામમાં ઘ બધા ખેડૂતો છે તેથી વધુને વધુ લોકોને સહકારી મંડળી હેઠળ આવરી લઈ ધિરાણની સગવડ આપવી જોઈએ તેમના બાળકોને ભણવા માટે નિશાળે મૂકે તે માટે તેમને સમજાવવા જોઈએ. આમ આવાં કેટલાંક અગત્યનાં પગલાંઓ લઈ ગામના લોકોની આર્થિક સ્થિતિ અને ગામનું કલેવર બદલી શકાશે.

---

X આ લેખ તૈયાર કરવામાં કેન્દ્રના સંશોધન મદદનીશ શ્રી કાન્તિભાઈ મકવાણા અને શ્રી અરૂણભાઈ પટેલે કોષ્ટીકરણ કરવામાં મદદ કરી તે બદલ તેમનો આભારી છું.

| X | ૧૯૬૯ | ૧૯૭૯ | વધારો ઘટાડો (ટકામાં) |
|---|---|---|---|
| ૧. કુલ કુટુંબો | ૪૫ | ૪૫ | |
| ૨. કુલ વસતિ | ૨૫૩ | ૨૭૯ | + ૧૦.૨૭ |
| ૩. કુલ કામ કરનારા | ૧૨૮ | ૧૪૯ | + ૧૬.૪૦ |
| ૪. કુટુંબદીઠ જમીન (હેકટરમાં) | ૨.૦૪ | ૨.૧૦ | + ૨.૯૪ |
| ૫. માથાદીઠ જમીન | ૦.૩૬ | ૦.૩૪ | – ૬.૭૬ |
| ૬. કુટુંબનું કદ | ૫.૬ | ૬.૨ | + ૧૦.૭૧ |
| ૭. સંયુકત કુટુંબ | ૩૨ | ૪૨ | + ૩૧.૨૫ |
| ૮. વિભકત કુટુંબ | ૧૩ | ૩ | – ૭૬.૯૨ |
| ૯. કુલ વસતિમાં શિક્ષણ | ૯ | ૫ | – ૪૪.૪૪ |
| ૧૦. કુટુંબદીઠ વાર્ષિક આવક | ૬૬૭ | ૧૪૨૮ | + ૧૧૪.૦૯ |
| ૧૧. માથાદીઠ વાર્ષિક આવક | ૧૧૯ | ૨૩૦ | + ૯૩.૨૮ |
| ૧૨. કુટુંબદીઠ માસિક આવક | ૫૬ | ૧૧૯ | + ૧૧૨.૫ |
| ૧૩. માથાદીઠ માસિક આવક | ૧૦ | ૧૯ | + ૯૦.૦ |
| ૧૪. કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | ૬૨૯ | ૨૫૫૫ | + ૩૦૬.૨૦ |
| ૧૫. માથાદીઠ વાર્ષિક ખર્ચ | ૧૧૨ | ૪૧૨ | + ૨૬૭.૮૬ |
| ૧૬. કુટુંબદીઠ માસિક ખર્ચ | ૫૨ | ૨૧૩ | + ૩૦૯.૬૨ |
| ૧૭. માથાદીઠ માસિક ખર્ચ | ૯ | ૩૪ | + ૨૭૭.૭૮ |
| ૧૮. કુટુંબદીઠ અસ્કયામત | ૪૦૩૪ | ૭૪૯૫ | + ૮૫.૭૯ |
| ૧૯. કુલ દેવાદાર કુટુંબ | ૨૨ | ૭ | – ૬૮.૧૮ |
| ૨૦. કુટુંબદીઠ દેવું | ૮૭૫ | ૪૨ | – ૪૪.૦ |
| ૨૧. દેવાદાર કુટુંબ | ૧૫૩ | ૨૭૧ | + ૭૭.૧૨ |
| ૨૨. ગરીબાઇ રેખા નીચે જીવતાં કુટુંબો | ૪૫ | ૪૫ | યથાવત ૧૦૦.૦૦ |

---

X આર્થિક પરિસ્થિતિનો તુલનાત્મક કોઠો

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

## ધરમપુર તાલુકાના આદિવાસીઓમાં શૈક્ષણિક સમસ્યાઓ

– ગૌરીશ પંડયા
સંશોધન અધિકારી

વલસાડ જિલ્લામાં વધુમાં વધુ આદિવાસી વસ્તી ધરાવતો તાલુકો ધરમપુર છે. જિલ્લાની તાલુકાવાર વસ્તી આ પ્રમાણે છે : વલસાડ ૧૧.૩, પારડી ૧૨.૨, ઉમરગામ ૮.૨ ગણદેવી ૫.૮, નવસારી ૯.૯, ચીખલી ૧૫.૪, વાંસદા ૧૪.૦ અને ધરમપુર ૨૩.૨ ટકા.

ધરમપુર તાલુકાનો ભૌગોલિક વિસ્તાર ૧૬૫૦૨ ચો. કિ. નો છે. જેને બે મુખ્ય વિભાગોમાં વહેંચી શકાય. એક આંબાજંગલનો વિસ્તાર અને બીજો નાની વડિયાળ વિસ્તાર. આ અત્યંત ઘાડાં જંગલો, ડુંગરો અને નદીનાળાંના ખીણ પ્રદેશોવાળો વિસ્તાર છે. જેમાં આદિવાસીઓની છૂટીછવાઇ વસ્તી છે. આ તાલુકામાં આદિવાસીઓની કુલ વસ્તી ૧૯૬૧ માં ૧,૩૬,૫૩૪ (૮૯.૪%) હતી જે ૧૯૭૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ૧,૭૯,૧૮૧ (૯૨.૩%)ની થઇ હતી. આજે ૧૯૮૦ માં લગભગ બે લાખ ઉપર પહોંચી હશે. તાલુકાની જાતિવાર વસ્તીના આંકડા જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે જુદી જુદી અનેક જાતિઓનો ધરમપુર તાલુકામાં વસવાટ છે.

ધરમપુર તાલુકાની જાતિવાર વસ્તી (૧૯૭૧) :

| ક્રમ | જાતિ | વસ્તી |
|---|---|---|
| ૧. | ભીલ | ૧ |
| ૨. | દૂબળા (હળપતિ) | ૧૦૮૧ |
| ૩. | ધોડિયા | ૩૬૬૦૩ |
| ૪. | ગામીત | ૧૦ |
| ૫. | ચૌધરી | ૩૮ |
| ૬. | કોકણા-કુનબી | ૫૭૮૫૧ |
| ૭. | નાયક-નાયકડા | ૫૭૭૯ |
| ૮. | વારલી | ૬૮૧૪૧ |
| ૯. | કોલચા | ૯૬૧૭ |
| ૧૦. | કોટવાળિયા | ૭ |
| ૧૧. | બાવચા | ૩ |
| ૧૨. | કાથોડી | ૧ |
| ૧૩. | બિનવર્ગીકૃત | ૩૨ |
| | કુલ | ૧,૭૯,૧૪૧ |

જાતિવાર વસ્તીમાં (ક્રમાનુસાર ઘટતા ક્રમે) વારલી, કોકણા, ધોડિયા અને કોલચાઓ મુખ્ય છે. જિલ્લામાં આટલી મોટી વસ્તી હોવા છતાં શિક્ષણનું પ્રમાણ વલસાડ જિલ્લાના અન્ય તાલુકાઓ કરતાં ઘણું ઓછું છે. જે નીચેના આંકડાઓ જોતાં પ્રથમ નજરે જ ધ્યાન જાય છે.

વલસાડ જિલ્લામાં તાલુકાવાર શિક્ષણનું પ્રમાણ (૧૯૭૧ સેન્સસ) :

| ક્રમ | તાલુકો | આદિવાસી વસ્તીમાં શિક્ષિતોનું પ્રમાણ | તાલુકાની કુલ વસ્તીમાં શિક્ષણનું પ્રમાણ |
|---|---|---|---|
| ૧. | ધરમપુર | ૯.૦ | ૧૨.૪ |
| ૨. | ઉંમરગામ | ૧૧.૫ | ૨૦.૫ |
| ૩. | વાસદા | ૧૬.૨ | ૨૦.૫ |
| ૪. | પારડી | ૨૩.૨ | ૩૭.૫ |
| ૫. | ચીખલી | ૨૪.૦ | ૩૪.૬ |
| | કુલ | ૧૭.૦ | ૨૦.૬ |

જિલ્લામાં વધુમાં વધુ આદિવાસી વસ્તી ધરાવતા તાલુકામાં શિક્ષણનું પ્રમાણ ઓછામાં ઓછું છે. તેમાંય જાતિવાર શિક્ષણના આંકડા જોતાં આ જાતિઓ વિકાસની વિરુદ્ધ દિશામાં ગતિ કરતી હોય તેવું લાગે છે.

ધરમપુરત તાલુકાના ગ્રામ્ય વિસ્તારની મુખ્ય જાતિઓનું શિક્ષણ આ પ્રમાણે હતું :

(ધરમપુર તાલુકો ૧૯૭૧ વસ્તી ગણતરી અહેવાલ)

| ક્રમ | જ્ઞાતિની | કુલ વસ્તી | શિક્ષિતોના ટકા | | કુલ |
|---|---|---|---|---|---|
| | | | પુરુષ | સ્ત્રી | |
| ૧. | નાયક-નાયકડા | ૪૮૭૦ | ૧૪.૮ | ૧.૬ | ૦.૬ |
| ૨. | કોલચા | ૯૯૫૭૯ | ૩.૮ | ૦.૫ | ૨.૨ |
| ૩. | વારલી | ૬૭૯૬૧ | ૫.૭ | ૦.૯ | ૩.૪ |
| ૪. | કોકણા | ૫૬૩૮૦ | ૧૩.૪ | ૨.૧ | ૭.૮ |
| ૫. | અન્ય જાતિઓ | ૭૧૩ | ૨૬.૪ | ૧૨.૭ | ૧૯.૭ |
| ૬. | ધોડિયા | ૩૫૨૬૬ | ૩૮.૧ | ૧૪.૬ | ૨૬.૨ |
| | કુલ | ૧૭૪૭૬૯ | ૧૪.૮ | ૪.૨ | ૯.૫ |

જાતિવાર શિક્ષણની દ્રષ્ટિએ પણ તાલુકામાં વધુમાં વધુ વસ્તીવાળી વારલી જાતિ શિક્ષણમાં ઘણી પછાત છે. તેમનામાં માત્ર ૩.૪ ટકા જ શિક્ષણનું પ્રમાણ છે. આ રીતે અન્ય જાતિઓમાં પણ શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. કોલચા, નાયકા અને કોકણા જાતિમાં તો શિક્ષણ નહિવત્ જ દેખાય છે. માત્ર ધોડિયા જાતિમાં અન્ય જાતિઓ કરતાં શિક્ષણનું પ્રમાણ થોડુંક વધારે છે. જ્યારે સમગ્ર તાલુકાની ગ્રામ્ય વસ્તીમાં માત્ર ૯.૫ ટકાનું પ્રમાણ હતું.

જ્યારે સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ માત્ર ૪ ટકા જોવા મળ્યું હતું. વિકાસના આટલા સઘન પ્રયત્નો છતાં જોવા મળતું શિક્ષણનું પ્રમાણ ગંભીર વિચારણા માગી લે છે. કારણ કે જે તાલુકામાં અશિક્ષિતો ૯૦ ટકા હોય ત્યાં વિકાસની ગતિનું શું અને કેવું મૂલ્યાંકન કરવું તે આપણ સર્વને વિચાર કરતા કરી મૂકે છે.

શિક્ષણનાં સાધનો ની દ્રષ્ટિએ જોઇએ તો તાલુકાના ૨૩૭ ગામો માંથી ૧૯૨ ગામોમાં શાળાઓ હતી. જ્યારે ૪૬ ગામો શાળા વગરનાં હતાં. એટલે કે ૧૯ ટકા ગામો શાળાથી વંચિત છે. શાળાદીઠ ૯.૩૩ ચો.કિમીટરનો વિસ્તાર થાય છે. એટલે કે ૭ કિ.મીટરના વિસ્તારમાં બાળકો માટે એક શાળા છે. ધરમપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક શાળાઓ ૨૧૧, માધ્યમિક શાળાઓ ૬, અને આશ્રમશાળાઓ ૮ હતી. આ શાળાઓની સંખ્યા ૧૯૭૧ માં નીચે પ્રમાણેની છે. શાળાઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સંખ્યા વધીને આ પ્રમાણેની થઇ હતી.

ધરમપુર તાલુકામાં ૧૯૭૧-૭૫ સુધીમાં X

| વર્ષ | શાળાઓ | વિદ્યાર્થીઓ | શિક્ષકો |
|---|---|---|---|
| ૧૯૭૧ | ૨૨૫ | ૧૭૩૨૧ | ૪૩૧ |
| ૧૯૭૨ | ૨૩૦ | ૧૮૦૫૦ | ૪૭૦ |
| ૧૯૭૩ | ૨૩૫ | ૧૯૯૦૯ | ૫૦૫ |
| ૧૯૭૪ | ૨૪૭ | ૨૨૪૫૦ | ૫૦૪ |
| ૧૯૭૫ | ૨૪૦ | ૨૦૬૩૭ | ૬૦૮ |

શાળાઓની સંખ્યામાં વધારો થયો હોવા છતાં વિદ્યાર્થીઓની સંખ્યામાં એટલો વધારો થઇ શક્યો નથી. આ શાળાઓમાં પણ લગભગ મોટાભાગની (૬૬ -૧૯૭૧ પ્રમાણે) એક શિક્ષકવાળી શાળાઓ હતી. તેમાંય ઘણી શાળાઓમાં પાકાં મકાનો જોવા મળતાં નથી. તો શિક્ષકોના નિવાસની વાત ક્યાં કરવી ?

આ રીતે ધરમપુર તાલુકાના આદિવાસીઓનું શિક્ષણ અને શિક્ષણના વહનનાં માધ્યમો જોયાં જેમાં સમગ્ર રીતે ચિત્ર ઊભું થાય છે કે શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. સાધનો ઓછાં અને મર્યાદિત તો છે જ છતાં તે સાધનોના પ્રમાણમાં પણ શિક્ષણનું પ્રમાણ એટલું વધી શક્યું નથી. અને તેમાંય અમુક જાતિઓ જ તેનો લાભ લે છે. જ્યારે બાકીની જાતિઓ બિલકુલ તેનો લાભ લઇ શકતી નથી. શાળાઓ હોવા છતાં શાળાઓના હાજરીપત્રકમાં નામો હોવા છતાં દૈનિક હાજર સંખ્યા વિદ્યાર્થીઓની કેટલી ? શાળાઓ હોવા છતાં શાળાવાળા ગામમાં શિક્ષકો રહેવાવાળા કેટલા ? અને નિયમિત શાળા ખોલવાવાળાની સંખ્યા પણ કેટલી ? આ માટે કોણ અને કઇ પરિસ્થિતિ જવાબદાર છે તેનું વિશ્લેષણ કરવું આવશ્યક બની જાય છે. તેના પાયામાં એવી કઇ સમસ્યાઓ છે કે આ પરિસ્થિતિ ઊભી થાય છે ? અને શિક્ષણનું પ્રમાણ વધવાને બદલે ઘટે છે ?

---

X રૂરલ ડેવલપમેન્ટ ફોર રૂરલ પુઅર આઇ.આઇ. એમ.ના અભ્યાસમાંથી

આ ઘટના પાછળ અનેક કારણો અને પરિબળો જવાબદાર છે. તેમાં વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, વિકાસ સાથે સંકળાયેલ વર્ગ દરેકના પોતપોતાના પ્રશ્નો છે. જે પ્રશ્નોનો ઉકેલ થઈ શકયો નથી. તો આ પ્રશ્નો કયા છે તે વિચારીએ તો તેના ઉકેલો પણ તેમાથી તારવી શકાય. કારણ કે દરેકનું લક્ષ શિક્ષણના ફેલાવા સાથે હોવા છતાં શાળાઓમાં નહિવત્ હાજરી દેખાય છે. શિક્ષણમાં થતા ૭૦ ટકા ઉપરના બગાડ અને સ્થગિતતા વાલીઓની શિક્ષણ પ્રત્યેની નિષ્ક્રિયતા, કેટલાક શિક્ષકોની અનિયમિતતા અને શાળાઓ તરફ માત્ર પગારની દ્રષ્ટિ પ્રથમ નજરે ધ્યાન ખેંચે છે. આ બધાંની પાછળ અનેકવિધ કારણો જવાબદાર છે. જેને સમય અને પૈસાના પરિમાણમાં જોવા જઈએ તો ખૂબ જ મોટા પ્રમાણમાં વ્યય દ્રષ્ટિગોચર થાય છે. આ પાછળનાં કારણો મને જે જણાયાં તે અહીં રજૂ કરું છું :

૧. ધરમપુર તાલુકાનો ભૌગોલિક વિસ્તાર જ એ પ્રકારનો છે કે જેમાં જંગલો, નદી, નાળાં અને ડુંગરાળ વિસ્તાર છે. જેમાં વસતા આદિવાસીઓ છૂટાછવાયા વસે છે. જેને કારણે ગામની શાળા બાળકોને દૂર પડે છે. એક ગામનો વિસ્તાર ચારથી પાંચ કિલોમીટર વિસ્તારમાં હોય છે. જેને લીધે ચોમાસા જેવી ઋતુમાં બાળકો માટે શાળામાં જવું પણ મુશ્કેલભર્યું હોય છે.

૨. બધાં ગામોમાં શાળાનાં મકાનો નથી. એટલે કે મોટા ભાગનાં ગામોમાં શાળા કોઈ કાચા મકાનમાં બેસાડવામાં આવે છે. જયાં બધી ઋતુઓમાં મુશ્કેલી અનુભવાય છે.

૩. ધરમપુર તાલુકામાં લગભગ ૫૦ ટકા કરતાં પણ વધુ એક શિક્ષકની શાળાઓ ચાલે છે. જેને લીધે એકથી ત્રણ કે ચાર ધોરણ સુધીના બાળકોની જવાબદારી માત્ર એક શિક્ષકના શિરે હોય છે. તેમાંય એક નાના ઓરડામાં એકથી ચાર ધોરણ એક સાથે બેસાડવામાં આવે છે: આને કારણે પણ માનસિક રીતે શિક્ષકો નિ:રસતા અનુભવે છે. અને એક જ શિક્ષક હોવાને કારણે બાળકો અનિયંત્રિત બને છે, કેટલીકવાર તો દિવસો સુધી શાળાઓ ખુલતી જ નથી.

૪. કેટલાંક ગામો એવાં છે કે જયાં આજ દિન સુધી શાળાની વ્યવસ્થા કરી શકાઈ નથી.

૫. વાલીઓમાંથી લગભગ ૮૫ ટકા જેટલા વાલીઓ અશિક્ષિત છે જેઓને શિક્ષણનું મહત્વ સમજાતું નથી, જેને કારણે શાળાએ જવા લાયક બાળકોને શાળાએ જતા રોકે છે.

૬. અહીંના આદિવાસીઓ અત્યંત ગરીબ દશામાં જીવન જીવે છે જેને કારણે આર્થિક મુશ્કેલીઓને કારણે પણ બાળકોને શાળાએ મોકલી શકતા નથી. આદિવાસી સમાજમાં બાળક એ આર્થિક એકમ છે. જેને કારણે માતા-પિતાને એ અનેક રીતે મદદ કરે છે. માતા-પિતા મજૂરી કે ખેતરમાં જાય તો નાનાં ભાઈ બહેનને રાખવા માટે એક બાળકની જરૂર પડે છે. જેને કારણે બાળકોને શાળામાં જતાં રોકે છે. જંગલની કેટલીક પેદાશો બાળકો એકત્ર કરી લાવે છે જેને કારણે માતા-પિતાને તુરત લાભ જે મળે છે તેને લીધે શિક્ષણ તરફ ઉપેક્ષા સેવે છે. શિક્ષણ લીધા બાદ કેટલાંય વર્ષો બાદ તેનો લાભ માત-પિતાને મળે તેના બદલામાં તે તુરત જ જે થોડી આવક બાળકો દ્વારા થાય છે તેનું મહત્વ ભાવિમાં મળતા લાભો કરતાં વધું ગણીને પણ ઉપેક્ષા સેવાય છે. દરેક ઘેરથી એક એક બાળક ઢોર ચરાવવા મોકલવું પડે છે. જેને કારણે શાળાએ જઈ શકતું નથી.

૭.

૭. આજની શિક્ષિત બેકારીની અસર પણ વાલીઓના માનસ પર દેખાય છે. પુરું શિક્ષણ લઈ શકતા નથી અને અધુરૂં શિક્ષણ લીધું હોવા છતાં વાલીઓ નોકરીની અપેક્ષા રાખે છે. તેમાંય આજુબાજુમાં કેટલાક આવા શિક્ષિતો બેકાર હોવાને કારણે માને છે કે 'ભણે તોય ઢોર ચારે અને ન ભણે તોય ઢોર ચારે' તો શાળામાં શા માટે ભણાવવા.

૮. શાળાએ જનાર બાળકો થોડુંક ભણ્યા બાદ વાલીઓના ઉપયોગના રહેતા નથી. અને કેટલાંક કામો કરતા નથી. કે પોતાના સમાજથી અલગતા અનુભવે છે જેને કારણે શિક્ષણ તરફ આદર મોટા ભાગના વાલીઓ રાખતા નથી.

૯. દિવસે દિવસે આદિવાસી સમાજ ખેતી તરફથી ખેતમજૂરી તરફ જઈ રહયો છે. જેને કારણે કેટલાક કુટુંબોએ પોતાનું ગામ છોડીને મજૂરીની શોધમાં અન્ય વિસ્તારોમાં જવું પડતું હોવાથી બાળકોને સાથે લઈ જાય છે. જેને કારણે બાળકોનું શિક્ષણ બગડે છે.

૧૦. શિક્ષણનું સમયપત્રક પણ સમગ્ર રાજય માટેનું એક હોવાથી રજાઓ આપવામાં આવે છે તે પણ આદિવાસી વિસ્તાર કે સંસ્કૃતિને ધ્યાનમાં લીધા સિવાય અન્ય વિકસિત વિસ્તારો કે શહેરોને ધ્યાનમાં રાખી આપવામાં આવે છે. જ્યાં આદિવાસી તહેવારોની ઉપેક્ષા સેવવામાં આવે છે. અને ખાસ કરીને ખેતીની મોસમમાં બાળકોની વધુ ગેરહાજરી અનુભવાય છે. એટલે બાળકો સમયપત્રકની રજાઓ ભોગવે છે તે ઉપરાંત પોતાના સાંસ્કૃતિક તહેવારોની રજાઓ આપ મેળે ભોગવે છે. દા.ત. કેટલાક આદિવાસી વિસ્તારોમાં દિવાળી એક ગામથી બીજે ગામ ફરતી ઉજવવામાં આવે છે. સમગ્ર વિસ્તાર માટે એક જ દિવસ નક્કી હોતો નથી પણ ગામ નક્કી કરે તે દિવસે દિવાળી એટલે કે આસો માસના બદલામાં કારતક, માગસર, પોષ કે ચૈત્રમાં પણ હોઈ શકે. એટલે નક્કી કરેલા દિવાળી વેકેશનનું મહત્વ તેમના માટે નથી. જયારે હોળી પંદર દિવસ સુધી ઉજવવામાં આવે છે. અને સરકારી રજાઓ એક બે દિવસ જ હોય છે. આ કારણો પણ બાળકોની હાજરી પર અસર કરે છે.

૧૨. આદિવાસી સંસ્કૃતિ અને વર્તમાન શિક્ષણ વચ્ચે ઊંડી ખાઈ છે. બંને વચ્ચે સુમેળ સધાયો નથી. આદિવાસી સંસ્કૃતિનાં તત્વો વર્તમાન શિક્ષણમાં [illegible]વાથી વર્તમાન શિક્ષણ તેને બોજારૂપ અને પોતાની સંસ્કૃતિથી અલગ લાગે છે.

૧૩. ઘરનું વાતાવરણ પણ એ પ્રકારનું હોય છે કે ઘરમાંથી તેને શિક્ષણની પ્રેરણા મળતી નથી.

૧૪. બાળકો પણ શાળાના બંધિયાર વાતાવરણથી શરૂઆતના વર્ષે કંટાળી જાય છે. કારણ કે મોટા ભાગના વિસ્તારોમાં બાલવાડીઓ નહીં હોવાથી શાળાએ જવાની ટેવ નથી. અને જંગલના ખુલ્લા વાતાવરણમાં ફરેલ બાળકને એકદમ શાળાનો ઓરડો ભયજનક અને બંધિયાર લાગે છે. જેને કારણે તે પોતે જ શાળાએ જવાને બદલે જંગલમાં જતો રહે છે. ચાલુ શાળાએ પણ શિક્ષકોની નજર ચૂકવી બાળકો જંગલમાં ટીમરૂ ખાવા, નદીએ નહાવા કે ફરવા નાસી જાય છે.

૧૫. ધરમપુર તાલુકામાં શિક્ષણમાં થતો લગાડ અને સ્થગિતતાનું પ્રમાણ અન્ય તાલુકાઓ કરતાં વિશેષ જોવા મળ્યું હતું. આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા નાની વહિયાળ અને આંબાજંગલ વિકાસ ઘટકોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો તેમાં નાની વહિયાળ વિકાસ ઘટકમાં

૧૯૬૮ માં થયેલ અભ્યાસમાં જોવા મળ્યું હતું કે પહેલા ધોરણમાં ૩૭૬ બાળકો દાખલ થયાં હતાં. જેમાંથી વચ્ચેથી ઊઠી જનારની સંખ્યા ૨૦૪ (૬૦.૭%)ની હતી. અને ચોથા ધોરણ સુધી પહોંચતાં પહેલાં વચ્ચે અટકી ગયાં હતાં. કે જેઓ એક કરતાં વધુવાર નાપાસ થયાં હતાં. તેવાં ૧૨૦ (૩૫.૭%) બાળકોમાં માત્ર ૧૨ (૩.૬%) બાળકો જ નિરધારિત સમયમાં ધોરણ ચાર પાસ થયાં હતાં. જ્યારે આંબાજંગલ વિકાસ ઘટકનો અભ્યાસ ૧૯૭૦ માં કરવામાં આવ્યો હતો જેમાં પહેલા ધોરણમાં દાખલ થયેલ ૯૯ બાળકોમાંથી ૬૩ (૬૩.૬%) અધવચ્ચે ઊઠી ગયાં હતાં માત્ર ૧૧ (૧૧.૧%) બાળકો નિરધારિત સમયમાં ધોરણ ચોથું પાસ થયા, તથા જ્યારે બાકીના ૨૫ (૨૫.૩%) બાળકો અધવચ્ચે એક કરતાં વધુ વખત નાપાસ થયા હતા. આ રીતે બગાડ અને સ્થગિતતાનું પ્રમાણ પણ સવિશેષ જોવા મળે છે. જ્યારે ૧૯૭૪ માં આઇ. આઇ. એમ. થયેલ ધરમપુર તાલુકાના અભ્યાસમાં તેઓએ ધોરણવાર અધવચ્ચેથી ઊઠી જનાર બાળકોના આંકડા આ પ્રમાણે બતાવ્યા છે :

| | |
|---|---|
| ધોરણ ૨ જામાં | ૨૨.૩ |
| ધોરણ ૩ જામાં | ૪૪.૧ |
| ધોરણ ૪ થામાં | ૫૨.૧ |
| ધોરણ ૫ મામાં | ૪૫.૨ |
| ધોરણ ૬ ઠામાં | ૬.૪ |
| ધોરણ ૭ મામાં | ૩૪.૬ |

આ પ્રમાણે વિવિધ અભ્યાસો દ્વારા જોવા મળે છે કે શિક્ષણમાં થતો બગાડ અને સ્થગિતતા અહીં વિશેષ પ્રમાણમાં છે. આ સમસ્યાઓ સાથે આદિવાસી વિસ્તારોમાં ભાષાની પણ મોટી મુશ્કેલી અનુભવાય છે. અહીંના બાળકોની પોતાની બોલી આગવી છે જેને કારણે શાળામાં શીખવાતી ગુજરાતી ભાષા શરૂમાં સમજી શકતાં નથી. તે સમજવા માટે તેમનામાં રસ પણ હોતો નથી. કારણ કે આખા વિસ્તારમાં અને ખુદ પોતાના જ ઘરમાં પોતાની જ બોલીમાં જ વાતચીત થાય છે. જેને લીધે શાળાની ભાષા તેને પારકી અને ભારરૂપ પણ લાગે છે.

જો કે અહીં આદિવાસી શિક્ષકો ઘણા છે પણ ધરમપુરમાં ધરમપુરના જ શિક્ષકોની સંખ્યા ઓછી છે. તેમાંય વારલી, કોલચા, નાયકા, કુનબી જાતિઓમાંથી ભાગ્યે જ શિક્ષકો જોવા મળે છે. જેને કારણે શરૂમાં અન્ય શિક્ષકો પણ જે તે વિસ્તારની બોલી અને શાળામાં શીખવાતી ભાષાનો સમન્વય કરવામાં મુશ્કેલી અનુભવે છે.

૧૬. અન્ય સમસ્યાઓ સાથે શિક્ષકોની પોતાની પણ સમસ્યાઓ છે. કે જેમાં આવા ડુંગરાળ વિસ્તારોમાં ચોમાસા જેવી ઋતુમાં પાકા રસ્તા સિવાયનો બસ વ્યવહાર બંધ થઇ જાય છે જેને કારણે કેટલાંક ગામો તાલુકા મથકથી કે બસ સ્ટેન્ડથી માઇલો દૂર હોય છે. જેને કારણે તેઓ ત્યાં સમયસર પહોંચી શકતા નથી.

૧૭. તાલુકાના ગામોમાં શિક્ષકને રહેવાની સુવિધા ઉપલબ્ધ નહીં હોવાથી મોટા ભાગના શિક્ષકો ધરમપુરમાં જ કે મોટા ગામોમાં રહે છે અને ત્યાંથી નોકરી માટે જાય છે. જેને કારણે કાયમ કે નિયમિત પણ બની શકતા નથી.

૧૮. કેટલાક શિક્ષકો ઊંડાણના વિસ્તારમાં હોવાથી પોતાની નોકરીને સજારૂપ માને છે. અને પોતાના કુટુંબ સાથે ત્યાં રહી શકતા નથી. અને માને છે કે પોતાના બાળકોના શિક્ષણનું શું ? આવી અનેક માનસિક માન્યતાઓને કારણે નોકરીના ગામ સાથે સહભાગીતા કેળવી શકતા નથી.

૧૯. કેટલાક શિક્ષકો અનેક પ્રકારની કુટેવોના પણ ભોગ બને છે. જેમાં દારૂ, વરલીમટકા, જુગાર જેને કારણે ગામના લોકો સાથે એકત્વ સાધે છે પણ બાળકોના શિક્ષણ સાથે એકત્વ સાધી શકતા નથી.

૨૦. અહીંના મોટા ભાગના ગામોમાં શિક્ષકને સાથ અને સહકાર પણ મળતાં નથી. બ કેટલીકવાર તો શિક્ષક જ શાળાનો ઘંટ મારવાનો, બાળકોને ઘેર ઘેર બોલાવવા જવાના અને તેમાંય વાલીઓ સાથેના કડવા અનુભવો થતા હોવાથી શિક્ષકો પણ ઉપેક્ષા સેવતા થાય છે.

૨૧. ગામના લોકો જાગૃત નહીં હોવાથી દિવસો સુધી ગામની શાળા બંધ રહેવા છતાં કોઈ શિક્ષકને પૂછી શકતું નથી. કે આગળ રજૂઆત કરી શકતું નથી. પણ તેને બદલે શિક્ષકનો બચાવ કરવામાં આવે છે.

૨૨. આશ્રમશાળાઓમાં પણ સંખ્યા ભેગી કરવા અનેક પ્રયત્નો કરવા પડે છે. આશ્રમશાળાઓમાં અનેક સુવિધાઓ હોવા છતાં બાળકો શરૂઆતના વર્ષોમાં ગમે ત્યારે દિવસો સુધી ભ ચાલ્યા જાય છે કે રજાઓમાં ઘેર જાય તો તુરત પાછા આવતા નથી.

ધરમપુર તાલુકામાં અનેક જાતિઓનો વસવાટ હોવા છતાં લગભગ બધી આશ્રમશાળાઓમાં ધોડિયા જાતિના બાળકોની સંખ્યા વધુ જોવા મળે છે. જ્યારે કોકણા, વારલી, કોલચા અને નાયકાઓની સંખ્યા ઘણી ઓછી છે.

...

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

## ધરમપુર તાલુકાના આદિવાસીઓનું સામાજિક- આર્થિક સર્વેક્ષણ (૧૯૮૦)

શ્રી ભીખાભાઈ પટેલ
શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય

ગુજરાતના આઠ આદિવાસી જિલ્લાઓના ૩૩ તાલુકાઓમાં સૌથી વધુ ગામો અને સૌથી વધુ ક્ષેત્રફળ ધરાવનાર જ ધરમપુર તાલુકો છે. જેમાં વારલી, કોકણા, ધોડિયા, કોલચા અને કોટવાળિયા આદિવાસીઓની વસ્તી વસે છે.

ધરમપુર તાલુકો વલસાડ જિલ્લાની પૂર્વ સરહદે આવેલો છે. તાલુકાના ઉત્તરે વાંસદા અને ચીખલી તાલુકો, પૂર્વે ગાઢ જંગલ વિસ્તારની સાથે પશ્ચિમઘાટના નાના મોટા ડુંગરાઓ આવેલા છે. તેની લગોલગ નાશિક જિલ્લાની હદ પૂર્વ તથા દક્ષિણ દિશામાં રહેલી છે. ધરમપુર તાલુકો ૨૦° ઉત્તર અક્ષાંસ અને ૭૩° પૂર્વ રેખાંશની વચ્ચે આવેલો છે.

ધરમપુર તાલુકાનો કુલ વિસ્તાર ૧૬૫૦ ચો. કિલોમીટરના વિસ્તારમાં પથરાયેલો છે. ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે તાલુકાની કુલ વસ્તી ૧,૯૩,૭૧૧ હતી. જેમાં ૧૨૧૧ અનુસૂચિત જાતિની અને ૯૯,૧૮૧ અનુસૂચિત જનજાતિની વસ્તી આવેલી છે.

તાલુકાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૪૦૩૯૨૨ એકર છે. જેમાં ખેડવાલાયક પિયત જમીન ૫૫૬ એકર, બિનપિયત જમીન ૧૪૦૦૫૮ એકર છે. તાલુકાનો જંગલ વિસ્તાર ૧,૭૪,૯૦૧ એકર અને ખેડાણ લાયક પડતર, ગોચર અને ઝાડીની જમીન ૨૯,૩૫૯ એકર છે. ખેડાણના ઉપયોગમાં ન લઈ શકાય તેવી ૫૮,૭૩૮ એકર છે.

આ તાલુકો અન્ય આદિવાસી તાલુકાઓની સરખામણીએ ઘણો પછાત છે. આ તાલુકાના જુદા જુદા ૧૩ ગામોના સર્વેક્ષણ દ્વારા તેમની આર્થિક-સામાજિક પરિસ્થિતિ અંગે માહિતી મેળવવામાં આવી હતી.

### તપાસ પદ્ધતિ :

આ અભ્યાસ માટેની હકીકતો જુદા જુદા બે સ્ત્રોતોમાંથી ભેગી કરવામાં આવેલી છે. ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદના સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રમાં ૧૯૮૦ માં તાલીમ માટે પ્રાયોજના અધિકારીઓ, તાલુકા વિકાસ અધિકારી, સહાયક વન સંરક્ષક અધિકારીઓ અને રેન્જ ફોરેસ્ટ ઓફિસરો દ્વારા તાલીમ દરમ્યાન ધરમપુર તાલુકાની પ્રત્યક્ષ મુલાકાત માટે લઈ જવામાં આવ્યા હતા. તેમણે જુદાં જુદાં સાત ગામોમાંથી પ્રશ્નાવલી અને મુલાકાત દ્વારા માહિતી મેળવી હતી. ત્યારબાદ કેન્દ્રના સંશોધન અધિકારી શ્રીમતી ભારતીબહેન દેસાઈ અને સંશોધન મદદનીશ શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાયે પણ જુદાં જુદાં છ ગામોની મુલાકાત દ્વારા, પ્રશ્નાવલી પદ્ધતિથી માહિતી એકઠી કરવામાં આવી હતી. આ સર્વેક્ષણમાં કુલ ૧૦૦ કુટુંબો પાસેથી માહિતી મેળવવામાં આવી હતી.

તાલુકામાં સગવડો :

ધરમપુર તાલુકામાં આવેલ ૨૩૭ ગામોમાંથી આખા વર્ષ દરમ્યાન બસની સુવિધાવાળાં ગામોની સંખ્યા માત્ર ૧૪ ની હતી. જયારે ૪૯ ગામોને ફકત શિયાળા-ઉનાળા દરમ્યાન બસનો લાભ મળતો. બાકીનાં ૧૭૪ ગામોમાં વાહન વ્યવહારની સુવિધા નહોતી.

ધરમપુર તાલુકામાં દર ૧૦૦ ચોરસ કિલોમીટરે આરોગ્ય અંગે તબીબી સારવાર કેન્દ્રની સંખ્યા ૧ ની હતી. ધરમપુર તાલુકાના વિસ્તાર અને વસ્તીને ધ્યાનમાં લઈએ તો આ તાલુકાની પ્રાપ્ય તબીબી સગવડોનું પ્રમાણ અલ્પ કહી શકાય.

આ તાલુકામાં પીવાના પાણીની સગવડ જોઈએ તો કુલ ગામોમાંથી ૧૯૪ ગામોમાં કૂવા, ૮ ગામોમાં તળાવો, ૧૪૫ ગામોમાં નાની-મોટી નદીઓ-ઝરણાં હતાં અને અન્ય વ્યવસ્થા દ્વારા ૨ ગામોમાં પીવાના પાણીની સગવડ હતી. તાલુકાના કુલ ગામોમાંથી ૨૧૧ ગામોમાં પ્રાથમિક શાળા, ૬ ગામોમાં માધ્યમિક શાળા, એક ગામમાં ઔદ્યોગિક શાળા, ૫ તાલીમ શાળા અને ૧૩ અન્ય શિક્ષણ સંસ્થાઓ હતી. જયારે ૩ ૪૬ ગામો એવાં હતાં કે જયાં પ્રાથમિક શાળા પણ ન હતી.

ભૌતિક સંસ્કૃતિ :

ઘર : નમૂનાના ૧૦૦ કુટુંબોમાંથી ૯૯ કુટુંબો પાસે કાચા અને ૧ કુટુંબ પાસે ઈંટમાટીની દીવાલવાળું પાકું મકાન હતું. જેમાં ૩૮ ઘરો એક ખંડવાળાં, ૪૧ ઘર બે ખંડવાળાં અને ૨૧ ઘરો ત્રણ ખંડવાળાં હતાં. આ ઘરોમાંથી ૧૭ ઘરોને માટીની દીવાલ, ૮૨ ઘરોને સાંઠીની અને એક ઘરને ઈંટમાટીની દીવાલ હતી. ૫૫ ઘરોને છાપરાં ઘાસનાં, ૧૭ ઘરોને દેશી નળિયાં અને ૨૮ ઘરોને છાપરા પર વિલાયતી નળિયાં હતાં.

નમૂનાનાં કુટુંબોની કુલ સભ્યસંખ્યા ૬૦૩ વ્યકિતઓની હતી. જેમાં ૩૧૮ પુરુષો અને ૨૮૫ સ્ત્રીઓ હતી. કુલ સભ્યસંખ્યામાંથી ૬ વર્ષ સુધીનાં ૧૬.૨ ટકા, ૭ થી ૧૪ વર્ષ સુધીની ઉંમરના ૧૯.૯ ટકા, ૨૫ થી ૩૫ વર્ષની ઉંમરના ૧૬.૬ ટકા, ૩૬ થી ૬૦ વર્ષની ઉંમરના ૨૩.૯ ટકા અને ૬૦ વર્ષની ઉપરની સંખ્યા માત્ર ૧.૩ ટકાની હતી. તપાસેલ કુટુંબોમાં ૧ થી ૩ સભ્યસંખ્યા ધરાવતાં ૧૦ કુટુંબો, ૪ થી ૬ની સભ્યસંખ્યા ધરાવતાં ૫૨ કુટુંબો, ૭ થી ૧૦ ની સભ્ય ધરાવતાં ૩૨ કુટુંબો અને ૧૦ થી ઉપર સભ્યસંખ્યા જે હોય એવાં માત્ર ૬ કુટુંબો હતાં. આમ એકંદરે ૪ થી ૬ સભ્યસંખ્યાવાળાં કુટુંબો વધુ હતાં. અને સરેરાશ કુટુંબકદ ૬.૩ વ્યકિતઓનું હતું.

નમૂનાનાં કુટુંબોના વૈવાહિક દરજ્જાનું પ્રમાણ જોઈએ તો કુલ વસ્તીના ૫૩.૧ ટકા પુરુષો અને ૪૩.૨ ટકા સ્ત્રીઓ અપરિણિત હતી. જયારે ૪૨.૪ ટકા પુરુષો અને ૪૭.૪ ટકા સ્ત્રીઓ પરિણિત હતી. જયારે છૂટાછેડા લીધેલ પુરુષો અને સ્ત્રીઓનું પ્રમાણ અનુક્રમે ૧.૬ ટકા અને ૨.૧ ટકાનું હતું. અને વિધુર-વિધવા હોય તેની સંખ્યા ૨.૯ ટકા અને ૭.૩ ટકા હતી.

આમ વૈવાહિક દરજ્જાનું પ્રમાણ જોયા પછી તેમની લગ્ન સમયની ઉંમર જોઈએ તો ૧૦ થી ૧૪ વર્ષની ઉંમરમાં લગ્ન થયાં હોય તેવા પુરુષો અને સ્ત્રીઓની સંખ્યા અનુક્રમે ૨.૭ ટકા અને ૧૦.૦ ટકા હતી. જયારે ૧૫ થી ૧૮ વર્ષની ઉંમરે લગ્ન થયાં હોય તેવી વ્યકિતઓની સંખ્યા અનુક્રમે ૩૮.૯ ટકા અને ૬૧.૯ ટકા હતી. ૧૯ થી ૨૨ વર્ષની ઉંમરે લગ્ન થયાં હોય તેવા પુરુષ-સ્ત્રીઓનું પ્રમાણ એકંદરે વધારે હતું. જે ૪૮.૩ ટકા અને ૨૪.૪

ટકા હતું. જયારે માત્ર પરિણિત સભ્યોમાંથી ૧૦.૧ ટકા પુરુષો અને ૩.૭ ટકા સ્ત્રીઓ એવી હતી કે જેમણે ૨૨ વર્ષથી ઉપરની ઉંમરે લગ્ન કર્યાં હતાં. આમ આદિવાસીઓમાં મોટા ભાગે ૧૫ થી ૧૮ વર્ષની ઉંમરમાં લગ્ન વધારે થાય છે. બાળલગ્નનું પ્રમાણ નહિવત્ હતું.

શિક્ષણ : ગુજરાતના અન્ય આદિવાસી તાલુકાઓ કરતાં આ તાલુકામાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. જાતિવાર કે શિક્ષણની પરિસ્થિતિ જોઇએ તો આ તાલુકામાં વસતા ધોડિયા જાતિના બાળકોમાં શિક્ષણનું પ્રમાણ વધુ હતું. જયારે કોકણા, વારલી, બોરચી, કોટવાળિયાઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું હતું. સર્વેક્ષણમાં લીધેલાં કુટુંબોનું શિક્ષણનું પ્રમાણ જોઇએ તો કુલ સભ્યસંખ્યામાંથી ૧૧.૩ ટકા પુરુષો અને ૧.૭ ટકા સ્ત્રીઓએ શિક્ષણ લીધુ હતું. અને ૧૫.૪ ટકા છોકરાઓ અને ૫ ટકા છોકરીઓ શિક્ષણ લઇ રહયાં હતાં. જયારે ૭૩.૩ ટકા પુરુષો અને ૯૨.૭ ટકા સ્ત્રીઓ અભણ હતી. આમ એકંદરે જોઇએ તો આ વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળ્યું હતું. આમાંય સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું હતું. (સામાજિક વિગતો દર્શાવતું ચિત્ર કોઠા-૧ માં આપવામાં આવ્યું છે)

કોઠો-૧

<u>નમૂનાનાં કુટુંબોની સામાજિક સ્થિતિ</u>

ક. એક ખંડવાળાં ૩૮ મકાન
બે ખંડવાળાં ૪૧ મકાન
ત્રણ ખંડવાળાં ૨૧ મકાન
કુલ ૧૦૦

માટીની દીવાલવાળાં ૧૭ મકાન
સોઠીની દીવાલવાળાં ૮૨ મકાન
ઈંટની દીવાલવાળાં ૧ મકાન
કુલ ૧૦૦

ઘાસના છાપરાવાળાં ૫૫ મકાન
દેશી નળિયાવાળાં ૧૭ મકાન
વિલાયતી નળિયાવાળાં ૨૮ મકાન
કુલ ૧૦૦

બ. નમૂનાનાં કુટુંબોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ

| ઉંમર | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા |
| --- | --- | --- | --- | --- |
| ૬ વર્ષ સુધીના | ૫૭ | ૪૧ | ૯૮ | ૧૬.૨ |
| ૭ થી ૧૪ વર્ષ | ૭૦ | ૬૩ | ૧૩૩ | ૨૨.૧ |
| ૧૫ થી ૨૪ વર્ષ | ૬૦ | ૬૦ | ૧૨૦ | ૧૯.૯ |
| ૨૫ થી ૩૫ વર્ષ | ૫૭ | ૪૩ | ૧૦૦ | ૧૬.૬ |
| ૩૬ થી ૬૦ વર્ષ | ૭૦ | ૭૪ | ૧૪૪ | ૨૩.૯ |
| ૬૦ થી ઉપર | ૪ | ૪ | ૮ | ૧.૩ |
| કુલ | ૩૧૮ | ૨૮૫ | ૬૦૩ | (૧૦૦.૦) |

ક. સભ્યસંખ્યા પ્રમાણે કુટુંબનું કદ

| | |
| --- | --- |
| ૧ થી ૩ માણસો | ૧૦ કુટુંબ |
| ૪ થી ૬ માણસો | ૫૨ કુટુંબ |
| ૭ થી ૧૦ માણસો | ૩૨ કુટુંબ |
| ૧૦ થી ઉપર | ૬ કુટુંબ |
| કુલ | ૧૦૦ કુટુંબ |

ડ. વૈવાહિક દરજ્જો

| | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા |
| --- | --- | --- | --- | --- |
| અપરિણિત | ૧૬૯ (૫૩.૧) | ૧૨૩ (૪૩.૨) | ૨૯૨ | ૪૮.૪ |
| પરિણિત | ૧૩૫ (૪૨.૪) | ૧૩૫ (૪૭.૪) | ૨૭૦ | ૪૪.૮ |
| છૂટાછેડા | ૫ (૧.૬) | ૬ (૨.૧) | ૧૧ | ૧.૮ |
| વિધુર-વિધવા | ૯ (૨.૯) | ૨૧ (૭.૩) | ૩૦ | ૫.૦ |
| કુલ | ૩૧૮ (૧૦૦.૦) | ૨૮૫ (૧૦૦.૦) | ૬૦૩ | ૧૦૦.૦ |

ઈ. વયજૂથ પ્રમાણે લગ્ન

| ઉંમર | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|
| ૧૦ થી ૧૪ વર્ષ | ૪ (૨.૭) | ૧૬ (૧૦.૦) | ૨૦ | ૬.૫ |
| ૧૫ થી ૧૮ વર્ષ | ૫૮ (૩૮.૯) | ૯૯ (૬૧.૯) | ૧૫૭ | ૫૦.૮ |
| ૧૯ થી ૨૨ વર્ષ | ૭૨ (૪૮.૩) | ૩૯ (૨૪.૪) | ૧૧૧ | ૩૫.૯ |
| ૨૨ થી ઉપર | ૧૫ (૧૦.૧) | ૮ (૩.૭) | ૨૩ | ૬.૮ |
| કુલ | ૧૪૯ (૧૦૦.૦) | ૧૬૦ (૧૦૦.૦) | ૩૦૯ | ૧૦૦.૦ |

છ. શિક્ષણ અંગે

| શિક્ષણ પુરું કર્યું હોય તેની વિગત | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|
| લખી વાંચી શકત તેવા | ૬ | ૨ | ૮ | ૧.૩ |
| પ્રાથમિક કક્ષા સુધી | ૨૬ | ૨ | ૨૮ | ૪.૬ |
| માધ્યમિક કક્ષા સુધી | ૪ | ૧ | ૫ | ૦.૯ |
| કુલ | ૩૬ (૧૧.૩) | ૫ (૧.૭) | ૪૧ (૬.૮) | |

જ. શિક્ષણ ચાલુ હોય તેની વિગત

| | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|
| બાલવાડી | ૧ | - | ૧ | ૦.૨ |
| પ્રાથમિક | ૪૪ | ૧૩ | ૫૭ | ૯.૩ |
| માધ્યમિક | ૪ | ૩ | ૭ | ૧.૩ |
| કુલ | ૪૯ (૧૫.૪) | ૧૬ (૫.૬) | ૬૫ (૧૦.૮) | |
| અભણ | ૨૩૩ (૭૩.૩) | ૨૬૪ (૯૨.૭) | ૪૯૭ (૮૨.૪) | ૮૨.૪ |
| કુલ | ૩૧૮ (૧૦૦.૦) | ૨૮૫ (૧૦૦.૦) | ૬૦૩ (૧૦૦.૦) | ૧૦૦.૦ |

ઘરવખરીનાં સાધનો :

નમૂનાનાં કુટુંબો મોટે ભાગે માટીનાં, એલ્યુમિનિયમનાં વાસણો વાપરતાં હતાં અને થોડાં કુટુંબો પાસે એકાદ વાસણ સ્ટીલનું કે પિત્તળનું હતું. કેટલાકની પાસે સુવા માટે ખાટલા પણ ન હતા. જમીન વિહોણાં કુટુંબો પાસે ઘરવખરીનાં સાધનો નજીવાં હતાં.

ઘરવખરીનાં સાધનોનું પ્રમાણ કોઠા-૨ માં આપવામાં આવ્યું છે :

કોઠો -૨

| વિગત | જમીન વિહોણાં | જમીનવાળાં | કુલ |
|---|---|---|---|
| તાંબાનાં | ૨ | ૨૦ | ૨૨ |
| એલ્યુમિનિયમ | ૧૯૭ | ૫૧૭ | ૭૧૪ |
| પિત્તળ | ૧૮ | ૧૪૮ | ૧૬૬ |
| સ્ટીલ | ૩ | ૧૩૩ | ૧૩૬ |
| માટીનાં | ૭૭ | ૨૩૩ | ૩૧૦ |
| કાંસાનાં | ૭ | ૩૩ | ૪૦ |
| ખાટલા | ૬ | ૨૦ | ૨૬ |
| ટેબલ-ખુરશી | ૩ | ૨૫ | ૨૮ |
| સાયકલ | - | ૧૧ | ૧૧ |
| ઘડિયાળ | - | ૭ | ૭ |
| રેડિયો | - | ૫ | ૫ |
| સીવવાનાં સંચા | - | ૫ | ૫ |
| માછલાં પકડવાની જાળ | ૬ | ૧૦ | ૧૬ |
| શિકારનાં સાધનો | - | ૨ | ૨ |
| વાજિંત્રો | ૩ | ૨ | ૫ |
| ફાનસ | ૧ | ૧૪ | ૧૫ |
| ચીમની | ૨૫ | ૫૭ | ૮૨ |
| પેટ્રોમેક્ષ | - | ૪ | ૪ |
| ટોપલા-ટોપલીઓ | ૮૨ | ૨૭૭ | ૩૫૯ |
| ઘંટી | ૨૩ | ૮૨ | ૧૦૫ |
| પેટી | ૧ | ૨૩ | ૨૪ |
| બેટરી | ૧ | ૧૭ | ૧૮ |
| અન્ય | ૯ | ૧૮ | ૨૭ |
| કુલ | ૪૬૪ | ૧૬૬૩ | ૨૧૨૭ |

પશુધન :

નમૂનાનાં કુટુંબો પાસે ગાય, ભેંસ, બકરાં-ઘેટાં, બળદ, વાછરડાં અને અન્ય પશુધન મળી કુલ ૬૫૬ ની સંખ્યા હતી. જેમાં બળદ, પાડા અને વાછરડાં જેનો ખેતીમાં ઉપયોગ કરતા તેની સંખ્યા વધુ જોવા મળી હતી. જ્યારે ગાયો અને ભેંસોનું પ્રમાણ ઓછું હતું. કુટુંબદીઠ પશુધન ૭ નું હતું. પશુધનની માહિતી કોઠા-૩ માં આપવામાં આવી છે :

કોઠા-૩

નમૂનાનાં કુટુંબો માં કુટુંબદીઠ પશુસંખ્યા

| વિગત | જમીન વિહોણા | જમીનવાળા | કુલ |
|---|---|---|---|
| ગાય | ૮ | ૮૬ | ૯૪ |
| ભેંસ | ૨ | ૧૧ | ૧૩ |
| ઘેટાં-બકરાં | ૭ | ૭૩ | ૮૦ |
| બળદ-પાડા | ૬ | ૧૦૯ | ૧૧૫ |
| વાછરડા-વાછરડી | ૧૦ | ૮૨ | ૯૨ |
| મરઘાં | ૬૫ | ૧૯૭ | ૨૬૨ |
| કુલ | ૯૮ | ૫૫૮ | ૬૫૬ |
| કુટુંબદીઠ પશુસંખ્યા | ૩ | ૮ | ૭ |

આર્થિક સ્થિતિ :

નમૂનાનાં કુટુંબોમાંકુલ સભ્યસંખ્યામાંથી ૩૬.૫ ટકા પુરુષો અને ૧.૧ ટકા સ્ત્રીઓ મુખ્ય આવક ઉપાર્જિત કરનાર હતા. અને ૨૨.૩ ટકા પુરુષો અને ૫૭.૨ ટકા સ્ત્રીઓ મુખ્યત્વે કમાનાર પર આધારિત હતી. જ્યારે ૪૧.૨ ટકા પુરુષો અને ૪૧.૬ ટકા સ્ત્રીઓ કામ કરતાં નહોતાં. કામ કરતી વસ્તીનું વર્ગીકરણ કોઠા-૪-માં આપવામાં આવ્યું છે.

કોઠા-૪

નમૂનાનાં કુટુંબોમાં કામ કરતી વસ્તીનું વર્ગીકરણ

| વિગત | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|
| કમાનાર | ૧૧૬ | ૩ | ૧૧૯ | |
| | (૩૬.૫) | (૧.૧) | ૧૯.૭) | |
| કમાનાર પર આધારિત | ૭૧ | ૧૬૩ | ૨૩૪ | |
| | (૨૨.૩) | (૫૭.૨) | (૩૮.૮) | |
| બિનકમાનાર | ૧૩૧ | ૧૧૯ | ૨૫૦ | |
| | (૪૧.૨) | (૪૧.૭) | (૪૧.૫) | |
| કુલ | ૩૧૮ | ૨૮૫ | ૬૦૩ | |
| | (૧૦૦.૦) | (૧૦૦.૦) | (૧૦૦.૦) | |

નોંધ (કૌંસમાં જણાવેલા આંકડા ટકાવારી દર્શાવે છે)

**ખેતીની જમીન :**

નમૂનાનાં ૧૦૦ કુટુંબોમાંથી ૬૯ કુટુંબો વત્તા ઓછા પ્રમાણમાં જમીન ધરાવતાં હતાં. જ્યારે ૩૧ કુટુંબો જમીન વિહોણાં હતાં જેમનો મુખ્ય આધાર મજૂરી હતો. ૩૫ કોકણા, ૧૨ વારલી, ૧૦ ધોડિયા, ૧૦ કોલચા, ૧ કોટવાળિયા, ૧ બોરચી કુલ ૬૯ કુટુંબો પાસે જમીન હતી. જ્યારે ૧૨ કોકણા, ૯ વારલી, ૬ કોલચા અને ૩ ઢોડિયા તેમજ ૧ બોરચી એમ કુલ ૩૧ કુટુંબો જમીનવિહોણાં હતાં.

**કોઠો-૫**

**જમીનના કદ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ (એકરમાં)**

| જમીનનું કદ | કુલ કુટુંબ | કુલ જમીન |
|---|---|---|
| ૦ થી ૨.૫ | ૩૧ | ૩૨.૨૭ |
| ૨.૫ થી ૫.૦ | ૧૬ | ૫૬.૧૬ |
| ૫.૦ થી ૭.૫ | ૫ | ૨૭.૨૫ |
| ૭.૫ થી ૧૦.૦ | ૭ | ૫૯.૩૩ |
| ૧૦.૦ થી ઉપર | ૧૦ | ૧૩૦.૨૭ |
| કુલ | ૬૯ | ૩૦૬.૩૮ |
| કુટુંબદીઠ સરેરાશ | | ૪.૪૪ |

ઉપરના કોઠા પરથી જોઈ શકાય છે કે મોટા ભાગનાં કુટુંબો પાસે ૫ એકર કરતાં ઓછી જમીન હતી. માત્ર ૨૨ કુટુંબો ૫ એકર કરતાં વધુ જમીન ધરાવતાં હતાં. કુટુંબદીઠ સરેરાશ જમીનનું કદ ૪.૪ એકર હતું.

ખેતીની જમીન પથરાળ, ઢોળાવવાળી અને ઓછી ફળદ્રુપતાવાળી હતી. તેઓ મુખ્યત્વે નાગલી અને જુવાર તેમજ કઠોળમાં અડદ, ખુરસાણી, વરઈ ભાતનું વાવેતર કરતા હતા. પૂરતાં ખેતીનાં સાધનો તેમજ સિંચાઈની વ્યવસ્થાને અભાવને કારણ ખેતીમાંથી સારી રીતે ઉપજ મેળવી શકાતી ન હતી. આમ એકંદરે જોઈએ તો જમીનનું પ્રમાણ વધુ હોવા છતાં એ બિન આર્થિક એકમ હતું.

**આવક :**

નમૂનાનાં કુટુંબોનો ધંધો ખેતીનો હતો. તેઓ જંગલ પેદાશ, ખેતમજૂરી વગેરે ખેતીના ધંધા ઉપરાંત ધંધો કરતા હતા. કેટલાક આજુબાજુનાં કારખાનાઓમાં મજૂરીએ જાય છે.

આવકનું વિશ્લેષણ કરીએ તો જણાય છે કે તપાસેલાં કુટુંબો ખેતી અને પશુપાલનમાંથી ૨૩.૮ ટકા આવક, નોકરીમાંથી ૪.૨ ટકા, ખેતમજૂરીમાંથી ૪૫.૭ ટકા, જંગલમજૂરીમાંથી ૬.૨ ટકા, બાંધકામની મજૂરીમાંથી ૧૩.૧ ટકા અને અન્ય ધંધા રોજગારમાંથી ૭.૦ આવક મેળવતા હતા. આમ તેઓ મોટા ભાગની આવક ખેતમજૂરીમાંથી મેળવતા હતા.

જમીનવિહોણા કુટુંબોની કુટુંબદીઠ વાર્ષિક આવક રૂ. ૨૦૧૬ ની સરેરાશ થતી હતી. જ્યારે માથાદીઠ વાર્ષિક આવક ૩૭૪ રૂપિયાની હતી. અને માથાદીઠ માસિક આવક રૂ.૩૧ થતી હતી. જ્યારે જમીન ધરાવતાં કુટુંબોની કુટુંબદીઠ કુલ વાર્ષિક સરેરાશ આવક રૂ. ૨૨૭૦ હતી. જેમની માથાદીઠ વાર્ષિક આવક રૂ. ૩૫૯ ની હતી. જ્યારે માથાદીઠ માસિક આવક ૨૯.૯ ની હતી. આમ, કુલ ૧૦૦ કુટુંબોની કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક રૂ. ૨૧૯૧ હતી. જેમની માથાદી વાર્ષિક આવક રૂ. ૩૬૩ હતી. અને માથાદીઠ માસિક આવક રૂ. ૩૦ ની હતી. આમ નમૂનાનાં બધાં કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન વ્યતિત કરતાં હતાં. કુટુંબદીઠ જુદાં જુદાં સાધનમાંથી થતી આવકનું પ્રમાણ કોઠા-૬ માં આપવામાં આવ્યું છે.

કોઠો-૬

કુટુંબદીઠ આવકનું પ્રમાણ (રૂ.માં)

| વિગત | જમીન વિહોણા | જમીનવાળા | કુલ | ટકા |
|---|---|---|---|---|
| કુલ કુટુંબ સંખ્યા | ૩૧ | ૬૯ | ૧૦૦ | ૧૦૦.૦ |
| ખેતી અને પશુપાલન | ૧.૩ | ૭૮૫.૫ | ૫૪૨.૪ | ૨૩.૮ |
| ખેતમજૂરી | ૧૪૮૦.૪ | ૭૮૭.૧ | ૧૦૦૨.૦ | ૪૫.૭ |
| જંગલમજૂરી | ૧૮૦.૬ | ૧૧૫.૭ | ૧૩૫.૮ | ૬.૨ |
| બાંધકામ | ૨૧૨.૬ | ૨૮૮.૯ | ૨૬૫.૩ | ૧૩.૧ |
| અન્ય ધંધાની આવક | ૫૭.૧ | ૧૯૬.૮ | ૧૫૩.૪ | ૭.૦ |
| નોકરીની આવક | ૮૩.૯ | ૯૫.૮ | ૯૨.૧ | ૪.૨ |
| કુલ આવક | ૨૦૧૫.૮ | ૨૨૬૯.૮ | ૨૧૯૧.૧ | ૧૦૦.૦ |
| માથાદીઠ વાર્ષિક આવક | ૩૭૪.૨ | ૩૫૯.૨ | ૩૬૩.૪ | |
| માથાદીઠ માસિક આવક | ૩૧.૨ | ૨૯.૯ | ૩૦.૩ | |

વપરાશી ખર્ચ :

નમૂનાનાં કુટુંબોનું નિર્વાહખર્ચ જોઇએ તો જણાય છે કે કુલ ખર્ચના ૫૫.૧ ટકા ખર્ચ ખાદ્યખોરાકી પાછળ, ૧૪.૮ ટકા ખર્ચ કપડાં અને જોડા પાછળનું હતું. દૂધ, ઘી, શાકભાજી તેમજ શિક્ષણ પાછળનું ખર્ચ નજીવું હતું. કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક ખર્ચ રૂ. ૨૪૦૦ હતું જ્યારે માથાદીઠ વાર્ષિક ખર્ચ રૂ. ૩૯૮ હતું. અને માથાદીઠ માસિક ખર્ચ રૂ. ૩૩ હતું. તેઓ મોટે ભાગે રોકડમાં ખરીદી કરતા હતા. કુલ ખર્ચમાં ૭૬ ટકા રોકડ અને ૧૪ ટકા ઘરનું હતું.

તેમની આવક અને ખર્ચના સંદર્ભમાં જોઇએ તો માથાદીઠ ખર્ચ અને માથાદીઠ આવકમાં ૩ રૂપિયાનો તફાવત જોવા મળ્યો હતો. આવક કરતાં ખર્ચનું પ્રમાણ વધારે હતું. જેથી તેમને વધારાના ખર્ચ માટે દેવું કરવું પડતું હતું. વપરાશી ખર્ચના ધોરણે જોઇએ તો પણ નમૂનાનાં બધાં કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન જીવતાં હતાં. વપરાશી ખર્ચની માહિતી કોઠા-૭ માં આપવામાં આવી છે.

કોઠો-૭

કુટુંબદીઠ વપરાશી ખર્ચ રૂપિયામાં

| વિગત | જમીનવિહોણા | જમીનવાળા | કુલ | ટકા |
|---|---|---|---|---|
| કુલ કુટુંબ સંખ્યા | ૩૧ | ૬૯ | ૧૦૦ | ૧૦૦.૦ |
| અનાજ | ૧૪૯૧.૧ | ૧૨૪૫.૯ | ૧૩૨૧.૯ | ૫૫.૧ |
| દૂધ-ઘી-તેલ | ૨૭.૫ | ૧૬૦.૬ | ૧૧૯.૩ | ૫.૦ |
| ખાંડ-ગોળ-ચા-કોફી | ૨૩.૬ | ૯૨.૪ | ૭૧.૦ | ૩.૦ |
| ગરમ મશાલા | ૧૭.૩ | ૨૩.૭ | ૨૧.૬ | ૦.૯ |
| દારૂ-તમાકુ-બીડી | ૧૩૬.૨ | ૧૫૪.૧ | ૧૪૮.૬ | ૬.૧ |
| શાકભાજી-માસ-ઈંડાં | ૧૩.૧ | ૬૫.૩ | ૪૯.૧ | ૨.૧ |
| બળતણ | ૩૭.૪ | ૧૧૦.૯ | ૮૮.૧ | ૩.૭ |
| કપડાં-પગરખાં | ૨૫૬.૭ | ૩૯૯.૩ | ૩૫૫.૦ | ૧૪.૮ |
| શિક્ષણ | ૯.૫ | ૩૦.૩ | ૨૩.૯ | ૧.૦ |
| સામાજિક-ધાર્મિક | ૪૦.૮ | ૧૧૮.૩ | ૯૪.૩ | ૩.૯ |
| મુસાફરી | ૫૩.૫ | ૯૭.૬ | ૮૩.૯ | ૩.૫ |
| દવાદારૂ | ૧૫.૬ | - | ૪.૯ | ૦.૨ |
| અન્ય | - | ૨૬.૦ | ૧૭.૯ | ૦.૭ |
| કુલ | ૨૧૨૨.૫ | ૨૫૨૪.૩ | ૨૩૯૯.૮ | ૧૦૦.૦ |
| માથાદીઠ વાર્ષિક ખર્ચ | ૩૯૪.૦ | ૩૯૯.૫ | ૩૯૮.૦ | |
| માથાદીઠ માસિક ખર્ચ | ૩૨.૮ | ૩૩.૩ | ૩૩.૨ | |

દેવું :

દેવાની સ્થિતિ જોઇએ તો કુલ ૧૦૦ કુટુંબોમાથી ૬૧ કુટુંબો દેવાદાર હતાં. કુલ ૩૧ જમીનવિહોણાં કુટુંબોમાથી માત્ર ૧૪ કુટુંબોને દેવું હતું. જ્યારે જમીન ધરાવતાં ૬૯ કુટુંબોમાથી ૪૭ ટકા કુટુંબો દેવાદાર હતાં. આ આંકડાઓ પરથી પણ જાજણાય છે કે જમીનવિહોણાં કુટુંબોને શાહુકાર-વેપારી સિવાય કોઇ સંસ્થા ધિરાણ કરતી નથી. કુલ દેવાદાર કુટુંબદીઠ દેવું રૂ.૭૨૪નું હતું. જમીનવિહોણા કુટુંબોનું કુટુંબદીઠ દેવું રૂ.૨૫૭ હતું. અને જમીન ધરાવતા કુટુંબોનું કુટુંબદીઠ દેવું રૂ.૮૬૩ હતું. આમ જમીનવિહોણા કરતાં જમીન ધરાવતાં કુટુંબોને ચારગણું દેવું હતું. દેવાનું સાધનવાર વર્ગીકરણ કરતાં જણાય છે કે શાહુકાર અને વેપારીનું દેવાનું પ્રમાણ ઘટયું હતું. જ્યારે સહકારી મંડળીનું પ્રમાણ વધ્યું હતું. બેન્ક દ્વારા પણ કુલ દેવાના પાંચમા ભાગનું ધિરાણ થયું હતું. આમ આ દિશામાં આદિવાસીઓએ લીધેલ લાભ તેના શોષણના પ્રતિકાર માટેની મુખ્ય નિશાની છે.

કોઠો-૮

<u>સાધનવાર અને દેવાદાર કુટુંબદીઠ દેવું</u>

| વિગત | જમીનવિહોણા | જમીનવાળા | કુલ | ટકા |
|---|---|---|---|---|
| કુલ કુટુંબ | ૩૧ | ૬૯ | ૧૦૦ | ૧૦૦.૦ |
| દેવાદાર કુટુંબ | ૧૪ | ૪૭ | ૬૧ | ૬૧.૦ |
| શાહુકાર-વેપારી | ૧૪૭૦ | ૭૦૮૦ | ૮૫૫૦ | ૧૯.૩ |
| સહકારી મંડળી | ૧૦૦૦ | ૧૮૯૬૯ | ૧૯૯૬૮ | ૪૫.૨ |
| બેન્ક | - | ૭૯૦૦ | ૭૯૦૦ | ૧૭.૯ |
| સગાવહાલાં | ૧૧૩૦ | ૬૨૩૦ | ૭૩૬૦ | ૧૬.૭ |
| અન્ય | - | ૪૦૦ | ૪૦૦ | ૦.૯ |
| કુલ દેવું | ૩૬૦૦ | ૪૦૫૭૮ | ૪૪૧૭૮ | ૧૦૦.૦ |
| દેવાદાર કુટુંબદીઠ દેવું | ૨૫૭.૧ | ૮૬૩.૪ | ૭૨૪.૨ | |
| **હેતુવાર દેવું** | | | | |
| સામાજિક | ૪૦૦ | ૬૦૦૦ | ૬૪૦૦ | ૧૪.૫ |
| ખેતીખર્ચ | - | ૨૧૪૯૮ | ૨૧૪૯૮ | ૪૮.૭ |
| મકાન બાંધકામ | ૧૨૦૦ | ૨૩૫૦ | ૩૫૫૦ | ૮.૦ |
| જીવનનિર્વાહ | ૧૦૦૦ | ૨૯૮૦ | ૩૯૮૦ | ૯.૦ |
| પશુખરીદી | - | ૭૭૫૦ | ૭૭૫૦ | ૧૭.૫ |
| અન્ય | ૧૦૦૦ | - | ૧૦૦૦ | ૨.૩ |
| કુલ | ૩૬૦૦ | ૪૦૫૭૮ | ૪૪૧૭૮ | ૧૦૦.૦ |

દેવાનું હેતુવાર વિશ્લેષણ કરતાં જણાય છે કે કુલ દેવામાં લગભગ ૫૦ ટકા દેવું ઉત્પાદકીય હેતુ માટે હતું અને ૧૮ ટકા પશુખરીદી પાછળ કરવામાં આવ્યું હતું. જીવનનિર્વાહ અને સામાજિક દેવું ઓછું હતું.

નમૂનાનાં કુટુંબો પાસેથી છેલ્લા દસ વર્ષ દરમ્યાન કરેલ મૂડી રોકાણની માહિતી મેળવવામાં આવી હતી. જેમાં નમૂનાનાં કુટુંબોએ નવા મકાન બાંધકામ પાછળ (૪૧ ટકા) મકાન સમારકામ (૯ ટકા) જમીન સુધારણા પાછળ તેમજ નવી જમીન ખરીદવા અને કૂવાના બાંધકામ પા મૂડી રોકાણ ઓછું હતું. એક કુટુંબે ટ્રેકટરની ખરીદી કરી હતી. છેલ્લા દાયકા દરમ્યાન કુટુંબદીઠ રૂ. ૧૩૦૬ નું મૂડીરોકાણ કરવામાં આવ્યું હતું.

આરોગ
હતી.
વિસ્ત
થો જ
[illegible]
ઘર
તેમ
ખેત
ન
પ્રય
પ્રા
તેઅ
૨૭
રા
જા
સહ
પ્રા
ખા
તે
જ
ખે
પ
જ
સ

ઉપર મુજબ તેમની સામાજિક આર્થિક પરિસ્થિતિનું વિહંગાવલોકન કર્યા પછી આ વિસ્તારના આગેવાનો પાસેથી, તેમજ સહભાગી નીરિક્ષણ દ્વારા કેટલીક માહિતી એકઠી કરવામાં આવી હતી. આ વિસ્તારમાં વસતા આદિવાસીઓમાં કેટલાક મહત્વના પ્રશ્નો તરી આવે છે. આ વિસ્તારના લોકો ય ગરીબીની દશામાં જીવે છે. અને મોટા ભાગના લોકો નિરક્ષર હોવાથી યોજનાનો લાભ પણ મેળવી શકતા નથી.

**વિકાસ માટેના સૂચનો :**

ઘર :

આ વિસ્તારમાં વસતા આદિવાસીઓની ઘરની સ્થિતિ ઘણી જ નબળી છે. માટે સૌ પ્રથમ તેમને રહેવાલાયક યોગ્ય મકાનની સુવિધા પૂરી પાડવી જોઇએ.

ખેતીનો વિકાસ :

તેઓ જમીન ધરાવે છે પરંતુ આ વિસ્તારની જમીન પથરાળ, ઓછી ફળદ્રુપ અને એક સરખી ન હોવાથી ખેતીની ઉપજ સારી લઇ શકાતી નથી. તેથી તેમની જમીનને ફળદ્રુપ બનાવવા માટેના પ્રયત્નો કરવા જોઇએ.

જમીનનું તળ સમતળ બનાવવું જોઇએ.

જમીનની ચકાસણી કરાવી તેનું નવસાધ્ય કરવું જોઇએ.

પાક પધ્ધતિમાં ફેરફાર : અહીંના મુખ્ય પાકો જુવાર, નાગલી છે. પરંતુ આ ઉત્પાદનમાંથી તેઓ જીવનનિર્વાહ પૂરતી આવક તેઓ મેળવી શકતા નથી. સૌથી વધુ ખેતમજૂરી પર આધાર રાખવો પડે છે. મજૂરી પણ પૂર્ણ રીતે ન મળતાં ઘણા દિવસો ભૂખ્યા સૂવું પડે છે. જેથી રોકડિયા પાક જેવા કે કપાસ, મગફળી અને શાકભાજીના વાવેતર માટે પ્રોત્સાહિત કરવા જોઇએ. અને આ માટે પૂરતા બિયારણોની વ્યવસ્થા સહકારી મંડળી દ્વારા, ગ્રામસેવકના સહકારથી તેમના લોકો સુધી પહોંચે તે પ્રકારની વ્યવસ્થા ઊભી કરવી જોઇએ. જેથી આવક પ્રાપ્ત કરી શકે અને જીવન સ્તર સુધરે.

ખેતીનાં સાધનો : આ વિસ્તારમાં ખેતીની જમીન ધરાવતાં કુટુંબો પાસે ખેતીનાં સાધનોનો અભાવ તેમજ જે છે તે જૂની પધ્ધતિનાં છે. જેથી નવાં સાધનો માટે લોનની સહાય કરવી જોઇએ.

આ ઉપરાંત ખેતી માટે બળદની વ્યવસ્થા ઊભી કરી ખેતી કરવા માટે પ્રોત્સાહિત કરવા જરૂરી છે.

ખેતીમાં સિંચાઇ : આ વિસ્તારમાં નાની મોટી નદીઓ અને અનેક ઝરણાં વહે છે. તો તેના પર ચેકડેમ-આડબંધો બાંધીને નાના નાના તળાવો ઊભાં કરી ખેતી માટે પાણીની વ્યવસ્થા કર જોઇએ. જો ખેતી માટે સિંચાઇની વ્યવસ્થા ઊભી કરવામાં આવે તો ખેતીના ઉત્પાદનમાં સારો એવો વધારો કરી તેમનું જીવનસ્તર ઊંચુ લાવી શકાય.

કેટલાંક ગામોમાં પીવાના પાણીની પૂરતી સગવડ નથી તેથી પીવાના પાણીના કૂવાઓ કરવા જોઇએ.

ગામમાં તળાવો બાંધી મત્સ્ય ઉછેરની તાલીમ ગામમાં વસતા યુવકોને આપવી જોઇએ. આ દ્વારા તેમને રોજગારી પૂરી પાડી શકાશે.

આ વિસ્તારમાં વસતા કોલઘા જાતિના લોકો દંડકાં પકડ છે તો દંડકા ઉછેર કેન્દ્ર ખોલી તેમને રોજગારી આપી શકાય.

શિક્ષણ : દરેક આદિવાસી તાલુકા કરતાં આ તાલુકામાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. શિક્ષણની દ્રષ્ટિએ આ તાલુકો પછાત છે. તેમ કહીએ તો પણ ખોટું નથી. આ તાલુકામાં શિક્ષણનો વ્યાપ વધારવા માટે અમુક ગામોના બાળકોને શિક્ષણની વ્યવસ્થા માટે આશ્રમશાળા આશીર્વાદરૂપ બનશે. સાથે સાથે છાત્રાલયની વ્યવસ્થા ઊભી કરવી જેથી વિદ્યાર્થીઓને ચોમાસાની મુશ્કેલીઓથી બચાવી શકાય.

આ વિસ્તારની પ્રાથમિક શાળાઓ બરાબર ચાલતી નથી તેથી અહીં જેમ બને તેમ વધુ આશ્રમશાળાઓ ખોલવી જોઇએ. અથવા તો આઠ દસ ગામ વચ્ચે છાત્રાલય શાળા કરવી જોઇએ.

આરોગ્ય : શિક્ષણની સુવિધાની સાથે સાથે આરોગ્યની સગવડો પણ વધારવી જોઇએ. તાલુકાના વિસ્તાર અને ગામોને ધ્યાનમાં લેતાં જે આરોગ્ય અંગેની સવલતો પ્રાપ્ત થયેલી છે તે ઘણી ઓછી છે. માટે આરોગ્યની વ્યવસ્થા અંગે પ્રાથમિક સારવાર કેન્દ્રોની વ્યવસ્થા ઊભી કરવી જોઇએ. જેથી કેટલાય લોકો રોગના ભોગ બનતા અટકશે અને રોગો સામે રક્ષણ મળશે. આ અંગેની વ્યવસ્થાની સાથે કેન્દ્રના ડોકટરો માટે રહેવાની વ્યવસ્થા પણ ઊભી કરવી જરૂરી છે.

શોષણ : આ વિસ્તારમાં વસતા આદિવાસીઓને વધુમાં વધુ સહકારી મંડળીના સભાસદો બનાવવા જોઇએ અને તેમને તે દ્વારા લાભો લેતા કરવા જોઇએ. તેમજ

જુદા જુદા પ્રકારની સહકારી મંડળીઓ જેવી કે જંગલ ઉદ્યોગ સહકારી મંડળી, વાંસકામદાર મંડળી ઊભી કરી જંગલમાંથી પ્રાપ્ત થતી ચીજો જેવી કે મહુડાનાં ફૂલ અને બી કે જેનું તેલ કાઢવામાં આવે છે અને આ તેલ ખાવા માટે તેમજ સાબુના કારખાનામાં સાબુની બનાવટમાં ઉપયોગ થાય છે. તેથી આ માટે વ્યવસ્થિત રીતે કામગીરી ગોઠવી મંડળીની રચના કરવી જોઇએ. જેથી આદિવાસી ભાઇઓને રોજગારીની તકો વધુ સાંપડશે.

આ વિસ્તારના આદિવાસીઓનું જીવનસ્તર ઊંચું લાવવા માટે ખેતી સિવાયના અન્ય પૂરક ધંધાઓ માટેની શકયતાઓ શોધી કાઢી તે દિશામાં પ્રયત્નો કરવા જોઇએ.

...

કાર્યગોષ્ઠી
૧૧-૧૨ જાન્યુઆરી, ૧૯૮૦

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

# ધરમપુર તાલુકાના વિકાસ કાર્યક્રમ વિચારણા વિષયક કાર્યગોષ્ઠી

( ૨૬-૨૭ ડિસેમ્બર ૧૯૮૦ )

## વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના આદિવાસી વિસ્તારની આરોગ્યની સમસ્યાઓ અને એના ઉપાયો.

ડૉ. નવનીત ફોજદાર
સર્વોદય પરિવાર ટ્રસ્ટ
પીંડવળ. તા. ધરમપુર.
જિ. વલસાડ

( ૧ )

દિવસ ઢળી રહયો છે. સાંજનો વખત છે. સર્વેક્ષણ કરવા અને લોકોને સમજાવવા ઝૂંપડે ઝૂંપડે ફરી રહયા છીએ. ઘાસફૂસનું છાપરૂં અને માટીની દીવાલવાળા ધાકલના ઝૂંપડામાં બરાબર વાંકા વળી દાખલ થયા. એક બાજુ ચૂલો સળગી રહયો છે. ચૂલાની પાસે જીરણ થઇ ગયેલું કપડું ઓઢી કોઇ સૂતું છે. 'કોણ નીજેલ આહે રે ?' ઘંટીનો અવાજ બંધ થયો. વંડી પાડેલ બાજુની ખોલીમાંથી બાઇ આવે છે. 'તી તો ગહલા (નવરો) નીજેલ આહે. દિસ કલ ને જરા એતે. ચ્યાર દિસ જાલા. કામા વર પન નાંહી ગેલા.' ઉધરસ ખાતાં બાઇએ જવાબ આપ્યો. 'તુલા પન ઢાસ જાલી હાય કાય?' 'તી વાંઇ વાંઇ ઢાસ તો રહ જ, ભાઇ. બહુ દિસ જાલા. આલા આતા મસત જાલી. રાતચ્યા તો નીજુન પન નાહી દેતે. ભકત પા દાના હેરવલા. પન સુમાર નોહી આલા.' બાઇના ગળાની માળા સાથે મંતરેલા દાણાની ત્રણ ચાર નાની નાની પોટલીઓ બાંધેલી. ત્યાં તો પાણી ભરીને એની મોટી છોકરી ઘરમાં આવી. એની જીરણશીરણ ફડકી જાલીને અમારાથી ગભરાયેલો એનો ચારેક વર્ષનો ભાઇ રડતાં રડતો આવ્યો. છોકરીના કપાળે કાળા ઊભા લીટા જેવા ત્રણ ચાર ડાઘ હતા. 'હી કાય આહે રે ?' અમારા સવાલનો જવાબ આપતાં બાઇ બોલી. 'દુપાર ભરાય ને હીચા ડોકા ચઢી એતે. આજ આઠખાન દિ જાલા. તી બીબાં લાવેલ આહે.' ચાર વરસના પેલા પરસુના મોટા થઇ ગયેલ પેટ પર ડામનાં ડાઘાં દેખાતા'તા. 'હી પરસુલા પોટ દુખી જાવી તાંહા ડાંભવેલ આહે. કાલ દિ ટોંડા થાટે એક જંત ઓકી ટાકલા. કદિ મદિ પાતળ પન હગે.' બાપને તાવ, માને ઉધરસ, છોકરીને માથાનો દુખાવો અને છોકરાના પેટમાં કરમ. ચૂલા પર એલ્યુમિનિયમની તપેલી હતી. 'આજ એક પેળ કામ કેલા, તી મજુરીચા દોન શેર ભાત દીલા હોતા. ભગુનીમાં ચોખાચા પેજ (રાબ) ઠેવલા આહે! ઓરડીને એક ખૂણે દાણો ભરવાનો નાનો વાંસનો બનાવેલો પાલો હતો. પણ હતો સાવ ખાલી. કારણ એ હતો જૂન મહિનો. હોળી જાય, ઉનાળો આવે અને કેટલાંયે ઝૂ ઝૂંપડાંના આવા પાલા ખાલી જ રહે. ઠેઠ ઓકટોબર મહિના સુધી. વરસના ચાર-છ મહિના કેટલાંયે ગામોમાં અછતની પરિસ્થિતિ પ્રવર્તતી હોય છે. જમીન ઓછી, ડુંગરાળ, ખડકાળ, વરસાદ સો થી સવાસો ઇંચ, પણ હોળી પછી પાણીની તંગી. ખેતી પૂરતું ભરણ પોષણ કરી શકતી નથી. બધા પાસે જમીન પણ નથી, નથી કોઇ બીજો ઉદ્યોગ-ધંધો. બે ટંક ખાવા મળે ત્યારે ય હોય નાગલી કે જુવારનો સૂકો રોટલો અને સૂકી ચટણી. કયારેક હોય ભાત અને કયારેક મળે અડદ કે તુવેરની દાળ. શાક તો કયાંથી હોય ? વાટકો છાશ ન ભાળતા હોય ત્યાં દહીં-દૂધ-ઘીનું નામ શેં લેવાય ?

(અ) એ હતું દેશના સૌથી મોટા ગણાતા, પણ ગુજરાતના સૌથી ગરીબ અને પછાત એવા ધરમપુર તાલુકાનું કોસબાડી ગામ. શું કોસબાડી કે શું કોરવળ, શું પીપરોળ કે શું પીપલપાડા, કપરાડા અને કાષ્ટોનીયા.... ઠેર ઠેર ઝૂંપડે ઝૂંપડે આજ હાલત. ઘરે ઘર પરિવારના સભ્ય સમો બની બેઠેલો આ વિસ્તારનો મહારોગ છે Chronic Malaria ગામેગામ જુદા જુદા ઘરે, જુદા જુદા સ્વરૂપે દેખા દે. (૧) મેલેરિયાના જીરણ તાવથી, સાંજ પડે અને કેટલાયનાં શરીર તપતાં હોય. રાતનું આવું ઘણું એમના જીવનનું એક અંગ બની ગયું છે. અને લીધે હાથ પગ તૂટે, કમર દુખે, માથુ ચઢી આવે. તડકે બેસવાનું કે આગ તાપવાનું મન થાય, પણ એમ ગણકારે તો જીવન કેમ જીવાય ? (૨) ટાઢ વાઇને દાંતી કૂટે એવો તાવ આવે ત્યારે તો બધાં કામ પડતાં મૂકી અને ન છૂટકે સૂવું પડે. ઘરમાં હાલ્લાં ભરી ને ખખડતાં હોય. (૩) સાંજ પડે, ઢોર આવે તે મળસ્કે કૂકડો બોલે ત્યાં સુધી વત્તીઓછી ઉધરસ આ મેલેરિયાની અસરને લીધે ઘણાંને આવે. (૪) પોટ દુખી અને પેટ ચઢી આવવું એ છે આ મેલેરિયાની ચોથી અસર. સાહેબ, પાનકાળા પાસૂન પોટદુખી ઝાલી હાય. કદિમદિ કમી, તો કદિમદિ શમે. પન આના તો હી કાળોખલા લાગલા તાંકાપાસુન મસત. દિસયા તો વાઇ થાઇ, પન રાતચા તો બહુ. પેટના ડાબા ભાગમાં ઉપર અને છાતીની નીચે દુખાવો શરૂ થાય તે વાંસામાં ફૂટી નીકળે અને ઉપર છાતીમાં ચઢે. એને કારણ ખાવિનું બરાબર પચે નહીં. (૫) પેટના આ દુખાવા સાથે રાતે કે મળસ્કે, તાવની અસર વખતે ચાર-પાંચ પાતળાં ઝાડાં થાય. (૬) ક્યારેક આ મેલેરિયાને કારણ કાનમાં સોજો આવી દુખાવો થાય અને વત્તીઓછી બહેરાશ પાછળ મૂકતો જાય. (૭) પાંચ સાત બાળકોના ઉછેરનો એક ધારો ઘસારો, રોજીંદા કામકાજનો ઢસડબોળો, અને આ જીરણ મેલેરિયા, પુરૂષોની સરખામણીએ બહેનો અને બાળકોમાં એનીમીયા-પાંડુરોગનું પ્રમાણ સારું એવું જોવા મળે છે. મોટા ભાગની બહેનોમાં લોહતત્ત્વ-હીમોગ્લોબીનનું પ્રમાણ માંડ ૫૦%થી ૬૦% જેટલું જ જોવા મળે છે. (૮) મેલેરિયાના આ મહારોગને કારણે ક્યારેકક હદય પર થતી અસરથી તો ક્યારેક મગજ પરના સોજાને કારણ નાનાં-મોટાંમાં મરણનું પ્રમાણ પણ ઠીક ઠીક જોવા મળે છે. આ ચાર-પાંચ Symptoms ની Periodicity અને Rhythmicity અને બારેક વરસ દરમિયાન થયેલા સેંકડો દરદીઓ પરથી ઉપસેલી Clinical Impression પરથી લાગે છે કે આ બધા મહદઅંશે પેલા ઘર ઘાલી ગયેલા મેલેરિયાને કારણે છે. સમય અને સાધનને અભાવે ન થઇ શકેલાં Laboratory Investigation નું background નથી. પાંચ-છ મહિના સતત રહેતું ભાર ભેજવાળું વાતાવરણ, પૂરતા હવા-ઉજાસ વગરનાં અંધારિયાં ઘર, મચ્છરનો ઉપદ્રવ ચાલુ જ રાખે છે. અને જીરણ મેલેરિયાનું વિષચક્ર પણ ચાલતું જ રહે છે.

(બ) ઘરઘરમાં વ્યાપક એવો બીજો રોગ છે કૃમિનો. બાર વર્ષથી નીચેના ૭૫ થી ૯૦ ટકા બાળકોના પેટમાં Round Worms અને Thread Worms ના ગૂંચળા વીંટળાઇને પડયાં હોય છે. એને પરિણામે અવારનવાર પેટનો દુખાવો, ક્યારેક અપચો, અજીરણ અને ઝાડા, ક્યારેક ઉલટી, તો ક્યારેક વળી ઉધરસ અને દમ.( Tropical Eosinophilia )કરમીયાના આ ત્રાસથી ભાગ્યે જ કોઇ બાળક બચતું હશે. કાચા કૂવાના ડહોળા અને અહીંતહીંની વીરડી કે ખાબોચીયાનાં ગંદા પાણી એમને ન છૂટકે પીવાં પડે છે. અસ્વચ્છ આદતો અને આવા ગંદા પાણીના

પગલે પગલે, નાનાં મોટાં કરમીયાં, લોહી ચૂસતી કૃમિઓ (Hook Worm ) મરડો અને બીજા રોગનાં જંતુઓ એમના પેટમાં ઘર ઘાલે છે. ખુલ્લા ખેતરમાં કે જંગલમાં જ્યાં ત્યાં ઝાડે ફરવા જવું અને પાંદડાં કે પથ્થરથી સફાઇ કરવી એ એમની દાયકાઓ જૂની ટેવ છે. પાણીનો વપરાશ કોઇક ક્યારેક કરે છે. સ્વચ્છ પાણી પીવાનું એમને કોણ સમજાવે ? કોણ એવી વ્યવસ્થા કરશે ? અને આદત અને સંસ્કારનું જોર કેવું હોય છે એ આપણ ભણેલા-ગણેલા-સુધરેલાં ક્યાં નથી જાણતા ?

જ્યાં ઉનાળામાં પાણી રહેતું હોય ત્યાં પાકા કૂવા, બીજે બધે બોરીંગ અને હેન્ડ પંપો, નાનાં-મોટાં તળાવો અને ચેક-ડેમો...... આ બધાંની સાથે લોકશિક્ષણનો અભિષેક થાય તો એમની વરસો જૂની ટેવ સુધરે અને પાણી દ્વારા ફેલાતા રોગોને નિવારી શકાય.

(ક) રતાંધળાપણું અને આંખના રોગો :

અને આ વાત કહું છું દસેક વર્ષ પહેલાંની. આશ્રમશાળાને ઓટલે અમારો આઉટડોર ચાલતો હતો. સુધરતાં જતાં દરદીઓ ભૂવા ભગત અને દોરા ધાગા પરની અંધશ્રદ્ધાને ઓછી કરતાં જતાં હતાં. માની સાથે ત્રણ છોકરાં છે. અને હા, ચોથું બાળક છે માના પેટમાં. બે આંગળીએ અને એક કાખમાં. છ વરસની છોકરીને ઝાડા થયા છે. ચાર વરસના છોકરાની કરમની દવા લેવી છે. છોકરીને તપાસતાં એની આંખ જોઉં છું અને કાખમાં રહેલ છોકરાની આંખ પર પણ નજર પડે છે. બંનેની આંખમાં કાળી કીકીની પાસે રતાંધળાપણાની ચાડી ખાતાં નાના નાના ધોળા ચળકતા ટપકાં દેખાય છે. ( Belot Spot ) 'બાઇ, કીલા રાતયા દેખાય કાય ?' 'નાંહી બાઇ, દિસ બોવળે, આંધરા પડે અને હી દોગાં અસાં જ બસી રહે. ચાંપત ચાંપત સરકે અને હીંડે. અને માસા પણ તસાં જ આહે.' રતાંધળાપણું એ રોગ છે અને ગોળી લેવાથી સારું થાય એની એમને ખબર નો'તી. હોળીથી ચોમાસા સુધી વ્યાપકપણે જોવા મળતું અને ઋતુચક્રની જેમ ચાલતું આ રતાંધળાપણું પણ પેલા મેલેરિયાની જેમ એમના જીવનનું અંગ બની ગયું છે. હોળી આવે અને ભારેપગી માતાઓ અને કેટલાક પુરૂષો પણ રતાંધરા થઇ જાય. ચોમાસુ આવે ત્યારે ભૂખને લાંબા ભાજીપાલા ખાય, વહેતા ઝરણા કે નદીનાળામાંથી માછલી મળવી લાવે. એમાંથી મળતું વિટામીન -એ એમની આંખને સતેજ કરે. એને નિવારવા ઝૂંપડે ઝૂંપડે ફરી, ફળિયામાં નાનાં-મોટાં સૌને ભેળાં કરી, બાળકો પણ હોંશે હોંશે આવી ખાય એવી વિટામીન-એ ની ગોળીઓ, ત્યાંને ત્યાં ખવડાવવાનું શરૂ કર્યું છે. ખાવટીની મીટીંગમાં લોકશિક્ષણ કરતી વાતોમાં, ઘરઆંગણે પપૈયાનાં ઝાડ કરવાનું એમને સમજાવીએ છીએ. શાક-ભાજી કરવા ખાવાની સમજ પણ આપીએ છીએ. આવા આ વિટામીન-એ ની ઓછપને કારણે આંખની પ્રતિકારશક્તિ પણ ઓછી થાય છે. અને વિશેષ કરીને ઉનાળાના મહિનાઓમાં આંખ આવવાનો રોગ ઘણા ય ગામોમાં વ્યાપકપણે ફેલાય છે. સમયસર દવા ન કરાવવાને કારણે આંખમાં ફૂલાં પડી અંધાપો પણ આવે છે.

(ડ) ચામડીના રોગો-ગુપ્ત રોગો : (Skin and Venereal Diseases)

સ્નાન કરવાની આદત કે સ્વચ્છ રહેવાનો સંસ્કાર ન હોવાને કારણે ચામડીના રોગો પણ સારા પ્રમાણમાં છે. એમાં પ્રથમ નંબરે આવે છે ખસ-ખુજલીનો રોગ. જીણી જીણી ફોડકી અને સાથે આવતી ખંજવાળ એ ખસ-ખરૂજ છે એવી એમને સમજ નથી. ખંજવાળી ખંજવાળીને બધું

પાકી જાય અને મોટાં ગૂમડાં-ચાંદાં થાય એને લોકો પહુંજમાને અને મોડાં મોડાં દવા કરાવવા આવે. ખાસ કરીને ગરમીના દિવસોમાં Epidemic ના સ્વરૂપે, કેટલાય ગામોમાં એ ફેલાતો હોય છે. આવા આ રોગની માત્ર વ્યક્તિગત સારવાર કરવાથી કોઇ અર્થ સરતો નથી. આશ્રમશાળા અને છાત્રાલયો દ્વારા એ સારો એવો ફેલાય છે. આશ્રમશાળા-છાત્રાલય, સમગ્ર કુટુંબ અને આખાયે ગામની સામુહિક સારવાર એ સાચી દિશાનો ઇલાજ છે. પાણીની વ્યવસ્થા અને લોકશિક્ષણની સતત પ્રક્રિયા દ્વારા સ્વચ્છતાનો સંસ્કાર ગામે ગામ અને ઘરે ઘર નહીં પહોંચે ત્યાં સુધી આવા પહાડી આદિવાસી વિસ્તારમાંથી આ રોગને જડમૂળથી કાઢવો અઘરો છે. વિટામીન-એ ની ઓછપ, કુષ્ટરોગનું Predisposition અસર બહેનો અને યુવાનોમાં દાદર અને દરાજનો રોગ ઠીક ઠીક પ્રમાણમાં છે. ફાટે અને ગંદાં કપડાં પહેરવાને કારણે ગડ-ગૂમડાં અને ચાંદાં પણ સારાં એવાં થાય છે. -સવિશેષ બાળકોમાં.

તાલુકાનાં અમુક ગામોની પટ્ટીમાં મુકત સહવાસ અને મુકત જાતીય સહચારને કારણે યુવાન સ્ત્રી-પુરૂષોમાં સીફીલીસ અને ગોનોરીયા જેવા ગુપ્ત રોગોનો ફેલાવો પણ ઠીક ઠીક થતો હોય છે.

(ઇ) કુષ્ઠરોગ : LEPROSY અને ટી બી :

આ છે પેલા કોસવાડી ગામની મહારી. બે જોડિયા બાળકોની મા. એના હાથ-પગની આંગળીઓનાં ટેરવાં ખવાઇ ગયાં છે. પગે અવાર નવાર ચાંદાં પડે છે. હાથ-પગની નસોમાં ઝણઝણાટી (જીમુર) આવે છે, અને કયારેક એમાં સખત દુખાવો થઇ જડ પડી જાય છે. કયારેક એના સાંધા પર સોજો આવે છે. કોણીથી નીચેનો હાથ અને ઘૂંટણ નીચેનો પગ બંનેમાંથી સંવેદનાઓ જતી રહી છે. કુષ્ઠરોગના પંજામાં ઝડપાણા પછી એના વર એને છોડી દીધી છે. બુઢ્ઢી માની સાથે ગામને છેવાડે ઝૂંપડું બનાવી રહે છે. અહીંતહીં પરચૂરણ મજૂરી કરી માંડ માંડ પેટીયું રળે છે. લોકોનો સહકાર મેળવી ગામેગામનો, ઝીણવટથી વૈજ્ઞાનિક સર્વે કરવામાં આવે તો ધારવા કરતાં ઘણું વધારે પ્રમાણ આ રોગનું જોવા મળે. કોઇ ચાંદું તો કોઇ ન રૂઝાતુ ચાંદુ લઇને આવશે, તો કોઇ પેલી જીમુર સાથે હાથપગ જડ અને જૂઠાં પડી ગયાની ફરિયાદ લઇને આવે છે. જે પ્રજા બે-પાંચ દિવસની દવા-ગોળી માંડ માંડ લેતી થઇ છે, એને આવા રોગ માટે બે-પાંચ વરસ સુધી નિયમિત દવા લેતી કરવી એ અઘરું લોકશિક્ષણ અને ભગીરથ પુરૂષાર્થ માંગી લે એવું કામ છે.

(ઉ) સાપ-વીંછીના ઝેર અને ઇજાઓ :

પથ્થર અને પાવડાં, તીકમ અને દાતરડાં, કુહાડી અને કાંટા.... જંગલના આ શ્રમજીવીઓ આવી ઇજાઓ લઇને વાર વાર આવે છે. ગામઠી પધ્ધતિથી ઘર ઘર રુઝાવટ થાય છે પણ ધનુરનો રોગ કવચિત જ જોવા મળે છે.

સાપ અને વીંછી કરડવાના બનાવો ઘણા બને છે. કેટલાક અતિ ઝેરી સાપોને કારણે માણસ થોડી જ વારમાં મરણશરણ થાય છે. ખેડા જિલ્લાના એક સેવાભાવી ભાઇ આફ્રિકાથી કાળા પથ્થરના ટુકડા મંગાવે છે. આવા ઝેરી જાનવર કરડયા પછી, કાળા પથ્થર દ્વારા ઝેરવાળુ લોહી ચૂસી લેવાનો ઉપચાર બને એટલો વહેલો કરવામાં આવે છે, તો શરીર પર થતી ઝેરી અસરને નિવારીને માણસને મરતો બચાવી શકાય છે. Morbidity અને Mortality ઘટાડી શકાય છે. એવો અનુભવ આ કાળો પથ્થર વાપરતાં થયો છે.

(ખ) બીજા પરચૂરણ રોગો :

પ્રદર જેવા સ્ત્રીઓના રોગો અને સુવાવડની મુશ્કેલીઓ બહેનો એમની ગામઠી ઢબે જ ઉકેલે છે. તાલિમ પામેલી નર્સો કે મીડવાઈફ જ્યાં ઉપલબ્ધ છે ત્યાં પણ એમનો ઉપયોગ ક્વચિત જ થતો હોય છે.

શીતળા તો લગભગ નાબૂદ થયો છે એમ કહી શકાય. પણ ઓરી-અછબડા, ગાલપચોળા અને મોટી ઉધરસ જેવા વિષાણુ રોગોના વાયરા અવારનવાર કેટલાયે ગામોમાં ફેલાય છે.

વારતહેવાર લગ્નમરણ જેવા પ્રસંગે અને બાધા માનતા ઉતારતી વખતે દેશી દારૂનો ઉપયોગ થાય છે. બાકી કાયમની દારૂની લતવાળા માણસો બહુ ઓછા જોવા મળે છે. વિટામીન-એ ની ઓછપ અને શરીરની ઓછી પ્રતિકારશક્તિને કારણે કાન પાકવાના-ફૂટવાના અને એને લીધે બહેરાશ આવવાના પ્રસંગો-દરદીઓ પણ અવારનવાર આવે છે.

સારવાર અને નિવારણ : વિશ્લેષણ અને વિચાર વિનિમય :

Chronic Malaria અને Worms, Night blindness અને Eye diseases Leprosy and skin diseases .......ધરમપુર તાલુકાની આરોગ્યની સમસ્યાઓનું વિહંગાવલોકન કર્યું.. સાથે સાથે એના સારવાર-નિવારણની થોડીક જરૂરી વાતો કરી. એના ઉપાયોના આમૂલ વિચાર કરતી વખતે સહુ પ્રથમ આપણે આ પ્રદેશની કેટલીક વાસ્તવિકતાઓનો ખ્યાલ રાખવો પડશે. (૧) વિસ્તાર અને વસ્તીની દ્રષ્ટિએ દેશનો સહુથી મોટો તાલુકો (૨) ડુંગરાળ અને જંગલ વિસ્તારના પોણાબસો જેટલાં ગામોની વેરવિખેર વસ્તી. (૩) પરંપરાગત-રૂઢિચુસ્ત-જડ અને પછાત આદિવાસી માનસ (૪) વાહન વહેવાર અને જનસંપર્કના ટાંચા સાધન-સગવડ (૫) સમાજ અને સરકાર દ્વારા આજ સુધી થયેલી ઘોર ઉપેક્ષા (૬) શહેરોમાં ઉછરેલા અને શહેરોમાં ભણેલા ડોકટરોની દુર્લભતા.

આવી આખી સમગ્રતાને લક્ષમાં લઈશું તો સમજાશે કે રોગોના નિવારણ અને સારવાર માટે માત્ર ચાર દીવાલોમાં બંધાયેલાં દવાખાનાં કે હોસ્પિટલો કામમાં આવશે નહીં. આજ સુધી ઉવેખાયેલી અને અવહેલના પામેલી આ પ્રજાના આરોગ્યની યોજના બનાવવામાં એક નવા દ્રષ્ટિકોણ અને નવેસરથી વિચારણાની જરૂર છે. આપણા દેશના વિશાળ ગ્રામીણ વિસ્તાર માટે, આવા આદિવાસી વિસ્તારો માટે તો સવિશેષ. શું ખેતી કે શું આરોગ્ય કે શિક્ષણ....ક્ષેત્રીય સ્થાનિક સમસ્યાઓના ઉકેલ માટે, ગામેગામ થોડુંઘણું ભણેલા સ્થાનિક યુવાન કાર્યકરોને, શિબિરો અને તાલીમવર્ગો દ્વારા તૈયાર કરીને Front-Line Workers બનાવવા પડશે. ચીનના ઉઘાડપગા ડોકટરોની જેમ, થોડું ભણેલા પણ પોતાની પ્રજા માટે કંઈક કરી છૂટવાની ધગશ અને તમન્નાવાળા સ્થાનિક યુવાનોને જરૂરી પ્રાથમિક તાલીમ અને ઉપયોગી દવાઓ આપીને દૂર દૂર ઝૂંપડાઓમાં વસતા બહુજન આદિવાસી સમાજ સુધી પહોંચતા કરવા પડશે. બાકી માંદી માંદી આ ગરીબ પ્રજા ચાલીચાલીને દવાખાને કેવી રીતે પહોંચશે ? અને પહોંચશે તો એને ડોકટર અને દવા-બંને બરાબર મળી રહેશે કે કેમ એ સવાલોનો સવાલ છે. સરકારી દવાખાના અને આરોગ્ય કેન્દ્રોમાં કાં તો ડોકટર નથી કાં જરૂરી પૂરતી દવાઓ નથી, કાં તો એ બંનેનો અભાવ છે. લોકોના કરવેરાઓ દ્વારા એકઠા થયેલા હજારો રૂપિયા એમના પગાર અને Maintenance માટે, બેફામ ખરચાય છે-

લોકોને કશું પણ વળતર આપ્યા વિના. અમારા સર્વોદય પરિવાર ટ્રસ્ટે આવા બારેક સ્થાનિક યુવાનોને તૈયાર કરી, દૂર-દૂરના પચાસેક ગામોની વસ્તીને આવરી લઇ, એક સફળ પ્રયોગ કર્યો છે-કરી રહ્યું છે. ભૌગોલિક પરિસ્થિતિને લક્ષમાં લઇ સરકારી દવાખાના અને એમના પેટા કેન્દ્રોની ગોઠવણ થતી જોઇએ. બેલ્જીયમના ડેમીયોન ફાઉન્ડેશને, સરકારના સહકાર અને સહાયથી, દસ-બાર ગામોનું એક એવા પચીસેક ઘટકો બનાવી, તાલુકાના લગભગ બધાં જ ગામોને આવરી લેતી અને મુખ્યત્વે ક્ષય અને કુષ્ઠરોગને લક્ષમાં લેતી, એક પંચવર્ષીય યોજના બનાવી છે. ધરમપુરમાં એક સ્થિર ઘટક અને દર મહિને પેટા ઘટકને એક વખત આવરી લેતું ફરતું દવાખાનું Mobile Unit - આ યોજના અન્વયે કામ કરતું થશે. Community Health through Development community માટે ગયા વરસે ફીલીપાઇન્સનો મેગેસેસ એવોર્ડ મેળવનાર ડોકટર અરોલ દંપતીએ મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લામાં જામખેડ પ્રોજેક્ટ દ્વારા આસપાસના પોણો સો એક ગામોને આવરી લેતી વિવિધલક્ષી યોજના બનાવી છે. પ્રાથમિક આરોગ્ય સેવા-પોષક આહાર યોજના-પાણીની વ્યવસ્થા માટે ટ્યુબવેલ અને કૂવા - ખેતી સુધારણા અને કામ માટે અનાજ આપતી રોજીરોટીની વ્યવસ્થા.....સ્થાનિક યુવાનો અને લગભગ નિરક્ષર એવી પ્રૌઢ મહિલાઓને સાક્ષર કરી, તાલીમ આપી આ બધાં વિવિધ કામો છેલ્લા સાતેક વર્ષથી ચલાવાય છે. દેશના બીજા કેટલાક ગ્રામીણ વિસ્તારોમાં ચાલતી યોજનાઓ આવા જ સ્થાનિક કાર્યકરોને તૈયાર કરીને ચલાવાય છે, આવા Front Line Workers, ગામેગામ સાથેના Communication અને Link માટે સારાં માધ્યમ બનતાં હોય છે.

લોક શિક્ષણ :

Curative treatment દ્વારા લોકોનો વિશ્વાસ સંપાદન કરવાનું કામ એ કોઇપણ આરોગ્ય યોજનાનું પ્રથમ ચરણ હોય છે. સ્થાનિક સમસ્યાઓની સમજણ અને ઉકેલ માટે બીજે પગલે લોકશિક્ષણની પ્રક્રિયા સતત ચાલવી જોઇએ. જ્યાં આંગળીને વેઢે ગણાય એટલા જ માણસોને વાંચતા-લખતા આવડે છે એવા આ વિસ્તારમાં લોકશિક્ષણનું કામ જુદી ઢબે થવું જોઇએ:

(૧) દરદીઓ સાથે વ્યક્તિગત અને સામુહિક રીતે આમનેસામને વાતો દ્વારા

(૨) જુદા જુદા કામના સ્થળોએ નાની-મોટી મીટીંગો દ્વારા

(૩) તાલુકામાં જુદા જુદા વારે, જુદે જુદે સ્થળે અઠવાડિક બજારો-હાટવાડા ભરાતા હોય છે. આ હાટવાડાઓમાં નાનાં-મોટાં પ્રદર્શનો અને ફીલ્મ્સ બતાવીને.

(૪) Mobile Generator cum Projecter યુનિટ દ્વારા નાની-મોટી ફીલ્મ્સ અને સ્લાઇડ-શો દ્વારા. સીનેમા બતાવતા પહેલાં નાની મીટીંગો યોજી શકાય.

(૫) તાલુકામાં ચાલતી બાલવાડીઓ અને પોષક-આહાર યોજનાઓ દ્વારા સ્વચ્છતાની સમજણ અને સંસ્કાર આપવાનો આગ્રહ રાખવામાં આવે તો રોગોના નિવારણ માટે ઉપયોગી કામ કરી શકાય.

(૬) આ વિસ્તારમાં પ્રાથમિક શાળાઓ તો લગભગ ચાલતી જ નથી, પણ આશ્રમશાળાના વિદ્યાર્થીઓમાં સ્થાનિક બિમારીઓની સમજણ અને નિવારણનું શિક્ષણ આપી શકાય.

પાણીની વ્યવસ્થા :

પાકા કૂવા અને બોરીંગ-હેન્ડ પમ્પ દ્વારા પીવાના પાણીનો વિકલ્પ ગામે ગામ ઊભો કરવો જોઈએ. સરકારી તંત્રની મર્યાદાઓ સમજીને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આ કામ વ્યાપક સ્વરૂપે ઉપાડવું જોઈએ. સ્થાનિક લોકોના શ્રમદાનનો આગ્રહ રાખવો જોઈએ, શહેરના સંપન્ન માણસોના સંપત્તિ અને સાધન દાન અને ટેકનીકલ મિત્રોના સ્વૈચ્છિક સમયદાન દ્વારા આ કામ સારી રીતે કરી શકાય એમ છે.

રોજીરોટીની વ્યવસ્થા :

સ્વસ્થ શરીર માટે નિયમિત સારા આહારની જરૂર સૌ પ્રથમ છે. બહુજનસમાજની Priority રોટલો છે. માંદગી અને દવાની ચિંતા એને મન ગૌણ છે. રોજીરોટીની વ્યવસ્થા બને એટલાં સ્થાનિક કામો ઊભાં કરીને કરવી જોઈએ. વનવિભાગ અને વન નિગમ આ દિશામાં બહુ મોટું કામ નિયમિત રૂપે કરી શકે એમ છે. સ્વૈચ્છિક સંસ્થાઓ અને શહેરી વિસ્તારના નાનાં-મોટાં ઔદ્યોગિક ગૃહો પણ ગ્રામવિકાસની યોજના બનાવી આ ક્ષેત્રે ઘણું કામ કરી શકે એમ છે. દુઃખ સાથે એક વાત કહેવી પડે છે કે આ તાલુકામાં કોઈપણ ક્ષેત્રે સરકારી તંત્ર દ્વારા આ ગરીબ પ્રજાને ઉપયોગી કામો થઈ શકશે એવી આશા કે શ્રદ્ધા આજ સુધીના અનુભવથી જન્મતી નથી. આવા પછાત, ગરીબ, ઉવેખાયેલા આદિવાસી વિસ્તાર માટે ભાવના, નિષ્ઠા, ધીરજ અને સાતત્ય ભરેલા પ્રયત્ન અને પુરૂષાર્થની આવશ્યકતા છે.

. . .

ધરમ

પ્રાસ્તાવિક

ધરમ

રહેવાનું

પહાડો

જોઇને અ

ભેલવો પ

પાણી,

પહાડો

કપાઇ

હોય છે

પડે છે.

રહેઠાણ

ચોમાસા

ઉપયો

પશુઓ

તથા ટ

જીવનમ

બનાવે

કલાકૃતિ

ચામડા

દવા ત

બી

વૃક્ષો

આ તિ

દરમ્યાન

જો ડો

નિર્જીવ

---

૧ કે.

# ધરમપુર તાલુકામાં જંગલ સંપત્તિ અને આદિવાસીઓનો વિકાસ

- ડૉ. (શ્રીમતી) દીપ્તી ભટનાગર
અનુવાદ : સાયમન મેકવાન

## પ્રાસ્તાવિક :

ધરમપુરનાં જંગલો એકબીજાથી તદ્દન ભિન્ન એવું વિરોધાભાષી ચિત્ર ખડું કરે છે. જ્યાં વારંવાર રહેવાનું ગમે એવા કુદરતી વાતાવરણની સાથે જ આદિવાસીઓની વિષમ ગરીબાઇ નજરે પડે છે. પહાડો ઉપર સાગના જંગલોનું અતુટ દૃશ્ય તેમજ આદિવાસીઓના નાના નાના ઝૂંપડાઓની હરોળ જોઇને આશ્ચર્યચકિત થઇ જવાય છે. તેમજ આ ઝૂંપડાઓમાં વસતા લોકોને ગરીબાઇ સામે સંઘર્ષ ખેલવો પડે છે એ ખરેખર હૃદયદ્રાવક છે. તેઓને જીવનની જરૂરિયાતો જેવી કે ખોરાક, પીવાનું પાણી, કપડાં અને રહેઠાણ મેળવવા માટે ભારે સંઘર્ષ કરવો પડે છે. આ વિસ્તારમાં ઢોળાવોવાળા પહાડો હોવાને કારણે ઊંડાણમાં આવેલા ગામો ચોમાસાની ઋતુમાં સંપૂર્ણપણે બહારના વિશ્વથી કપાઇ જાય છે, અને આમે ય તેમને બહારની દુનિયા સાથે માત્ર આછોપાતળો વ્યવહાર રહેતો હોય છે. તેથી જ આ આદિવાસીઓને તેમની તમામ જરૂરિયાતો સંતોષવા માટે જંગલોમાં ભટકવું પડે છે. તેઓ જંગલની જમીનમાં નીચલી કક્ષાની ગણાતી નાગલીની ખેતી કરે છે. તેઓ તેમનાં રહેઠાણો બાંધવા માટે વૃક્ષો કાપે છે, અને નાનાં ડાળખાંઓનો બળતણ માટે ઉપયોગ કરે છે. ચો ચોમાસાની ઋતુ પહેલાંના મહિનાઓ દરમ્યાન તેઓ આલો અને કરમદાં જેવા ફળોનો ખોરાકમાં ઉપયોગ કરે છે. આ ફળ આસપાસનાં જંગલોમાં પુષ્કળ પ્રમાણમાં મળી રહે છે. તેમનાં દૂધાળાં પશુઓ જંગલોમાં ચરે છે. તેઓ વાંસનાં પાંદડાં અને વાંસની પટ્ટીઓમાંથી સુવા માટેની સાદડી તથા ટોપલા-ટોપલી બનાવે છે. જંગલોની ગૌણ પેદાશનો તેમના આર્થિક-સામાજિક અને સાંસ્કૃતિક જીવનમાં મહત્વનો ફાળો હોય છે. જંગલોમાંથી એકઠાં કરેલાં તેલીબીયાંમાંથી તેઓ ખાદ્યતેલ પણ બનાવે છે. તેઓ સ્થાનિક કક્ષાએ મળતાં પાનાંની ઘેર બનાવેલી બીડીનો ઉપયોગ કરે છે. તેઓ કલાકૃતિનો વારસો જંગલમાંથી મેળવે છે. આદિવાસીઓ તેમનાં વાજિંત્રો લાકડાં અને પ્રાણીઓના ચામડામાંથી બનાવે છે. જે પણ જંગલમાંથી મળી રહે છે. અને કોઇપણ પ્રકારના રોગની સામે દવા તરીકે જંગલો વૃક્ષોના મૂળનો પૂરવઠો પૂરો પાડે છે.

બીજા શબ્દોમાં કહીએ તો આદિવાસીઓનું સમગ્ર અસ્તિત્વ જંગલોની આસપાસ વીંટળાયેલું છે. વૃક્ષો તેમના જીવનમાંથી અલગ ન કરી શકાય એવો ભાગ છે. અને વૃક્ષો તરફની તેમની ભક્તિ આ વિસ્તારમાં વસતા વારલી લોકોના રિવાજોમાં પ્રતિબિંબ થાય છે. જે મુજબ, લગ્નના સમય દરમ્યાન વરરાજા સાદડી અથવા તો કોથળા ઉપર બેસી શકે નહીં. 'સાદડી અને લાકડાનો જોડો બંને એ બંને જીવવાળા વૃક્ષોમાંથી બનાવેલી છે. પરંતુ કોથળો એ વારલીઓની દ્રષ્ટિએ નિર્જીવ વસ્તુ છે.'[1]

---

૧ કે. જે. સાવે વારલીઓ (મુંબઇ, પદ્મા પ્રકાશન, ૧૯૪૫) પાન-૯૨

આમ આવું ભ્રમ વલણ હોવા છતાં પણ આદિવાસીઓને તેમની પાયાની જરૂરિયાતો સંતોષવી પડે છે. તેથી વૃક્ષો કાપી નાંખવામાં આવે છે. પરિણામે જંગલો નાશ પામે છે.

આમ, ઝડપથી નાશ પામતાં જંગલોનો પ્રશ્ન અલબત્ત આદિવાસીઓની ગરીબાઇનો પ્રશ્ન છે. જંગલોના નાશની પ્રક્રિયા વધતી વસતિના દબાણથી વધુ ઝડપી બને છે. તેમજ ફરતી ખેતીની પદ્ધતિ દ્વારા તેને વધારે પડતું મહત્વ આપવામાં આવે છે. દર બે કે ત્રણ વર્ષે આદિવાસી કુટુંબો મોટા ભાગે સપાટ ભાગ હોય એવી જંગલની જમીનનો ભાગ પસંદ કરીને ત્યાંનાં વૃક્ષો કાપી બાળીને તે જમીન ચોખી કરે છે. અને તે રાખોડીવાળી જમીનમાં નાગલી ઉગાડે છે. અને વૃક્ષોના નાના છોડ બીજી જમીનના ભાગમાં રોપવામાં આવે છે. ફરતી ખેતી પદ્ધતિના પરિણામે આ વિસ્તારના ખાસ કરીને ધરમપુરના જંગલોમાં દેખાવ જમીનના બળી ગયેલા અનેક ટૂકડા રૂપે ઘણો જ બિભત્સ દેખાય છે. જો જંગલો જાળવી રાખવાનાં તાત્કાલિક પગલાં ન ભરવામાં આવે અને હાલની પ્રક્રિયાને તેની વિરુદ્ધ દિશા તરફ વાળવામાં ન આવે તો જંગલો ટૂંકા ગાળામાં જ અદૃશ્ય થઇ શકે.

## પ્રશ્નનું પરિમાણ :

જંગલોના થતા નાશની પ્રક્રિયાને થંભાવી દેવાની તાત્કાલિક જરૂરિયાત છે. આ પ્રક્રિયા જુદા જુદા પરંતુ એકબીજા સાથે સંકળાયેલા એવા ત્રણ સ્તરે કામ કરે છે. જે દ્વારા આદિવાસીઓ તેમની મૂળભૂત ત્રણ જરૂરિયાતોને સંતોષે છે. આ સ્તરો અને જરૂરિયાતો નીચે મુજબ છે :

| | | |
|---|---|---|
| પ્રવૃત્તિ | ૧. | ગેરકાયદેસર ખેતી |
| | ૨. | ગેરકાયદેસર વૃક્ષછેદન |
| | ૩. | વૃક્ષોના ભાગોનું છેદન |
| ઉત્પન્ન | ૧. | નાગલી / જાડું ધાન્ય |
| | ૨. | ઝૂંપડું બાંધવા માટે લાકડું |
| | ૩. | બળતણ |
| જરૂરિયાત | ૧. | ખોરાક |
| | ૨. | રહેઠાણ |
| | ૩. | બળતણ |

આદિવાસીઓની ખોરાક, રહેઠાણ અને બળતણની જરૂરિયાતો સંતોષવા આકર્ષક માર્ગ સૂઝાડવામાં આવે તો જ આ નુકશાનકારક પ્રવૃત્તિઓને અસરકારક રીતે અટકાવી શકાય. આદિવાસીઓને જંગલોમાંથી બહાર લાવવાનો પ્રશ્ન તેમને અનિવાર્ય પણે બદલામાં રોજગારીની તકો ઊભી કરવાના પ્રશ્ન સાથે સંકળાયેલો છે. પુનર્વસવાટની આ પ્રક્રિયા આદિવાસીઓની કાર્યપદ્ધતિ અને જીવનચક્રમાં અસરકારક ફેરફાર કરે છે. જો આ ફેરફારોને અવ્યવસ્થિત અને ઝડપી કરવામાં આવે તો એ મરામત ન કરી શકાય એવી સામાજિક અવ્યવસ્થા ઊભી કરશે. અથવા આદિવાસી સમાજ અને સંપૂર્ણપણે નકારી કાઢશે. તેથી જુદી જુદી રોજગારીની યોજનાઓની પડનારી સંભવિત અસર આદિવાસીઓ ઉમળકાભેર સ્વીકારી લે એવી યોજનાઓની પસંદગી અને સૌથી અગત્યનું ક્રમે ક્રમે યોજનાઓનું ધીરજપૂર્વક અમલીકરણ વગેરે જેવા પ્રશ્નોનું ધ્યાનપૂર્વક મૂલ્યાંકન માગી લે છે. જેથી લાભ

મેળવનારાઓ કોઇ એક ખાસ ભાગ સાથે અનુકુલન સાધે અને તે બીજા ભાગ તરફ વળી જાય એ પહેલાં તે ભાગના લાભો સમજી લે અને તેમાં તન્મય થઇ જાય.

આર્થિક-કોણ સિવાય, પ્રશ્નને બીજા પણ પરિમાણો છે. આ બધામાં આદિવાસીઓનો જમીન સાથેનો ઘનિષ્ઠ સંબંધ એ સૌથી વધુ ગુંચવાડાભર્યું છે. વર્ષો સુધી જે જમીનમાં તેઓ ગેરકાયદેસર રીતે ખેતી કરતા હતા તે જમીનની માલિકીને માન્ય કરવામાં આવી છે. તેથી હવે તેઓ તે જમીનના માલિકો બન્યા છે. જો કે, થોડા એવા પણ આદિવાસીઓ છે જેમને આ જમીનની માલિકીની માન્યતા આપવાની યોજનાના લાભથી વંચિત રહી ગયા છે: તેમને માટે જંગલની જમીનના અન્ય ભાગમાં ફરતી ખેતી ચાલુ રાખવી એ જ માત્ર એમની મિલકત છે. અને ધૂંધળા ભવિષ્યની એ જ માત્ર આશા છે. પરિણામે તેઓ જંગલવૃધ્ધિની યોજનાઓને તેમના જીવનના અસ્તિત્વ સામેના પડકાર તરીકે જુએ છે અને સમજે છે. જમીનની માલિકી એ માનવીની પાયાની જરૂરિયાતમાંની બે જરૂરિયાતો નિર્વાહ અને ભવિષ્યની સલામતીને સંતોષે છે. અભણ અને ગરીબ આદિવાસી માટે જમીન હોવી એ જ માત્ર સલામતી છે અને ખાસ ભારપૂર્વક તો તેનાં સરખી જ રીતે કંગાળ બાળકો માટે. તેથી જ કઠોરતાપૂર્વક દૃઢતાથી જમીનના ટૂકડાને વળગી રહે છે. અને જમીન પ્રત્યેની ઊંડી લાગણીના પરિણામો સ્પષ્ટ છે. કોઇપણ રોજગારની યોજના જેમાં તેને નીમ્ન-કક્ષાના સરકારી ખાતાની દયા ઉપર મજૂરી કરવાની હોય તો આદિવાસીઓ તેનો કદીપણ સ્વીકાર નહીં કરે. પુનર્વસવાટની યોજના ફળીભૂત કરવા માટે યોજના માત્ર આર્થિક લાભ આપે એવી આકર્ષિત નહીં પરંતુ તેમાં આદિવાસી અને તેના કુટુંબના ભવિષ્યની સલામતી લક્ષતી હોવી જોઇએ.

## પૂનર્વસવાટ યોજનાના હેતુઓ :

ઉપર પ્રમાણેની ચર્ચાના સંદર્ભમાં આદિવાસીઓને તેમની હાલની જીવન પધ્ધતિમાંથી છોડાવી પુનર્વસવાટ કરવાની સૂચિત યોજના નીચે પ્રમાણેના હેતુઓ સિધ્ધ કરતી હોવી જોઇએ.

(૧) યોજનામાં આદિવાસીઓને બદલામાં રોજગાર અથવા આવક મળવવાની તક આપવી જે તેમની પાયાની જરૂરિયાતો પૂરતા પ્રમાણમાં પૂરી પાડી શકે એ પ્રમાણેની આવક આપતી હોવી જોઇએ.

(૨) યોજનાના અમલથી તેમના સામાજિક જીવનમાં ઓછામાં ઓછી સામાજિક અવ્યવસ્થા ફેલાવી જોઇએ. આદિવાસી સામાજિક જીવનના ઢાંચાની હકીકતો જેવી કે તેમના કુટુંબ અને મિત્રો સાથેના સંબંધો, તેમની રહેણીકરણી, અથવા તો જીવન પધ્ધતિ, ગ્રામ્ય વ્યવસ્થામાં તેમનું સ્થાન અને તેમની તે પ્રત્યેની ફરજો, અને તેમની સમગ્ર સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વગેરેનો આમાં સમાવેશ થાય છે. આ પ્રમાણ ચાલી શકે એ માટે તેમને ગામ સ્તરે કામ મળી શકે એ હોવું જરૂરી છે.

(૩) યોજનાને પોતાના માળખામાં રહીને આદિવાસીઓના ભવિષ્યની સલામતીની લાગણીને માન આપવું જોઇએ તેમજ આ લાગણી સંતોષવા માટે પ્રયત્ન થવો જોઇએ. હાલમાં તેમના જમીન સાથેના ઘનિષ્ઠ સંબંધ દ્વારા આ જરૂરિયાત સંતોષાતી હોવાથી ઓછામાં ઓછુ શરૂઆતના ગાળામાં તો આ જરૂરિયાત માટે નિરાશા જ આવે એ માટે ગણત્રીપૂર્વકના પ્રયત્નો થવા જોઇએ. એ જ પ્રમાણે આદિવાસીઓના જંગલો સાથેના સુમેળમાં પણ

ભારે ફેરફાર થવો ન જોઈએ.

(૪) યોજનામાં રોજગાર અને સામાજિક ન્યાય પરસ્પર સુસંયોજિત હોવા જોઈએ. સૌથી વધુ ગરીબ ગામોના સૌથી વધુ ગરીબ આદિવાસીઓને સૌથી વધુ લાભ મળવો જોઈએ.

ભૌતિક અને માનવીય અવરોધો :

આ વિસ્તારમાં પુનર્વસવાટની કોઈપણ યોજનાને ગંભીર ભૌતિક અને માનવીય અવરોધો વચ્ચે કામ કરવું પડે છે. કેટલાક અવરોધો નીચે પ્રમાણે છે :

(૧) ધરમપુર અને વાંસદા તાલુકાના પહાડી પ્રદેશમાં ખાડાટેકરાવાળા અને મુશ્કેલ વિસ્તારને લીધે ઊંડાણના વિસ્તારોમાં ગામો છૂટાછવાયાં હોય છે.

(૨) ઉપર મુજબના કારણે માર્ગ-વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર જેવી માળખાકીય સગવડો તદ્દન અપૂરતા પ્રમાણમાં છે.

(૩) આદિવાસીઓમાં નિરક્ષરતાનું ભારે પ્રમાણ અને આર્થિક-પ્રવૃત્તિઓની કૌશલ્યતા વિષયક ખામી.

(૪) આદિવાસીઓમાં નબળું આરોગ્ય અને પોષણનું નીચું સ્તર.

ઉપરના અવરોધોનું અવલોકન કરતાં એવું દેખાય છે કે, પર્યાવરણ અને માનવીય એમ બંને પ્રકારના અવરોધો આ વિસ્તારમાં કોઈપણ વિશાળ પાયાની રોજગારીની યોજનાની શરૂઆતમાં અવરોધરૂપ બન્યા છે. જો કે પરિસ્થિતિ એટલી બધી નિરાશાજનક નથી. આદિવાસીઓની જંગલ આધારિત પ્રવૃત્તિઓની પસંદગીના વિસ્મયજનક પગલાંને ફળદાયી બનાવવું જોઈએ. તેઓના ઘણા લાંબા સમયથી જંગલો સાથેનો સુમેળ રહ્યો છે તેમજ તેમના બાળપણથી જ સ્વતંત્ર રીતે જંગલમાંની વિવિધ પ્રવૃત્તિઓમાં મદદ કરવા માટે કેળવાયેલા છે. તેથી તેમને જંગલ આધારિત પ્રવૃત્તિઓ માટેની પસંદગી વારસામાં મળી છે.

ચ વધુમાં અવરોધો પણ ના પહોંચી વળાય એવા નથી. દા.ત. જરૂરિયાત તેમજ સૂચિત રોજગારી કેન્દ્રના સ્થળ પ્રમાણે કાચા અને પાકા માર્ગોની જાળ વિસ્તારી શકાય. એ જ પ્રમાણે આદિવાસીઓમાં નિરક્ષરતા અને કૌશલ્યતાની ખામી તેમજ તેમના નબળા આરોગ્યના પ્રશ્નને શિક્ષણ અને આરોગ્ય ખાતા દ્વારા દૃઢતાપૂર્વકના પ્રયત્નોથી નિવારી શકાય. આદિવાસીઓનું નબળું આરોગ્ય એ તેમને મળતું અપૂરતું પોષણ, અયોગ્ય આહાર તેમજ વારંવાર આવતા દુકાળનું પરિણામ છે. એવી આશા રાખવામાં આવે છે કે તેઓ એકવાર સ્થિર આવક મેળવતા થાય તો તેઓ જે ખોરાક લે છે તેની ગુણવત્તા અને પ્રમાણમાં સુધારો થઈ શકે.

એક મુદ્દા પર ભાર મૂકવો જોઈએ કે ગમે ત્યાં કોઈપણ પુનર્વસવાટની યોજના હોય ત્યાં પરિસ્થિતિના અવરોધો તો રહેવાના તેથી તેના અવકાશ અને કાર્યને અવરોધોને કારણે મર્યાદામાં રાખવાની જરૂર નથી. અથવા તો યોજના એ પ્રમાણે ઘડવી જેમાં રોજગારી આપ્યા સિવાય આદિવાસીઓના વ્યવહાર, આરોગ્ય અને શિક્ષણ જેવા પ્રશ્નો ઉપર મર્યાદિત પ્રમાણમાં અસર થાય. આ બાબત જુદાં જુદાં સરકારી ખાતાઓ જેવાં કે જાહેર બાંધકામ, ખેતીવાડી, આરોગ્ય અને શિક્ષણ ખાતાઓ વચ્ચે સંયોજનના પ્રશ્ન વિચાર માગી લે છે.

## પુનર્વસવાટની યોજનાના સ્વીકારને અસર કરતાં પરિબળો :

જંગલ વિસ્તરણ અને આદિવાસી પુનર્વસવાટની યોજનાના ઉદ્ભવમાં નીચે જણાવ્યા પ્રમાણેની બાબતોના આધારે થવો જોઇએ.

(૧) માત્ર મજૂરી આધારિત રોજગારીની યોજના આદિવાસીઓને મજૂરોમાં ફેરવશે. અને તેમાં પણ જો જંગલના વિકાસ પ્રત્યે વધુ ધ્યાન હશે તો તેઓ તે પૂરતા સીમિત રહેશે. અને જો તે પ્રત્યે અપૂરતું ધ્યાન અપાશે તો આદિવાસીઓને કાયમી રીતે તેમની જીવન પદ્ધતિમાંથી અલગ પાડવાનું કામ લગભગ અશક્ય બનશે. અને તેમને તક મળતાં જ તેઓ તેમની વૃક્ષો કાપીને તેમનો લોપ કરવાની જુની પદ્ધતિ તરફ વળી જશે.

(૨) આદિવાસીઓને તેમની જીવન પદ્ધતિમાંથી બહાર લાવી પુનર્વસવાટની યોજના ત્યારે જ શક્ય બની શકે જ્યારે તેમને અંગત રીતે જંગલોના વિકાસ માટે ઊંડો ભાવ હોય. યોજના અવલંબનને એવી રીતે એકીકરણ કરવું જોઇએ જેથી આદિવાસીઓ વૃક્ષોના વિકાસમાંથી તાત્કાલિક અને સમજી શકે એવા લાભો મેળવી શકે અને સમજાય કે જંગલનો નાશ તેમને પોતાને અંગત રીતે નુકસાન કરે છે.

(૩) સફળતા મેળવવા માટે પુનર્વસવાટની યોજના આદિવાસીઓની પાયાની જરૂરિયાતો જેવી કે ખોરાક, રહેઠાણ અને બળતણ જેની ચર્ચા આપણે કરી ગયા છીએ તેને તેમના હાલના સંતોષ ધોરણમાં વધુ સારી રીતે પૂરી પાડી શકે તેવી હોવી જોઇએ. વ્યક્તિ માટે કોઇપણ નવી પદ્ધતિ અથવા પ્રવૃત્તિ અપનાવવા માટે શારીરિક તેમજ માનસિક ચાલનશક્તિ જરૂરી છે, તેથી જ ફેરફાર પ્રત્યે વિરોધ હોય છે. પરંતુ જો નવી બદલાયેલી પ્રવૃત્તિઓ દ્વારા તેમને પહેલાંની પ્રવૃત્તિ કરતાં વધુ ફાયદા આપતી હોય તો નવી પ્રવૃત્તિ પ્રત્યેની નકારાત્મકતા ઘટાડી શકાય.

(૪) પુનર્વસવાટની યોજનામાં આદિવાસીઓએ વિશાળ પાયા ઉપર ભાગ લેવો જોઇએ. ઔદ્યોગિક ક્ષેત્રોમાં કામદારો ભાગીદાર બને તે જ કલ્પનાનું આ વિસ્તરણ છે. જેમ કે, કામદારો ભાગ લે તો કાર્ય પ્રત્યેની નિષ્ઠા અને ઊંચુ નૈતિક બળ તેમનામાં વધે છે. એવી આશા રાખવામાં આવે છે કે, જો આદિવાસીઓ સૂચિત આયોજનમાં ભાગ લે તો તેમને યોજના સ્વીકારવામાં સુગમતા થાય છે. તેમની ભાગીદારી વાસ્તવિક હોવી જોઇએ. તેમણે આપેલાં સૂચનો તથા બતાવેલા પ્રશ્નોને કોઇપણ નિર્ણય લેતા પહેલાં લક્ષમાં લેવાં જોઇએ. આદિવાસીઓ સરળ પ્રકૃતિના છે છતાં પણ એમને મૂર્ખ બનાવાતા હોય તો સમજી જાય છે. એવું થાય તો તે આ યોજનાથી અલગ થઇ જશે.

(૫) યોજનામાં આટલી હકીકતોનો સ્વીકાર થવો જોઇએ. કે

(ક) આદિવાસીઓને અપૂરતા પોષણને કારણે અપૂરતી શક્તિ હોવાથી તેમજ તેમને ટેવ ન હોવાથી તેઓ લાંબા કલાકો સુધી કામ કરવા ટેવાયેલા નથી.

(ખ) આદિવાસીઓનો ઘણો સમય મિત્રો અને પડોશીઓની મુલાકાત લેવા જેવી સામાજિક પ્રવૃત્તિમાં ગાળવા અથવા ઘેર ભેગાં થઇને ગપ્પાં મારવાં જેવી પ્રવૃત્તિમાં ગાળવા માટે ટેવાયેલ છે. નવી કામની તકો તેમની સ્વતંત્રતાની માગણી અને ફુરસદનો સમય ગાળવાની

માગણીને માન આપતી હોવી જોઈએ.

(ગ) મોટા ભાગના આદિવાસી કુટુંબોમાં પતિ અને પત્ની એમ બંને સાથે સાથે જ ખેતરમાં અથવા જંગલમાં કામ કરવા ટેવાયેલાં છે. પુનર્વસવાટની યોજના શકય હોય ત્યાં સુધી પતિ-પત્ની એક સાથે કામ કરી શકે એવી તકો રજૂ કરતી હોવી જોઈએ.

આ બધી હકીકતો એ બાબત સબળ રીતે રજૂ કરે છે કે આદિવાસીઓને ઘરઆંગણે અથવા તો વધુમાં વધુ ગ્રામસ્તરે કામ આપવું જોઈએ.

<u>આદિવાસીઓનો વિકાસ અને ગુજરાત રાજય જંગલ વિકાસ નિગમનો ફાળો :</u>

જંગલો અને સ્થાનિક રહેવાસીઓના એક બીજા પ્રત્યેના પારસ્પારિક સંબંધની પુનઃ વ્યાખ્યા કરવાની તાત્કાલિક જરૂરિયાત છે. જો કે ચોખ્ખાં હવા પાણી પૂરાં પાડવાનો રક્ષણાત્મક ફાળો અને જમીન ધોવાણ સામેના પ્રબળ બચાવ એ બંનેને સ્પષ્ટ રીતે સમજવામાં તથા સ્વીકારવામાં આવ્યાં છે. સ્થાનિક આદિવાસીઓને રોજગારી આપવાની જંગલોની સામાજિક જવાબદારી છે. અને તેમના વિકાસમાં તેમજ તેમને સંખ્યાબંધ અન્ય લાભો પણ એમાથી મળી શકે છે એ બાબતની ભૂતકાળમાં અવગણના કરવામાં આવી છે. જંગલ વિકાસને સ્થાનિક લોકોની જરૂરિયાતો તરફ ઢાળવાની જરૂર છે. ધરમપુર જેવા વિસ્તારમાં તેનું ભાર મહત્વ છે. આવા સાધન સંપત્તિમાં પાછળ એ ભૌતિક રીતે વિખરાયેલા પ્રદેશના આદિવાસીઓના વિકાસની આશા માત્ર જંગલમાં જ રહેલી છે. જયારે ખેતી તેમના ઘરવપરાશના ઉપયોગ પૂરતો ખોરાક આપતી હોવાથી અગત્યની પ્રવૃત્તિ છે જ પરંતુ તે તો ચોમાસા ઋતુના ચાર માસ કે જયારે તેઓ તેમનો એક માત્ર પાક લે છે તે સમય પૂરતા જ તેમને રોકેલા રાખે છે. જમીનની નીચી ગુણવત્તા, ખાડા ટેકરાવાળો પ્રદેશ અને નબળી અને અપૂરતી સિંચાઈની સવલતોને કારણ વ્યાપારી રોકડિયા પાકોની ખેતી કરવી એ અશકય છે.

આ વિસ્તારમાં જંગલો એ ચાવીરૂપ સંપત્તિ છે. અને તેના વિકાસની વ્યૂહરચના આદિવાસીઓના વિકાસલક્ષી હોવી જરૂરી છે. જેવી રીતે આદિવાસીઓના વિકાસ માટે જંગલો જરૂરી છે એ જ પ્રમાણે આદિવાસીઓ પણ જંગલ વિકાસ અને સુધારણામાં ઘણો મોટો ફાળો આપી શકે. અને આ આદિવાસીઓના સ્વરૂપમાં વિશાળ માનવસંપત્તિના સમજપૂર્વકના અને કૌશલ્યપૂર્વકના પ્રબંધથી મેળવી શકાય. આદિવાસી સ્ત્રીઓ આર્થિક પ્રવૃત્તિમાં પુરુષોની સમોવડી બનેલી હોવાથી પુનર્વસવાટની યોજના આ સ્ત્રીઓ માટે પણ કામ કરવાની તકો આપતી હોવી જોઈએ.

ગુજરાત રાજય વન વિકાસ નિગમ ધરમપુર વિસ્તારના જંગલ વિકાસમાં તેમજ આદિવાસી કલ્યાણના વિકાસમાં નિર્ણાયક ભાગ ભજવી રહયું છે. ગુજરાત રાજય વન વિકાસ નિગમ આદિવાસીઓને જંગલ વૃધ્ધિના કામમાં રોકીને અને તે દ્વારા તેમને સ્થિર આવક મેળવવાની ખાતરી આપવા સિવાય પણ તેમને બીડી બનાવવાની, વાંસના ટોપલા-ટોપલીઓ બનાવવાની તાલીમ આપીને તેમના સ્વરોજગારના વિકાસ માટે પણ પ્રયત્નશીલ છે. આદિવાસીઓને પતરાળા-પડિયા, પાલાં (સાદડી), અગરબત્તી બનાવવી, મહુડાનું તેલ એકઠું કરવું, રેશામાથી દોરડા-દોરડી બનાવવાં વગેરેની તાલીમ પણ આપી શકાય. જો કે નિગમ કાચો માલ મેળવવાના માર્ગો તેમજ ઉત્પન્ન થયેલા માલના વેચાણ માટેના તાલીમ પામેલા યુવાનો તૈયાર કરવાની જરૂર છે.

આર્થિક પ્રવૃત્તિઓની સાથે સાથે આદિવાસીઓ ધીમે ધીમે તેમની પોતાની બધી બાબતોનો
પ્રબંધ જાતે કરતાં થાય તેમજ સરકારના જુદાં જુદાં ખાતાઓ દ્વારા અપાતી મદદ મેળવવા માટે
દબાણ-જૂથ તરીકે કામ કરે એવી રીતે તાલીમ આપીને તૈયાર કરવા જોઇએ. આદિવાસીઓએ
જ તે બાબત સાથે સંકળાયેલા સત્તાવાળાઓ સમક્ષ તેમના પ્રશ્નો અને મુશ્કેલીઓ જેવી કે ઉનાળામાં
પીવાના પાણીની તંગી, અપૂરતી સિંચાઇની સવલતો, બિસ્માર થઇ ગયેલા રસ્તાઓ, શાળાઓના
મકાનની બિસ્માર સ્થિતિ અને આરોગ્યની સગવડોનો સદંતર અભાવ. ( આ બધામાં પીવાના
પાણીનો પ્રશ્ન અને અપૂરતી આરોગ્યની સગવડો એ જલદ પ્રશ્નો છે. સંબંધિતો પાસે મૂકી શકે
અને તેનો નિકાલ કરાવી શકે એવા બનાવવાની જરૂર છે.

હાલમાં જુદાં જુદાં સરકારી ખાતાંઓ જેવાં કે, ખેતીવાડી, જંગલ, સિંચાઇ, પશુસંવર્ધન,
સહકાર, જાહેર બાંધકામ, કુટિર ઉદ્યોગ, આરોગ્ય અને શિક્ષણ વગેરે વચ્ચે પણ અપૂરતું સંયોજન
છે. આ બધાં કાર્યો એક બીજા ઉપર આધારિત છે. એ ધ્યાનમાં રાખીને તેઓની વચ્ચે નજીકથી
વિચારોની આપ-લે થાય એ બાબત ધ્યાન માગી લે છે. જો કે આદિવાસી વિકાસ કચેરી આ
બધાં ખાતાંઓના સંબંધિત અધિકારીઓની માસિક સભા દ્વારા મળવા માટેની પૂર્વભૂમિકા પૂરી પાડે
છે. પરંતુ તે ખાતાઓએ એકબીજા સાથે સીધો સંપર્ક રાખવો જોઇએ. દા.ત. ખેતીવાડી અને
જંગલ વિસ્તારમાં, ખેતીવાડી અને જંગલ આયોજનમાં સારામાં સારો જમીન-ઉપયોગ નક્કી કરવા
માટે બંને ખાતાને સંયોજિત કરવાની જરૂર છે. જંગલ અને ખેતીવાડી એ બંને ખાતાઓ ભેગાં મળી
આદિવાસીઓની વાર્ષિક રોજગારી પદ્ધતિનું એવી રીતે આયોજન કરે જેથી તેમને વર્ષ દરમ્યાન
કામ મળી રહે. બંને ખાતાઓના સંયુક્ત પ્રયાસોથી ખેડૂતોને વહેલાં પાકતી, ઊંચુ ઉત્પાદન આપતી ?
અને ખેતીની મોસમ સિવાયના સમયમાં જંગલ આધારિત પ્રવૃત્તિઓ જેવી કે જમીન સંરક્ષણ, જંગલ
વૃદ્ધિકરણ, અને વાડોમાં રોપવા માટે રેશાવાળાં વૃક્ષોનો ઉછેર વગેરે પ્રવૃત્તિઓથી આખા વર્ષની
રોજગારીનું આયોજન થઇ શકે.

આદિવાસીઓના પુનર્વસવાટની જવાબદારી ઉત્સાહપૂર્વક અને ખંતથી હાથ ધરી ગુજરાત
રાજ્ય જંગલ વિકાસ નિગમ ખેતીવાડી ખાતાના સહકારથી આ વિસ્તારમાં આદિવાસીઓને વર્ષ
દરમ્યાન ખેતીવાડી અને જંગલ આધારિત પ્રવૃત્તિ દ્વારા કામ મળી રહે એ પ્રમાણે સંયોજિત યોજના
ઘડી શકે.

...

પૂર્વ દિ
મુંબઇથી
હેતુ મા
મારી
કશી અ
માગોથી
આવેલું
નદીનો
થોડા ર
ગાડામાં
મોટા
ફાનસ,
ઉધું પ
અકસ્મા
પાકી
નાયકો

ગામ પ
જૂથમાં
પાણી
પાણી
તક મ
કાઢવા
જણાવ્યું
તળીવ
નહોતા
તેઓ ને

૧૧-૧૨ જાન્યુઆરી, ૧૯૮૧
આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

# ધરમપુરના એક નાયકા ગામની ૨૫ વર્ષ પૂર્વેની મારી મુલાકાત

ડૉ. હર્ષદભાઈ આર. ત્રિવેદી
અનુવાદ : સાયમન મેકવાન

હું લગભગ ૧૯૫૬ની સાલના ગાળામાં ગુજરાતના સુરત જિલ્લામાં આવેલા ધરમપુરથી પૂર્વ દિશામાં ૭ કિલોમીટરે દૂરના એક ડુંગરાળ પ્રદેશમાં નાયકા ગામમાં ક્ષેત્રકાર્ય કરવા માટે મુંબઈથી નીકળ્યો હતો. ગામ અનામી રહેવા દઈશ. સ્થાનિક કાર્યકર્તાઓની મદદથી ક્ષેત્રકાર્યના હેતુ માટે નાનું બળદગાડું ભાડે રાખ્યું હતું. ગામના લોકોને મારો પરિચય કરાવવા માટે મારી સાથે એક આદિવાસી મદદનીશ તરીકે આવ્યા હતા. બાકી આ મુલાકાત સંબંધી કોઈને કશી અગાઉથી જાણ કરવામાં આવી નહોતી. આછાં જંગલના મધ્યમાં સાંકડા અને ખાડાટેકરાવાળા માર્ગોથી ગાડું પસાર થઈને નાની સૂકાઈ ગયેલી નદીને કિનારે પહોંચ્યું. ગામ સામેના કિનારે આવેલું હતું. આ બે કલાકની મુસાફરી દરમ્યાન આકાશ વાદળછાયું હતું. અને વરસાદ ઝરમરતો હતો. નદીનો પટ પસાર કરવા માટે બળદો ઉંચાણના ભાગેથી નીચે આવી રહ્યા તે દરમ્યાન તેઓ થોડા ચોંકી ગયા અને રસ્તાની બહાર નીકળી ગયા. અને ગણતરીની ક્ષણોમાં જ બધો જ સામાન ગાડામાંથી બહાર ફંગોળાઈ ગયો. (હું ગાડાની ધાર પર બેઠેલો હતો.) અને નદીના પટમાં મોટા અવાજ સાથે પડ્યો. થોડી ક્ષણો માટે તો દિઙ્મૂઢ થઈ જવાયું. ઉભા થઈને જોયું તો ફાનસ, પથારી, રસોડાનો સામાન વગેરે બધી જ વસ્તુઓ વિખરાઈને પડી હતી. અને ગાડું ઉંધું પડ્યું હતું. અને તેમાંનો એક બળદ ગળામાં રાસ સાથે ટીંગળાતો હતો. જો કે આ અકસ્માતમાં કોઈને ગંભીર ઈજા પહોંચી નહોતી. અડધાએક કલાકમાં તો હું ગામની એક ઓરડાની પાકી ધર્મશાળામાં આવ્યો. મારી સાથે આદિવાસી કાર્યકર્તા આવેલા ભાઈ પાસેના ઝૂંપડાના કેટલાક નાયકો સાથે મારો પરિચય કરાવીને ધરમપુર તરફ પાછા વળી ગયા હતા.

મોટા ભાગનો સમય હું ગામમાં જ રહ્યો. લોકો ન તો વિરોધી હતા ન તો મિત્રાચારી. ગામ પહાડી ચઢાવઉતારવાળા ભાગમાં લગભગ એક ફર્લાંગ જેટલા વિસ્તારમાં અહીંતહીં ઝૂંપડાઓના જૂથમાં ફેલાયેલું હતું. હું જે ધર્મશાળામાં રહેતો હતો તેની સામેનો ઊંડો અને પાકો કૂવો પીવાના પાણી પૂરવઠા માટેના એક સાધન તરીકે વપરાતો હતો. અને તેને કારણે મને માત્ર પીવાનું પાણી ભરનારા લોકો જ નહીં પરંતુ કપડાં અને વાસણો ધોતા લોકોને ધ્યાનપૂર્વક નિહાળવાની તક મળી હતી. કેટલીકવાર તો બરાબર રીતે સાફ કર્યા વગરની ડોલ કૂવામાં નાખીને પાણી કાઢવામાં આવતું. જ્યારે એમને કહેવામાં આવ્યું કે આ ખરાબ આદત છે તો તેના જવાબમાં તેઓએ જણાવ્યું કે વાસણ ઉપરની ધૂળ લાંબો સમય પાણીમાં રહેતી નથી કારણ કે આખરે તે કૂવાને તળીયે બેસી જાય છે. દેખીતી જ રીતે જીવાણુઓથી પાણી અશુદ્ધ થઈ શકે છે તેનો ખ્યાલ તેમને નહોતો. આ પ્રમાણે પીવાના શુદ્ધ કે અશુદ્ધ પાણી વિષેની ખામી ભરેલી જાણકારીને કારણે તેઓને તેમની પદ્ધતિમાં કશું જ ખોટું દેખાતું નહોતું. અને તેઓ આ કૂવાનો ઉપયોગ કરવામાં

'સુખી' અને 'સંતોષી' હોય એવું લાગતું હતું. પરંતુ આ કૂવાનું અશુદ્ધ પાણી વર્ષો સુધી પીતા રહેવાની અસર મોટી ઉંમરના લોકોની ચામડી અને શરીર ઉપર તથા તેમના સામાન્ય આરોગ્ય ઉપર જોઈ શકાતી હતી. મેં જોયું કે કેટલાક મોટી ઉંમરના પુરુષો અને સ્ત્રીઓના અર્ધ ઢંકાયેલા શરીર ઉપર કાળાં ચાઠાં પડેલાં હતાં. તેઓ દાદર અને દરાજ જેવા ચામડીના રોગોથી પીડાતા હતા. તેઓ કદાચ પાણી દ્વારા થતા અન્ય રોગોથી પીડાતા હશે પરંતુ મારા ટૂંકા ગાળાના રોકાણને કારણે આ જાણી શકાયું ન હતું. મેં શરૂઆતમાં તો આ કૂવાના પાણીને ઉકાળીને પીવાના ઉપયોગમાં લેવા જેવા રક્ષણાત્મક પગલાં લીધાં હતાં. અને થોડા જ દિવ જ્યારે મારા હાથ પર નાની નાની ફોલ્લીઓ દેખાઈ ત્યારે હું ચોંકી ગયો. આ એક એવો અણધાર્યો અનુભવ હતો કે જેનો સામનો મારા સૌરાષ્ટ્રના મેર લોકો મધ્યેના એક વર્ષના ક્ષેત્રકાર્ય દરમ્યાન કરવો પડ્યો નહોતો. અને જ્યારે હું પાછો વળ્યો ત્યારે મેં ધરમપુરના આરોગ્ય સત્તાવાળાઓ સમક્ષ આ બીના વર્ણવી અને તેમને આ ગામોના કૂવાઓના પાણીને શુદ્ધ કરવા માટે ભાર દઈને વિનંતી કરી. પરંતુ ૨૫ વર્ષ પહેલાં તે વિસ્તારમાંથી પાછા ફર્યા બાદ તેનું શું થયું હતું તે હું જાણતો નથી.

કેટલાંક સુખી કુટુંબો જેઓ મરઘાં, બકરીઓ, ગાય વગેરે પાળતાં હતાં અને જેનાથી તેમને વર્ષના અમુક સમય સુધી ઈંડાં, માંસ અને દૂધ મળી રહેતું, તે સિવાયના લોકોનો ખોરાક કસ વગરનો હતો. આ ગામ ધરમપુર શહેરના ખાસ સંપર્કમાં નહોતું અને ગામ અટુલું અને સામાન્ય જીવન ધોરણથી નીચે હોવા છતાં આત્મનિર્ભર હતું. લોકોના મુખ્ય ખોરાકમાં હાથે છડેલા ચોખા, નાગલી, વરઈ, અડદ અને તુવેરનો સમાવેશ થતો. પરંતુ કેટલાંક ખૂબ જ ગરીબ કુટુંબો જેઓ ધર્મશાળાની નજીક રહેતાં અને મજૂરી તેમજ લાકડાં વેચી ગુજરાન ચલાવતા હતા તેઓ અપુરતા પોષણથી પીડાતા હતાં. અઠવાડિયાના છેલ્લા દિવસોમાં તો ભૂખમરાની સ્થિતિ રહેતી. દૂબળાં શરીર અને ઊંડી ઉતરી ગયેલી આંખોવાળાં બાળકોની કફોડી હાલત કલ્પના બહારની હતી. લોકોની દૈનિક જીવન જોતાં એમ જણાયું કે થોડા સંપન્ન નાયકાઓ કરતાં સૌથી ગરીબ નાયકાઓ વધાર આળસું હતા. થોડે દૂર ઝૂંપડાઓના જૂથ બનાવી જેઓ વસતા હતા તેમની પાસે ખેતી કરવા માટે જમીન હતી અને સારી સ્થિતિમાં લાગતા હતા, છતાં તેઓ મરઘાં, ગાય વગેરે દ્વારા તેમના આજીવિકાની આવકમાં વધારો કરતા હતા. ખેતી માટે તેઓ બળેલાં પાંદડાંનો ખાતર તરીકે ઉપયોગ કરતા હતા. પણ રાસાયણિક ખાતર કે જંતુનાશક દવાઓ વિષે તેમને સાંભળ્યું નહોતું. જ્યારે નદી પાણીથી ભરેલી રહેતી ત્યારે ઉદવહન ખેતી કરવામાં આવી. ખેતી માટે પાણી પૂરવઠો મેળવવાનું માત્ર આ જ સાધન હતું. જો અનાવૃષ્ટિ થાય તો ધાર્યા પ્રમાણે પાક થતો નહીં અને એમને ભૂખ્યા રહેવું પડતું. પ્રદેશ પહાડી અને ઢોળાવવાળો હોવાથી તળાવ અથવા નહેરો દ્વારા સિંચાઈની તે દિવસોમાં શક્ય સગવડ ન હતી. ખેતરોની સખત જમીન લાકડાના હળ વડે ખેડાતી અને ખેતી માટેનાં અન્ય સાધનો જૂના પ્રકારનાં હતાં. જેઓ દૂરનાં ખેતરોમાં ઝૂંપડાઓમાં રહેતા હતા તેમને માટે સભા માટે ભેગા થવું મુશ્કેલ હોવાથી ગ્રામ્ય સંગઠન અને નેતાગીરી નબળી દેખાતી હતી. આસપાસનાં ગામોમાં સામાજિક સંગઠન, સહકારી ભાવનાવાળું હતું. અને કેટલાક પ્રસંગો જેવા કે મરણોત્તર વિધિ, શ્રાદ્ધવિધિ તેમજ અશુદ્ધ

આત્માઓની ખરાબ અસર ત્યાંના પુરુષ, સ્ત્રી, બાળકો અને પશુઓ પર પડતી અટકાવવાની વિધિ જેવા પ્રસંગો સામુહિક રીતે થતા હતા. અગ્નિદાહ માટેનું સ્થાન ઓછામાં ઓછા પાસેના એક ગામ સાથે સહિયારું હતું. મેં સૌ પ્રથમવાર જ સાંભળ્યું કે નાયકાઓ કેટલાક હિંદુ દેવદેવીઓને પૂજતા હોવા છતાં તેઓ મડદાં દાટતા તેમજ બાળતા. જો કે અગ્નિદાહમાં હિંદુઓની જેમ મડદાને પગના ભાગ તરફથી ન સળગાવતાં માથા તરફથી સળગાવતા. જેઓને મડદું બાળવા માટે લાકડાં ખરીદી શકે તેમ ન હતા અથવા પરિસ્થિતિ વિકટ હોય તો તેઓ મૃતદેહને દાટતા. આ ખોટું પણ ગણાતું નહીં. મોટા ભાગના કિસ્સાઓમાં સમય વિતતાં પાછળથી ઔપચારિક દહનવિધિ કરવામાં આવતી. મૃત્યુ બાદ જો મૃતદેહને અગ્નિદાહ આપવામાં આવે તો કુટુંબનું સ્થાન ઊંચું ગણાતું અને ખરેખર તો આર્થિક રીતે સધ્ધર કુટુંબો જ આ પધ્ધતિ અપનાવી શકતાં. ૨૫ વર્ષ પૂર્વે તો આ ગામના નાયકા માત્ર અભણ જ નહિ બલ્કે બહારની દુનિયા વિષે અજ્ઞાત પણ હતા. અપવાદ હોય તો તે ધરમપુર શહેરમાં વસતા લોકો જ્યાં સ્થાનિક રાજાનું રહેઠાણ હતું. રોજિંદા જીવનમાં તેઓ પોતાની બે દુનિયામાં રહેતા હતા. એક તો મુશીબતભર્યું કુદરતી વાતાવરણ અને બીજી અલૌકિક શક્તિઓની માન્યતા અને તેને લગતો વ્યવહાર. વર્ષના નબળા સમયે કામ મેળવવા માટે બહારના વિસ્તારો તરફ સ્થળાંતર કરવાની પધ્ધતિ સામાન્ય નહોતી. હું માનું છું કે ધરમપુરના મોટા ભાગના આદિવાસીઓમાં આવી જ સ્થિતિ પ્રવર્તમાન હતી.

આ નાનો સરખો વર્ણનાત્મક અહેવાલ આ વિસ્તારના આદિવાસી વિકાસના પ્રશ્નો સાથે કેવી રીતે સાંકળી શકાય ? આનો કોઇ સીધો સાદો જવાબ હોઇ શકે નહીં. સરકારની આદિવાસી વિસ્તાર વિષેની પેટા યોજનાની તર્કયુક્ત નીતિઓ અને કાર્યક્રમોના મહત્વ વિષે મને જરાય શંકા નથી. જો કે આદિવાસીઓના દુન્વયી ખ્યાલોમાં અને વિચારોમાં ભારે ફેરફાર લાવવામાં આપણે ખરેખર મદદરૂપ થયાં છીએ કે કેમ એ શંકાસ્પદ છે. આદિવાસીઓ સામાન્ય રીતે તેમના અસ્તિત્વ વિષેની જ્ઞાત અને અજ્ઞાત હકીકતો વિષે ભયભીત હોય છે. જ્ઞાત હકીકતોની બીક જેવી કે દુકાળ, અછત અને તેમના પ્રત્યે દ્વેષભાવ રાખતા લોકો તરફથી તેમની ઉપર થતા હુમલાઓને પહોંચી વળવા માટે તેઓ જુદા જુદા પ્રકારની ગુન્હાહીત પ્રવૃત્તિઓ જેવી કે ઊભા પાકની ચોરી, ધાડ અને લૂંટફાટ વગેરેનો આશરો લેતા હોય છે. આ પગલાં જે તેઓ અસહ્ય પરિસ્થિતિમાં લેતા હતા તે સલામત નહોતાં અને પરિણામે પોલીસ અને નાના અધિકારીઓ દ્વારા ભારે સજા તથા ત્રાસ અપાતો હતો. ભૂત-પલીત અને ડાકણો, વગેરેની સજામાંથી છૂટવા માટે તેઓ પ્રયત્ન કરતા હતા તે હતી તેમની અજ્ઞાત ભયંકર વાસ્તવિકતા. દુનિયામાં જે પણ આફતો આવે છે તે અલૌકિક શક્તિઓ સાથે સંબંધ ધરાવે છે એમ માનતા હોવાથી તેમની કૃપા મેળવવા માટે અને તેમને રીઝવવા માટે બકરાં અને પ્રાણીઓના બલિ ચઢાવવા અનિવાર્ય ગણાતાં. તેમનાં બાળકો અને પ્રાણીઓમાં માંદગી આવે ત્યારે ભલે તે અશુધ્ધ પાણી, અપૂરતો પૌષ્ટિક ખોરાક અથવા ચેપી રોગીના શરીરના સ્પર્શથી આવી હોય, પણ તે અંગેની સલામતી માટે તેઓ આ રીતે દેવી-દેવતાની માન્યતાનો રસ્તો અજમાવતાં. કીટનાશક દવાઓને અભાવે અથવા દુષ્કાળના કારણે પાક નિષ્ફળ જાય તો તેનું કારણ પણ દેવતાઓ, અલૌકિક શક્તિઓ તેમજ ડાકણો હોય છે એમ એઓ માનતા. આદિવાસીઓ આવાં અજાણ્યાં અલૌકિક તત્વોથી જેમ ડરતા હતા, તેવી જ રીતે તેઓ વેપારીઓ

પૈસા ધીરનારા તેમજ આદિવાસી વિસ્તારમાં કામ કરતાં જુદાં જુદાં સરકારી વહીવટી કર્મચારીઓથી પણ ડરતા હતા. આમ જ્ઞાત અને અજ્ઞાત દુનિયા, બંનેના ભય એક સરખા હતા. આવા બહારના લોકો પ્રત્યેના આદિવાસીઓના ખ્યાલો જૂના સમયમાં ભયમૂલક હતા અને તેનાં સાચાં કારણો પણ હતાં. આજે આદિવાસીઓના જીવનમાંથી આ બીક ઓછી થઇ થ ગઇ હશે, પરંતુ નિ:શંકપણે આ બીક તદન દૂર કરવાની જરૂર છે. આમ થાય તો આદિવાસી વિસ્તાર પેટા યોજના દ્વારા ચાલતા આદિવાસી વિકાસ કાર્યક્રમો ચોકકસપણ વધુ સફળ બનશે. સૌથી વધુ અગત્યની અને તાત્કાલિક જરૂરિયાત એ છે કે અજ્ઞાનતા, વહેમો અને ગરીબાઇના વિશાળ અને વિષાક્ત વર્તુળ કે જેમાં આજ પણ મોટા ભાગના બ નબળા આદિવાસીઓ જીવે છે તેને તોડવું જોઇએ. જયાં સુધી આદિવાસી જીવન અને સંસ્કૃતિમાંથી વહેમો અને અજ્ઞાનતા દૂર ન કરી શકાય ત્યાં સુધી તેમનામાંથી ગરીબી દૂર કરી શકાય નહીં.

...

"ગીરનાળા - એક સંક્ષિપ્ત અભ્યાસ નોંધ"!

પી. કે. વાલેરા,
પ્રોજેક્ટ એડમીનીસ્ટ્રેટર, ખેડબ્રહમા.

## પૂર્વ ભૂમિકા:-

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના આશ્રયે ધરમપુર તાલુકાનાં ગીરનાળા ગામનો એક આર્થિક સામાજીક અભ્યાસ ગોઠવવામાં આવેલ હતો તારીખઃ- ૫-૬-૭ ઓગષ્ટ-૧૯૮૦માં આ ગામે મુકામ કરી આ અભ્યાસ હાથ ધરેલ હતો. વલસાડ જીલ્લાનું ધરમપુર તાલુકાનું આ ગામ ગુજરાત રાજ્યનાં આદિજાતિ વિસ્તારનું ઘણું જ દુરનું ગામ છે. જ્યાંથી મહારાષ્ટ્ર રાજ્યની સરહદ પાસે જ પડે છે. વલસાડ થી ૯૦ કી.મી દુર આવેલ છે નજીકનું રેલ્વે સ્ટેશન પણ વલસાડ જ છે. ધરમપુર નાસીક રોડ ઉપર રાજ્ય ધોરી માર્ગ ઉપર આવેલ સુથારપાડા ગામથી બે કીલોમીટર દુર છે, તાર ઓફીસ ૫૪ કી.મી. દુર છે. ધરમપુર તાલુકા મથકે છે, જ્યારે પોષ્ટ-ઓફીસ ૪ કી.મી. દુર બારપુડા ગામે આવેલ છે. ગામથી ૨૦ કી.મી. દુર 'લવકુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર' આવેલ છે. વડોલી વિભાગ કાર્યકારી સેવા સહકારી મંડળીના કાર્યક્ષેત્રમાં આ ગામ આવે છે. જે આ ગામથી ૫ થી ૬ કી.મી. દુર આવેલ છે. ગીરનાળા ગ્રુપ ગ્રામ પંચાયત આવેલ છે, ગામની કુલ વસ્તી (૧૯૭૧થી વસ્તી-ગણતરી) મુજબ ૧૦૬૭ છે. જાતિવાર વસ્તી મુખ્યત્વે કોંકણા, વારલી, અને કોલચાઓ ની છે. વારલી અને કોલચા ખેત મજુરો તરીકે કામ કરે છે. જ્યારે કોંકણાઓ પાસે ખેતી જમીન છે. શિક્ષણનું પ્રમાણ નીચે પ્રમાણેનું છે.

| | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| શિક્ષીત | ૬૦ | ૭ | ૬૭ |
| અશિક્ષિત | ૫૨૭ | ૪૭૩ | ૧૦૦૦ |
| કુલ: | ૫૮૭ | ૪૮૦ | ૧૦૬૭ |

ધંધાઓમાં ખેતી અને ખેત-મજુરી છે- ગૃહ ઉદ્યોગો કે અન્ય ઉદ્યોગ નથી.

## વિભાગ-૨

સમય ઘણો ટુંકો અને સતત વરસાદ હોવાથી તથા ગામ પાંચથી આઠ કીલોમીટરના વિસ્તારમાં છુટું છવાયું ખીણો અને ટેકરીઓમાં વસેલું હોવાથી માત્ર ૧૦ કુંટુંબોનો જ અભ્યાસ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રનાં નિયત ફોર્મમાં કરેલ હતો, ૧૦ કુંટુંબોમાં ૧વારલી કુંટુબ, ૫કોલચા કુંટુંબ અને ૪ કોકણા આદિજાતિ કુંટુંબોનો અભ્યાસ હાથ ધરેલ હતો.

આદિવાસી કુંટુંબો સ્વેચ્છાએ અને ચોકકસ અને સાચી માહીતી આપે તે માટે અભ્યાસ અંગેની વિગતો મેળવવા ગામનાં તેમના જ વર્ગનાં વિશ્વાસ પાત્ર આગેવાનોને સાથે રાખેલ હતા. વિશેષમાં આ વિભાગના તાલુકા પંચાયતનાં સભ્યશ્રી ચૈત્યાભાઈ-

હાંકલાભાઈ રાઠોડ. શ્રી લક્ષુકભાઈ કુવર. સહકારી મંડળીના ચેરમેનશ્રી માધુભાઈ- ભુસાળા ગામ સરપંચશ્રી, તલાટી,ગ્રામ સેવક, તથા આશ્રમશાળાના આચાર્યશ્રી સાથે જરુરી ચર્ચા કરી આ વિગતોની ચકાસણી કરવામાં આવી હતી.

દશ કુટુંબોમાંથી પસંદગી એવી રીતે કરવામાં આવી હતી. કે જેથી આદિવાસી કુટુંબોના પણ સૌથી ગરીબ, ગરીબ મધ્યમ વર્ગના અને સુખી કુટુંબોનો અભ્યાસ થઈ શકે જેથી ગામની આર્થિક સામાજીક પરિસ્થિતિનું નમુના રુપ ચિત્ર ઉપસાવી શકાય વારલી કુટુંબ સૌથી ગરીબમાં ગરીબ તરીકે લેવામાં આવેલ છે. કોલચાઓની પરિસ્થિતિ કંઈક અંશે વારલી જેવી જ દેખાય છે. પરંતું કોકણાઓની આર્થિક સ્થિતિ પ્રમાણમાં સારી દેખાય છે. વારલી અને કોલચા ખેત મજુરોનું પ્રતિનિધિત્વ ધરાવે છે. જ્યારે કોકણાં કુટુંબો આદિવાસી ખેડુતોના સુખી અને મધ્યમખેડુત વર્ગનું પ્રતિનિધિત્વ ધરાવે છે. અભ્યાસના તારણો નીચે મુજબ જોવા મળેલ છે.

## વિભાગ-૩

### સામાન્ય આર્થિક સ્થિતિઃ-

ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર ૩૩૪૬ એકર છે. જેમાંથી લગભગ ૧૭૪૧ એકર જંગલ વિસ્તાર છે, જે બિનઅધિકૃત કબજામાં છે. પરંતુ સરકારે આ જમીનોનો કાયમી નીકાલ કરેલ નથી તેવું રેવન્યુ રેકર્ડ ઉપરથી જાણવા મળેલ છે. ખેડવા લાયક જમીન ૯૫૩ એકર જણાવેલ છે. સિંચાઈની કોઈ સગવડ ન હોવાથી ચોમાસા આધારે પાકો થાય છે. મુખ્યત્વે પાક નાગલી,વરઈ,ભાત(ડાંગર) અને અડદ જોવા મળે છે. જમીનનું કદ ખાતેદારો તથા તેઓની જમીનનો વિસ્તાર નીચે પ્રમાણે છે.

| જમીનનું કદ(એકરમાં) (૧) | કુલ ખાતેદારો (૨) | વિસ્તાર (૩) |
|---|---|---|
| ૧-૩ | ૨૮ | ૪૪.૩૨ |
| ૩-૫ | ૨૪ | ૬૮.૩૩ |
| ૫-૧૦ | ૪૨ | ૩૧૦.૨૦ |
| ૧૦-૧૫ | ૧૬ | ૧૯૨.૦૯ |
| ૧૫-૨૫ | ૧૪ | ૨૭૪.૩૪ |
| ૨૫-૫૦ | ૨ | ૬૧.૫૬ |
| ૫૦ અને તે કરતાં વધુ | - | .. |
| કુલઃ- | ૧૨૬ | ૯૫૩.૨૪ |

ઉપરનો જમીનનું કદ અને ખાતેદારો અને તેમણે ધારણ કરેલ જમીન જોતાં કુલલે ૫૦% કુટુંબો (૫૨ કુટુંબો) જમીનનો ૧/૮ ભાગ (૧૧૩.૦૦ એકર) ધારણ કરે છે. ૫૨ કુટુંબો નાના અને સીમાન્ત કુટુંબો છે. ૪૨ કુટુંબો ૩૧૦.૨૦ એકર જમીન ધારણ કરે છે, તેઓની સ્થિતિ પણ નાના સિમાન્ત ખેડુતો કરતાં સારી નથી.

કારણ કે, તેમની જમીનનું એવરેજ ૭થી ૮ એકર આવે છે. માત્ર ૩૨ કુંટુંબો જ
એવા છે કે જે ૧૦ એકરથી વધુ જમીન ધરાવે છે. અને કુલ જમીનનો ૫૦% થી
વધારે વિસ્તાર ધરાવે છે. બે જ કુંટુંબો એવા છે જે ૨૫ એકર કરતાં વધુ જમીન
ધરાવે છે. [illegible] વિસ્તારની જમીન, ખોળો, પથરાળ, ડુંગરાળ વિસ્તારની હોઈ ૯૦%
ઉપરાંતના કુંટુંબો જે ખેતીની આવક ઉપર આધારીત છે. તેઓ ખેતીની આવકમાંથી
આર્થિક નફો મેળવી શકતા નથી. માત્ર જીવન ચલાવવા પુરતી જ આવક મેળવી શકે
છે. કારણ કે અન્ય કોઈ વ્યવસાય જીવન નિર્વાહ માટે પુરક બની શકે તેમ નથી.

(૨) દશ કુંટુંબોનો અભ્યાસ કરતાં આદિવાસી વર્ગની ખેડુતોની/ખેતમજુરો ની
આર્થિક સ્થિતિનો એક મોટો વિરોધાભાસી જોવા મળે છે. (અ) [illegible] કુંટુંબ પાસે
સાગના લાકડાનાં ત્રણ સુંદર મકાનો, ૨૫ થી ૩૦ એકરની જમીન છે. આ કુંટુંબો
પાસે દુકાનમાંથી મળતી આવક અને બધું મળી સ્થાવર જંગમ મિલ્કત અંદાજે રૂા.૧,૩૬,૦૦૦
થવા જાય છે. જ્યારે તેની પાસે જ રહેતા એક કોલસા ખેત મજુરનાં કુંટુંબો પાસે
ઘરમાં ખાવાનું પુરતું અનાજ પણ નથી. અને સ્થાવર જંગમ મીલ્કત રૂા.૨૦૦૦/-
થી પણ ઓછી છે. (મકાન-મીલ્કતમાં છે) ત્યારે એમ લાગે છે કે આદિવાસીઓમાં
પણ એક સમૃધ્ધ ખેડુત વિકાસનાં લાભો ઉઠાવી ક્યારેક સ્થાપીત હીત તરીકે કામ
કરતાં હોઈ શકે. આશ્ચર્ય જનક રીતે આ કુંટુંબોનું શિક્ષણનું ધોરણ ઉચું છે. એક યુવાન
એમ.એ. માં અભ્યાસ કરે છે. જ્યારે બીજા યુવાન એસ.એસ.સી થઈ વેપાર ધંધા કરે
છે. ૧૫% વ્યાજના દરે આદિવાસીઓને આ કુંટુંબો દ્વારા ધીરાણ થાય છે. એટલું જ
નહીં જીવન જરૂરીયાતની વસ્તુઓ કંઈક ઉંચા ભાવે અપાતી જોવા મળે છે. ટુંકમાં
ખેતીની જમીનો મોટી અસમાનતા જોવા મળે છે. જમીન ધારણ કરનાર કુંટુંબો પણ
ગરીબાઈની રેખાથી ઉપર જીવતા હોય તેમ લાગતું નથી. તે નીચેની વિગતોથી-
સંકલીત થઈ શકે :-

(૧) મોટાભાગનાં ખેત મજુરો અભણ અને દેવાદાર છે. ધીરાણ માટે ખાનગી
વેપારી ઉપર આધારીત છે. ખેતીની આવકમાંથી તેમની જીવન જરૂરીયાતની તમામ
ચીજો સંતોષાઈ શકતી નથી.

(૨) તેઓના ઘરોમાં ખાસ જંગમ મિલ્કત જોવા મળતી નથી. વાસણોમાં માત્ર
એલ્યુમિનિયમ અથવા માટીનાં વાસણો જોવા મળે છે.

(૩) એક કુંટુંબ સિવાય કોઈપણ કુંટુંબ પાસે સોના ચાંદીના ઘરેણાં નથી એવી
એવી રજુઆત થયેલ છે.

(૪) ઘરમાં બિલકુલ અનાજનો સંગ્રહ પણ જોવા મળેલ નથી. બે કુંટુંબો એક દિવસ
થી ખાધા વગર ચોમાસામાં [illegible] રોજગાર વિના બેસી રહેલા જોવા મળેલ છે.

(૫) વર્ષના ૩-૪ માસ આવક મેળવવા માટે સ્થળાંતર કરી નાસિક, ધુળે,
વલસાડ જવું પડતું હોય છે.

(૬) આર્થિક સ્થિતિ એટલી ખરાબ છે કે ભાદરવા માસમાં કે જ્યારે જુના ધાન્યો

મળવા ના બાકી છે ત્યારે

ાંથી ખલાસ થાય છે અને નવા ધાન્યો ખેતરોમાંથી

ાક કુટુંબો ભુખમરાનાં જેવી પરિસ્થિતિ થાય છે.

૨) ખેતી વિકાસ.

આજે પણ બળદ/પાડાઓથી

ી થાળી ક[illegible]ની આ પ્રદેશમાં જોવા મળતી નથી. રીતસરની વાવણી કરવાને બદલે બીયારણ

ી થાય છે. કેટલાક ધાન્યો(નાગલી) ખેતીની નવીન પદ્ધતિઓ તથા પાકની વિવિધ

ું નાંખીને ખેતી કરવામાં આવે છે. નાગલી, ભાત (ડાંગર) અને

દ્ધતિઓમાં કોઈ જ ફેરફાર જોવા મળતો નથી. ખેતી વિષયક સંશોધનોનો લાભ આ ગા

ાડદનો પાક પદ્ધતિમાં સુધારો માંગી લે છે. બેનોરનો ગ્રામસેવક નીયત દિવસે

ામોએ પહોંચ્યો નથી. ગામના સરપંચના ઘરે

પરંતુ ગ્રામ સેવક નિયત દિવસે આવતો હોય

આવશે તેવું પાટિયું લગાવેલ છે. હાજર રહેલા આદિવાસી ખેડુતોની વાતચીત

તેવું ખેડુતો પાસે ચર્ચા કરતા હોય તેવું

ઉપરથી જાણવા મળેલ નથી.

રાસાયણિક ખાતર કે શંકર બિયારણની જાણ ખેડુતોને નથી ગ્રામ સેવક ગામે

હાજર રહેતા નથી. ખેતી વિસ્તરણ તંત્ર ઘણું જ નબળું જોવા મળે છે.

(૩) શિક્ષણ :-

જેથી

ગામે કુલ૧૦૬૭ વ્યક્તિઓમાંથી માત્ર ૬૦ વ્યક્તિઓ શિક્ષિત છે. સ્ત્રીઓનું ભણતરનું પ્રમાણ માત્ર ૦.૭% છે.

શિક્ષણનું પ્રમાણ લગભગ ૬% થાય છે. કોઈપણ

જે બતાવેલ છે. કે સ્ત્રી શીક્ષણ કલ્પનામાં પણ ન આવે તેટલું પછાત છે. પછી બાળકો

બેન ધોરણ ૫ થી વધારે ભણેલ નથી મોટા ભાગે ત્રીજા કે ચોથા ધોરણ પરંતુ ૫ થી ૭

નિશાળમાંથી ઉઠી જાય છે. ગામે પ્રાથમિક શાળા આવેલ છે. અભ્યાસ કરવા આવી

ડો.મો. માં છવાયેલ આ ગામમાં દરેક ફળીયામાંથી બાળકો આશ્રમશાળા છે પરંતુ નીતી

શકતા નથી શિક્ષક પોતે જ ગામમાં રહેતા નથી. ગામમાં અને ત્યાં જ રહે

અનુસાર આજુબાજુના ગામોમાં બાળકો આવી અભ્યાસ કરે છે. લાભ મળી શકતો નથી.

છે. પરંતુ આજ ગામના બાળકોને આશ્રમશાળા ની યોજનાઓનો આગામે એમ.એ.

જેથી ધોરણ ૫ પછી ખાસ કરીને બહેનો શિક્ષણથી વંચીત રહે છે. તે શિક્ષણની

ભણતાં આદિવાસી યુવાનના ઘરે પણ શિક્ષીત આદિવાસી બહેન નથી

નિષ્ફળતાનો ઉત્તમ નમૂનો છે. આથી સાથે એસ.એસ.સી નાપાસ થયેલા ભાઈને

ખેત મજુરી કરવી પડે છે. અને કુટુંબના ભરણપોષણ માટે વલસાડ કે સુરતમાં ઘંઘાર્થે

જવું પડે છે. [illegible] આદિવાસી વિસ્તારમાં [illegible] આધુનિક શિક્ષણની વિશેષ કરુણતા

દર્શાવે છે.

કોલચા, કોકણા અને વારલી

(૪) ગામે પણ [illegible] આદિવાસી ગૃપમાં વહેંચાયેલ છે. કોલચા સામાન્ય રીતે

[illegible] પોતાના જુથમાં રહેતા હોય છે.

(Permisive)

એક રીતે આદીવાસી સમાજ ( ^ ) 'પરમીસીવ સમાજ' છે લગ્ન માટે બંધનો નથી છતાં લગ્નો અંગે પોતાની પણ એક પ્રણાલીકા હોય છે. અને તે અનુસાર નાના પાયા ઉપરની દહેજ પ્રથા જોવા મળે છે. લગ્નો છ પછી મોટા ભાગે સંયુકત કુટુંબ ટકતું નથી , અને સ્વતંત્ર રહીને મોટાભાગે સ્વાશ્રયી જીવજ જીવતા જોવા મળે છે. પાસે આવેલા મહારાષ્ટ્ર રાજયના વિસ્તાર 'પેઠ' સાથે લગ્નનાં સંબંધો જોવા મળે છે. નાની વયે પણ લગ્નો થતાં જોવા મળે છે. એકથી વધુ પત્ની ધરાવી શકે છે. છુટાછેડા આપવાની પ્રથા જડ નથી. લગ્નો પસંદગીથી થઈ શકે છે. કુટુંબનાં વડાઓ જો કે પસંદગી માં ભાગ લેતા હોય છે. મોટેભાગે મેળાઓ, હાટ ઉત્સવોનાં પ્રસંગે યુવાનો -યુવતીઓ સંપર્કમાં આવી પસંદગી કરતાં હોય છે.

(૧). ઘર વસવાટ: -

જંગલમાંથી મળતા લાકડાનો (ક્યારેક) બીન અધિકૃત પણે) ઉપયોગ કરીને ઘરો બાંધવામાં આવે છે. છતાં વારલી અને કોલચાઓના ઘરો કયારેક હળપતી ઓની યાદ અપાવે છે. તેવા ઘાસનાં બનાવેલ ઝુંપડાઓ જોવા મળે છે. ત્યારે કોકણાં ઓના સાગ અને સાદડાના બનાવેલ છે. એકંદરે ઘરોમાં સ્વચ્છતા જોવા મળે છે. ઘરો મોટા હોય છતાં અલગ ખંડોની વ્યવસ્થા જોવા મળતી હનથી. કયારેક પુરુષો અને સ્ત્રીઓ એક ખંડમાં સુતા હોય તેવું જણાય છે. વિશેષમાં પશુઓ સાથેનું તેમનું તાદાત્મ્ય હોવાથી પશુઓ પણ તેમના સુવાના ઓરડામાં જોવા મળે છે. જે કુંટુંબ ખુબ શીક્ષીત છે તેના ઘરની રહેણીકરણીમાં પણ ખાસ પરિવર્તન જોવા મળતું નથી. જે બતાવી આપે છે કે પ્રણાલીગત વ્યવસ્થા હજુ ચાલુ છે. અને આદિવાસી સંસ્કૃતિમાં - બાહય ઉપકરણોમાંથી પરિવર્તન લાવવું મુશ્કેલ છે.

(૨) વેશભુષા: -

જુની પેઢીના પુરુષો આજે પણ લંગોટી પહેરે છે. ગામની સમૃધ્ધ ખેડુત પણ લંગોટી પહેરે છે. પરંતુ યુવાન પેઢીનાં પોષાકમાં પરિવર્તન શરૂ કરેલ છે. પેન્ટ અને બુશર્ટ યુવાનો પહેરતા થયા છે. ઘરેણા મોટાભાગના પાસે નથી. કેટલાક પાસે એક બે ચાંદીનાં જોવા મળે છે. સોનાનું ઘરેણું એક પણ વ્યકિત પાસે જોવા મળેલનથી.

(૩) વાસણ: -

આજે પણ માટી અને એલ્યુમિનિયમ નાં વાસણો જોવા મળે છે. કેટલાક ઘરોમાં માત્ર એકું બે જ જોવા મળે છે. તાંબા કે પીતળનાં વાસણો ભાગ્યે જ જોવા મળે છે.

(૪) અંધ શ્રધ્ધા અને વહેમ: -

અંધશ્રધ્ધા અને વહેમ ખુબ જોવા મળે છે. ભુત ડાકણની કલ્પના અને માન્યતાઓ

છે. ભુવો ખુબ શક્તિશાળી સંસ્થા છે તેના આદેશથી પત્ની પુત્ર કે પતિનો શહિદી આપે છે. ભગત ભુવાના તાણાવાણામાં સમાજ તવાય છે અને દુ:ખી પણ થાય છે.

(૧) સાંસ્કૃતિક બાબતો:

(૧) નૃત્ય :-

આદિવાસી ગરીબ અને ભુખ્યો છે પરંતુ તેના સાંસ્કૃતિક વારસાથી ખુબ સભર છે. રાત્રે જ્યારે યુવાનોની નૃત્ય ટોળી ઢોલના નાદ સાથે વિવિધ લય અને ભંગથી નૃત્ય કરે છે ત્યારે આપણને લાગે છે કે આ પ્રજા કેટલી સંતોષી અને સુખી છે. યુવાનોના નૃત્યોમાં મર્દાનગી, ઓજસ, ગતી લય, અને સાહસ જોવા મળે છે. તેઓના માંસલ સ્નાયુવાળો ભરાવદાર કાળમીંઢ દેહ પડ્ઢા ઢોલના તાલ અને નાદ સાથે સમગ્ર અંગ ભંગી સાથે નૃત્યગાન કરે છે, ત્યારે હર્ષવિભોર થઇ જવાય છે. તેમનો બોલી સમજી શકાતી નથી. છતાં આ નૃત્ય ગાન, અને વાદ્યમાંથી જે ઉલ્લાસ વ્યક્ત થાય છે તે અંગેની જીવન સંસ્કૃતિનું ઉત્તમ અંગ છે.

(૨) ભાષા:

આ ગામની ભાષા ઉપર મરાઠી ભાષાની મોટી અસર જોવા મળે છે. આશ્રમશાળાના બાળકો પણ વાતચીતમાં પણ તેમની બોલીનો ઉપયોગ કરે છે. અલબત્ત લખાણમાં ગુજરાતી ભાષાનો ઉપયોગ થાય છે. ભાષાનું એક ગીત આ સાથે સામેલ છે (પરિશિષ્ઠ-અ) જેની સાથે તેનું ગુજરાતી ભાષાંતર પણ આપેલ છે. ગીતમાં વ્યક્ત થતી કલ્પના અને રુપકો જીવંત સાહિત્યની ઝાંખી કરાવે છે, સાથે ભગત સંસ્થાની મહત્તા દર્શાવે છે.

(૪) શિક્ષણ - આરોગ્ય સેવાઓ:

(૧) ગામથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૨૦ કી.મી. દુર આવેલ છે. આરોગ્ય કેન્દ્રમાં આરોગ્યનો સ્ટાફ મોટા ભાગે રહેતો નથી. શિક્ષકોની

જેમ આરોગ્યના કર્મચારીઓને રહેવાની સગવડ હોવા છતા આ પ્રદેશની રચના અને ભૌગોલિક પરિસ્થિતિ જોતા ફરજોયાત રાખી શકાય તેમ પણ નથી.

ગામે પ્રાથમિક શાળાઓ પુરતી નથી, ગામે શાળા હોય ત્યાં પુરતા શિક્ષકો નથી. વિજળી અને રોડ પુરેપુરા પહોચ્યા નથી પથ્થરાળ જમીન હોવાથી કુવાઓમા પાણી મેળવી શકતા નથી. સામેજ મહારાષ્ટ્રના ખેડ તાલુકામાં વિજળી આવલ છે, ધરમપુર તાલુકાના આ ગામે વીજળી ન હોવાથી સ્વાભાવિક પણે જ લોકો નારાજ જોવા મળે છે.

(૨) સહકાર:- સહકાર ક્ષેત્રે:

ગામે સહકારી ક્ષેત્રે માળખુ ખુબ જ નબળુ છે સહકારી મંડળીની વસુલાત ૪૦ % થી ઓછી હોઇ દરેક ખેડુતને પુરેપુરુ ધિરાણ મળતુ નથી મણ સભ્યો દેવાદાર છે. એટલે ધિરાણની સગવડો મેળવી શકતા નથી. રાષ્ટ્રીયકૃત બેંકોનું નામ અહી કોઇએ સાભળ્યુ નથી, અહી હાટ પધ્ધતિ જોવા મળે છે. જયા સાહુકારો દ્વારા આદિવાસી ખેડુતોનું શોષણ થતુ હોય તે જોવા મળે છે વિનિમય પ્રથા આજે પણ જોવા મળે છે. શરૂઆતમા ~~~ અનાજ વેચે છે અને પાછળથી તેજ અનાજ મોંઘા ભાવથી ખરીદે છે.

રાજકીય પરિસ્થિતિ :-

રાજકીય રીતે આ વિસ્તારનો અવાજ બહુ બુલંદ હોય તેમ જણાતો નથી વિવિધ પક્ષોમા વહેંચાયેલો રાજકીય નેતાગીરોને લીધે તેમના સામુહિક ઉત્થાનમા સર્વપક્ષીય પ્રયાસો થઇ શકતા નથી, આદિવાસીઓનો ... ધરમપુર તાલુકાનો સપાટ પ્રદેશ પાસે નેતાગીરો રહેલી છે. જ્યારે આ વિસ્તાર ડુંગરાળ પ્રદેશ તરીકે ગણાતો હોઇ આર્થિક વિકાસ તરફ "સપાટ પ્રદેશ" નો નેતાગીરોએ દુર્લક્ષ સેવેલ છે, તેવી લાગણી સ્થાનિક નેતાગીરો સાથે જોવા મળી છે. ભવિષ્યની ચૂંટણીઓમા તેઓ સ્વતંત્ર રીતે તેઓ જુથ તરીકે, શિક્ષિત વર્ગ તરીકે ચૂંટણીઓ લડવા માગે છે. કારણ કે હાલની પક્ષ પધ્ધતિથી

તેમના આર્થિક વિકાસમાં અવરોધ નડે છે. લોકોની લાગણી છે કે તેઓ મહારાષ્ટ્ર સાથે રહ્યા હોત તો પેઠ તાલુકાની જેમ વ્યાપક સુવિધાઓ મળી શકી હોત.

પંચાયત રાજ તેના સાચા અર્થમાં જોવા મળેલ નથી ગામના સરપંચશ્રી અભણ છે. ગ્રુપ ગ્રામ પંચાયત છે. પરંતુ આ ગામના સભ્યોની બહુમતી હોવાથી બીજા ગામમાં વિકાસની ઓછી કામગીરી થાય છે. પંચાયત પાસે જમીન મહેસુલ કે ઘર વેરા સિવાય કોઇ જ આવકનું સાધન નથી. પંચાયત કરવેરા નાખી શકે તેમ નથી પરિણામે પંચાયત વિકાસના કામો કરી શકતી નથી આજે પણ ગામમાં પંચાયત ઘર, ગ્રામસેવક કવાર્ટર્સ, કે નિશાળનો વધારાનો ઓરડો નથી પંચાયતની ઘરવેરાની આવક રૂા. ૨૬૬/- છે જયારે જમીન મહેસુલ પેટે મળતી ગ્રાન્ટ રૂા. ૨૧૨/- છે આમ આનું મોટા ભાગનું ખર્ચ તલાટીના પગારમાંજ પુરું થાય છે.

## વિભાગ - ૪

## :કેટલીક વિશિષ્ટતાઓ:

(૧) દુધનો વપરાશ અહીં નથી (૨) ચા પીવાની દરરોજની ટેવ જોવા મળતી નથી. (૩) તમાકુ અહીંનું મુખ્ય વ્યસન છે. (૪) દેવુ કરીને પણ દારુ બીડી પીતા લાગે છે. (૫) મોટાભાગનું દેવું કપડાં અને જીવન - નિર્વાહના સાધનો માટે થાય છે. (૬) તહેવારો ખૂબ જ ઉત્સાહથી ઉજવે છે. (૭) સાયકલ અને રેડીયો હજુ પણ વૈભવી સાધન ગણાય છે જે ગામે પહોંચ્યા શક્યા નથી. (૮) ૧૦ થી ૧૫ કી.મી. ચાલીને પણ જીવન નિર્વાહની ચીજો લેવા જાય છે. (૯) ચોમાસની ઋતુમાં માછલી પકડવાનો વ્યવસાય ચાલે છે. (૧૦) દરેક ઘરે ઘંટી અને અનાજ ખાંડવાની વ્યવસ્થા છે. મોટા ભાગના ઘરોમાં બેસવા માટે ખાટલાની વ્યવસ્થા નથી. (૧૨) તેમના ગોત્રમાં સરદેસાઇ, જાદવ, દળવી, ગાયકવાડ જેવી અટકો જોવા મળે છે.

મહારાષ્ટ્ર સાથેનો તેમનો વ્યાપક સંપર્ક દર્શાવે છે. (૧૩) ખાદ્ય તેલ તરીકે ઘી, મગફળી કે તલના ઉપયોગ કરતા નથી પરંતુ સ્થાનિક રીતે ઉત્પન્ન થતાં "ખરસાણી" પાકમાંથી અને ડોળીમાંથી તેલ બનાવી ખાવાના કામમાં લે છે.

## વિ ભા ગ - ૫

**સૂચનો :-**

ત્રણ દિવસના રહેઠાણ દરમ્યાન ધરમપુર તાલુકા જેવા પછાત વિસ્તારના વિકાસ માટે નીચેના સુચનો કરવા યોગ્ય જણાય છે.

(૧) વહીવટી તંત્ર, તાલુકાની વિશિષ્ઠ ભૌગોલિક પરિસ્થિતિ જોતા આવા દૂરના ગામોમાં અસરકારક બની શકતુ નથી ધરમપુર તાલુકાના એક ડુંગરાળ વિસ્તારનો એક અલગ તાલુકો બનાવવામાં આવે તો વહીવટી તંત્રને લોકતંત્ર અને લોકો વચ્ચે સંપર્ક વધતા યોજનાઓનો લાભ લોકોને વિશેષ મળી શકે તેમ છે.

(૨) ૨૦ થી ૨૫ નાના ગામોમાંથી એક વૃધ્ધિ કેન્દ્ર (ગ્રોથ સેન્ટર) નક્કી કરી તેજ કેન્દ્રમાં ગ્રામ સેવક, તલાટી, શિક્ષકોના રહેઠાણો બાંધવા જોઇએ જેથી સરકારી કર્મચારીઓ બહાર કુટુંબ ભાવથી રહી શકે અને લોકસંપર્ક પણ નિયમિત થઇ શકે.

(૩) પ્રાથમિક શાળાને બદલે રહેઠાણની સુવિધાવાળી આશ્રમશાળા ઠેરઠેર ઉભી કરવી જોઇએ.

(૪) પશુઓ અને મનુષ્યો માટે આરોગ્યની સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે મોબાઇલવાન દ્વારા સુવિધાઓ ઉભી કરવી જોઇએ.

(૫) રોડની સુવિધાઓ આ પ્રદેશમાં અનિવાર્ય છે રોડ અને વીજળીની સુવિધાઓ અગ્રતાના ધોરણે આ પ્રદેશમાં આપવી જોઇએ.

(૬) ખેતી વિસ્તરણ તંત્ર ઘણુ જ નબળુ છે. ખેતી તેજ મુખ્ય આજીવીકા હોવાથી ખેતીના આધુનિક પાક અને પધ્ધતિનો ઉપયોગ કરવા માટે પ્રયાસો કરવા જોઇએ.

(૭) તાલુકાના વિકાસ અસમતુલા સત્વર દુર થાય તે માટે પ્રજાના પ્રતિનિધિઓ અને વહીવટીતંત્ર સાથે સંપર્ક અને સંકલન રહે તેવુ તંત્ર ગોઠવવુ જોઇએ.

(૮) લોકોનો વિકાસ થયો નથી તેવી ઉપેક્ષાની વૃત્તિ દુર થાય તે જરુરી છે.

(૯) સરહદી તાલુકો હોવાથી ખાસ વિશિષ્ઠ ધ્યાન આપવાની આવશ્યકતા રહે છે.

(૧૦) કોલચાઓની જેમ વાલીઓને પણ પ્રિમિટીવ ગ્રુપમાં સમાવેશ કરવો જોઇએ.

(૧૧) આદિવાસીઓનું શોષણ અટકે તે માટે હાટ પધ્ધતિ દુર કરી અને તે માટે સરકારી કે સહકારી ગ્રાહક ભંડારો ઉભા થાય અને ત્યાંથી જીવન જરુરીયાતની ચીજ વસ્તુઓ ઉપલબ્ધ થાય અને આદિવાસીઓની ચીજ વસ્તુઓને પણ વ્યાજબી ભાવ મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઇએ.

(૧૨) ભાદરવા માસ જેવા સમયે જ્યારે લોકોના ઘરોમાં ખાવાનું અનાજ મળતુ નથી ત્યારે ''ખાવટી તગાવી''ની વ્યવસ્થા ગોઠવવી જોઇએ.

(૧૩) મહારાષ્ટ્ર રાજ્યની જેમ ''એમ્પ્લોયમેન્ટ ગેરંટી''જેવી યોજનાનો લાભ આ પ્રદેશને મળે તે જરુરી છે. જેથી કુટુંબ સાથેના સ્થળાંતરના પ્રશ્નો અટકી શકે.

-: ઉપસંહાર :-

સમગ્રરીતે જોતાં ગરીબાઇની રેખા નીચે જીવતા આ કુટુંબો છે. મૂળભુત રીતે તેઓ એક મુક્ત સમાજ છે. આમ છતાં પશ્ચિમના દેશોના મુક્ત સમાજના જે પ્રશ્નો છે તેવા પ્રશ્નો તેમના નથી. તેમના પ્રશ્નો પશ્ચિમના દેશોની જેમ (Problems of HAVES ) ''સમૃધ્ધિના પ્રશ્નો'' નથી પરંતુ તેમનો પ્રશ્નો (Problems of have nots ) એટલે કે ''ગરીબાઇના પ્રશ્નો'' છે પશ્ચિમના દેશોના આયોજનના વહીવટીતંત્ર કે વિસ્તરણ તંત્રના ખ્યાલના બદલે સ્થાનિક પ્રશ્નો અને પ્રજાની અભિલાષાઓ સંતોષાય તેવું અનુરુપ વ્યવસ્થા તંત્ર અને આયોજન ગોઠવાય તો તેમના પ્રશ્નોના નિકાલ થઇ શકે તેમ છે.

## પ રિ શિ ષ્ઠ - અ

### -: આદિવાસી કોકણી ભાષામાં ગીત :-

શુનઈ વનાલ ઓ એક માવર પાંગલો ઓ માય
તેહો પાયરો મા ઓ સુવાસ ફુટલા ઓ માય
તોહોના સુવાસ ગેલા વિદુર સભાલાઓ માય
વિદુર સભે ઓ માય વન વાસુ તુટલે ઓ માય
તેહો વનવાસુઓ માય એનો પાપટ લુટોઓ માય
તોહો પ્રાપ્યર ખાવન યા પટન વગાળણીઓ માય
ફૂલો ધરનારો પાનોલા ઓ માય
તેહોના યા પટન કાસ્તેય કમાલ ઓ માય
આલા જંગલમાં ભગતનો યા પટન ઇગલોઓ માય
યા પટન વળ ખલોઓ માયાદિલ પોટ દુખાવે
કમલ ઓ માય

### -: આદિવાસી ગીતનું ભાષાંતર :-

હોના આ જંગલમાં એક છે પાયરોનું ઝાડવું ઓ માનુજી
તે પાયરોનુ ફળ પાકવા લાગ્યુ ઓ માનુજી
તે ફળનો સુવાસ થયો ઓ માનુજી
તે સુવાસ ગયો ઇન્દ્ર રાજાના દરબાર ઓ માનુજી
તેના દરબારે હતો વાગોળ નામનુ પક્ષીઓ માનુજી
જ્યારે પાયરોનો સુવાસ ગયો પક્ષીના મોઢામાં ઓ માનુજી
આથી વાગોળ નામનુ પક્ષી આવ્યુ પાયરોના ઝાડ ઉપર ઓ માનુજી
પાયરો ઉપર બેસીને તે ફળ ખાવા લાગ્યો ઓ માનુજી
તેના ફળ ખાઈને ઠુયા કરી જમીન પર
આવ્યો આદિવાસી ભગત તેણે ગુઠ્ઠો વણી લીધો ઓ માનુજી
તે ભગતે વાપરોયો કોઈના પેટમાં
દુખે તે કામનાઓ માનુજી.

1.

con
dis
higl
wil
tal

Ta

P
Un
Ch
Ba
Dh

area
of l
Saha
brok
tabl
of tl

2.

cent
type
good
decic
spec
rela
part

TRIBAL RESEARCH AND TRAINING INSTITUTE
GUJARAT VIDYAPITH : AHMEDABAD 380 014

WORKSHOP ON DEVELOPMENT PROGRAMME OF DHARAMPUR TALUKA
11,12 JANUARY 1981

## DHARAMPUR TALUKA HILLY TRACT : A BRIEF ETHNOGRAPHIC NOTE

B. Lal

### 1. POPULATION

Dharampur taluka in the Valsad district has a high concentration of tribal population. Of the five talukas in the district which have more than 50 percent of tribal population, the highest percentage is in the Dharampur taluka. The following table will give a clear idea about the tribal population in different talukas of the district.

TABLE I

Percentage distribution of tribal population in the tribal areas of Valsad district. (1971 Census)

| Taluka | Percentage of tribal population to the total population |
|---|---|
| Pardi | 58.5 |
| Umbergaon | 54.7 |
| Chikhli | 68.0 |
| Bansda | 90.0 |
| Dharampur | 92.5 |

This is perhaps the biggest taluka, so far geographical area is concerned in the entire State. It is spread up in an area of 1650 sq. kms. It has a long range of mountains belonging to the Sahayadri ranges. In Dharampur taluka this range consists of broken hills and is flanked by thickly wooded table land. This table land is the country of two most important tribal communities of the State viz: Kokna and Warlis.

### 2. AREA

Of the total geographical area, of this taluka 43.30 per cent is under forest. The forest is of tropical moist deciduous type. The vegetation formation is a closed high forest commonly of good height, 30 to 37 meter, the dominant species being mostly deciduous though often briefly so. Although intimate mixture of species is the rule in the forests of Dharampur taluka, a relatively small number of species together form the great part of the canopy and relatively pure association are

frequently met with. Some evergreen dominants are included but on the whole they are few and the evergreen habit is more developed in the lower storey which gives the forests as a whole a more or less evergreen appearance most of the year. A bamboo undergrowth is characteristic of the forest in this taluka. The soil cover consists mainly of more or less evergreen shrubs with little grass but the fires result in the spread of grass which is often heavy and continous, especially where the canopy is open. The absence of small tree species is often very marked and is also aseribale to repeated burning and grazing of cattle by the local people but the teak saplings seem to survive these injuries. The chief feature of these forests is a leafless period in the dry season which generally occurs in the March-April months when the upper canopy is almost leafless, though there is often a good sprinkling of evergreens in the underwood and shrub cover.

In the forests of Dharampur taluka, Sadada (Terminaliatomentosa) followed by teak (tectona grandis). The chief associates are shissum (Dalbergia latifolia), Dhavda (Anogeissus latifolia), Timru (Diospyros melanexylon), Bio (Pterocarpus marsupium), Haldu (Aduia cordifolia), and Sawar (Satmalia malabarica). The understorey in these forests is formed of Amla (Emblica officinalis), Tanachh (ongenia dalbergiodes) Dhaman (Grewia tiliacfolia) etc. Bamboo, two varieties, Manvel (Deudrocalamus strictus) and Katas (Bambusa arwndinaeca) are also found. Besides these, several other trees are found in the forests.

It is believed that in earlier times black lions were found in the hills and forests of this taluka. But there is no trace of such a wild animal, not even in the memory of the present inhabitants. Sometimes back, say 30-35 years ago tigers, leopards, hyenas, jackals and porenpines were commonly found while Bison and chital were seen occasionally.

3. CLIMATE

For fully half the year, the climate is exceedingly moist and the area is generally unhealthy. The mean annual temperature is somewhere near 85$^{\circ}$ ranging from 58$^{\circ}$ in January to 103$^{\circ}$ in April. October and November months are malareous months, owing to drying of monsoon moisture. The cold season is short and mild.

RAINFALL

The rainfall is heavy in the taluka and is entirely derived from the south-west monsoon. The average rainfall is reported to be somewhere near 100". The rainy season starts by the first or second week of June and continues upto the end of September or first week of October.

SOIL

The cultivable land are known as goradu lands. Two types of agricultural land can be distinguished, one the up land where only Varai (panicum miliaecum) and nagli (etensive coraeana) grow. The other type is that of paddy fields which are few and far between. Those who live at the foot of the hills cultivate patches of paddy land but very few can produce enough.

4. PHYSICAL FEATURES

The Konknas are of dark complexioned and short statured but certain groups among them have caste hindu features and are often indistinguishable from the latter. However, the present day Konknas are amalgam of both the above mentioned descriptions but of course resemblance to proto-austroloid element is still distinct in many a cases. The women are often good looking and possess a fin figure but they generally age earlier, probably due to hard life that is their lot, both indoor and outdoor. On the whole, men and women are of medium height, women slightly shorter. The general complexion is brown, best described as chocolate. The Konkna are not of very good physique, yet they are well formed and show remarkable powers of endurance and are markedly active. Though apparently not very stout, a Konkna has a wonderful stamina and it determindd can put any amount of hard work. Used to mountain life, they (also the Warlis), are a hardy and swift-footed people.

Warlis are severally dark-burnt in colour. Generally they possess proto-austroloid features with negrito strains here and there. Generally men are of medium height with well formed limbs. Even the old age Warlis possess very agile limbs. The women are generally of short stature with a tendency towards fattening.

5. HABITAT

Both the Konknas and the Warlis lead a settled agricultural life. Both these communities are settled one and the wandering habits, if there was any, are almost extinct. The sporadic shifts from one place or from one village to another in case of a few families are primarily due to sudden deaths in the family.

Both these communities love and live a forest life. Their population is distributed in small hamlets of about a dozen to 20 houses out off from each other by a furlong and sometimes by 3 to 7 kms. One hamlet of village Kaprada is 7 kms away from the proper village. Generally, big villages are constituted of five to seven hamlets. Even a medium sized village has four to five hamlets.

6. MATERIAL CULTURE

